# પત્રજયોતિ

( ચતુર્થ કિરણ )

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

ઉત્થાન ગ્રન્થાવલી: સંખ્યા-૨૫

# પત્રજ્યોતિ

( કિરણ ૪ )

પ્રકાશક :

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ;

પો. મુક્તમપુર ( જી. ભરૂચ )

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુકતમપુર ( જિ. ભરૂચ)

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦
સં. ૨૦૨૪
કીમત રૂ. ૩-૨૫

મુદ્રક:
લાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ-૨.

# પ્રાસ્તાવિક

પત્રજ્યોતિના આ ચતુર્થ કિરણમાં લેવામાં આવેલા પત્રો જુદી જુદી વ્યક્તિઓ પર લખાયેલા છે. જિજ્ઞાસુ–મુમુક્ષુને સ્વરૂપ-પ્રાપ્તિના સાધનને માર્ગે દોરવણી આપવાનો એ એક પ્રયત્ન છે. મારી પાસે એકત્રિત થયેલા સર્વ પત્રો આ ચાર ભાગમાં આવી જાય છે.

મુખ્ય બાત તો એ છે કે પ્રથમ તો પોતાનું લક્ષ્ય નક્કી કરી લેવું જોઇએ. એ નક્કી કર્યા પછી પોતાનો અધિકાર શો છે એ જોઇ લેવું જોઇએ. અને છેવટે યોગ્ય સાધનનો નિર્ણય કરી તે માર્ગે ચઢી જવું જોઇએ.

આ પત્રોમાં અધિકાર ભેદે જુદાં જુદાં સાધનોનો નિર્દેશ કરેલો છે. જિજ્ઞાસુ વાચકને પોતાના મનમાં ઊઠતા કેટલાક અચાનક પ્રશ્નોનું નિરાકરણ આમાંથી મળે તો પણ મારું એમને સૂચન છે કે સાધનમાર્ગે તો ગુરુએ દર્શાવેલી રીતે જ પ્રયત્નશીલ થવું. આપોઆપ પસંદગી કરી આ રાહે ચઢવાની ઉતાવળ કરવી નહિ.

અન્યત્ર મેં કહ્યું છે તેમ, અમુક કક્ષાએ પહોંચ્યા પછી વાચનની ખાસ આવશ્યકતા રહેતી નથી, પણ જે બ્રહ્મવિદ્ પ્રતિ આપણને પ્રાણ કરતાં પણ વધુ ભક્તિ હોય એવા સંતની વાત્સલ્ય ભરી ઝરતી વાણીનું શ્રવણ પરમ ઉપકારક છે. તે પછી એમની પાસેથી સાંભળેલા સિદ્ધાન્તને પોષણ મળે, તથા શંકા અને તર્કનું સમાધાન થાય એવો એકાન્તમાં સ્વાધ્યાય કરવાનો રહે—એ મનન છે. એને ધ્યાનગોચર બનાવી વ્યવહારની પ્રત્યેક વિશુદ્ધ-

દશામાં આત્મજાગ્રતિ રહે એ નિદિધ્યાસન છે. આમ થતાં સાંસારિક વિષયદૃષ્ટિ જશે અને ઇશાવાસ્ય દૃષ્ટિથી આનંદપૂર્વક રહેવાનું બનશે.

અંતમાં, આ પત્રો જીજ્ઞાસુને પોતાની ભૂમિકા સમજાવી, ગુરુ-અભિમુખ કરી, પરમ અર્થની પ્રાપ્તિ માટે ઉત્સાહિત કરશે એવી અપેક્ષા સાથે વિરમું છું. ૐ...

મુક્તમ્ પુર–ભરૂચ
તા. ૧૫–૩–૬૮ } સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

# શુદ્ધિ

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૧૩ | રજસૂ | રજસ્ |
| ૬ | ૮ | રહેવાનું હોય | રહેવું પડે |
| ,, | ૧૦ | શકાતું નથી | શકાય નહીં |
| ૮ | ૧૮ | જે | જે |
| ૯ | ૯ | આત્મનંદથી | આત્માનંદથી |
| ૧૬ | ૧ | નિશ્ચિન્ત | નિશ્ચિંત |
| ૧૭ | ૧૩ | બાંધી. | બાંધી |
| ૨૧ | ૫ | ચિત્તા | ચિંતા |
| ૨૭ | ૧૦ | બીજે | બીજા |
| ૩૫ | ૬ | વાતો કરતાં | વાતો જ કરતાં |
| ૩૬ | ૧૧ | છેડો | છોડો |
| ૩૮ | ૯ | સ્થાનન; | સ્થાનના |
| ૪૩ | ૧૨ | આનાવિના | આના વિના |
| ૪૫ | ૫ | મોહન | મોહ ન |
| ૪૬ | ૧૪ | જીવનમ | જીવનમાંથી |
| ,, | ૧૫ | ગુણગાનજ | ગુણગાન |
| ૪૯ | ૧ | એના | વગેરે |
| ૫૨ | ૧૫ | સત્ને | સત્યને |
| ૫૪ | ૨ | સત્ ચિત્-ચિત્ | સત્ ચિત્ |
| ૫૯ | ૨ | પગ તોડતાં તોડતાં | (શબ્દો કાઢી નાખવા) |
| ૬૫ | ૪ | કરી જ | કરીને |
| ૬૭ | ૯ | પોતાને | પોતે |
| ૬૯ | ૧૪ | સ્મૃતિનું | સ્મૃતિમાં |
| ૭૦ | ૩ | ઉદ્દેશ્ય | ઉદ્દેશ |
| ૭૧ | ૮ | ચિત્રમાં | ચિત્તમાં |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭૨ | ૧૯ | લખવનુ | લખવાનું |
| ૭૫ | ૧૮ | વર્ષ્યા | વરસ્યા |
| ૭૮ | ૭ | સોનાં | સૌનાં |
| ૭૯ | ૨૨ | ઝીણાવટથી | ઝીણવટથી |
| ૮૧ | ૫ | પડયો છે જેથી | પડયા છે કે જેથી |
| ,, | ૨૨ | આત્મકાર | આત્માકાર |
| ૮૨ | ૧૧ | સ્ફૂર્તિ | સ્ફૂર્તિ |
| ૮૩ | ૧૫ | જોઈએ છીએ | જોઇએ છે |
| ૯૫ | ૧૫ | સંસ્કારભાગ | સંસ્કાર ભાગ |
| ૧૦૪ | ૧૪ | રહ્યા | રહ્યાં |
| ૧૦૬ | ૧૪ | અનુભવોનો. | અનુભવોનો |
| ૧૦૭ | ૧૩ | કહે કે | કહે છે કે |
| ૧૧૮ | ૨૩ | એ જે | એ |
| ૧૩૨ | ૪ | મહારાયણ | મહારામાયણ |
| ,, | ૧૨ | ભૂલાય | ભુલાય |
| ૧૩૪ | ૧૩ | પ્રવાહપ્રતિત | પ્રવાહપતિત |
| ૧૩૫ | ૧૦ | સ્તતંત્ર | સ્વતંત્ર |
| ૧૩૭ | ૧૮ | વ્યવહારમાં | વ્યવહાર |
| ૧૫૨ | ૨૩ | પાછું ન પડતાં | પાછું ન પડે તો |
| ૧૫૬ | ૬ | જગત તો | જગતને તો |
| ૧૬૧ | ૨૨ | બ્રાહ્ય | બાહ્ય |
| ૧૬૬ | ૧૬ | વૈરાવ્ય | વૈરાગ્ય |
| ૧૬૭ | ૯ | જાગત | જગત |
| ૧૬૯ | ૫ | ભૂલીને | ભૂલી |

# પત્રજ્યોતિ

કિરણ ૪

( ૧ )

તા. ૯-૩-'૩૬

તારા પત્રમાં લખેલી શંકાઓ શાસ્ત્રના અભ્યાસના અભાવે મનમાં ઊભી થાય છે; અભ્યાસ વિના સમાધાન અશક્ય છે.

બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ત્રિપુટી રજસ્, સત્ત્વ અને તમસ્‌ના અધિષ્ઠાતા તરીકે મનાય છે. સૃષ્ટિની ઉત્પત્તિના વિષયમાં વેદાન્ત કહે છે કે એક, કેવલ, અદ્વિતીય અને પરિપૂર્ણ બ્રહ્મને આશ્રયે રહેલી એક માયાશક્તિ છે જેનાં બે સ્વરૂપ છે. એક માયા અને બીજી અવિદ્યા; માયા સત્ત્વગુણી પ્રધાન છે અને એમાં પડેલું પ્રતિબિંબ તે ઇશ્વર છે. અવિદ્યામાં પડેલું પ્રતિબિંબ તે જીવ છે. અવિદ્યા જીવમાં છે, ઇશ્વરમાં નથી.

ઇશ્વર શુદ્ધસત્ત્વપ્રધાન હોવાથી કેવલ દ્રષ્ટા છે; અવિદ્યા જીવની છે; એટલે પ્રત્યેક જીવ તમસ્, રજસ્, સત્ત્વમાં અવિદ્યા અને વિદ્યાને માર્ગે ક્રમવિકાસ પામતો જાય છે.

ત્રિગુણાત્મક ભોગમાંથી તૃપ્ત થતાં છૂટવાના પ્રયત્નો કરે એ વૈરાગ્યનાં લક્ષણો છે. પણ એનાં બંધનમાંથી જીવ પોતાની જ અવિદ્યાને લીધે જીવનમરણ અને કર્મભોગ ભોગવ્યા કરે છે.

પણ એક સ્પષ્ટ વાત કહું ? બે ઘોડે સવાર નહિ થવાય...... પત્રવ્યવહારથી કાંઇ નહિ વળે, અધકચરું જ્ઞાન ત્રાસદાયક છે.

જીવની અજ્ઞાનભરી દૃષ્ટિનો સમસ્ત સંસાર છે જે કેવલ માનસિક છે. એનું સ્વરૂપ અને ગુણમયી રચના સમજાવવા માટે પુરાણોની ગોઠવણ છે. જ્યાં તું રહે છે ત્યાં નથી પુસ્તકોની સગવડ, નથી તારામાં સ્વતંત્ર વિચારશકિત માટે હાલમાં ધીરજ રાખ. આવી બધી શંકાઓ તો વખત જતાં નિર્મૂળ થઇ જશે. બધું ઠીક થઈ જશે. જે વિચારો આવે તે લખી રાખવા એ ઠીક છે પણ તરતજ સમાધાન ન થાય તો મનમાં મૂંઝાયા ન કરતો.........આત્મસમર્પણનો ખરો ભાવ જો જીવનમાં આવ્યો તો ભાવીની કશી વિચારકલ્પના રહેતી જ નથી. એકલું વર્તમાનમાં આનન્દ લેતાં શીખવું.

( ૨ ) તા. ૧૧–૭–'૩૬

તારા બધા પત્રો મળ્યા છે. ગુરુપૂર્ણિમાના ઉત્સવને અંગે પત્રોના જવાબ તરત જ આપી શકાયા નથી.

તારા વ્યવહારને માટે વિશેષ હવે કશું લખવાનું નથી. તારા ચિત્તની જ સ્થિરતા નથી એટલે તને એક જ બાજુની સલાહ આપવી નિરર્થક છે, હવે તારી બુદ્ધિમાં જે સૂઝે તે જ કરવાનું છે. તારું પ્રારબ્ધ કોઇ બીજો ભોગવે એ બનવું અસંભવિત છે.

અહીં આવીને રહેવું એ તારો જ વિચાર હતો. નથી આવી શકાતું એ પણ તારો જ વિચાર છે, એટલે મારે કશું કહેવાનું નથી. હકીકત એવી છે કે નથી તને શાસ્ત્રના અભ્યાસનું ભાન, નથી પદ્ધતિ પુરઃસર વિવેકવિચાર કરવાની ચીવટ. મારે શા માટે ગુસ્સે થવાપણું હોય ? સૌ પોતપોતાના સ્વાર્થ, પરમાર્થ સમજે એટલે બસ. તમારી દલીલો ઊલટાસુલટી ને પાયા વગરની છે. મારા પત્રનો ભાવાર્થ નથી સમજાતો એટલે આગળ શી વાત વધારવી ? માટે જેમ થાય છે એમ થવા દો. થવાનું હશે તે જ થશે. તમે નથી પ્રેરણા ઝીલી શકતા, નથી પોતાની સંકલ્પશકિતનું બળ વધારાતું. પહેલાં વ્યવહારમાં એક જ ઠેકાણે બુદ્ધિ કેળવી બતાવો પછી બીજી વાત.

ગભરાઈ જઇને રડવાથી કોઇનું ઠેકાણું પડતું નથી. જેમ ઠીક લાગે તેમ શુદ્ધ વ્યવહાર નિભાવો. પરમાત્માએ તમારાં પૂર્વકર્મના ફલભોગ પ્રમાણે નિર્માણ કરી રાખ્યું હશે, એ જ થવાનું છે. જે થાય છે એ ઠીક જ થાય છે એમ સમજીને સંતોષ તથા આનન્દ કેળવો.

( ૩ ) તા. ૧૮-૮-’૩૬

તારો તા. ૩૦/૭નો પત્ર મળ્યો હતો.

તું એક મુદ્દો જો સાચવી રાખે તો બહુ સારું. જે કાંઈ તને લખું કે કહું તે અમલમાં મૂકતાં શીખે, પણ ખોટા તર્ક કે વ્યર્થ શંકાઓ વિના અપૂર્વ શ્રદ્ધા સાથે, તો એ આચાર જ તને શાંતિ આપશે.

શાસ્ત્રનું તને જ્ઞાન નહીં; કશી બીજી ગમ નહીં; કેવળ

તરંગી ઘોડા દોડાવીને જીવન ગાળે અને પરિણામે શોક, મોહ આવે ત્યારે આરોપ પાછો બીજા ઉપર મૂકવા જાય, એ જ ભયંકર અજ્ઞાન છે.

જે કોઇ પુસ્તક વાંચે તે વખતે એના રંગમાં તું રંગાઈ જાય છે. બીજાની સોબતની અસર બહુ જલદી થઇ જાય છે, એ તારા વિવેકની ખામી છે. સારાસાર ગ્રહણ કરવાની શકિત ન હોય એટલે માણસ એક નિશ્ચય ટકાવી શકતો નથી.

તરતજ અવિચારે સામા જવાબ આપવાની જે ટેવ છે; એમાં પણ સમજયા વિના ભરડી મારે છે. બધાનો ઉપાય જ એ છે કે સ્વતંત્ર વિચારશકિત કેળવવી અને જયાં પોતાની બુદ્ધિ ન ચાલે ત્યાં શુભેચ્છકોની સલાહ અને આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. અસ્થિર અને અવિવેકી સમજણને લીધે તને વ્યવહારમાં ખૂબ નુકસાન થયું છે. તારી ચિત્તદશા વિચિત્ર હોવાથી વારંવાર ધ્યેય તથા વિચારવ્યવસ્થા બદલાય છે એટલા માટે જ તારી ઇચ્છાવૃત્તિ પ્રમાણે જીવન ગાળવાનું લખ્યું છે. જયારે તને લાગે કે " મારી બુદ્ધિ પ્રમાણે કશું કરવામાં સાર નથી " ત્યારે મને લખજે. તે વખતે આમ જ કરવું એમ હું લખીશ. ત્યાં સુધી જેમ રહેવાય તેમ રહો ને પરિણામને માટે કશો શોક કર્યા વિના કર્મફલ ભોગવો.

* * * *

માણસે પોતાનું શુદ્ધ ધ્યેય નક્કી કરવું જોઇએ. પ્રાણાન્તે પણ એને વળગી રહીને સાધના કરવાનું બળ પ્રાપ્ત કરવું જોઇએ. આમાંથી એક પણ તું મેળવે તો બીજું સહજ સ્વભાવે આવી

મળશે. તારી એવી સ્થિતિ થાય તેને માટે છેલ્લા શ્વાસ સુધી મારે તો રાહ જોવાની છે.

(૪) તા. ૧૮-૯-'૩૬

તા. ૧૨નો પત્ર મળ્યો.

તારા બધા પત્રોમાં વિગતો ગમે તેટલી જુદી હોય પણ બધામાં ધ્વનિ એક છે. આર્થિક સંયોગો તને મૂંઝવે છે; પરન્તુ સાચી વાત છે કરકસર અને સાદાઈથી જીવવાની. તે વિના એમાંથી મુક્ત નહીં થવાય. એ પામરતા દૂર નહીં થાય ત્યાં સુધી બીજું કશું બને એમ નથી.

એ માટે ઘણું ઘણું લખ્યું છે; અર્થપ્રાપ્તિને માટે એકલો પુરુષાર્થ નહીં, પણ પ્રારબ્ધ-પ્રાપ્તિમાં સંતોષ તથા ઇશ્વરમાં શ્રધ્ધા રાખવી. પુરુષાર્થ તો મનોવાસના મારવામાં કરવાનો છે, વધારવામાં નહીં. તને કાંઇ પણ લખવું એ ધૂળ પર લીંપણ છે; કારણ કે તારી બધી હાજરજવાબી કે વાતચીત છોકર-મતની છે.

પરમાત્માના આ વિશાળ જગતમાં પરોપકારની સેવા-ભાવનાથી પ્રવેશ કરવાનું, તથા તન-મનનો ઉચ્ચ પ્રદેશમાં ઉપયોગ કરવાનું ભાગ્ય નોતરી રહ્યું હોય ત્યારે જ મોં સંતાડવા જેવી તમારી સ્થિતિ છે. તમે મહાન પુરુષોના ગ્રંથો અને એમનાં ચરિત્રો વાંચ્યાં છે, પણ વર્તનમાં કશું મૂક્યું નથી. અર્થ અને કામના ક્ષેત્રના કલુષિત વાતાવરણથી તમારા જેવા ભક્તિ મુક્તિની વાતો કરનારા પામરોએ મનને એટલાં બધાં મલિન કરી નાંખ્યાં છે કે એમાંથી મુકત થવાનું આચરણ સ્વપ્ને પણ સૂઝતું

નથી. સર્પ ચંદનવૃક્ષ પર સુગંધિના મોહથી ચડે, લપેટાય પણ મુખ (ફેણ) તો દૂર જ રાખે છે. રખેને પોતાની વિષ-સત્તા નષ્ટ થાય !

માટે મરજીમાં આવે તેમ કરો છો તે કર્યા કરો; તમારી પામરતા એટલી બધી વિચિત્ર છે કે એમાંથી નથી તમે ઉપદેશ કરેલે માર્ગે શ્રદ્ધાપૂર્વક જઈ શકતા, કે નથી પોતે સદ્‌બુદ્ધિ-પૂર્વક કશું કરી શકતા. થાય તે થવા દો. ત્રણ ત્રણ વર્ષ સુધી પણ તમારે હજુ મંત્રજપ (મંત્રયોગ)માં જ પડયા રહેવાનું હોય, અને ત્યાર પછીના હઠયોગ, લયયોગ અને રાજયોગમાં આગળ વધી શકાતું નથી, એ જ તમારી પામરતા છે.

બીજા ઘણા એવા ગૃહસ્થાશ્રમીઓ છે કે જેઓ વ્યવહાર કરતાં છતાં પણ રાજયોગ સુધી પહોંચી શકયા છે. તમારામાં મૂળમાં તો નથી શ્રદ્ધા કે નથી બુદ્ધિ ! જે માણસ ક્ષણે ક્ષણે વાસનાનાં ફળ જોયા કરે, વાસના પ્રમાણે ભોગ મળતા નથી માટે શકિતમાં દોષનું આરોપણ કર્યા કરે, એનો ઉધ્ધાર કયાંથી હોય ?

ગુરુશકિતમાં દોષ જોવા મૂકી દો; જે થાય છે એમાંથી સુખદુ:ખની ભાવના કાઢી નાખી, આત્મામાં સુખ છે અથવા પરમાત્મા જ સુખસ્થાન છે એમ સમજી અનુભવ કરો, અને દ્વંદ્વો મિથ્યાભાસ છે એમ સમજી તિતિક્ષા વધારો. કેવળ ભગવદ્‌ગીતા સમજી-વાંચીને એ પ્રમાણે, એની આજ્ઞા પ્રમાણે જીવન ઘડયું હોત, તો પણ બુધ્ધિનો વિકાસ થાત, અને અત્યારે ખૂબ ઉન્નતિ કરી હોત.

હવે, આજ્ઞા કે સૂચના :

૧. ગમે તે ભોગે આશ્રમમાં આવી ત્રણેક માસ રહી જાઓ.

૨. ત્યાંના વ્યવહારમાં સરલતા કરતાં શીખો.
૩. ભવિષ્યના કલ્પનાભર્યા વિચાર છોડો.
૪. અવિવાહિત રહેવું કે વિવાહિત થવું એનો જલદી નિર્ણય કરી નાંખો.

આટલું અત્યારે બસ છે. સાહસિક બનો; બાયલા નહિ.

(૫) તા. ૧૬-૧૦-'૩૬

તારા બન્ને પત્રો મળ્યા છે. તારા ઉછાળા શાંત થાય એ જોવા હું ખૂબ ઉત્સુક છું. હકીકત એવી છે કે વર્તમાન અવસ્થા દ્વંદ્વના ગમે તેટલા પ્રબળ પ્રહારવાળી હોય, તો પણ મૂંગે મોંએ. શાંત ચિત્તે સહન કરી લેવાની શક્તિ કેળવવી જોઇએ. સૌથી પ્રથમ તેમ જ છેવટનું સાધન એ છે. વારંવાર ગભરાઇ જવાની તથા ઇશ્વરથી કે દુઃખથી ડરવાની મનોવૃત્તિ કાયરતા સૂચવે છે. એવો કાયર સાધક આત્મકલ્યાણ સાધી શકતો નથી; કારણ કે એનામાં સાહસવૃત્તિ જ હોતી નથી; સાહસ ખેડવા જતાં આવી પડતાં કષ્ટો સહન કરવાની શકિત તથા હાથમાં લીધેલાં કાર્ય પૂરાં પાડવાનાં વૃત્તિ-ધૃતિ હોતાં નથી.

મારો એવો આગ્રહ નથી કે તું બધું ત્યાગીને અહીં આવ; ત્યાં જ રહે એવો પણ આગ્રહ નથી. માત્ર એક જ આગ્રહ છે કે એ બેમાંથી એક નિર્ણય પર જલદી આવી જા; અથવા જે કાળે જે થાય છે તે ઠીક જ છે એવી મનોવૃત્તિ કેળવી લે. જે કાળે જે થવાનું હશે તે થશે, અત્યારે શા માટે મન બાળવું, અત્યારે તો જે કાર્ય હાથમાં છે તેમાં જ મન પરોવીને, દત્ત ચિત્તથી વ્યવહારમાંથી પાર ઊતરવાનું છે, આટલું

મનોબળ કેળવી લે, એટલે કંઈક શાંતિ આવશે.

અહીં આવે કે ત્યાં રહે, એ બધી વાત એવી દૃષ્ટિએ તો સરખી જ છે. મનુષ્યે અંતઃકરણને કેળવવાનું છે. કેવળ સ્થૂલ શરીરને નહિ. તેં તો સ્થૂલ તથા સૂક્ષ્મ બન્નેની વચ્ચે ઝોલાં ખાવાનું રાખ્યું છે. એમ ન રાખતાં બેમાંથી એક વાતે મનને કેળવી લે, કે જેથી ગાડું માર્ગે ચડી ચૂક્યું છે એમ સમજી શકાય. (૧) મનને વર્તમાનમાં જ સંતુષ્ટ રાખવું. (૨) ભવિષ્યના વિચાર કે ચિંતા ન જ કરવાં. (૩) દરેક શુભ સાહસમાં આદિથી અંત સુધી ઉત્સાહ રાખવો. (૪) કશી લાંબી પહોળી દોડધામ ન કરતાં ચાલુ કામકાજમાં ખૂબ ધ્યાન રાખવું. (૫) વ્યવહારમાં પણ કોઈ એક વ્યકિત કહે તેમ કરવું; આટલું થશે ?

આ બધીમાંથી એક પણ સૂચના અનુસરશો તો સુખી થશો; બાકી આમ ને આમ રહેશો તો કોઈ પણ જન્મે તાપ-સંતાપ નાશ પામવાના નથી.

હાલમાં એ બાજુ આવવાનો વિચાર નથી તેથી મારું મળવાનું તમે આ બાજુ આવો તો જ થઈ શકે એમ છે; અને મળવાથી પણ વિશેષ શું ! ભારતવર્ષમાં ફરી વળો તો પણ જે યોગશકિત અને જે વેદાન્ત-જ્ઞાન તમને બીજે મહા પરિશ્રમે મળે, તે તમને ગુરુપરંપરા વડે સરલતાથી આપ્યું છે. પણ ઝીલનાર ઝીલે નહિ, એટલે આપનારની દયા પણ વ્યર્થ જાય છે.

ગભરાયે પાર ન આવે. માટે ધીરજ, ઉત્સાહ અને આનન્દપૂર્વક વ્યવહાર કરવા માંડો. શાંતિ તો અંદરથી ફૂટી ફૂટીને કળવી જોઈએ—સાચી સાધના થાય તો.

(૮)

તા. ૫-૮-'૩૭

તા. ૧૮નો પત્ર મળ્યો.

*  *  *  *

સંસારનું સ્વરૂપ જ અનિર્વચનીય, કોઈ એક જ રીતે એનું સમાધાન ન થઇ શકે. આત્માની વ્યાખ્યા એનો (સંસારનો) નિષેધ કરીને આપી શકાય છે. સંસાર અને એની ગતિ તો વિચિત્ર જ છે. પ્રકૃતિમાં જેટલું બને તેટલું નિષ્કામ શુદ્ધ કર્મ કરવું ને આનંદ તો સ્વરૂપનો જ રાખવો. જન્મમરણ, રાગદ્વેષ, લાભાલાભ એ બધાં દ્વંદ્વોની અસર ચિત્ત પર ત્યારે જ ન થાય કે જ્યારે ચિત્તરૂપી કપડું આત્મનંદથી દ્વંદ્વ-Proof બનાવ્યું હોય.

ખરો અભ્યાસ જ જ્ઞાનયોગ છે, ધ્યાનયોગ એનું સાધન છે, સાધ્ય નથી.

*  *  *  *

ચિ.....ને આશીર્વાદ કહેજે ને સમજે તો સમજાવજે કે સુખની આશા હોય તો પણ ક્લેશ વિના ભગવદ્‌ભજન કરવાથી જલદી સુખ મળશે.

(૭)

તા. ૧-૧૦-'૩૭

તા. ૨૧નું કાર્ડ મળ્યું હતું.....

*  *  *  *

સંસારમાં વિકટ પ્રસંગો આવે ત્યારે ગભરાવું નહિ. દુઃખ વિના સહનશક્તિ વધતી નથી. અને પ્રત્યેક અવતાર, અવતારની સાથે સંબંધ રાખનાર, તે સમયના જીવાત્માઓ તેમ જ સંતપુરુષો દુઃખ પામીને કે વહોરી લઇને જ અનન્ત સુખનો માર્ગ મેળવી શકયા છે.

.........જેની સાથે જેટલા ઋણાનુબંધ હશે તે રહેશે ને ભોગવવા પડશે. ખૂબી તો એ છે કે આવી બધી દ્વંદ્વની આવાગમનવાળી અવસ્થાઓમાં પણ દૃષ્ટા-સાક્ષી આત્મા અખંડ દીપકજયોત જેવો હમેશાં સાવધાન રહી વિરાજ્યા કરે છે. આપણે એ અખંડ સચ્ચિદાનંદ દૃષ્ટા-નિર્લેપ છીએ એ નિશ્ચય અંતરમાં રાખજે. ૐ

(૮) તા. ૬-૧૧-'૩૭

તારા બન્ને પત્ર મળ્યા.

વિગતે પછી લખીશ. સૌ.... ગઇ ! વહેલી મોડી જવાની હતી. અને માયાનું આશ્ચર્ય એ જ કે દેહ જે સ્થાને ભસ્મીભૂત થવાનો હોય ત્યાં જ થાય.

તું શાંત-નિશ્ચિંત રહેજે. જગતનો દૃષ્ટા રહે, કર્તાભોકતા નહિ.

(૯) તા. ૧૧-૬-'૩૮

આપનો પત્ર તા. ૬-૪-'૩૮નો નિરુત્તર રહ્યો છે પણ આપને લખવા કે આપવા જેવું મારી નિર્ધન તથા ત્યાગની

અવસ્થામાં કશું નથી. તન-ધન તમારાં હોય ત્યારે મારો નિર્વાહ ચાલે છે. પત્ની મેળવી આપવાની પણ મારી પાસેથી તમે આશા રાખો એવી અણસમજ તમારામાં હોય, એ આશ્ચર્ય નથી ! ?

છેવટે મન તો ત્યાગથી વશ થાય છે, ભોગ કે ભોગની લાલસાથી નહિ. એવી દીવા જેવી વાત શાસ્ત્ર તથા સંત પોકારી પોકારી કહેતાં હોય, ત્યાં વિશેષ શું તમને લખવું !

મારી પાસે ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન અને ઇશ્વરભક્તિ છે. એનાં સાધનો છે. ભોગ કે ભોગનાં સાધનો નથી. માટે મનમાં એ ભોગની આગ ભરીને મારી પાસે શાંતિ માગવાની કૃપા હવે ન કરો તો ઠીક. સમજુ છો, એટલે સમજી જાઓ, અને વ્યર્થ ન રડો.

આટલું બસ છે એમ તમને કદાચ ન પણ લાગે. પણ એ સિવાય બીજું શું લખું ? તમારો વિચાર કરતાં મારી બુદ્ધિ પણ મૂંઝાય જાય છે-એટલા માટે કે તમારો પ્રદેશ ભોગનો છે, ત્યાગનો નથી.

(૧૦) તા. ૧૫-૬-'૩૮

તા. ૧૦નો પ્રાર્થનાપત્ર મળ્યો અને પ્રથમ હું પત્ર લખી ચૂકચો છું તે મળ્યો હશે.

તમારે પત્ની જોઇએ છે, સુંદર ગૃહસ્થાશ્રમ ભોગવવો છે; અને બીજી બાજુ એને માટે લોભ કે કરકસરનું તપ કરી, ગમે તેનું સાંખી ધન મેળવવું નથી. એ બે ન પાલવે, ધનેચ્છુઓએ

ધનિકની સેવા તનમનથી કરવી જોઇએ; અને તો જ સંસારમાં ધન મળે, અને મનનું ધાર્યું યત્કિંચિત્ થાય.

કાં તો પત્નીની કામના અંતરમાંથી ત્યાગ, તપ અને વૈરાગ્યવાળા પ્રખર પુરુષાર્થ દ્વારા કાઢી નાંખવી જોઈએ, અથવા આ સંસારમાં જ રચ્યાપચ્યા રહેવું જોઈએ. બન્ને દિશામાં તમારાથી બને તેવી શકિત છે, પણ શકિતનો ઉપયોગ, મિથ્યા માનસિક કલેશ, વિલાસવૃત્તિ અને ધનનો દુરુપયોગ કે કંઇ કંઇ એવી કુટેવોમાં થઇ જાય છે; ધાર્યું ધન સંગ્રહ થતું નથી ને પત્નીની સુષુપ્ત વાસના શાંતિ મેળવવા દેતી નથી. કારણ શરીરમાં રહેલી વાસનાઓ ભારેલા અગ્નિના ધુમાડાની જેમ, અંદર અજ્ઞાત મૂંઝવણ પેદા કરે છે, જેમાં તમે મૂંઝાઓ છો.

તમારા ચિત્તનું આવું પૃથક્કરણ તો ઘણીએ વાર મેં કર્યું છે, પણ તમને કબૂલ મંજૂર નથી. તમે નાહક એને માટે રડયા કરો એમાં હું શું કરું? એથી જ આ પહેલાં મારી એ દિશાની અશકિતનો પત્ર લખી નાંખ્યો છે. સકામભાવે મારી પાસે કશું મળી શકે એમ નથી. તમારાં પૂર્વકૃત પ્રમાણે જે કાળે જે થવાનું હશે તે થયા કરશે માટે જેમ થાય તેમ જોયા કરો, અંતરથી સાક્ષીભાવે રહો, ઉદાસીનવૃત્તિ રાખો, આવે તે ભોગવો, ભોગનો અભાવ ન માનો, વર્તમાનમાં સંતોષ અને તૃપ્તિ રાખો, વિલાસ છોડો, આવું બધું તમને લખ્યું છે. જયાં સુધી તમે વર્તનમાં ન મૂકી શકો ત્યાં સુધી મારે એ જ કહેવા લખવાનું છે. “ચોરાશી લક્ષથી બચાવો” જેવી આંતરવૃત્તિ તમારી નથી. એવી ભાવનાવાળાને ભોગ ન સૂઝે, એને ભોગ તો ઝેર જેવો લાગે, વિલાસની વેશ્યાવૃત્તિ એને ન ગમે, સંસાર અને સંસારના વ્યવહાર કાંટાળાં જંગલ જેવાં લાગે. એક માત્ર સંતકૃપાનો

અભિલાષી જ એ દિશામાં મરણિયો થાય ત્યારે એ જિજ્ઞાસુ કહેવાય છે. માટે અસંતોષ કેળવો. જીવનમરણની જાળમાંથી તમે છૂટવા નથી માગતા, બંધાવા માગો છો. પણ એ માટે ય તમારામાં હિમ્મત કયાં છે? ત્યાં પણ કાયરતા જ છે. એમાં પણ શૂરવીરતા જોઈએ. બાયલો બધે નકામો.

માટે હિમ્મત લાવો, ને જે દિશામાં જવું હોય ત્યાં દોડવા માંડો. તો જ અશાંતિ જશે, નહિ તો વધશે.

(૧૧) તા. ૨૭–૬–'૩૮

પત્ર મળ્યો છે. કાઠિયાવાડ તરફ કટકે કટકે બે વાર જવું પડયું હતું. લખનઉમાં શ્રી ગુરુસ્વામીના સમાધિસ્થ થયા પછી ત્યાંનું વાતાવરણ વિચિત્ર સ્વરૂપ પકડતું જાય છે અને જેમના હાથે સંન્યાસદીક્ષા મળેલી, તેમ જ શ્રી રામતીર્થની પરંપરામાં નામ ચડયું, એટલો ઉપકાર જેમણે કરેલો, એ મૂર્તિના અન્ત સમયે હું પાસે ન રહી શકયો. આવી કંઇ કંઇ વિચિત્ર ઘટનાઓ પ્રારબ્ધે ઘડી અને હવે પાછળ પણ કંઇ કંઇ વિચિત્ર ખેલ ખેલાય છે જે જોવામાં વખત બહુ જાય છે. પત્રવ્યવહાર થાય છે અને મનમાં એ જ વાતાવરણ રમ્યા કરે છે.

પરિણામે આંતરિક વૈરાગ્ય ખૂબ જ વધતો જાય છે. જગત આખું એક સ્વપ્નલીલા જેવું છે. એમાં પરોપકાર, સેવા એ બધી ભાવનાઓ કેળવવામાં પણ ઇષ્ટ કંઇ બનતું નથી; આનું નામ જ માયા. અત્યારે તો જગત્ એટલું બધું વિચિત્ર છે કે કોઇ પણ દિશામાં એક જ પ્રકારની વાત કહી જ શકાતી નથી.

આશ્રમમાં પણ આવજા કરનારા, પછી તે કામના કે

નકામા હોય છતાં કંઈને કંઇ કામકાજ રહે છે. ઉન્નતિ તો આત્મકૃપા વિના થતી જ નથી. એકલી ગુરુકૃપા કે ઇશ્વરકૃપા બિચારી શું કરે? પણ એ બધી વાતો તમારે નકામી છે.

ઉપનિષદ્‌ના વાચનમાં શ્રી......કંઇ કંઇ સહાય કરે તો જ સમજાય એવું છે. એમાં કેટલીએક વાતો એ યુગને અનુસરીને વર્ણવેલી હોય છે. મનઃપ્રદેશમાં જો એ યુગ ન ખડો કરીએ, તો કશું સમજાય એવું નથી. જાને વાંચતાં જેટલું સમજાય એટલું સમજવું ને બાકી ભવિષ્યમાં શુભ સંસ્કારનો ઉદય થતાં ઇશ્વર અનુકૂળતા કરી આપશે એવી શ્રદ્ધા સાથે ધીરજ રાખવી એ જ ઇષ્ટ છે.

પણ તારાં લગ્ન થઈ ગયાં? એ વાતનું શું થયું? લક્કડકા લડ્ડુ ખાવાના શોખ જ્યાં સુધી પૂરા ન થાય ત્યાં સુધી એક પછી એકને મમળાવી, ચૂસીને થૂ થૂ કર્યા કરવાનું.

ભોગમાં જેમ બળનું કામ છે તેથી સહસ્રગણું બળ ત્યાગમાં રાખવાનું છે. આંતરિક દૃઢતા ન હોય તો ફાવી શકાય એવું નથી. ઉપરાંત થોડી કચાશથી ડરીને ભોગમાં લપસી પડવાનું નથી. મંદ વૈરાગ્યમાંથી જ તીવ્ર વૈરાગ્ય જન્મે છે. મંદ વૈરાગ્યનો લાભ ગુમાવનારો તીવ્ર વૈરાગ્ય કેળવી શકતો નથી એ પણ એટલું જ સત્ય છે.

(૧૨) તા. ૫-૭-'૩૮

તા. ૩૦નો પત્ર મળ્યો. વાચન ચાલુ જ રાખજો. જેટલું સમજાય તેટલું તો લાભમાં લેખું છે.

તારી યાદશક્તિ ઘટી ગઈ છે એમ લખે છે તે ઠીક નથી.

એમાં કારણ બીજું છે. શ્રદ્ધા અને ભક્તિપૂર્વક કરેલા ઇષ્ટ-સ્મરણથી ચિત્ત વારંવાર નિરુદ્ધ બનીને ઇષ્ટમાં લીન થઇ જાય છે. સાધકને શાસ્ત્રજ્ઞાન ન હોવા છતાં ધ્યાનમાં શરૂથી જ આનંદ આવે છે, પણ સ્થિતિ એવી બને છે કે ઇષ્ટસ્મરણ કરવું હોય ત્યારે ન થાય; આમાં એક આશ્ચર્ય બને છે. દષ્ટાંત:

આપણી સાધનાના એક સાધક દાક્તર છે. બાહ્ય વ્યવહારની ધમાલ ખૂબ રહે છે; ધ્યાનમાં ભાગ્યે જ બેસી શકે છે. પરંતુ ઈષ્ટભક્તિ એટલી બધી છે કે ચોવીસે કલાક મન તો એમાં જ રમાડયા કરે છે. હમણાં એમનો એક વિચિત્ર પત્ર હતો. એ લખે છે કે દવાખાનામાં જઇને બેસું એટલે દરદી કહે એટલે સાંભળ્યું ન સાંભળ્યું ત્યાં જ અંતરથી દવાઓ લખવાની પ્રેરણા થાય, ઈશ્વર જે લખાવે છે તે ઠીક જ લખાવે છે એવી શ્રદ્ધાથી લખ્યે જાઉં છું—દરદીને ફાયદો થાય છે. પણ હું તો તરત જ કોને કઇ દવા આપી એ ભૂલી જ જાઉં છું. કાગળ ઉપર ટાંચણ હોય છે, છતાં સમય આવ્યે, પરમાત્માને જેટલું યોગક્ષેમ માટે યાદ કરાવવા જેવું હોય છે, તેટલું યાદ કરાવે જ છે.

આવી સ્થિતિ પ્રત્યેક ઉત્તમ સાધકની બને છે. મારી વાત કહું : હું કદી પ્રયત્નથી કશું કામ કરતો નથી. પત્રોમાં પણ અંતરથી પ્રેરણા ઊઠી ને જે લખાયું તે ખરું. કોઈને ન લખાય તો પણ એમ જ બનવાનું હશે ધારી શોક નથી કરતો. જે કાળે જે યાદ આવ્યું તે કરી નાંખ્યું એટલે આનંદ—આનંદ. કશું બગડશે નહિ—બગડતું જ નથી, એવી અપ્રતિમ—અદ્વિતીય શ્રધ્ધા અને સ્વરૂપ ( સચ્ચિદાનંદ )માં અહોનિશ ચિત્ત રમ્યા કરે, એ શરતો હોવી જોઇએ. જગત આમ સમજે કે ન સમજે એની કશી પરવા નહિ. તું કશી ચિન્તા કરીશ નહિ. આ

આપણા યોગને નિશ્ચિન્ત યોગ કહીએ તો પણ ખોટું નથી. કામકાજ તો જેમ ચાલ્યા કરવાનું હશે તેમ ચાલશે, ને તું કામ પણ કરીશ એ પણ ચોક્કસ. માત્ર ગભરાવું નહિ.

*  *  *  *

લગ્ન તો જે આત્મા પરમાત્માનું થઈ ગયું હોય અથવા કરવાની દૃઢ વૃત્તિ હોય તો પછી સ્ત્રીપુરુષનાં શારીરિક લગ્ન કે જે જાતિભેદ, લિંગભેદ, દેહભેદ, બુધ્ધિભેદ, એવા અસંખ્ય ભેદ ઊભા કરાવે છે, અને છેવટે વિકારી પ્રકૃતિ ક્યાં જઇને ઘસડી પડે એનો પ્રત્યક્ષ અનુભવ તો સૌ પોતપોતાના જીવનમાં લઇ રહ્યા છે; એમાંથી છુટાય તો મહદ્ ભાગ્ય !

( ૧૩ )

તા. ૧૨–૧૦ '૩૮

તારો ઘણા વખત પહેલાં પત્ર હતો... ત્યાં જઈ નોકરીએ ચડી ગયો એ ઠીક કર્યું : તારી અશાંતિનાં કારણો એક કરતાં વધારે છે, અને એનો ઉકેલ તારે તારી મરજી પ્રમાણે અને મારી અનુમતિથી કરવો છે એ બને એવું જ નથી. કારણ બેનાં મંતવ્યોમાં વિરોધ છે.

મનુષ્યનું જીવન કેવળ આનંદપ્રાપ્તિ માટે છે એમ શાસ્ત્રો સ્પષ્ટ કહે છે; એ આનંદ કેવળ સચ્ચિદાનંદ સ્વરૂપભૂત આત્મા છે એ વાત પણ નિર્વિવાદ છે, છતાં અજ્ઞાનને વશ થઈ મનુષ્ય બાહ્ય વિષયોમાં આનંદ છે એમ માની એની પ્રાપ્તિના પ્રયત્નમાં વ્યર્થ આયુષ્ય ગુમાવે છે.

પહેલાં તો ધ્યેય નિશ્ચય કરવું, એના પહેલાં આપણું સામર્થ્ય

માપીને તપાસી જોવું, દેશકાળ જોઈ લેવો અને પછી એ પ્રમાણે જીવનનો માર્ગ કાપતાં શીખવું.

લક્ષ્યમાં પણ ભૂલો થવાના અનેક સંભવો છે. વિઘ્નો આપણે જાતે જ ઉત્પન્ન કરેલાં હોય છે; અને વિઘ્નોને દૂર કરવાં ન કરવાં એ પણ આપણાં જ્ઞાનઅજ્ઞાન અને શકિત-અશકિત ઉપર આધાર રાખે છે.

આટલું છતાં પણ મૂંઝવણ શા માટે વેઠવી ? ચક્ષુ સમક્ષ મહાપુરુષોનાં—ત્યાગી અને તનમનથી ઇશ્વરપરાયણ રહેનારાં મહાપુરુષોનાં ચરિત્રમાંથી એટલું તો અવશ્ય શીખવું જોઇએ કે જેટલા પ્રમાણમાં ત્યાગ, તત્પરતા અને શ્રદ્ધા હોય તેટલા પ્રમાણમાં શાંતિ વિશેષ.

ખોટી મનોમય કલ્પિત અવસ્થાનો ખ્યાલ તમને બહુ સતાવે છે. જીવનધ્યેય કશું બાંધી. શકાતું નથી. એકનિષ્ઠ કર્તવ્ય-પરાયણતા નથી. સાધન કે સાધ્ય એ બેમાંથી એકેયમાં ચિત્ત ચોંટતું નથી. જે વસ્તુ મરણપર્યંત પ્રાપ્ત થઇ શકે એમ નથી, એની ઝંખનામાં ચિત્તમાં કલેશ ભોગવ્યા કરાય છે.

આવી દશાને સુધારવાનો સત્વર ઉપાય એ જ છે કે સર્વ સુખના ભંડાર પરમાત્મા જ તમારા જીવનની પ્રાપ્તિનું લક્ષ્ય છે એ નક્કી કરો. એની પ્રાપ્તિ માટે સાદાઈ અને ત્યાગ જ સાધન છે એમ માની, એ પ્રમાણે ત્યાગ સ્વીકારો; લોકોનાં મહેણાં ટોણાંનો ભય ત્યાગીને નોકરી કરતાં કરતાં પણ જાતે જ પોતાનું કામકાજ કરી પૈસો બચાવી પિતા તથા બહેનને અમુક અંશે સંતોષ આપી પછી વખત આવ્યે સર્વાંશે પરમાત્માને જીવન અર્પણ કરો. તમારા કરતાં તો દેશસેવાનું કાર્ય કરનારા વધારે સાદા રહે છે.

એકલા માણસને શા માટે નોકર જોઈએ ? શા માટે બધું કામ પ્રસન્નતાથી જાતે ન થાય ? શા માટે જાડાં અને થોડાં વસ્ત્રથી ન ચાલે ? શેઠીઆઓ તમારા કામનો પગાર આપે છે, તમારા બાહ્ય આડંબરનો નહિ, એ તો દીવા જેવી ચોખ્ખી વાત છે. આહાર તથા નિદ્રા બન્ને અલ્પ હોવાં જોઈએ અને તો જ ક્રમે ક્રમે ઉન્નતિ કરી શાંતિ મેળવી શકશો. એમ નહિ થાય તો કલેશ ઘટવાનો સંભવ નથી. યોગ અને વેદાન્તને અનુકૂળ વાચન અને તે પ્રમાણે વિચાર, એકનિષ્ઠ આજ્ઞાપરાયણતાવાળી ભક્તિ, ઓછામાં ઓછા ખર્ચથી રહેવાની રીતભાત, જાતે કામ કરી લેવાની ટેવ, એ બધું બહુ આવશ્યક છે. વખત નકામો ન ગુમાવવો. બીજા આમ કહે છે ને કરે છે, એ ભાંજગડ મનમાંથી ફહાડી નાખવી. શા માટે આટલી બધી બીજાની બળતરા ? અને બીજાની બળતરાથી શા માટે તમારે બળવું ? બીજાનું ખપ પૂરતું જ યાદ રાખી, બધું ભૂલતાં શીખવું ને પોતાનામાં જ લક્ષ્ય રાખવું. પોતાનું જ ચિત્ત ઠીક કરવું, પોતે જ સત્વગુણી બનવું, એટલે બધું ઠીક જઇ જશે. જેટલું વહેલું કરશો એટલા વહેલા સુખી થશો.

શ્રી...વગેરે તા. ૪/૧૦/૩૮ એ ઘેરથી નીકળી અહીં થઇ ત્યાં આવવાનાં હતાં. અહીં નથી આવી શક્યાં, ત્યાં આવી ગયાં હશે. અહીં કેમ ન આવ્યાં એ તો એ જાણે. ખર્ચ વધે એ એક વાત, અને બધાંને સાથે લઈ ક્યાં આવવું એ બીજી વાત. આમ જ લોકોને માયા બાંધી રાખે છે અને માયાના બંધનથી કંઇ છુટાય તો જ ગુરુભક્તિ કે ઇશ્વરભક્તિ એટલા પ્રમાણમાં સૂઝે.

હું તો તટસ્થ છું ને તટસ્થ જ રહીશ. જેવી અને જેટલી

જેની સેવાભક્તિ તેવું તેનું તેને ફળ મળે છે એ શાસ્ત્રવાક્ય કદી ખોટું થવાનું નથી. કલ્યાણ તો બધાનું વાંચ્છવું-પણ વિશેષભાવે કલ્યાણ અને કૃપા એમના પર ફળીભૂત થાય, જે વિશેષ ભાવે પરમાત્માને અર્પણ થયેલાં હોય.

(૧૪) તા. ૧૧-૧૧-'૩૮

તારો પત્ર મળ્યો ......

પણ આપ નામદાર કેમ છો? લગ્ન ક્યારે થવાનું છે? થશે જ એવું છે કે નહિ જ થાય? અંતઃકરણમાં તપાસી તપાસીને જોઈ લેજો; ૨૫ ટકા વાસના હોય તો ન કરવું; ૫૦/-ટકા હોય તો પણ ન કરવું. એ ઉપર ટકા હોય તો કરવું; બાકી તો ઉપાધિ વધારવાની વાત છે, ઘટાડવાની નહિ; પછી મને દોષ ન દેશો.

ઉન્નતિ તો જે દિશામાં જેટલી પ્રવૃત્તિ થાય તેટલી થાય; ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં ત્યાગ વિના પ્રાપ્તિ નથી. પુરુષાર્થ વિના કશું મળવાનું નથી. પૈસા કમાવામાં ક્યાં ઓછી મહેનત પડે છે? તેમ આ દિશામાં પણ બેઠાં બેઠાં કશું મળવાનું નથી. સંસારના બધી જાતના રગડામાં રહેવું ને આધ્યાત્મિક ઉન્નતિ ઈચ્છવી તે તો પથ્થરમાંથી પાણી કાઢવા જેવું છે. પામરો કશું મેળવી શકતા નથી. મેળવવાનું શું છે એનું પહેલાં ભાન થાય, પછી એની જરૂર જણાય ત્યારે યોગ્ય પુરુષાર્થ થાય; બાકી હીરાની કિંમતની જેને ખબર ન હોય, છતાં હીરાની પ્રબળ ઇચ્છા કરે અને આનો બે આના લઈને હીરો લેવા જાય તો કાચનો કકડો લઇ આવે.

( ૧૫ ) તા. ૨૬-૧૧-'૩૮

તા. ૧૫-૧૧-'૩૮નો પત્ર મળ્યો હતો. લગ્નસંબંધે જે લખ્યું તે જાણ્યું. મારી પાસે વાત એવી આવેલી કે વિવાહ થઇ ગયો છે એટલે લખવું પડેલું.

ઉપાધિના પણ ગુણાત્મક પ્રકાર છે; સાત્ત્વિક, રાજસિક અને તામસિક ત્રણે પ્રકારનાં કર્મમાંથી ઉદ્દભવે છે. છતાંય ઉપાધિ એ માનસિક ખેલ છે, શારીરિક નથી. વળી એકને જે ઉપાધિ લાગે તે બીજાને ન લાગે, એટલે એમાં તિતિક્ષાની શક્તિઅશક્તિનો પણ પ્રશ્ન છે.

પુરુષાર્થ એટલે તો પુરુષ ( જીવ ) માત્રનો મુખ્ય હેતુ પરમાનંદની પ્રાપ્તિ અને દુ:ખની આત્યંતિક ( સંપૂર્ણ ) નિવૃત્તિ જ છે. પારબ્ધભોગ માટે દેહ–પ્રાણ–મન–બુદ્ધિ ક્રિયા કરે છે એટલે પ્રયત્ન-કર્મ કે ક્રિયા કરવાનાં જ. પ્રારબ્ધ એટલે સુખદુ:ખ, લાભ-હાનિ, હર્ષશોક: એ દ્વંદ્વો ક્રિયાની સફળતા નિષ્ફળતા પ્રમાણે ઓછાવત્તા પ્રમાણમાં આવે અને આવે ત્યારે એમાંથી જે હોય તે વધાવી લેવાં–એનું નામ સામ્યભાવ; એ જ છે સાચો પુરુષાર્થ. ક્રિયા તો ચાલુ હોય જ; પણ પ્રારબ્ધમાં દૈવ ( અજ્ઞાત દૃષ્ટિ, કે શક્તિ, અથવા પૂર્વ કર્મનો પરિપાક વ. જે નામ આપો તે ) ભાગ ભજવે છે, એટલે પરિશ્રમ કરતાં સફળતા તથા નિષ્ફળતા વિશે શું કહી શકાય ? જિજ્ઞાસુ કે મુમુક્ષુને તો બન્નેમાં લાભ છે. સુખમાં કે અનુકૂળતામાં ઇશ્વરની કૃપા માની નિરભિમાન થવાય અને દુ:ખ અથવા પ્રતિકૂળતામાં વૈરાગ્યની દઢતા થાય. આવી રીતે આપણે તો બન્ને હાથમાં લાડુ જ છે જેને ખાવાની ઈચ્છા કે ભૂખ હોય તેને. જેને આંધળા બનીને ફુસકા ફાકવી હોય તેને માટે આ લખતો નથી.

સંયમ મોટી વસ્તુ છે. ધ્યાનમાં કે જ્ઞાનમાં પ્રતિબંધક તો હોય જ; ધ્યાનમાં શરીરનું ભાન નથી છૂટતું એનું કારણ લોકલાજ છે; એ......ની ઓરડીની દીવાલોમાં બેસીએ ત્યાં સુધી એ ન જાય; ઉપરાંત સતત પાંચ છ કલાક બેસવાનો અવકાશ, શરીર કે મનને ન મળે એ પણ ચિંતા. એ ચિંતા દેહભાનને ટકાવી રાખે, આવાં આવાં અનેક પ્રતિબંધક હોય છે. પંચદશીમાં એનું સ્પષ્ટીકરણ છે. ૧૬ આના પ્રાપ્તિ ઇચ્છીએ ત્યારે ૧૬ આના પ્રયત્ન હોવો જોઇએ. ૨ આના પ્રયત્ન કરીને ૧૬ આના પરિણામ ઇચ્છવું એના જેવું અજ્ઞાન બીજું શું કહેવાય ? જેટલો ત્યાગ એટલી પ્રાપ્તિ; માટે એ પ્રમાણે વિચાર કરીને જ પછી સમજી જાઓ. બાકી ગુરુશકિત કે ગુરુજ્ઞાનને દોષ દેવાપણુ કશું નથી, તેમ નિરાશ થવાનું પણ કંઇ કારણ નથી. " સંસારમાં સરસો રહે અને મન મારી પાસ " કહે-નારાને " ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ " યાદ કરાવવું જોઈએ. બૈરી છોકરાંના ગાલ ચૂસનારા, એ હાડમાંસને ચમારની પેઠે ભોગવનારાઓ, રૂપિયા પૈસા, મહેલ–મહોલાત, આબરૂ ઈત્યાદિમાં રચીપચી રહેનારાઓ કોઇ દહાડો ૧૬ આના આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહીં.

દાક્તર પાસે જઈને આપણી શરતે દવા ન થાય. રોગ જીવ-લેણ હોય, વર્ષોનો જૂનો હોય, અને વૈદ્ય કે દાકતર પાસે બેએક દિવસ જઇ, આટલા જ સમયમાં, પથ્ય પાળ્યા વિના, દવા માગી આરામ ઇચ્છવો એવું જ અજ્ઞાન આ કલિકાળમાં સાધકોને હેરાન કરે છે. વાચન અને ચર્ચા, અથવા રાગડાવાળાં ભજન કે બાહ્ય ત્યાગ, આવું જ જાણે સર્વસ્વ પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન હોય, એમ અત્યારે ૯૯ ટકા વધી પડયું છે. એમાં આપણે શું કરીએ ? !

આજ્ઞા પાળવી નથી, છતાં આજ્ઞા માગવી છે. સાધન કરવું

નથી પણ સાધન જાણવું છે; ગુરુની સત્તા કબૂલ કરવી નથી પણ ગુરુ કહેવા છે, આમ બધે વેપારી ઠગાઇ, દંભ, ડોળ, મિથ્યાચાર અને આડંબર છે. એમાં કલિકાલ જ પ્રધાન છે. કોઈને દોષ દેવા જેવું નથી. જેમ ઠીક પડે તેમ કરો અને રહો. ઉપયોગી લાગે એટલો ભાગ બીજા ત્યાંના તમારા–જેવા મહાત્માઓને બતાવજો.

( ૧૬ )

તા. ૨૫-૧૨-'૩૮

લખવા જેવું તો હમણાં કશું કોઇને નથી. સૌ કુશળ તથા આનંદમાં હશો; સાધના તો સાંસારિક વા લોકપરલોકની સ્થિતિ બદલવા માટે નહીં, પણ માનસિકવૃત્તિ બદલવા માટે છે, એટલું પ્રથમ શીખાય ત્યાર પછી બધું સરલ થાય એમ છે; સૌએ આ વસ્તુ પ્રથમ શીખવાની છે.

સૌને-ગણી ગણીને- આનંદપૂર્વક આશીર્વાદ કહેજો.

( ૧૭ )

તા. ૩૦-૧-'૩૯

બધા પત્રો મળ્યા છે.

*  *  *  *

ખૂબ સમજણ પૂર્વક, બુદ્ધિ વાપરીને વિચારસાગરની પ્રક્રિયાઓ યાદ કરતા જશો. એ પુસ્તક ગણિતના પુસ્તક જેવું છે. અભ્યાસ કરવાનું છે. કેવળ વાંચવાનું નથી. ધ્યાનમાં ન બેસાય તેની ચિંતા નહીં; જ્ઞાનનિષ્ઠા જેટલે અંશે સતેજ થશે એટલે અંશે ધ્યાન સહજ સાધ્ય થશે; એ કાળે કરીને સમજાશે.

*  *  *  *

(૧૮) તા. ૧૮-૪-'૩૯

બન્ને પત્રો મળ્યા.

*  *  *  *

તમે શ્રી ...... સાથે વિચારસાગર વાંચવા માંડયો તે ઠીક કર્યું. ગુજરાતી અનુવાદ ખંભાતવાળાનો બહુ સારો છે. ખૂબ કાળજી અને ગંભીર વિચારપૂર્વક વાંચી મનન કરશો તો જ અંતઃ-કરણમાં ટકશે, નહિ તો છાપાંની બધી વિગતો ક્યાં આપણને યાદ રહે છે ? !

મુખ્ય વાત પ્રક્રિયાઓ સમજવાની, યાદ રાખવાની અને પરિભાષાના શબ્દોનું અર્થગાંભીર્ય તથા એની સચોટ સમ-જણની છે.

*  *  *  *

(૧૯) તા. ૧૦-૯-'૩૯

છેલ્લા છએક માસથી ચિત્ત ખૂબ ઉપરામ રહે છે અને પત્ર-વ્યવહાર નથી થઈ શકતો એમાં એ પણ એક મુખ્ય કારણ છે. ગુરુ-પૂર્ણિમા નિમિત્તે કશું છપાવાઇ શકયું નથી.

*  *  *  *

શ્રી. ......જ્યાં સુધી સાંસારિક વાસનાઓમાં પૂળો નહીં મૂકે ત્યાં સુધી શાંતિ નથી મળવાની. એનાથી આજ્ઞાપાલન થતું નથી ને નિરર્થક દુઃખ ભોગવે છે.

( ૨૦ )

તા. ૨૬–૯–'૩૯

બન્ને પત્રો મળ્યા. ... શ્રી. .. તથા શ્રી ... એક નામે અને બીજો ગુણે—એમ બન્ને ડાહ્યાઓને ઉદ્દેશીને કાગળ લખ્યો છે. નામે ડાહ્યાએ ખાનપાનમાં વિવેક રાખ્યા વિના જે દીધે રાખેલું, એનું પરિણામ વ્યાધિરૂપે આવ્યું છે, હજુએ ઉપાય તો છે, પણ મારા ઉપાયમાં તો એ મહાપુરુષને શ્રદ્ધા નથી, એટલે છો રખડયા કરે. મારું શરીર હયાત હશે ત્યાં સુધી પણ જો રખડીને ઠેકાણે આવે તો એમનાં મહદ્દ્ભાગ્ય. મારાથી બીજું શું થઈ શકે ? પશુ હોય તો બાંધીને પણ ઇલાજ થાય, પણ ચતુષ્પાદ પશુ કરતાં દ્વિપાદ માનવ-પશુ વધારે ખરાબ છે. એને બાંધવું મુશ્કેલ છે. મનનો મનસ્વી સ્વભાવ ઓળખાય નહીં, પોતાની ભૂલો સમજાય નહીં; કોઇ દોષ કહે તે મનાય નહીં, ઉપાય કોઇના કહ્યા અજમાવાય નહીં, અને મનની ગુપ્ત વાસનાઓ પ્રમાણે કલ્પનાના ઘડેલા ઘોડા દોડયા કરે-પરિણામે દુઃખ અને દુઃખ જ રહેવાનું. આશ્વાસન આવા પુરુષો માટે અશકય અને અસંભવિત છે. બાકી સાધારણ દવાથી પણ સારું થઇ જાય એમ છે; પણ એ ત્યાં ને હું અહીં–એમાં દવા પણ શું કરે ? મારાથી દોડીને જવાય એમ નથી. અને એવી મોહમાયા કાંઈ કોઇને ઓછું સુધારી શકે એમ છે ? આપણે શાંતિ રાખવી ને પરમાત્મા પાસે પ્રાર્થના કરવી કે પરમાત્મા એને સદ્દબુદ્ધિ અને શાંતિ આપે.

..............એના બદલામાં એ ત્રણેક કલાક ધ્યાનમાં, ત્રણેક કલાક વાચનમાં ગાળી શકે. સંયમ પણ શીખાય-પણ આ બધું એ ડાહ્યાને ગળે ઊતરતું નથી ને કશી સાધનસંપત્તિ કેળવી શકતો નથી.

મૂળે અંતઃકરણમાંથી વાસના જતી નથી. વાસના પ્રમાણે ભોગ મેળવીને ભોગવવા જેટલું એનામાં સામર્થ્ય નથી. એનું ભોગસામર્થ્ય એ ગુરુશક્તિમાંથી મેળવવા માગે છે! હરિ! હરિ! ૐ!

શ્રી ગુરુશક્તિ ભોગને માટે નહીં, પણ આત્મયોગને માટે છે; સંસારમાં ફસાવા માટે નહીં, પણ એમાંથી મુક્ત થવા માટે છે —એમ એનાથી સમજાતું નથી, અને પછી ગુરુપદે મને સ્થાપી બધા આક્ષેપ ગુરુ અને શક્તિ ઉપર કરવા—એ ગુરુશક્તિ સાંખી શકે એમ નથી. દીવાલમાં માથું મારવાથી મારનારનું માથું ફૂટે છે. હાથી હોય તો જુદી વાત; પણ હાથીથી ન તૂટે એવી એ ગુરુશક્તિની દીવાલ અભેદ્ય છે. એવું આ અજ્ઞાનીઓ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી દુઃખનો અંત આવવાનો નથી.

* * * *

આશ્રમનું મકાન વગેરે થતાં સાત વર્ષ પૂરાં થઈ ગયાં. એ દરમ્યાન કંઇ કંઇ રંગો બદલાઈ ગયા. પ્રારબ્ધયોગ જેવા હશે તેવા જ ઘાટ ઘડાશે, પણ મને ગુરુ કહેનારા પ્રતિ જ્યારે દૃષ્ટિ ફેંકું છું ત્યારે એમના માટે દૃષ્ટિ ઠરતી નથી, પણ નિઃશ્વાસ જ નખાય છે; આ પણ પ્રારબ્ધયોગ.

* * * *

ગયા વર્ષમાં તેં બહુ બહિર્મુખવૃત્તિ કરી છે, વ્યાધિના વિઘ્નને પાર કરવામાં કેવળ શ્રી ઇષ્ટસ્મરણ જ થવું જોઇએ. તેને બદલે અન્ય લૌકિક ઉપાયો અજમાવ્યા, તન-ધનની હાનિ થઇ પણ પરમાત્મા તો દયાળુ છે; તારું એ કશા અશુભ હેતુથી નહીં, પણ કેવલ અજ્ઞાન અને નિર્દોષભાવે હતું, એટલે મૂળમાં કશી હાનિ થઇ નથી. એ ચલિત થયેલી શ્રદ્ધા પાછી ઠેકાણે આવી ગઇ છે એમ મને લાગે છે.

આ બધું થવાનાં બે મુખ્ય કારણ છે, એક બાજુ પૂર્વ સંસ્કારમાં સાંસારિક વાસનાની પ્રબલતા અને એને દૂર કરવામાં સહાયતા કરનારી દૈવી સંપતનો અભાવ. એના નિવારણ માટે સત્સંગ અને સતશાસ્ત્રનું સેવન રહેવું જોઇએ, એનો અભાવ જ આ બધું કરાવે છે. પ્રારબ્ધ જયારે તને બાહ્ય ત્યાગ રખાવી, આંતરિક આત્માનંદના વૈભવ તરફ લઇ જવાની અનુકૂળતા કરી આપે છે, જયારે મંદ વૈરાગ્ય પુનઃ પુનઃ સાંસારિક પ્રલોભનોમાં ફસાવાની પ્રેરણા કરે છે. સાધકને આવું દ્વંદ્વયુદ્ધ વેઠવું પડે છે. જયાં સુધી આસુરી સંપતનો નાશ ન થાય, ત્યાં સુધી દૈવી સંપતરૂપી ધર્મ પોતાનું સામ્રાજય સ્થાપી શકતો નથી. અને ધર્મરાજય ચિત્તમાં સ્થપાયા પછી જ ખરી આત્મજિજ્ઞાસા ઊઘડે છે, માટે ગભરાવા જેવું કશું જ નથી.

એક બીજી વાત વિચારવા જેવી છે; સાધકને ઘણીવાર એવી ગભરામણ થાય છે કે હું તો મર્યો, ગયો, હાર્યો, હવે તદ્દન નિરુપાય છું. આવી આશાના અંત સમી નિરાશા જયારે થાય; સંપૂર્ણ હતાશ થવાય ત્યારે જ પરમાત્મા સહાયતા કરે છે, કારણ કે ત્યારે જ પરમાત્માનું સંપૂર્ણ શરણ લેવાયું હોય છે.

આ વર્ષે તને સંપૂર્ણ અનુભવ થયો કે સંપૂર્ણ હતાશ થયો, ત્યારે જ પરમાત્માનું શરણ લેવાયું; એથી થોડીઘણી પણ શાંતિ મળી હશે. જયાં સુધી સ્વપ્રયત્ન પર કે અન્ય લૌકિક બલો પર વિશ્વાસ હોય ત્યાં સુધી પરમાત્માનું અનન્ય શરણ ન કહેવાય. આ વાત અનુભવથી શીખાઈ હોય તો હવે ભૂલીશ નહીં. ખરી વસ્તુ ભકિત અને શ્રદ્ધા છે, તર્ક, શંકા કે વિચારની શિથિલતા નહીં.

( ૨૧ )

તા. ૨૮-૨-'૪૦

અહીં આવ્યા પછી ત્યાં સૌને પત્રો લખ્યા છે. આ વર્ષે પત્ર-

વ્યવહારમાં ખુબ કાળજી રાખવાની છે એટલે ગયા વર્ષની જેમ વિલંબ નહીં થાય. ઘણા ખરા સાધકોમાં પ્રમાદ ખુબ આવી ગયો છે; એને માટે મારે જ તપશ્ચર્યા કરવી જોઈએ અને તપશ્ચર્યા નગારાં પીટીને કાંઈ કરાતી નથી. ૐ

* * * *

તમે બધા, વ્યવહારમાં મોટા ગણાતા નહીં, પણ નાના નાના એવા યોગવાસિષ્ઠ મહારામાયણ દરરોજ એક કલાક વાંચવાનું જરૂર રાખજો. વાંચવા માંડયું છે એમ લખો, એટલે હું એમાંનો કયો ભાગ કેમ વાંચવો એ જણાવું. આળસ અને પ્રમાદ છોડી દો. ગયો વખત હાથ નહીં આવે, અંતર્મુખ બનો. બીજો શું કરે છે, કેમ કરે છે, કેમ નથી કરતા, કેવા છે એવી પરીક્ષા કરવા કરતાં, આત્મપરીક્ષા કરો. એવા બધા પ્રશ્નો પોતાને જ પૂછો. આત્મોન્નતિ કરો એટલે બીજા પર દૃષ્ટાંત બેસશે.

( ૨૨ ) તા. ૧૪–૩–'૪૦

તા. ૩નો પત્ર મળ્યો હતો.........

યોગવાસિષ્ઠ રામાયણ સસ્તા સાહિત્યવાળું સારું છે. ગુજરાતી તરજૂમો જ વાંચવાનો છે; રાત્રે કે સાંજે ભેળા થઇ, દરરોજ, નિત્ય નિયમ પ્રમાણે, જેમ ખાધા વિના ચાલતું નથી તેમ જ વાંચવાનું રાખજો. પ્રથમ બે પ્રકરણમાં વિશેષ યુકિતઓ નથી, પણ પછીનાં પ્રકરણોમાં યોગ અને જ્ઞાન બન્નેની સાધના, અધિકાર પરત્વે ભેદ, જ્ઞાનની સર્વોત્કૃષ્ટતા અને લાભ, એ બધું બહુ સુંદર રીતે સમજાવ્યું છે.

ધ્યાન અને વ્યવહારને વિરોધ છે પણ જ્ઞાનને નથી, કારણ કે

ધ્યાનની ક્રિયામાં ઈંદ્રિયોનો તેમ જ મનનો નિરોધ કરીને એક ધ્યેયમાં ચિત્તને નિરુદ્ધ કરવાનું હોય છે, તેથી વ્યવહારમાં મન તથા ઇંદ્રિયોનો ઉપયોગ થઈ શકતો નથી. જ્ઞાનમાં કેવળ બુધ્ધિની સાક્ષીવૃત્તિની સ્થિરતા રાખવાની હોય છે અને મન તથા ઇંદ્રિયોને વિશુધ્ધ વ્યવહારમાં પ્રવૃત્ત થવા દેવાની છે. યોગનું સુખ ક્ષણિક છે, જ્ઞાનનું નિત્ય છે એ પણ સમજીને યાદ રાખવા જેવી વાત છે.

શ્રધ્ધા અને ભક્તિ એ બેનો સુમેળ છે; શરૂઆતથી આખર સુધીનાં એ સર્વોત્તમ સાધન છે. બાહ્ય પ્રવૃત્તિને સમેટવી નહીં, પણ એમાં વિશુધ્ધ કરવી; ક્રિયા અટકાવવાની નથી, ક્રિયા વિશુધ્ધ કરવાની છે; બંધનું નામ જ રાગદ્વેષ વગેરે દ્વંદ્વોનો આઘાત; એમાંથી ચિત્તને આત્માકાર વૃત્તિ દ્વારા મુકત રાખવું એ જ પુરુષાર્થ. એમાં આટલી વસ્તુ લક્ષ્યમાં રાખવાની છે. આત્મભાનની જાગ્રતિ, આનંદ ( સર્વાવસ્થામાં )ની સ્થિરતા અને જગતની મિથ્યાત્વ વૃત્તિ; આવું તો જે કોઈ પ્રયત્ન કરશે તેને બહુ જલદી સિધ્ધ થશે અને ક્ષુદ્ર સિધ્ધિઓ તો ચરણે રહેશે. વૈરાગ્ય દૃઢ થશે તો એ ચમત્કાર મનાતી સિધ્ધિઓને વેશ્યા માનીને એના સામું જોવાની પણ વૃત્તિ નહીં કરે.

વાચન વ્યર્થ નહીં જાય; નિવૃતિ તો આવવાની હશે તો આવશે નહિ તો ઘરડા થયા સુધી ઢસરડો કરવાનો હશે તો કર્યા કરશો.

ભાઈ, પુરુષાર્થ વિના કશું મળતું નથી. પુરુષાર્થથી જ સંકલ્પબળ વધે છે; અને સંકલ્પબળ તો વિચારથી પણ વધી શકે છે.

નિયમિત કર્મકાંડ, ગુરુસ્તવનાદિ પાઠ અને નિયમિત જપ, જો થાય તોયે ખૂબ લાભ થાય. બાકી લૌકિકવ્યવહાર સાચવવા ખાતર જો ઈશ્વર અને સાધુસંત સાથે સંબંધ રખાતો હોય તો એ

રાખમાં ઘીની આહુતિ આપવા જેવું છે. એવું મેં સહજભાવે લખ્યું છે.

ભાવના ફળે છે, કર્મ નહીં; માટે ભાવના વધારો, શ્રધ્ધા કરો, અને બીજાઓની નકલ કે રાહ જોયા વિના પોતે પ્રયત્ન કરો.

( ૨૩ ) તા. ૮-૪-'૪૦

તા. ૩-૪-'૪૦નો પત્ર મળ્યો. કોઇ પણ જાતની ધમાલ કે બીજા સાધકોના ગુણદોષ કે ચર્ચા કર્યા વિના કેવલ આત્મોન્નતિની સાધનાને લક્ષ્યમાં રાખી, પુસ્તક વાંચતા જાઓ. કોઇ બીજું સાંભળે કે ન સાંભળે, ટીકા કે ચર્ચા કરે એ બધાને મનમાં જરાયે લાવ્યા વિના વાંચતા જાઓ. પ્રથમનાં વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ વાંચ્યા પછી જરા વિચાર કરવાનું આવશે.

૧. એ ગ્રન્થ વેદાન્તના મૂળભૂત સિધ્ધાન્તો તેમ જ તેનાં સાધનો, ધ્યાનયોગના સિદ્ધાંતો અને સાધનો બન્ને સમજવા અને આચારવા માટે અદ્વિતીય છે.

૨. ધ્યાન માટેનાં સાધનો એમાં છે. ગુરુશકિતની વાત એમાં છે, ધ્યાનમાં લોકલોકાન્તર તથા જન્મજન્માંતરનાં દર્શન -અનુભવ થાય છે. જાગ્રતની એક પલ, કલાક કે દિવસ તથા સ્વપ્ન અને સૂક્ષ્મની દશામાં લોકલોકાન્તરમાં થતા બીજા જન્મ સુદ્ધાં અનુભવવાની વાતો એમાં છે. ઝીણવટ ખૂબ છે, પરંતુ ઝીણવટ ન સમજાય તો પણ બીજું ઘણું સમજાશે.

૩. જ્ઞાનયોગની અને જ્ઞાનની તેમ જ જ્ઞાનીની મહત્તા પણ લક્ષ્યમાં લેવાની છે. જ્ઞાનીના વ્યવહારનાં એમાં ખૂબ દષ્ટાંતો છે. જ્ઞાન અને યોગ એ બન્ને ચિત્તવૃત્તિનો નિરોધ કરવામાં પણ કામમાં આવે છે, અને જ્ઞાન દ્વારા નિરોધ ન કરતાં બાધ કરી આત્માનંદ લેવાની વાત પણ એમાં સ્પષ્ટ છે.

૪. વાચનમાં રાખવાનું છે મુખ્ય ધૈર્ય; ભગવદ્દગીતાની ધૃતિ–એટલે જ યોગની ધારણાશકિત; એ જ સંકલ્પબળ છે. બધી રીતે સમાધાન અને સમન્વય કરતાં ન આવડે ત્યાં સુધી શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરશો તો ખૂબ લાભ થશે. જેવી તમારી પૂર્વ સંસ્કારની વેગવતી પ્રતિભા તેવું પરિણામ.

* * * *

આશ્રમ માટે ઝરીઆમાં કશું લખવાનું નથી. ઝરીઆવાળા આશ્રમ છે જ નહિ એમ માનીને જો પોતાની સાધના કરે તો પણ ઠીક. આશ્રમ જ ઘણાને વિક્ષેપકારક થઇ પડચો છે એમ મને લાગે છે. પણ એ તો દષ્ટિભેદ છે. માયા બીજે ક્યાંય નથી, પણ જેના અંતર અને દૃષ્ટિમાં છે ત્યાં જ છે. આશ્રમ મને વિક્ષેપ ન કરે, અને ઝરીઆવાળા તેમ જ એવા બીજાને વિક્ષેપ કરે, દ્વેષ ઊભો કરે, દોષ દેખાડે–એ જ માયા અને એ જ અજ્ઞાન. જ્ઞાનને જેઓ નપુંસક સમજે એ કેટલી ભ્રાન્તિ ! જ્ઞાન એ જ આત્મા, સચ્ચિદાનંદ, કૂટસ્થ, નિર્વિકાર બ્રહ્મ, પેલા ઐશ્વર્યના ભંડાર ઇશ્વર, અને એની પત્ની જેવી મનાતી શકિત, એને મૂર્ખાઓ બળવાળાં માને, અને એ બન્ને જેમાંથી પોતાની ઉત્પત્તિ ભોગવે એને નપુંસક માને એવું ભયંકર અજ્ઞાન જેમની પાસે હોય તેમની પાસે જ રહેવા દેવાનું ! ! !

સંકલ્પની બાહ્ય સ્ફૂર્તિની વાસના કરવી, પરમાર્થ જ્ઞાનની વ્યવહારમાં પરીક્ષા કરવી, આત્મજ્ઞાનને નપુંસક માનવું, પોતાનાં કામ, ક્રોધ, લોભ, મોહ, મમતાને જ્ઞાનીઓમાં પણ છે એમ માનવાં, ત્યાગ અને વૈરાગ્યને અશકિત માનવી, પ્રવૃત્તિ કે નિવૃત્તિના જરાએ અર્થ સમજયા વિના આળસ, પ્રમાદ અને સુષુપ્તિ જેવી જડ અવસ્થાને જ વૈરાગ્ય સમજવો; સંત, સદ્દગુરુ અને શાસ્ત્રમાં દોષ

જોઇ અપરાધી ને પાપી થવું, એવાં એવાં દૂષણો જે સમાજ કે વ્યકિતમાં ભર્યાં હોય, તેમને સ્વપ્ને પણ પાપકર્મ કે દુઃખમાંથી મુકિત પામવાની આશા પણ સંભવતી નથી.

વ્યવહારના દંભ, કપટ, મિથ્યાભિમાન, બાહ્યાડંબર, વેશ, રાગદ્વેષ, આવા આવા સ્વભાવગત દોષને વધારે એવાં લક્ષણો સંઘરીને પોતાને ધાર્મિક માનવાની ભ્રાંતિ જો જગત્ ન કરતું હોય, તો જગત્ એવું નામ જ એને કેમ અપાય ? !

નિરાકારવાદી ખ્રિસ્તી, મુસલમાન, આર્યસમાજી, શુષ્કવેદાન્તીઓ, તાર્કિકો કે બ્રાહ્મસમાજીઓ એવાં બધાંનું બ્રહ્મ કે પરમાત્મા જેમ હમેશાં અદૃષ્ટ અને અપ્રાપ્ત રહે છે, તેમ અંધશ્રદ્ધાળુ સનાતનીઓ, કર્મકાંડીઓ કે વેવલા ભકતોનું બ્રહ્મ (પરમાત્મા ) કેવલ મંદિરો, યજ્ઞો, તીર્થો અને મિથ્યા આચારમાં જ સંડોવાયેલું રહે છે. વાસ્તવિક દૃષ્ટિ તો આ બન્નેથી પૃથક્ અને અનુભવની આંખવાળી છે. લાંબો સમજણપૂર્વકનો સત્સંગ ન થતો હોય, રોજ ક્ષણે ક્ષણે સતગુરુ અને સત્શાસ્ત્રના પ્રહાર ચિત્ત પર ન પડતા હોય અને ભઠ્ઠીની આગની પેઠે ચિત્તના રાગદ્વેષ બાળવા માટે આંતરિક તપશ્ચર્યા કેળવાય નહીં, ત્યાં સુધી કશી સમજણ પડતી નથી; જેને એવું સદ્દભાગ્ય સૂઝે, પૂર્વપુણ્યનો પરિપાક થવા આવ્યો હોય, તેમને બધું સીધું અને સરલ છે, બીજાને અટપટું અને અઘરું છે.

# ૨

( ૧ )

તા. ૧૬–૮–'૪૦

તમારું યોગવાસિષ્ઠ કયાં સુધી પહોંચ્યું ? શ્રી......દેશમાં ગયા હશે; દેશમાંથી પાછા ત્યાં આવશે; જ્યાં સુધી અંતઃકરણમાંથી ત્યાંનું વાતાવરણ નીકળે નહીં, ત્યાં સુધી તત્ત્વની વાત, તત્ત્વ-જિજ્ઞાસુની સ્થિતિ, એનું કર્તવ્ય, એ બધું સૂઝવું અશકય છે –અસંભવિત પણ છે.

કાઠિયાવાડમાં પણ જઈ શકાય એમ નથી. અહીં આવે છે એમની પ્રથમ સેવા કરવી જોઇએ; અને અહીં આવીને રહેવા જેવી અનુકૂળતા શોધવાનો ભોગ પણ સૌએ, જે જિજ્ઞાસુ કહેવડાવતા હોય તેમણે કંઇક આપવો જોઇએ.

દેશમાં આવે, તે સ્વદેશમાં-આશ્રમમાં ન આવે, એને માટે શું કહેવું ? કળિયુગમાં ભક્તિનો આવો જ મહિમા છે ! સૌનું કલ્યાણ થાઓ ! અને દોષદૃષ્ટિ જયાં સુધી જાય નહીં, ત્યાં સુધી ભક્તિ કેવી ?

( ૨ ) તા. ૩-૧૦-'૪૦

વેદાન્તશાસ્ત્રમાં વર્ણવેલું, તત્ત્વજ્ઞાનનું લક્ષ્ય ચૂકશો નહીં. ગમે ત્યાં સત્સંગ કરો, ગમે તેને મળો કે ભ્રમણ કરો, પણ લક્ષ્ય વિશુધ્ધ આત્મસ્વરૂપ છે એ ભૂલશો નહીં. એમાં ભૂલ પડી તો પછી એ ભૂલ સળંગ જન્મજન્માન્તર ચાલ્યા કરવાની; હિસાબમાં પાઇ પૈસા જેવડી ભૂલ પણ આગળ જતાં હજારોની ભૂલ થઇ પડે છે; અને જમાઉધારનું પાસું મળતું નથી એટલું જ નહીં પણ ઘણી વાર લાભને બદલે ખોટ ઊભી થાય છે.

માટે લક્ષ્ય ચૂક્યા વિના બધાં સાધન કરો; બીજાં બધાં કર્મ-ઉપાસના સાધન છે, સાધ્ય નથી. એ સમજવા માટે જ મેં યોગવાસિષ્ઠ રામાયણ જેવા સરળ છતાં જ્ઞાનમાં પ્રૌઢ એવા ગ્રન્થની ભલામણ કરી છે. જેના સંસ્કાર શુદ્ધ હશે તે સમજશે. બાકી તો ગોથાં ખાવાના સંસ્કાર જેના હશે, તેને આપણે શું કરી શકવાના હતા ?

( ૩ ) તા. ૧૭-૧૦ '૪૦

* * * *

ઇશ્વર ન્યાયી છે, આવાં વર્ષોમાં સોળે સોળ આના પાક ઉતારી આપે, વેપારીઓને મનમાન્યું કમાવડાવે, રાજાઓને જુલ્મથી મનમાન્યું રાજ્ય ભોગવાવી આનંદ આપે-એ બધું અસંભવિત; કારણ કે પાપકર્મથી મેળવેલા ભોગમાં સંપ, શાંતિ કે સંતોષ હોય નહીં; એમાંથી તો જ્યારે પારાવાર કલહ, કલેશ અને કુસંપ જાગે, અંદર અંદર કાપાકાપી થાય, રોગચાળો, લડાઈ, ભૂકંપ, દુકાળ,

અકસ્માત્-એવાં એવાં ઇશ્વરના કોપની સજાનાં કામો થાય, ત્યારે આ કલિયુગી પાપીઓ કૈંક નીતિ-ધર્મના જીવન ભણી નજર નાંખે કે વિચાર કરે.

એમ ન થાય ત્યાં સુધી તો જેમ રાજ્ય, વેપાર, કામધંધો વગેરેમાં દંભ છે તેમ જ ધર્મમાં પણ દંભ જ રહેવાનો. રાગદ્વેષથી જીવન ભરપૂર હોય, સત્ય, નીતિ, ઉદારતા, કુટુંબસેવાથી માંડીને જનસેવા, લોકસેવા અને દેશસેવા, એવા કશા પણ સત્કર્મ વિના, કેવળ તીર્થયાત્રા, યજ્ઞયાગાદિ કર્મો, મંદિરોમાં ભટક્વું, ઘરમાં કર્મકાંડનો આડંબર રાખીને કામધંધામાં દગોફટકો, કુટુંબમાં કલેશ, વ્યવહારમાં અસત્ય અને ત્યાગમાં લોભ વધારવાની જ વાત હોય; ત્યાં એવી રીતે પરમાત્માને આંધળો બનાવીને સુખ કયાંથી લૂંટાય ?

કર્મ અને કર્મફળનો નિયમ અચળ અને અટળ છે. "વાવે તેવું જ લણે" એ અબાધ્ય અને અટળ નિયમમાં કોઇ રતીમાત્ર પણ ફેરફાર કરી શકે તેમ નથી. અસંખ્ય ભોગની વચમાં રહેતા મનુષ્યને પણ ધર્મ વિના અંતરમાં શાંતિ કે સુખ હોતાં નથી. કર્મ અને કર્મફળ; નિષ્કામકર્મ અને ચિત્તશુદ્ધિ; સકામભક્તિ અને પુણ્યફળ; નિષ્કામભક્તિ અને ચિત્તની એકાગ્રતા, આવા ભેદો ખૂબ સમજવા જોઇએ :અને એ ભેદ સમજ્યા વિના સાચું સાધન કરી શકાય નહીં. બ્રહ્માનંદ (સુખ) સૌથી શ્રેષ્ઠ છે; જીવનમુક્તિ એટલે જ આ દેહમાં સંપૂર્ણ સુખની પ્રાપ્તિ અને દુઃખની અંતિમ નિવૃત્તિ: આવું બ્રહ્માનંદ સુખ મેળવવાનો પ્રયત્ન તો બધું કામકાજ કે સાધન-ભજન વિશુદ્ધ ભાવે થાય તો જ અને ત્યારે જ મેળવી શકાય.

આપણે બીજાનું અનુકરણ કરવું તો સારું કરવું; ખોટું તો તરત જ ભૂલી જવું. જગત ખરાબ છે. સ્વાર્થી છે, દંભી છે; એવું

જોઇને કાંઇ આપણે સ્વાર્થી કે દંભી થવાનું નથી; પણ ઊલટું સ્વાર્થ અને દંભ આપણામાંથી ફ્હાડી નાંખી નિઃસ્વાર્થ અને સરળ જીવન જીવીને સારું દૃષ્ટાંત જગતમાં બેસાડવા માટે છે.

વ્યવહાર કર્યે જાઓ પણ જે વ્યવહાર તમારા આત્મલાભમાં બાધક નીવડે તેવો હોય તેનો ત્યાગ તો પ્રાણાન્તે કરતાં આવડવું જોઈએ: એટલી વીરતા ન હોય તો પછી વેદાન્તની વાતો કરતાં આવડે; અને ઉભય લોક—આ જન્મ અને આવતો જન્મ--બન્ને બગડે છે.

માટે સાધન સાધો, લક્ષ્ય ચૂકો નહિ; અલ્પ, તુચ્છ સુખના લોભમોહમાં ન ફસાઓ, શૂરાતન લાવો; પામરોની વચમાં રહીને પામરતા ન વધે એને માટે સાવધાનતા રાખો અને સંપૂર્ણ શ્રેયસ્‌ની ભાવના કેળવો.

(૪) તા. ૧૬–૧૨–'૪૦

તા. ૯–૧૨–'૪૦નો પત્ર મળ્યો હતો; આ પત્રમાં મારા પાછળના પત્રમાં લખેલા લક્ષ્યમાં રાખવાના મુદ્દા માટે તમે પ્રશ્નો કર્યા છે. આવી સાદી વાતો પણ તમને મૂંઝવે છે એ આશ્ચર્ય છે; એમાં નવું કશું નથી; છતાં તમે કેમ ન સમજી શકયા એ જ આશ્ચર્ય !

(૧) જાગ્રતિ મળે તે સ્થાયી રાખવી, એનો અર્થ એ કે જે કૈં પ્રસંગોમાં આત્મજ્ઞાન સહેજ પણ થાય કે લક્ષ્યમાં રહે તે ભાવ હૃદયમાં ટકાવી રાખવો.

(૨) લક્ષ્ય નક્કી હોય તો અનેક પુસ્તકો, સંતો અને પ્રસંગોમાં જતાં કોઇ કાંઈ જુદું કહે તો પણ આપણું લક્ષ્ય ન ચુકાય.

(૩) તેવું જ સાધન માટે છે. એમાંથી ચલિત ન થવું જોઇએ.

તમે બધા મોટી વાતો કરો છો, એ કમાવા છે કરોડો ને મૂડીમાં શંખ લઇને વેપાર કરવા નીકળવા જેવી વાત છે. તેથી જ કશું સમજતા નથી ને કહી પણ શકતા નથી; કાં તો એમ સમજો કે તમારે સંસાર એટલે છૈયાંછોકરાં, માલમિલકતમાં રહેવું છે, સાચે ખોટે ધંધા કરવા છે. રાગદ્વેષ વગેરે દ્વંદ્વોમાં મિથ્યાભિમાની થઈ ફરવું છે, અને આત્મસાક્ષાત્કારનો લાડવો કોઇ મારા જેવો હૈયાફૂટો બનાવીને આપી જાય તે આરોગવો છે.

માટે કહું છું કે લક્ષ્ય નક્કી કરો, લક્ષ્ય નક્કી કર્યા પછી પોતાનો અધિકાર ક્યાં એ નક્કી કરો, પછી સાધન નક્કી કરો, –પછી માર્ગે લાગી જાઓ; નહિ તો જ્યાં છો ત્યાં ઠીક જ છો, નકામા લાગતા મારા જેવાનો કેડો છોડો; તમારે આળપંપાળથી જ સંતોષ માનવો હોય તો તે મારી પાસે નથી. અહીં તો "મરણ આગમે તે ભરે મૂઠી" વાળો ખેલ છે.

આ કાંઇ તમારા એકલા માટે નહીં, પણ બધા માટે છે.

એન ટિકિટમાં ફરી આવો. જેવી દૃષ્ટિ હશે એવી સૃષ્ટિ દેખાશે.

(૫)

તા. ૩૦-૧૨-'૪૦

ત્યાંથી હમણાં કાંઇ પણ સમાચાર નથી; કામધંધો હમણાં તો ઠીક ચાલતો હશે, અને એ ઠીક ચાલે, એટલે આખું જગત્ ક્યાં છે એનું ભાન પણ શા માટે રહે ?

આ વર્ષે અહીં પંજાબના જેવી ટાઢ પડવા માંડી છે; ચોમાસું કૈંક ઠીક નીવડયું એવો સંતોષ હતો, તે આ શિયાળો બધું બગાડશે; રોગચાળો ખૂબ છે; ખેતીમાં પણ શિયાળુ પાક બગડશે; લડાઈની નોબતો તો હમણાં જોરથી વાગવાની હોય એમ

જોર થતું વાંચીએ છીએ; આવી આપત્તિઓ ચારે તરફથી આવીને ઘેરે, છતાં આ દુષ્ટ જીવ ક્યાં જગતની નિરર્થકતા સમજે એમ છે ? એને તો એમાં જ સુખ શોધવાની ટેવ પડી ગઇ છે. એટલે ખાસડાં ખાતાં ખાતાં પણ નીચી મૂંડીએ કામ કર્યે જ જવાનું એને ગમે છે.

ખેંચ્યે જાઓ; જ્યાં સુધી વિષયોના અજીર્ણથી ઊલટી (વૈરાગ્ય) ન થાય ત્યાં સુધી વિષયાહાર કર્યે જાઓ; એમાં જ તૃપ્ત છે એવી માન્યતા જ્યાં સુધી ન આથમે ત્યાં સુધી એમાંથી પાછા વળવાનું—નિવૃત્તિનું સ્વપ્ન પણ આવવું અસંભવિત છે.

ધન, વૈભવ, પ્રજાસંતતિ, માન, હર્ષ, ઉલ્લાસ એ બધાં એમાં જ છે માનીને સંસારની ખાણમાં ઊંડે ને ઊંડે ઊતરતા જાઓ; છેવટે તો વિષ જ મળવાનું છે; મળે ત્યારે નિરાશ થઇને પાછા વળજો; આમ કેટલાએ જન્મ જાય, તો પણ એ મૂર્ખ મનને ક્યાં થાક લાગવાના છે ? સંગાથમાં એવા અસંખ્ય બીજા છે એટલે ચિંતા પણ શી છે ? એક થાકે તોય બીજો પાછા ન પડે; એ તો એમ જ ચાલે કહીને ઊંડે લઈ જનારા ઉત્સાહ આપવા તૈયાર જ હોય છે, એવી આ ઘટમાળ ચાલ્યા જ કરવાની.

સદ્‌વિચાર વિના અંત નથી. જરા એમાંથી વિશ્રાંતિ મળે કે મેળવાય, સ્થિર અને શુદ્ધ ચિત્તે વિચાર કરાય, તો હમણાં વ્યવહાર પણ શુદ્ધ થાય; પણ ચિત્તની શુદ્ધિ કે સ્થિરતાની કોને પડી છે ? એ વિના સદ્‌વિચાર સંભવે પણ ક્યાંથી ?

તત્ત્વનો જિજ્ઞાસુ નિર્મળ અને ધ્યેયને પાર પાડે એવો હોવો જોઈએ; સંસારની બીજી સામાન્ય જનતાને કશી પડી નથી હોતી, એને તો આત્મસંસારને શાંત કરવો છે; એ શુદ્ધ અને પરિમિત થયા વિના શાંત થઇ શકતો નથી; વર્ષમાં એકાદ માસ તો નિવૃત્તિ

લઈને સત્સંગ કરવો જ જોઈએ; એ પણ પુરુષાર્થપૂર્વક; સહેજે થાય તેવો વ્યવહાર પહેલો કે પરમાર્થ એ ચિત્તને પૂછવું; જેની કિંમત વધારે મનમાં લાગે એના આપણે સાધક છીએ એમ સમજી લેવું અને દંભ છોડવો. સરળતાથી આપણે પરમાર્થને ગૌણ માનીએ છીએ એ કબૂલ કરવું. તો જ કૈંક ભવિષ્યમાં ગાડું સરાણે ચડે.

( ૬ )

તા. ૩–૨ '૪૧

તા. ૨૧–૧–'૪૧નો પત્ર મળ્યો હતો. હું તે જ દિવસે સવારે નર્મદાકાંઠે માલસર ગયો હતો; પરમહંસ શ્રી માધવદાસજી, સમર્થયોગી અને વૈષ્ણવ સન્ત; એ સ્થાનના મૂળ સંસ્થાપક; ઈ. સ. ૧૯૨૧માં એ સમાધિસ્થ થયા; એમણે મારા જીવનમાં અદ્ભુત પરિવર્તન કર્યું હતું; જે કાંઇ મારામાં શુભ છે, તે બધું એ સંતની કૃપા છે. પોષ વદિ ૧૧ એમનો નિર્વાણદિન; એમના પ્રેમાળ અને કૃપાપાત્ર શિષ્યો મારી સાથે ગુરુબન્ધુ જેવો જ પ્રેમસંબંધ રાખે છે એટલે દર વર્ષે ગમે તે ભોગે હું ત્યાં જાઉં છું. માત્ર પાંચ કે છ વખત દર્શન થયેલાં; પુસ્તક એમણે ભણાવ્યાં નથી; હઠયોગની ક્રિયાઓ હું તેમની પાસે શીખ્યો નથી; સિદ્ધાન્તમાં એ ગૌરાંગ સંપ્રદાયના વૈષ્ણવ; પણ એમની કૃપાદૃષ્ટિથી ચિત્ત અને પ્રાણમાં પરિવર્તન થયાં; અત્યારે ભક્તિથી મારું હૃદય, મન, પ્રાણ ત્યાં અવિરત અને સંપૂર્ણ ભાવે નમે છે, અને એમની અલૌકિક કૃપાનું સ્મરણ થતાં, અને એ કૃપાનો આત્મલાભ સમજતાં હૃદય રડે છે ! એવી હોય છે સંતની કૃપા. સમજે તે માણે; અને માણે તે સમજે.

તા. ૩૦ની સાંજે આશ્રમમાં આવ્યો ત્યારે તારો પત્ર મળ્યો. મારો તમને બીજો કશો ઉપદેશ નહિ, પણ એકનિષ્ઠ ભકિત શીખો; આત્મજ્ઞાનનો સિદ્ધાન્ત સમજી પછી એ લક્ષ્ય ન ચૂકો એ જ

પ્રાર્થના, આજ્ઞા કે ઉપદેશ; તમારા આત્મકલ્યાણમાં મારી પ્રસન્નતા, એમાંથી તમે રતીમાત્ર પણ ચલાયમાન થાઓ એટલે મને પ્રાણત્યાગ જેવું દુઃખ થાય.

બાહ્ય કર્મકાંડ, દેવદેવીની ઉપાસના, એ બધાં આલંબન હોય કે ન હોય, પણ આત્મજ્ઞાન જ લક્ષ્ય અને એમાં સમર્થન મળે એવા ગ્રંથનું અનુશીલન, એ જ વાત કહે કે શીખવે એવા જ સંતોનો સહવાસ અને અનુમોદન, તથા અનુકૂળતા કરી આપે એવો વ્યવહાર, આ ત્રણ સાધનો સૌ લક્ષ્યમાં રાખો તો બેડો પાર!

હું શરીરી છું પણ તેવો જ અશરીરી પણ છું; એટલે દેહ તો માત્ર વાણી દ્વારા ઉપદેશમાં કામ લાગે એટલું જ; અનેક અનુભવી સન્તોનો પરસ્પર પ્રેમસંબંધ, એ પ્રેમ દ્વારા અનેક સંતોના ચરણ-રજની, એમની કૃપાની જે પ્રસાદવિભૂતિ મારા મન-પ્રાણમાં હોય, એ તમને પરોક્ષ રીતે પણ મળે એમ ઈચ્છું છું. સેવા એવી મારાથી તમારી થાય એમ હું ઈચ્છું પણ મારા વ્યવહારમાંથી તો જેવી તમારી દૃષ્ટિ હશે તેવું તમને સાત્ત્વિક, રાજસિક કે તામસિક દર્શન થશે.

રડવું વ્યર્થ છે; કાર્યતત્પરતા જ સાચું સાધન છે; અનેક જન્મો ધર્યા, માનવશરીરો પણ મળ્યાં હશે; અને સંસાર તો આવો ને આવો જ; આખા બ્રહ્માંડની કલ્પના કરીએ ને નજર ફેરવીએ, તો આ પૃથ્વી અને એનો સંસાર શા હિસાબમાં! જ્યાં પૃથ્વી જ કંઈ વિસ્તારમાં નથી, ત્યાં ટૂંકા માનવસંબંધો, ઘરબાર, સગાં-સંબંધી, એ બધાં શા હિસાબમાં! "મીરાં અને રાણો" સંવાદ જે વખતે લખાયેલો તે વખતની મારી મનોદશાનું એમાં પ્રતિબિંબ છે.

(૭)

તા. ૧૫-૩-'૪૧

*  *  *  *

હવે યોગની વાત કરું; પોતે પોતાની મેળે પુસ્તક વાંચીને કશું અનુમાન ન કરવું; સ્થૂલ શરીરની ક્રિયાનાં લક્ષણો જોઇને સ્થૂલની બાહ્યજીવનની પરીક્ષા કરવામાં ભૂલ થાય છે; મનનું સૂક્ષ્મ પરિવર્તન થયું છે એની ખબર પોતાને પડતી જ નથી. હજુ વાંચવાવિચારવાનું છે; વેદાન્તના સિદ્ધાન્તો હૃદયંગમ કરી લેવાના છે; એ બધું ત્યાંથી છૂટા થયા પછી અહીં નિરાંતે થશે.

*  *  *  *

આત્માના આનંદસ્વરૂપે રહે, ૐના ગૂંજનમાં અહોનિશ વીતાવ; બીજા વિચારો આવે તેને આત્મસ્વરૂપની અભેદ ભાવનાથી કહાડતો રહે, અન્તઃકરણનાં ઘર આંગણાં વાળીને સાફ રાખ; નિજાનંદમાં વિષયાનંદ કેવો? દેહ હોય તો વિષયાનંદ! દેહ જ નથી ત્યાં બીજું શું?

શિક્ષાશતક કેવું સુન્દર છે! એનો પાઠ કરે કે ભક્તિપૂર્વક વાંચે તો સુન્દર ફળ આવે. ધીરે ધીરે પણ તમે શુદ્ધ માર્ગે, શુદ્ધ સાધન શીખો છો એ જાણી મને ખૂબ સંતોષ થાય છે.

(૮)

તા. ૬-૪-'૪૧

અંતરમાં વૈરાગ્ય રાખીને દુઃખ ન માનીશ; સંસારમાં જેમ જેમ ઊંડા ઊતરીએ તેમ તેમ કલેશ જ છે; પ્રારબ્ધ પ્રાપ્ત વ્યવહારમાં આત્માની સત્યતા અને જગતની મિથ્યા દૃષ્ટિ રાખીને

જ રહેવું; સંસાર કોઇનો ચલાવ્યો નહીં, પણ સૌ સૌનાં પોતપોતાનાં કર્મ પ્રમાણે એની મેળે ચાલ્યો જાય છે, એમ સમજીને મનથી અનાસક્ત રહેજે.

જેટલો પરોપકાર શરીરથી થાય, તેમાં સ્તુતિ, નિંદા, લાભ હાનિ વગેરેનો વિચાર કર્યા વિના કરવો. કર્તાહર્તા ઇશ્વર છે. આપણે નિમિત્ત માત્ર છીએ.

(૯) તા. ૧૯-૫-'૪૧

* * * *

શારીરિક દુઃખનું ભાન મનને થાય છે અને તિતિક્ષાનો અર્થ શારીરિક નહીં, પણ માનસિક છે. એ મનને પકડવાનું સૌથી મોટું સાધન આત્મવિચાર અને જગતનું સ્વપ્નત્વ છે; એ વિચારનું સાધન સેવ્યા વિના કશું બીજું સાર્થક થતું નથી. ધ્યાનપરાયણ કરતાં જ્ઞાનપરાયણ ચિત્ત એટલા માટે જ ઉચ્ચ છે; અને એ બન્ને સાથે ન હોય તો બધું નકામું છે.

ઠીક; થયું તે ખરું; શરીરનો વિચાર થોડો કરવો, અને આત્મભાવના સતત્ જાગ્રત રાખવી. મનને સ્વરૂપસ્થ કે ભક્તિસ્થ રાખવું.

(૧૦) તા. ૯-૬-'૪૧

તા. ૪નું કાર્ડ મળ્યું; શરીરની નબળી સ્થિતિ જાણી; એક વાત આવી અવસ્થામાં બહુ સારી સિદ્ધ થઇ શકે છે.

દેહના વ્યાધિને સહન કરવાની તિતિક્ષા કેળવાય છે; સંસારમાં તાપ ત્રણ પ્રકારના છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ. તેમાં વ્યાધિ

પણ એક તાપ કહેવાય છે; એ તાપ સહન કરવાની શકિત કેળવવા માટે ગૌતમ બુદ્ધ જેવા રાજ્યપાટ છોડીને વનમાં ગયેલા; ત્રિતાપ આવ્યા વિના સહન કરવાની શકિત ન આવે, ત્રિતાપ ન જ આવે તો તિતિક્ષા કેમ કેળવાય ? એ ત્રણે આગમાપાયી છે. માટે એની તિતિક્ષા કેળવ એમ ગીતામાં શ્રીમુખે કૃષ્ણભગવાને કહ્યું છે. ( ગીતા અધ્યાય ૧. શ્લો ૧૪ ) એટલે સાચા જિજ્ઞાસુએ આ ત્રણે તાપમાં માનસિક બળ વધારવું જોઇએ. શૂરવીરની સામે જેમ જેમ શત્રુદળ વધતું જાય. ગમે તેટલું જબરું હોય તો પણ પાછી પાની ન કરે, અને પ્રાણ પણ આપી પરવારે, તેવી જ સાધકની મનોદશા હોવી જોઇએ. જેમ જેમ ત્રિતાપ આવે, વિઘ્નો આવે તેમ તેમ એની સામે થવામાં આત્માની નિત્યતા વગેરે સદ્દ્ભાવનો વિચાર કરીને દેહનું મિથ્યાત્વ અનુભવવા માટે તિતિક્ષા કેળવવી જોઇએ.

... ...વ્યાધિ કાંઇ નિત્ય થોડો રહેવા આવે છે અને આવે તોય ઇલાજ શો ? પણ દેહનું મિથ્યાત્વ સમજાય એ કાંઇ થોડું કામ થયું કહેવાય ?

વેદાન્ત ( જ્ઞાન ) વિના શાંતિ કે સંયમ નહીં આવે. એ સિદ્ધાન્તો હૃદયંગમ કર્યા વિના સાચું સુખ મળવાનું નથી. હવે શા માટે વધારે વાર લગાડવી–સમય બગાડવો ? જેટલું મોડું થાય એટલું નુકસાન જ છે. ત્યાંથી શાંતિ તથા સમજણથી નીકળવાનું છે. મનને શ્રીહરિમાં તરબોળ રાખવું; એ ત્યારે રહે જ્યારે સંસારમાંથી મન નીરસતા અનુભવે.

## ૩

(૧) તા. ૧૪-૭-'૩૪

*   *   *   *

સહવાસમાં આવેલાં બધાનું મને યથાકાળે સ્મરણ થાય છે. એ બધાંને મારી સાધનસાધ્યવાનું ફળ યથાશક્તિ મળે એવો વિનમ્ર સદ્‌ભાવ હું હંમેશાં કેળવું છું.

*   *   *   *

કોઇ પણ શુભપ્રવૃત્તિમાં પણ દ્વંદ્વો તો આવ્યા જ કરે છે; દ્વંદ્વોની ચિત્ત પર અસર ન થવા દેવી એ જ જ્ઞાન અને એ જ મુક્તિ: પાણીની બહાર તો કયાં બીજે તરવાનું શીખવા જઈએ ? હવામાં કે ધૂળના ઢગલામાં કાંઈ તરતા ન શીખાય તેમ ઊડવાનું પાણીમાં ન શીખાય; મુક્તિ મેળવવી, અનુભવવી અને માણવી હોય તો નિત્યના શુભ વ્યવહારમાં સહજે આવી પડતાં દ્વંદ્વોનું વૃત્તિજ્ઞાન દ્વારા, એ બધાંને-દશ્યોને દશ્યપ્રપંચને મિથ્યા માનીને નિજાત્મતૃપ્તિમાં રહેવું; આનાવિના નથી પ્રાણાયામથી, કે નથી જપથી મુક્તિ. જ્ઞાનની કૂંચી આ છે. એ જ્ઞાનને મેળવી-ટકાવી

-સ્થાયી રાખવા માટે, આસન, પ્રાણાયામ, જપ, ધ્યાન, ભક્તિ એ બધાં સાધનોની આવશ્યકતા પણ ખરી; એવા સાધનો જે કે આત્મજ્ઞાનનાં સાક્ષાત સાધન નથી પણ ચિત્તની પવિત્રતા અને નિશ્ચલતા મેળવવા-કેળવવા માટે છે. સાધન વિના સાધ્ય ન મળે; પણ સાધનને જ સાધ્ય માની બેસીએ, તો એવાં સાધનો મિથ્યાહંકાર મિથ્યાતૃપ્તિ, અને વ્યર્થ પરિશ્રમ વાળાં નીવડે છે. એવો સમયે દ્વંદ્વથી મુક્તિની ઇચ્છા ન કરાવતાં, વ્યવહારથી મુક્તિ મેળવવાની ઇચ્છા કરાવે છે. પરિણામે ચિત્ત કઠોર, કોમળ કે એવું પામર બની જાય છે કે એકાન્તમાં રહેવામાં જે જે વિઘ્નકર્તા હોય, એ બધાના પ્રતિ ક્રોધ આવે છે, એ બધાનો અભાવ ઇચ્છવાનું મન થઇ જાય છે, ઇત્યાદિ અનેક દુર્બલતાઓ આવીને અંતઃકરણને ઘેરી લે છે.

આજકાલનો વ્યવહાર, વ્યાવહારિક પાત્રો, અને તમે લખો છો તેમ આ વ્યવહારની વાટમંથી પરમાર્થની પગથી શોધી કહાડવી બધું બહુ વિચિત્ર છે એ ખરું છે; પણ એટલી અનુકૂળતા તો જીવાત્મા ધારે તો પોતાની મેળે જ કરી લે છે એમ મારું માનવું છે; જેમ પાણી પોતાનો રસ્તો પોતાની મેળે જ કરી લે છે, તેમ જીવાત્મા એવો ચૈતન્યશીલ અને ગતિમાન છે કે પોતાની અધો કે ઊર્ધ્વ-જેવી ગતિ હોય તેવી વાટે માર્ગ શોધી લે છે. એ આપણે-તમે પણ શોધી જ લેશો અને પરમાત્મા તમને આ દેહે જ સત્યની ઝાંખી કરાવશે એવી મને શ્રદ્ધા છે.

પરંતુ આ બધા પ્રારબ્ધના ખેલમાં ચૈતન્યસત્તાનો વિશુદ્ધ આનંદ ભોગવવાનો પ્રબળ પુરુષાર્થ હોવો જ જોઇએ. કેવલ સત્ત્વગુણનો મોહ એ સોનાની બેડી છે. એ મોહનો અતિરેક છે, એ વાત સાચી છે. એ સરખામણી સાચી નથી. એને બદલાવીને બોલીએ તો દૃષ્ટાંત આમ બને છે:

લોખંડની કે તાંબાની બેડીથી બંધાયેલા પુરુષને કોઇ એમ શરત કરે કે તને સોનાની હથોડી તોડવા માટે આપીએ; અથવા તો બીજા દૃષ્ટાંતમાં કાચના મહેલમાંથી બંધ દરવાજાને તોડવા માટે કોઇ હીરો આપે તો- તો એ બંધન તોડયા પછી, જેમ એ હથોડી કે હીરાકણીનો મોહન છૂટે-અને એના પછી કોઇ પારસની હથોડી કે પારસમણી આપે તો પણ સુવર્ણની હથોડી ન છૂટે-એવી આમાં સાંખ્યદર્શનવાદીઓની સ્થિતિ છે; સાંખ્યવાદી કહે છે કે પ્રકૃતિમાં સત્ત્વગુણ એટલો બધો વધારવો, સાત્ત્વિક-દૈવી સંપદ એટલી બધી પ્રબળ કરવી કે જેથી રજસ્-તમસ્‌નાં વ્યવહારનાં બધન નાશ પામે. દૈવી સંપદ્‌થી આસુરી સંપદ્ જાય. દૈવીસંપદ વ્યવહારપક્ષે કલ્યાણકારક હોવાથી સુખપ્રદ છે છતાં એમાં આનંદલુબ્ધ બનીને એનાથી મુક્ત થવાનો પ્રયત્ન જ ન કરે એવી સ્થિતિને સોનાની બેડી શાસ્ત્રકારો કહે છે; આવો મોહ ઘણાને રહે છે. પ્રકૃતિનું સર્વાંશે વિસ્મરણ, વૈરાગ્ય અને સદાસર્વથા તત્ત્વાનુંસંધાન રાખવું, એ જેટલું કઠિન છે, તેટલું જ જો ગુણના બંધમોક્ષના ક્રમની કૂંચી મળી જાય તો સહેલું છે.

કેટલાએક તીવ્ર પ્રતિબંધકો પ્રારબ્ધમાંથી દૂર થતા નથી, અને જ્ઞાનીના જ્ઞાનમાં પણ એ માર્ગના પથરાની ઠેસની પેઠે અડચણ કરીને વિક્ષેપ કરે છે. પણ જ્ઞાનીના ચિત્તની એક એવી ખૂબી તથા મજા છે કે એ એવી સ્થિતિને તરત જ સમજી જાય છે. ચિત્ત પર વિક્ષેપનો પ્રભાવ ક્ષણિક નીવડે છે.

જીવમાત્રમાં પ્રારબ્ધ જુદાં જુદાં છે; એ ભેદ છે માટે જ સાધન છે; ભેદ ન હોય તો આ બધી વ્યવહાર-પરમાર્થની વાતો જ ક્યાં હોય? ભેદમાં જ અભેદ શોધવો અને અનુભવવો, એ દ્વંદ્વો-માંથી જ દ્વંદ્વને ઓળખી મુક્તિ માણવી, એ જ માનવજીવનની સાર્થકતા છે.

વાચન કંઈ ને કંઈ રાખવું જ; સત્સંગ પણ અમદાવાદ જેવા શહેરમાં તો મળી રહે એવું છે. દોષદષ્ટિને દૂર કરીને હંસક્ષીર ન્યાયે જ્ઞાન જ્યાં હોય ત્યાંથી સ્વીકારી લેવું. બીજી વાત સંતસાધુની સેવાની છે; એમાં પણ યથાશકિત શ્રદ્ધા-ભકિત વધારવાં અતિથિનો સત્કાર જેમ ધર્મ જેવો બની ગયો છે, તેમ એ સંતસત્કાર પણ થાય, આનંદ અનુભવાય, તેની સાથે ઇશ્વરકૃપાનો અંશ એમાં સમજાય, રાજસિક-તામસિક અભિમાન ગળે, આવાં નિર્મળ ભકિતનાં લક્ષણ પણ સ્વાભાવિક બની જવાં જોઈએ.

( ૨ )

તા. ૨૯-૮-'૩૪

તા. ૨૩ ૭- ૪ તથા ૨૨-૮-૩૪ના પત્રો મળ્યા છે.

* * * *

ત્રિગુણાત્મક વ્યારહારિક જીવનથી જો આધ્યાત્મિક જીવનનું માપ કાઢીએ, તો ઊલટું જ પરિણામ આવે. એવું ન થવા માટે અધ્યાત્મજીવનનું દર્શન કરાવતા સંતો, આચાર્યો કે અવતારોના જીવનમ હમેશાં એમની ચરિત્રલીલાઓમાંથી વિવેકદષ્ટિથી વીણી કહાડેલાં ગુણગાનજ જ ગાયાં છે. તે ગમે તે આશ્રમધારી હોય, ગમે તે વર્ણમાં હોય, ગમે તે જાતિમાં ( પુરુષ કે સ્ત્રી ) હોય, પણ બધામાં અધ્યાત્મશાંતિ અચળ, નિશ્ચલ, એકરસ, અને સમરસ હોય છે.

વ્યવહારમાં અનુકૂળતા થવાથી તો શાંતિ આખું જગત શોધે-ભોગવે છે; જિજ્ઞાસુ, ભકત કે જ્ઞાની પણ એ જ માર્ગ રાખે, તો પછી એમાં વિશેષતા શી ? પ્રારબ્ધભેદે ભિન્ન ભિન્ન વ્યવહાર હોવા છતાં ચિત્તની સમાનતા કેળવવી એ જ પરમ પુરુષાર્થ અને એ જ જીવન્મુકિતનાં ધ્યેયસિદ્ધ લક્ષણ છે.

બાહ્ય ત્યાગ, એકાન્તસેવન, વ્યવહારમાં યથેચ્છ પરિવર્તન, એ બધાં જીવાત્માને અમુક કક્ષાએ સહાયક અને ઉપકારક છે ખરાં, વર્તમાન સમય એવો વિષમ છે કે અત્યારે એની પ્રતિકૂળતા વિશેષ છે; એટલે જ કલિયુગમાં કર્મ અને જ્ઞાન વચ્ચે ભકિત, જે પૂલ જેવી છે, એની મહત્તા ગાઈ છે. કારણ કે ભકિતમાં આંતરિક જ્ઞાન અને બાહ્ય કર્મ રૂપે સેવાધર્મની અજબ મેળવણી છે. એ માર્ગ વિશેષ સરળ પડે એવો છે. એ તરફ ઝોક રાખીએ તો મન જલદી સમજી જાય છે. જ્ઞાન જ્યારે છોડ-છોડ-છોડ એમ ત્યાગની બૂમો પાડે છે, ત્યારે કર્મ પકડ–પકડ-પકડ મજૂરી –મજૂરી, વેઠની નોબતો વગાડે છે. આપણે એ બન્નેની મધ્ય ને અંતરમાં પરમાત્મસ્વરૂપ સાથે તાર જોડી રાખી બાહ્ય વ્યવહારમાં "સહેજે જે થાય તે થવા દેવા"ની ઢીલી લગામ રાખીને ઇશ્વર-ભકિતનો આન્તરિક તાર સાચવીએ તો શાંતિ સહેજે મળે એવું છે.

વાંચવામાં યોગવાસિષ્ઠ ખૂબ શાંતિ આપે એવો ગ્રંથ છે. ઉપદેશદાતા વસિષ્ઠ અને ઉપદેશગ્રાહક રામચંદ્રજી બન્ને વ્યવહારવાળા હતા. એમની બાહ્ય પ્રતિકૂળતાનો વિચાર કરી જુઓ: વસિષ્ઠની આશ્રમ પ્રવૃત્તિ રામચંદ્રજીનો વનવાસ અને પત્નીત્યાગ, રાવણવધ જેવી કર્મશૃંખલાઓથી બાહ્ય જીવન જાણે જકડાએલાં હતાં પણ એ જ સાચું વેદોકત–વેદાન્ત જ્ઞાન છે.

અનુભવ એટલે કોઇ પણ આશ્રમ કે વર્ણના ઓઠા નીચે રહેલી બાહ્ય સ્થિતિ નથી. એમાં જડભરત કે દત્તાત્રય જેવા અવધૂત–બાહ્યત્યાગી પણ હોય, અને વસિષ્ઠથી માંડી તુકારામ –એકનાથ જેવા ગૃહસ્થાશ્રમી પણ હોય; આપણે આપણું પ્રારબ્ધ ઓળખવું, આપણા સંસ્કાર તપાસવા, આપણી શકિત માપવી,

આપણો વ્યવહાર વિચારવો, અને પછી ચિત્તને તપાસી તપાસીને સમજાવવું એ જ રાજયોગ-જ્ઞાનયોગ, એ જ પરમ સરળ માર્ગ.

* * * *

અજાણે તો બધુંય જોવાનું છે. દ્રષ્ટા બનો અને દૃશ્યથી નિર્લેપ રહી, સમસ્ત સંબંધોથી માનસિક ત્યાગ કેળવો, એટલે કોણ કેમ જીવે છે એની પીડા જ નહિ રહે. થોડાં-દશેક વર્ષ હજુ જવા દો; જીવતાં રહેશું તો જોઈશું કે પ્રેમ જેવા પવિત્ર શબ્દોનો આ સમયના કામાસક્ત મનુષ્યો કેવો દુરૂપયોગ કરે છે તે.

(૩) તા. ૨-૧૦-'૩૪

દેહના ભોગ તો સૌને સરખા; જિજ્ઞાસુ તથા જ્ઞાની એ દ્વંદ્વને અંતઃકરણના ધર્મ માની સ્વરૂપમાં તેનું આરોપણ ન કરતાં એનાથી પૃથક્ત્વ અનુભવી નિર્લેપ રહે. એ દૃષ્ટિથી જ એ કર્તા ભોક્તા નથી કહેવાતા; બાકી દેહદૃષ્ટિથી તો સૌ કર્તાભોક્તા તરીકે દેખાય છે. એટલે દેહદૃષ્ટિથી તો કોઈ મુક્ત થઈ કે રહી શકે જ નહીં.

રહી આંતરશાંતિની વાત; એ તો સૌએ પોતપોતાની આત્મ-પરીક્ષા કરી લેવાની રહી. એમાં બીજાનું સર્ટિફિકેટ ન ચાલે. સત્સંગ એ સૌથી ઉત્તમ વસ્તુ છે. મહાપુરુષનું શરણ એ ત્યાર પછીની અવસ્થા છે. અને મૂંઝવણ તો અત્યારે મહાપુરુષના શરણની છે; મનુષ્ય તપસ્વી હોય કે હઠયોગી હોય, વિદ્વાન હોય, શાસ્ત્રવેત્તા હોય, તર્કશાળી હોય કે વિચારશીલ હોય, જગત્-વિખ્યાત હોય કે ગુપ્તવાસી હોય, તેથી એ અનુભવની દૃષ્ટિથી મહાપુરુષ ગણી શકતો નથી. અત્યારની દેશસેવાની ધગશ, એમાં

આવશ્યક હોય એવાં કોમળ મોહક વાણી, કાયાનો સંયમ, એના તરફ બધાની દષ્ટિ ખૂબ દોડે છે. એ એકંદરે જીવાત્માને લાભકારક છે, પણ એનું ફળ એ જીવાત્માને જયારે બ્રહ્માંડભરનો વૈરાગ્ય અપાવે ત્યારે જ સાચું ઉપકારક થશે.–"તું રામ સુમર જગ લડને દે"–એ વાકય એમાં બહુ વિચારવા જેવું છે. જગત્‌નો ઉદ્ધાર એ અંતઃકરણની શુદ્ધિ અપાવે, પણ આત્મતૃપ્તિ નહીં; કારણ કે જગત્ નીચેથી ઊંચે જઇને અટકતું નથી, એ તો એક ગોળાકાર ચક્ર છે. નીચેથી ઊંચે અને ઊંચેથી નીચે–એવી એની કાળગતિ છે; ઋષિઓએ કામના યુગ પ્રમાણે વિભાગ પાડયા છે. જયાં સુધી જગતનું–માયાનું વિકારી સ્વરૂપ ન સમજી લઇએ, જયાં સુધી દ્રષ્ટા–દૃશ્ય પ્રપંચનું કારણ પોતાની અવિદ્યામાં છે એવો નિશ્ચય ન થાય, ત્યાં સુધી સાચા વૈરાગ્યનાં બીજ અંતરમાં ઊગતાં નથી. એ વૈરાગ્યના અંકુરનો ઉદય થયો કે તરત જ આત્મનિશ્ચયનું શ્રવણ પછી મનન, અને નિદિધ્યાસન દ્વારા અપરોક્ષજ્ઞાન પોતાનો પ્રકાશ પાડે છે. અનાદિકાળથી ચાલ્યા આવેલા અંતઃકરણમાં જામી ગયેલા અંધકારને એ દૂર ઉરાડતો જાય છે.

મેં ઘણીવાર કહ્યું છે તેમ પ્રથમ દૃશ્ય તથા દ્રષ્ટાનો વિવેક શીખવો, પછી દ્રષ્ટા તથા દૃશ્યને જોડનાર દૃષ્ટિ પ્રકાશ–જ્ઞાન –ચિત્ છે એવો નિશ્ચય કરવો. ત્યાર પછી દૃશ્યમાંથી સત્યબુદ્ધિ ઉપાડી લેવી; દૃશ્યનો આંતરદષ્ટિથી નિરાદર કરતાં શીખવો; દ્રષ્ટા અને દૃશ્યને સાંધનાર દૃષ્ટિ જ સૌનું આત્મસ્વરૂપ છે એવો અનુભવ કરતાં શીખવું ને એ જ સ્મરણ કર્યાં કરવું; એ દષ્ટિનું નામ જ ॐ છે એવી ભાવના કરી–ॐને આત્માનું પ્રતીક માની મનસા–વાચા એનું જપ–સ્મરણ કર્યાં કરવું જોઇએ. એ આંતરિક જ્ઞાન પ્રકાશ સર્વત્ર નામરૂપથી–મુક્ત હોઇ વ્યાપક છે-એનું આન્તર

બાહ્ય દર્શન કરવાની ટેવ પાડવી; એ ચિત્-આનંદથી ભિન્ન નથી, એમ સમજી જ્ઞાન તથા આનંદનો અભેદ અનુભવતાં શીખવું, અને એવી રીતે સત્-ચિત્-આનંદ એ ત્રિપુટી નહીં, પણ નામરૂપમાં પ્રતીત થતાં, અજ્ઞાનનાં કાર્ય જેવાં અસત્-અજ્ઞાન અને દુખનાં બાધ શીખવા માટે શાસ્ત્રે બતાવેલા અભેદ બોધક સ્વરૂપ છે, એમ સમજવું. આમ ધીરે ધીરે ક્રમેક્રમે-આત્મવિચાર, જપ, ધ્યાન અને આનંદના અભ્યાસ દ્વારા સુખ અનુભવવું.

પછી એ સત્-ચિત્-આનંદના દેશકાલની ભેદની કલ્પના ભૂલવી. આપણું પ્રારબ્ધ ઓળખતાં શીખવું, એના વેગ સામે કદી પગલાં ભરવાં નહીં; એનો ત્યાગ નહીં, પણ એનો જ્ઞાન દ્વારા બાધ કરતાં શીખવો. વેદોક્ત ધર્મ કેવળ ત્યાગપ્રધાન નહીં, કર્મપ્રધાન નહીં, પણ જ્ઞાનપ્રધાન છે એમ ખૂબ સમજી રાખવું. અને તેથી કર્મજડ ન બનાય તેની સાવધાનતા રાખવી. એકવાર રસ્તે પડી ગયા પછી તો કશી ચિંતા નથી. એ પરમ કૃપાળુ અંતર્યામી એવો તો ઉત્તમ માર્ગદર્શક (ભોમિયો) છે કે કદાચ ઘડીવાર ભૂલ્યા એમ લાગે, પણ તરત જ એ પાછો સીધી વાટે લાવી મૂકે છે. માટે એનામાં પરમ શ્રદ્ધા-એ જ સર્વોત્તમ સાધન ૐ.

4

(૧)

તા. ૨૫-૧-'૩૫

ગુજરાતમાં એક જ ઠેકાણુ હવે રહેવું એ નિશ્ચય કરતાં પહેલાં દૂરના મિત્રોને મળી લઉં એવું મનમાં હતું તે પૂરું થયું. સમય બહુ બારીક છે. હિમ તો બધે સરખું જ છે અને ભારતવર્ષને ખૂણે ખૂણે અન્નવસ્ત્રનો પ્રશ્ન જ મહાકાળ સમો ઊભો છે. સર્વાંશે એ ઉપાધિ-આપદ્ દૂર થવાનો સંભવ જ નથી, એમ ઇચ્છવું એ આપણું અજ્ઞાન છે; કારણ કે કાળના કાળ-અધિષ્ઠાતા એટલે ભગવાન મહાકાળ-સદાશિવ, (ગીતામાં ભગવાન કૃષ્ણ સંહારક-સ્વરૂપે કાલોઽસ્મિ કહે છે તે સ્વરૂપ) જે વખતે જે કરે છે તે યોગ્ય જ, પ્રાણીઓના કર્મવિપાક પ્રમાણે કરે છે એવું જ્ઞાન ઋષિઓનું હતું. એમનાં ભાવિવાક્યો દૃષ્ટિગોચર થાય છે કે યુગ પ્રમાણે કાળધર્મ ચાલે છે. કાળના પ્રભાવ પ્રમાણે રાજા અને રાજ્યવ્યવસ્થા થાય છે, અને જીવોના ધર્મઅધર્મના સંસ્કાર ઉદય પામીને-પ્રવૃત્તિનિવૃત્તિના વ્યવહાર બંધાય છે.

ઋષિઓ-બ્રાહ્મણોએ તે વખતે શું કર્યું છે એ પણ પુરાણોમાં પ્રસિદ્ધ છે. એમનો સત્યાગ્રહ (જો આ શબ્દ પરાણે પણ વાપરી

શકાતો હોય તો-કારણ કે સત્ય-પરમ સત્ય આપણા આગ્રહથી નહીં પણ પરમ સત્યની કૃપાથી મળે છે; કારણ કે આગ્રહમાં કર્તા-રૂપ અહંકાર રહે છે અને કૃપામાં અહંકાર ગળી જાય છે) તો એકાન્ત તીર્થોમાં નિવૃત્ત રહીને તત્ત્વમાં અંતઃકરણને તરબોળ કરી દેવાનો હતો. રાજાઓ, ક્ષત્રિયો તો અત્યારે લડે છે તેમ તે વખતે પણ લડતા. એ રાજાઓમાંથી રામ અને કૃષ્ણ તત્ત્વવિદ્ હતા, એટલે આદર્શ અવતારી તરીકે લીધા.

અત્યારના રાજાઓ, રાજા થવા ઇચ્છનારા દેશનેતાઓ તો ઋષિઓએ સેવેલા તત્ત્વનો સંપૂર્ણ અનાદર કરીને બધું ઐશ્વર્ય પોતાના હાથમાં લેવા ઇચ્છે છે. એમનામાં સત્યનો આગ્રહ નથી, પણ અહંમન્યતાનો જ આગ્રહ છે, સ્વાગ્રહ એ એવી ખરાબ વસ્તુ છે કે સ્વાગ્રહી જેમ જેમ આગળ વધે, તેમ તેમ પરમ સત્ય તો આગળ ને આગળ દૂર દૂર જ રહે છે. એનો પ્રતિભાસ થાય પણ દર્શન, અનુભવ અસંભવિત છે. પોતે અસત્યમાં છે એમ માનીને સત્‌ને શોધનારો સત્ય મેળવી શકતો નથી, કારણ કે સત્ય તો નિત્ય છે, પોતાનાથી પૃથક્ દેશ વિદેશ કે ભવિષ્યમાં એનાં દર્શનના આશાવાદીને અલભ્ય છે, કારણ કે એ અસીમ છે, સર્વવ્યાપક છે. એ કલ્પનાના નહિ પણ યથાર્થ ભાવનાની અભેદ સાધનાનો વિષય છે.

પરમાત્મા આપણને એમાંથી બચાવે એટલી જ આપણી સહૃદય પ્રાર્થના. રાજાઓનાં કામ રાજા જાણે; આપણે આપણા મંતવ્યમાં કર્તવ્યનિષ્ઠ રહીએ એટલે બસ.

કર્મકાંડથી શાંતિ મળતી નથી. જપ પણ કર્મકાંડ છે. પણ જ્યાં સુધી ધ્યાનપરાયણ ન થવાય ત્યાં સુધી એની અનિવાર્ય આવશ્યકતા છે. અંતઃકરણના વિક્ષેપો દૂર ન થાય

ત્યાં સુધી ચિત્તવૃત્તિ આત્માકાર નહીં થાય. વૃત્તિ એવી ન થાય ત્યાં સુધી એમાં આનંદ નહીં આવવાનો, અને આનંદ વિનાનું સાધન પણ વ્યર્થ છે.

ધ્યાનમાં બેસવા માટે, સ્નાન, ધૂપ, દીપ કે આસન અમુક જ પ્રકારનાની જરૂર નથી. શરીર લાંબું થઇને પડે એ પણ આસન છે. આસન ગમે તેમ બદલાય છતાં ધ્યાન ન તૂટે એ શાસ્ત્રોકત નિર્ણય છે. જેમ વ્યવહારમાં કામ કરતાં કરતાં મનનો એક જ વિચાર ચાલુ રહે છે તેવી રીતે પથારી પર સહજ સાધ્ય આસનથી બેસવું જોઇએ; યોગીઓ એકાંતમાં કે જંગલની ગુફામાં રહેતા કે જ્યાં કર્મઠોનાં વિઘ્નો ( આક્ષેપો ) એમને ન નડે. આ પ્રમાણે સહજ સુખકારક આસન, બંધનેત્ર અને માનસિક જપ થવાં જોઇએ.

( ૨ ) તા. ૨૫–૨–'૩૫

* * * *

હવે અંગત વાત લખું; ધ્યાનમાં મેં પદ્ધતિ બતાવી છે એનો જ પુનઃ ઉલ્લેખ કરું છું. સવારે પથારીમાં ( પાટ કે ખાટલા પર નહીં ) જ મુખશુદ્ધિ કરી બેસી જવું અને ૐનો માનસિક જપ ચાલુ કરવો. શરીરને તદ્દન ઢીલું મૂકી દેજો; જે સ્થિતિમાં શરીરને આરામ લાગે, સુવામાં, :બેસવામાં, લાંબા કે ધીમા પ્રાણાયામ કરવામાં, પેટ ઊંચુંનીચું ( અંદર ) કરવામાં કે ડોક નીચે નમાવી દેવામાં, સુખ લાગે તે ક્રિયા થાય તે સહજ સ્વભાવે થવા દેવી. આનું નામ સહજયોગ વા સિદ્ધયોગ છે. એ દ્વારા શરીર ધીરે ધીરે નીરોગી અને હલકું થશે. પણ અશકિત નહીં લાગે. પથારી લાંબી પહોળી હોય એમ વિશેષ ઠીક. ધ્યાનમાં પણ એકાગ્રતા વધશે. પરમાત્મા જ

બધાના અંતર્યામી છે અને એ જ નિત્ય સાથી જેવા સનાતની ગુરુ છે, પણ જેના દ્વારા પરમાત્માના સ્વરૂપ-સત્ ચિત્-ચિત્ આનન્દનું ભાન થાય, એ વ્યકિતમાં નિર્ગુણરૂપે રહેલું આત્મતત્ત્વ ઈશ્વરથી અભિન્ન હોઈ ગુરુદેવ છે, જેનાં શિક્ષણ, કૃપા અને નિઃસ્વાર્થ આત્મદાન થાય તેમના સ્મરણ દ્વારા ધ્યાનમાં એકાગ્રતા શીઘ્ર આવે છે. હું તો કેવળ સેવક અને નિમિત્ત માત્ર છું. આત્મબંધુની સેવા કરી શકું અને મારાં અલ્પ સ્વલ્પ તપ, જ્ઞાન, વૈરાગ્ય, નિજાનન્દનો તમારા અંતઃકરણમાં પ્રતિબિંબ દ્વારા પ્રવેશ થાય એમ ઇચ્છું છું. પ્રયાસ અવશ્ય કરી જોશો. પરમાત્મા તમને અવશ્ય શંકિત આપશે. ૐ

વિઘ્ન તો આવવાનાં જ; વિઘ્ન દૂર કરનાર પરમાત્મા અંતર્યામીરૂપે સાથે જ છે. વિઘ્નમાં તો ઊલટું આપણા બળની પરીક્ષા થાય છે ને એ વિઘ્નો સામે યુદ્ધ કરીને જ બળ પ્રાપ્ત કરાય છે. એ બળ આવે, ચિત્ત વિશુદ્ધ વા એકાગ્ર થાય ત્યારે જ સ્વરૂપસ્થ ચિત્તમાં આત્મપ્રભા પડે છે. શ્રવણમનન પછીના નિદિધ્યાસનનો આ ક્રમ છે. ૐ.

* * * *

વાચનમાં યોગવાસિષ્ઠમાંથી સાધન સંબંધેના ધ્યાનધારણાનાં પ્રકરણો ખૂબ સમજીને વાંચજો. અંતર્મુખવૃત્તિ કરવામાં, પુરુષાર્થનું બળ પ્રાપ્ત કરવામાં અને તત્ત્વનિષ્ઠ થવામાં એ અનુપમ ગ્રંથ છે.

( ૩ ) તા. ૨૦-૩-'૩૫

* * * *

પરમ દિવસે પ્રજાબંધુ સાપ્તાહિકમાં અવધૂત ઉપાસની

મહારાજ સંબંધે કાંઈક વાચ્યું. એ કોઇ દ્વેષીઓનું કારસ્થાન હશે. ઘણા મહાપુરુષો સંબંધે કેટલાએક દ્વેષીઓ, નાસ્તિકો આવા મિથ્યા આક્ષેપો કરે છે. શ્રી અરવિન્દ તથા ગાંધીજી માટે પણ આવી વાતો કરનારા થોડા નથી, પણ એમની પ્રતિષ્ઠા એવી છે કે છાપાવાળા હિમ્મત ન કરે. એમનાં જીવન સર્વ-દેશીય છે. ત્યારે આવા એકદેશી સંતો માટે આજકાલના છાપાંના જમાનામાં આવી વાતો પ્રગટ થાય એમાં નવાઇ નથી.

જેમ હોય તેમ; ઈલાજ કાંઇ નહિ. સ્વચિત્ત અને સ્વશીલને સાચવીને બેસી રહેવું એ જ એનો મહાન્ સાર.

ધ્યાન માટે બેસવાનું, આગ્રહ કરીને લખવાનું મન થાય છે તેથી લખું છું. પહેલાં લખ્યું છે એમ બેસી જુઓ; શરીરને ગમે તે અનુકૂળ સ્થિતિમાં રાખો; કેવળ માનસિક-પ્રણવજપ-ઈશ્વરસ્મરણ--ગુરુસ્મરણ, એ ત્રણે આધ્યાત્મિક દષ્ટિએ એક છે. તેથી ધ્યાનમાં ઉપયોગ કરવાથી સફળતા શીઘ્ર આવે છે એ સ્વાનુભવ છે. કરી જુઓ અને પ્રત્યક્ષ પ્રમાણ થશે. પછી કશી શંકા નહિ રહે.

અને એનું નામ જ સત્ય; સત્ય-બ્રહ્મ-જ્ઞાન,-તત્ત્વ-પ્રણવ એ એક જ; અને એનું ઐકાન્તિક સુખ અનુભવ કરવાનો માર્ગ પણ એ જ. અન્તર્મુખતા જેટલી વધે એટલી વધારો અને ઉત્સાહપૂર્વક આગળ વધો.

(૪) તા. ૫-૪-'૩૫

સાધનામાં બેસવા માટે પહેલાં લખી ચૂક્યો છું તે પ્રમાણે બેસવાનું છે. એમાં નિયમિતતા અને ચિત્તનો સંવેગ કે જેને

વૈરાગ્ય વા ઇશ્વરભક્તિનો વિરહ કહી શકાય એની ખૂબ આવશ્યકતા છે. ઇશ્વર એટલે નિર્વિષયી ઇંદ્રિયાતીત, અંતરમાંથી ઉપજેલો, એકાંતમાં આવતો વિશુદ્ધ અને અવિરત આનંદ. એને કશાં બાહ્ય સાધન કે અવલંબનની અપેક્ષા જ નથી. એ આનંદના ઉમળકા અંદરથી ઊઠવા જોઈએ. પ્રાણાયામની મંદ સિધ્ધિનાં કંપ વગેરે લક્ષણો હઠયોગીને અનુભવાય છે, તેવાં પ્રેમલક્ષણા ભકિતવાળાને સંકીર્તનમાં નૃત્યાદિમાં અનુભવાય છે; એકાંતમાં સાધનમાં બેસીએ ત્યારે અંતરથી આનંદના ઉદ્રેક ઊઠે, તેની સાથે શરીરને જે સ્થિતિમાં સુખ જણાય એ સ્થિતિમાં રાખવાનું પ્રથમ મન થાય છે. એવી રીતે રાખ્યા પછી જો કોઈ પ્રકારની પ્રાણાયામની ક્રિયા થવાની ઉપયોગિતા હશે તો તે પ્રમાણે થશે. ચિત્તને પ્રણવના જપમાં અથવા તો એવા જ કોઈ અવલંબનમાં રાખવાની, અથવા જયાં જયાં ચિત્ત જાય ત્યાં ત્યાં આત્મભાવના કરવાની પ્રેરણા બલવતી થાય છે.

ધ્યેયમાંથી મન ચલિત થાય ત્યારે ત્યાંથી વાળી વાળીને પ્રણવમાં લાવવું એ પ્રત્યાહાર છે.

આસન માટે હઠયોગ પદ્ધતિનો લગભગ બધે ઉલ્લેખ છે જયારે યોગદર્શનમાં ચિત્તની સ્થિરતા અને સુખ અપાવે એનું નામ આસન છે એમ કહ્યું છે. આસન મુખ્ય ૪ પછી ૮૪ અને પછી ૮૪ લાખ એવું પણ વાંચવામાં આવે છે. તાત્પર્ય એ કે શરીર ગમે દશામાં પડ્યું રહે અને મનમાં સુખ–આરામ લાગે તે સમય માટેનું તે આસન યોગ્ય કહેવાય. તે સિવાયનાં મુખ્ય આસનોમાં પદ્માસન, સ્વસ્તિકાસન કે સિધ્ધાસન વગેરેનો સમાવેશ થાય છે. પણ એવાં આસન તો સ્વાભાવિક રીતે શરીરની નીરોગિતા આવ્યા પછી થવા માંડે છે. શરીર વયોવૃદ્ધ

હોય, વ્યાધિગ્રસ્ત હોય, ચિત્ત વિક્ષિપ્ત હોય, એવે વખતે શવાસન (સૂઈ જવાનું) અથવા શરીરને ઊંધુંચત્તું, પડખાભર, હાથપગ વાંકાચૂકા કે આડાઅવળા થવા, એ બધાં આસનો બહુ જરૂરી છે. એવી જુદી જુદી કસરતો થયા પછી બેસીને કરવાનાં આસન માટે શરીર યોગ્ય બને છે.

સાધનમાં મુખ્ય અવલંબન પ્રણવ અને ગુરુનું છે. ગુરુસ્મરણ એ જો કે અત્યારના કલુષિત વાતાવરણને લીધે લોકોને ઉપદેશવા જેવું નથી છતાં રહસ્ય તો એ જ છે કે એ અહૈતુકી દયા બતાવનાર, કેવળ જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતની જ પ્રેરણા કરનાર વ્યકિતના સ્મરણ માત્રથી એ ગુણો, સાધનો, દૈવી સંપદ્ આપણામાં સ્ફુરતાં હોય, તો એ સ્મરણ સર્વથા શ્રેષ્ઠ માનવું જોઈએ. મારા અનુભવની તો એ જ ચાવી છે. અંગત વાત થોડી લખી નાખું.

બરોબર ૨૧મે વર્ષે મંદ વૈરાગ્ય ઊપડયો; સંસારનાં સુખ ગમે પણ નહીં, નવું કાંઈ સૂઝે નહીં, વર્તમાનમાં અસંતોષ અને ભાવિની ખબર નહિ અને નવી કેળવણી લીધેલી એટલે શાસ્ત્રી તથા સાધુઓ પ્રત્યે અભાવ; એવામાં શ્રીરામતીર્થનું વાચન મળ્યું; શ્રી નથુરામ શર્મા પાસે પધ્ધતિપુરઃસર દીક્ષા લીધી; ખૂબ કર્મકાંડ કર્યાં. સંધ્યાવંદન અને જપનો તો કાંઇ હિસાબ નહીં; સ્વાર્પણ કરવાનું જયાં ઠીક લાગ્યું ત્યાં ઝંપલાવવાની સાહસિક ટેવ, જયાંથી જે મળ્યું તેટલું લીધું; પછી શ્રી નારાયણસ્વામીનો સહવાસ મળ્યો. રામતીર્થનાં તો દર્શન નહિ થયેલાં; સંન્યાસ આશ્રમ, પ્રથમ ખાસ ઇચ્છા ન હોવા છતાં પણ પછીથી ગમ્યો ને સ્વીકાર્યો; શ્રી નારાયણસ્વામી કર્મયોગી, એટલે અત્યારના જમાનાને ઉપયોગી કર્મ કરનારા, પ્રાચીન

પરંપરાથી તેમ જ પ્રાચીન શાસ્ત્રોથી લગભગ અનભિજ્ઞ એટલે નિવૃત્તિના પોષક નહીં; એમાંથી અમારે મતભેદ ઊભા થયા; હું છૂટો થયો; માલસરવાળા શ્રી પરમહંસ માધવદાસજીના પરિચયમાં આવ્યો, ત્યારથી અહૈતુકી કૃપા અનુભવી; એ પ્રાચીન, વયોવૃદ્ધ, તપસ્વી, યોગી અને અપાર પ્રેમી સંતના સત્સંગથી નવીન દિશા ઊઘડી. જૂનાં શાસ્ત્રો વાંચવાની અલૌકિક દૃષ્ટિ સાંપડી; વૃત્તિ અંતર્મુખ થઈ; એકાંત તપ સાધ્યાં, ધૂણી, નિર્જનવાસ, પ્રેમભક્તિ અને વૈરાગ્યની તપશ્ચર્યા કરી, અને જ્ઞાનયોગ પ્રમાણે શાંતિ અનુભવી. ગુરુભક્તિ શું છે, સાચા સંતો કેવા અહૈતુકી કૃપા કરનારા હોય છે, એમની કૃપાદષ્ટિથી જ—સાચા શકિતશાળી સંતની કૃપાદષ્ટિથી જ—આપણા અંતઃકરણમાં આત્મહિરણ પ્રકટે છે એ અનુભવાયું. જૂના સંતોનાં દર્શન, સત્સંગ તરફ મનોવૃત્તિ વળી. નવદ્વીપમાં રહ્યો, વ્રજમાં રહ્યો અને ફર્યો, ચારે ધામની યાત્રા કરી, ઋષિકેશમાં પણ એ નિવૃત્તિની દષ્ટિથી રહ્યો. શ્રી નારાયણસ્વામીએ લોકસેવાના કર્મપ્રદેશમાં એક ઉપયોગી શિષ્યની આવશ્યકતાથી દીક્ષા આપી હતી એવું એમણે અંતે કહ્યું. હૃદયમાં પ્રખર પ્રત્યાઘાત થયો. એ લોકસેવાનાં જ કર્મો સાથે આત્મજ્ઞાનને, અન્તર્મુખી સાધનાને નહિવત્ સંબંધ સમજાયો અને જીવનપલટો થયો. આ પરમહંસદેવની કેવળ અહૈતુકી કૃપાની કિંમત સૂઝી, ગમી, ભોગવી, અનુભવી.

છતાં એ સાધના હજુ વેદાન્ત પ્રમાણે હતી. મને પોતાને એણે શાંતિ આપી. હું ઈ. સ.૧૯૨૪થી લોકોના પરિચયમાં આવવા માંડયો; અધિકારીઓની ગુરુભકિત અને વેદાન્તોપદેશ દ્વારા સેવા કરવા માંડી—અનેક ચિત્તો પર શ્રી ગુરુકૃપા ઊતરે એવી ભાવના સાથે સેવા કરવા માંડી; પણ અનુભવે એમ જણાયું કે કેવળ સાધારણ સાધકો માટે જ્ઞાનયોગ બહુ કઠિન છે. વાચનમાં, શ્રવણ-મનનના

અને એ દ્વારા નિદિધ્યાસનના અધિકારી ઘણા થોડા હોય છે. ઘણાના રાગદ્વેષ ઓછા થતા નથી. ઊલટા મંદિરોમાં પગ તોડતાં તોડતાં કે વેષધારીઓની કથાઓમાં મિથ્યા પગતોડ કરે છે એમ લાગ્યું. એવા મંદ, મધ્યમ અધિકારીઓ માટે યોગનું સાધન–શાસ્ત્ર મેં વાંચવા માંડયું.

પ્રત્યેક સાધનામાં પ્રત્યક્ષ ગુરુનો આશ્રય અને આધાર જોઈએ. એ બધામાં સાધકનો પોતાનો પુરુષાર્થ જોઇએ. બધું ગુરુકૃપાથી જ મેળવાય છે એ અંધશ્રદ્ધા છે. આત્મકૃપા ( સ્વપ્રયત્ન ) વિના શાસ્ત્રકૃપા, ઇશ્વરકૃપા કે ગુરુકૃપા વ્યર્થ છે. પરમ કૃપાળુ પરમાત્માની દયાએ એક એવા સંતનાં દર્શન સત્સંગ કરાવ્યાં કે જે મહાયોગના સિદ્ધયોગી હતા.

એમની પાસેથી પાંચેક વર્ષ પહેલાં આ યોગ પ્રાપ્ત થયો. એમની ખાસ આજ્ઞાથી આ આશ્રમની ઉપાધિ ઉપાડી; પાસે પૈસા ન રાખનાર, કેવળ એકાન્ત ભોગવનાર હું, તેને માથે આ જવાબદારી આવી અને એ મેં ઉપાડી; એમની કૃપાથી આશ્રમમાં યોગ્ય સગવડો થવા માંડી છે. યથાશકિત, નિરભિમાનભાવે જિજ્ઞાસુ-ઓને આ માર્ગે દોરવામાં ઠીક સેવાનો લાભ થાય છે એમ લાગે છે.

આ મહાયોગ તથા સિદ્ધયોગ છે, જેમાં કેવળ ગુરુસ્મરણ ને ગુરુકૃપાથી સાધક પોતાના પૂર્વસંસ્કાર પ્રમાણે જે યોગનો અધિ-કારી હોય, તે પ્રમાણે એને શરૂઆત થાય છે. ગુરુ ગમે તેટલા દૂર હોય તો પણ સ્મરણ માત્રથી સાધના ચાલ્યા કરે, પ્રત્યક્ષ ગુરુ-શરીરની જરૂર નહીં; સાધનાનાં લક્ષણો આપોઆપ પ્રકટ થવા માંડે છે. મંત્રયોગવાળાને મંત્રસ્મરણથી, લયયોગવાળાને કોઇ પણ નાદમાં ચિત્તની એકાગ્રતા થવાથી, હઠયોગવાળાને આસન-પ્રાણાયામથી, રાજયોગવાળાને ધ્યાનધારણાથી, ભકિતયોગવાળાને

ભજનકીર્તન અને ઇષ્ટસ્મરણથી આગળ વધતાં વધતાં પરિણામે સમાધિસુખ મળે છે, એ મારો અનુભવ છે, અને એમના કૃપાપાત્ર ઘણા સાધકો એ દિશામાં પ્રગતિ કર્યે જાય છે, એ હું જાણું છું.

આટલું આજ સ્પષ્ટ એટલા માટે લખું છું કે જેથી એમાં રુચિ થાય. તમારી આત્મપિપાસા સાચી છે એ હું જાણું છું; શ્રી ગુરુદેવ, તમારા પૂર્વસંસ્કાર પ્રમાણે તમને એ દિશામાં આનંદનો અનુભવ કરાવે એવી મારી પ્રાર્થના છે. શ્રદ્ધા રાખો, શરીર–પ્રાણને શિથિલ કરી વિધિ અથવા નિષેધમુખે અને પ્રણવબ્રહ્મના જપ-ધ્યાનમાં ચિત્તને પરોવી દ્યો. અવશ્યમેવ આનંદ થશે.

એક બીજી વાત; સત્ય–તત્ત્વ–બ્રહ્મ-આત્મા એ બધા નામભેદ છે. એ આપણાથી પૃથક્ છે એ ભૂલી જાઓ. તમે એ આત્મસ્વરૂપે છો અને જે પૃથક્ છે એ તો કારણ, સૂક્ષ્મ, સ્થૂળ શરીરો છે, એવી ભાવના દૃઢ કરો–અનુભવવા માંડો. વ્યવહાર તો કેવળ જાગ્રત તથા સ્વપ્નની અવસ્થામાં અને સ્થૂળ શરીરના અંત સુધી જ છે વ્યવ-હારની ઉપાધિને સૂક્ષ્મ શરીરમાં સ્પર્શ પણ ન થવા દેશો.

ઘણુ લખ્યું અને તે પણ બહુ સ્પષ્ટતાથી. મારા સાધનમાર્ગ માટે એમાંથી તમને સ્પષ્ટતા-થશે. પરમાત્મા તમને અને તમારા દરેક કુટુંબીજનને વિશુદ્ધ શાંતિ આપે એવા આશીર્વાદ છે.

( ૫ )

તા. ૧૬–૫–'૩૫

સાધન બાબતમાં વધારે લખવા જેવું કશું નથી. ધ્યાનમાં બેસતી વખતે એ સર્વેશ્વર પરમાત્મા પોતાના પારલૌકિક જ્ઞાન –વૈરાગ્ય–ભક્તિ–શક્તિ બધાં આપણામાં જે સુષુપ્ત પડયાં છે, એને જાગ્રત કરી રોમરોમમાં આનન્દરૂપે વ્યાપ્ત કરે એવી ભાવના

નિર્ભય અને શ્રદ્ધાશીલ ચિત્તે કરવી જોઇએ. રાત્રિના એકબે કલાક પણ એને માટે પૂરતા છે. મુખ્ય શરત એ છે કે શરીરને તદ્દન પોતાને અનુકૂળ પડે, જેમ બેસવા, સૂવા કે આડા પડવાથી હાથપગ આડાઅવળા ગમે તેવી સ્થિતિમાં રાખવાથી શરીરનાં કળતર તૂટે -આળસ જાય-તેવી સ્થિતિમાં રાખવાનું મન થાય કે તરત જ તે પ્રમાણે થવા દેવું. એનાથી શરીર નીરોગી થશે અને બળ વધશે. બાકી હઠ કરીને અમુક જ આસન વગેરેમાં બેસવાથી શરીર તથા મન જડ બને છે અને ચિત્ત એમાં જ પરોવાઈ રહેવાથી એકાગ્રતા બની શકતી નથી.

ધ્યાન માટે તો ૐ–પ્રણવનું માનસિક જપ દ્વારા ધ્યાન થવું જોઇએ. બધેથી મનને ફેરવીને ૐમાં લાવવું. એ નિષેધમુખ પ્રત્યાહાર; અને જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં ઇશ્વર–આત્મભાવના કરવી એ વિધિમુખ પ્રત્યાહાર છે. આમ જે પદ્ધતિ, જેમ બને તેમ મનને અનુકૂળ થાય તેવી ધારણ કરવાથી મન સત્વર શાંત થાય છે.

હવે રહી બળની વાત; શ્રી......લખે છે કે એમને આવી રીતે તમારી આખા દિવસની કાર્યતાલિકા-કાર્યક્રમ જોતાં શરીર માટે ભય રહે છે. મારી ધારણા એવી છે કે આ પદ્ધતિથી અશક્તિ નહીં આવે, પણ ઊલટું શરીર નીરોગી અને સશક્ત બનશે. ત્રણ કે છ માસના અનુભવથી એ જણાશે. સાથે સાથે એટલું અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે કે જેવી ભાવના તેવું ફળ. મનમાં જો શંકા હશે, વા ભય હશે તો જરૂર ઇષ્ટફળ પ્રાપ્ત કરવામાં વિઘ્ન આવશે. માટે મનમાં ઉત્સાહ અને શરીરમાં શક્તિ રહેશે એવી દઢ શ્રદ્ધા –ભાવના પણ સાથે સાથે જ રાખવાનાં છે.

તેમ છતાં પણ શરીરને બપોરે વખત મળે તો આરામ આપવો. વિસ્તારી કુટુંબમાં કામનો બોજો વિશેષ રહે એ

સ્વાભાવિક છે. પણ વ્યવહારનાં કામકાજ કરતાં કરતાં પણ ચિત્તમાં સમાધાન કરવાની ટેવ પાડવી જોઇએ. આત્માની સર્વવ્યાપકતા તો વ્યવહારમાં જ સિદ્ધ કરી શકાય છે. "એકમાં અનેક છે" એ ધ્યાન દ્વારા અનુભવાય છે. અને "અનેકમાં એક છે" એ વ્યવહારમાં અનુભવી શકાય છે. ને આવી રીતે યોગ અને જ્ઞાન બન્ને દ્વારા મેળવેલો અનુભવ જ આત્મસાક્ષાત્કાર કહેવાય છે. એક વિના બીજું નકામું છે એ વાત પણ એટલી જ સ્પષ્ટ છે. ઘણાં એકાંતમાં રહી શકે છે, પણ સમુદાયમાં મળી શકતાં નથી, કારણ કે એમણે એકાન્તમાં અને એકલા રહીને ધ્યાનયોગનો જ અભ્યાસ કર્યો હોય છે; કેટલાએક સમુદાયમાં જ રહી શકે છે અને એકાન્તથી ગભરાય છે, કારણ કે એમણે વ્યવહારમાં જ જ્ઞાનસાધના કેળવી હોય છે. બન્ને સ્થિતિમાં પોતાની ઇચ્છા પ્રમાણે મનને વશ રાખી શકાય એ પૂર્ણતા છે.

એટલા માટે જ બન્ને દિશામાં સાધના કરવાની છે. સફળતા તો શ્રીહરિને હાથ છે એવી પરમ શ્રદ્ધા, ધૈર્ય અને ઉત્સાહ દ્વારા આગળ વધવાનો પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ. એ બધામાં પૂર્વ સંસ્કાર પણ કાંઈ ઓછો ભાગ ભજવતા નથી. પૂર્વ સંસ્કારને તપાસી એમાંના શુભ સંસ્કાર વધારવા અને જ્ઞાનના બાધક સંસ્કારોને દાબવા-બાળવાનું ખાસ લક્ષ્યમાં રાખવું જોઇએ.

વિશેષ શું લખવાનું હોય! ઉત્સાહ અને આનન્દ સાથે શ્રી ઈષ્ટપ્રાપ્તિ પ્રતિ અહોનિશ તમારી ઉન્નતિ ઈચ્છું છું.

( ૬ )

તા. ૨૯-૬-'૩૫

*　　*　　*　　*

સાધન સંબંધે મેં ઘણું લખ્યું છે, પણ આ પદ્ધતિ જરા

અલૌકિક-બુદ્ધિથી જલદી ન સમજાય એવી છે. સાધારણ સાધક એમાં જલદી પ્રગતિ કરી શકતો નથી. વાસ્તવિક યોગ એટલે પ્રાણશક્તિની અંતર્મુખ જાગ્રતિ; અને પ્રાણ સાથે મન તથા ઈન્દ્રિયોને અંતર્મુખ-ધ્યાનસ્થ કરવાના જ્ઞાનની પ્રાપ્તિ. એને ગુરુશકિતરૂપે શાસ્ત્રમાં ક્યાંક ઓળખાવેલી છે. એ પોતે સદાસર્વદા ચૈતન્યમયી છે. ગુરૂપદિષ્ટ મંત્ર કે ગુરુનું સ્મરણ-ધ્યાન કરતાં પ્રથમ પ્રાણમાં સ્પંદન થાય છે અને સાધકના પૂર્વ સંસ્કારના અધિકાર પ્રમાણે એને મંત્રયોગ, લયયોગ, હઠયોગ અને રાજયોગમાં પ્રવૃતિ થાય છે.

સાધકને સ્વાભાવિક રીતે જ સાધનો પ્રકટ થવા માંડે છે. "થવા માંડે છે" એ શબ્દ જ લોકો સમજી શકતા નથી. સ્વાભાવિક પોતાની મેળે થાય જ કેમ ? પણ એ જ એની અલૌકિકતા છે. એ ગુરુશક્તિ એવી સમર્થ છે કે સાધકના ચિત્તમાં પ્રેરણા કરે છે; પ્રારંભમાં ઉત્તર અથવા પૂર્વાભિમુખે બેસી, ગુરુદેવને ભકિતપૂર્વક નમસ્કાર કરી, મંત્રજપ કરવા માંડે ત્યાં જ એને કેવે આસને બેસવું એની મનમાં સ્વયંભૂ પ્રેરણા થાય છે. ( મારી પાસે તો એનાં પ્રત્યક્ષ પ્રમાણો છે. ) અને પછી મંત્રયોગની સહાયતાથી ભિન્ન ભિન્ન પ્રકારના શબ્દશ્રવણ, નાદશ્રવણ, અનેક પ્રકારનાં દૃષ્યો, ધ્યેયો, પ્રાણાયામો, એ બધું થાય છે. છેવટે પ્રત્યાહાર, ધ્યાન-ધારણા દ્વારા સવિકલ્પ અને નિર્વિકલ્પ અવસ્થા પણ પ્રાપ્ત થાય છે.

સાધકનું અજ્ઞાન એવું હોય છે કે એક જ દિવસમાં કે થોડા દિવસોમાં કે મહિનામાં બેસતાં વેંત જ નિર્વિકલ્પ સમાધિની આશા રાખે છે. આ ભયંકર મૂર્ખતા છે. શહેરનું વ્યવસાયી જીવન, કલુષિત વાતાવરણ, ચંચળ ચિત્ત, તર્કને લીધે શ્રદ્ધા તથા

ભક્તિનો અભાવ, ગુરુમાં માનવબુદ્ધિ આ બધાં એવાં પ્રબળ વિઘ્નો છે કે જ્યાં સુધી એ દૂર ના થાય ત્યાં સુધી ઇષ્ટ ફળ મળતું જ નથી.

શાસ્ત્રનું વાક્ય તો અક્ષરશઃ સત્ય જ છે કે મંત્રમાં બ્રહ્મબુદ્ધિ, ગુરુમાં બ્રહ્મબુદ્ધિ આત્મામાં બ્રહ્મબુદ્ધિ-આમ થાય તો જ સાધનમાં તત્પરતા આવે છે.

નિર્ણય કરવા માટે આ રીતે સાધન કરી જોવાનું છે. એકાન્તમાં બેસી, ગમે તે આસને ( સૂવાના અથવા બેસવાના ) જેમ અનુકૂળ પડે તેમ, જેમાં સુખ લાગે તેમ બેસી, માત્ર માનસિક જપપરાયણ થવું. આટલું જ સાધકનું કર્તવ્ય, બાકીનું બધું ગુરુશક્તિ આપોઆપ કરાવી લે છે.

( ૭ ) તા. ૨૪-૭-'૩૫

તા ૨જીનો પત્ર ઉત્તર આપ્યા વિના પડયો હતો, ગઈ કાલે તા. ૨૨નો પત્ર મળ્યો. વારાફરતી આવનાર જનાર તો હવે રહ્યા જ કરે છે તેથી, અને ગુરુપૂનમ ઉપર ભગવાન શ્રીશંકરાચાર્યના પૂજનનિમિત્ત ઉત્સવ, ગામમાંથી બધાંનું દર્શને આવવું, ઑફિસોમાં પણ એને લીધે આ વર્ષથી કાયમને માટે રજા પાળવાનો હુકમ-તે દિવસે બ્રહ્મભોજન-એ બધી વ્યવસ્થાને અંગે નિયમિત જવાબ નથી લખી શકયો. વાંચ્યું છે એટલું જ અનુભવમાં આવે, વાંચવાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરી-( આંખો જાય તે પહેલાં ) ચિત્તને નિશ્ચલ કરવાનો પ્રયત્ન સેવવાનો છે. ચિત્તમાં ઊભી થતી કર્મવાસનાઓ શાંત કરી ધ્યાનધારણામાં, વેદાન્તના શબ્દોમાં કહીએ તો નિદિધ્યાસનમાં પ્રવૃત્ત થવાની ખાસ આવશ્યકતા છે. અનુભવની દિશામાં

સાધકો આગળ વધતા નથી તેથી જ મરણપર્યન્ત કથાશ્રવણ, ચર્ચા, વિતંડાવાદ, વાચન-વગેરે બાહ્ય સાધનોની પરાધીનતા છેવટ સુધી રહે છે. સ્વરૂપસાક્ષાત્કાર એ મન, વાણી કે ઇંદ્રિયોનો વિષય નથી, તો પછી એ બધાને શાંત કરી જ તત્ત્વને અનુભવવું જોઈએ એવી શ્રદ્ધા વાચન-શ્રવણને પરિણામે ન આવે તો વાચન-શ્રવણનો ઉપયોગ શું ?- નિરર્થક.

હમણાં વળી યોગવિષયક નાનું એવું માર્ગદર્શક પુસ્તક લખવા માંડયું છે; એકાદ બે સાધકો લાંબો વખત રહેવાના છે, એમને પુસ્તકોનો અભ્યાસ પણ ચાલે છે.

* * * *

આ સાધનામાં કેવળ દ્રષ્ટા રહીને પ્રકૃતિમાં ગુરુશક્તિ જે ક્રિયા કરાવે તે થવા દેવાની છે. ગમે તે જાતના સૂવાબેસવાનાં આસન થાય, ગમે તેવી જાતના પ્રાણાયામ થાય, ગમે તેવા ૐના ઊંચે કે ધીમે જપ થાય, તે થવા દો. એકાદ બે અલૌકિક રીતે થતી ક્રિયાઓ થશે ત્યારે શ્રદ્ધા વધશે. આમાં ગુરુસાંનિધ્યની પણ આવશ્યકતા નથી, કારણ કે ગુરુ તો શકિતરૂપે અન્તર્યામી જ છે, અને સાધક જો સર્વસ્વભાવે એને સમર્પણ કરે તો એના હિતને માટે આવશ્યક સાધનમાં એને પ્રવૃત્તિ કરાવે છે; આ વાત અનુભવ વિના સમજાય એવી નથી.

* * * *

(૮) તા. ૨૮-૮-'૩૫

* * * *

માનવશરીરની બંધમોક્ષની ભાંજગડ કે ભાવના કેવળ એના

અંતઃકરણમાં-સૂક્ષ્મ શરીરમાં જ છે. એની ઉત્પતિ કારણશરીરની અવિદ્યામાંથી છે. એ અવિદ્યા ( અજ્ઞાન )નો આત્મજ્ઞાનથી નાશ થાય છે. આત્મા સદાસર્વથા મુકત છે એવું અનુભવજ્ઞાન થાય છે અને બંધમોક્ષની દેહાધ્યાસકૃત ભ્રાંતિ નિર્મૂળ થાય છે.

ગ્રંથનું વાચન-શ્રવણ નિદિધ્યાસન થોડું પણ થાય તો સ્વરૂપ જ્ઞાન પ્રકટે છે. એ સાધના એકાન્તમાં જ થાય છે. એમાં સુક્ષ્મ શરીર કોઇ પણ સ્થૂળની અપેક્ષા કરતું નથી. ધીરે ધીરે સૂક્ષ્મ અંતઃકરણમાં એવો અભ્યાસ થઈ જવો જોઈએ કે કોઇ પણ જાતના બાહ્ય આલંબન વિના આત્મવિચાર તથા ઇશ્વરદર્શન સહજ અને સરલ થાય.

પ્રથમ પ્રારબ્ધના વેગનો વિચાર કરીને ચિત્તને સમાધાન કરાવી, સર્વત્ર આત્મદર્શન કે ઇશ્વરદર્શન પૂર્વક વ્યવહાર ચલાવવો એ જ છે જ્ઞાનયોગ.

ચિત્તમાં જ્ઞાનની દૃઢતા થવી જોઇએ. એ દૃઢતા ધ્યાન કે નિદિધ્યાસનથી જ આવી શકે છે. સવારસાંજ અવકાશ મળતાં એ ચાલુ રાખવી એનું નામ યોગ.

જ્ઞાનવૃત્તિ એવી સ્વાભાવિક થઇ જવી જોઈએ કે ગમે તે અવસ્થામાં-રોગી, નિરોગી, જંગલમાં કે શહેરમાં પણ-કોઇ જાતના બાહ્ય અવલંબન વિના "હું શુધ્ધ સચ્ચિદાનંદ બ્રહ્મ છું, આ બ્રહ્માંડ મારી મનઃકલ્પના માત્ર છે અને મિથ્યા છે" એવી દૃઢતા જાગ્રત રહે. પૂજા, પાઠ, વાચન, ધ્યાન એ બધાં આલંબન ખરાં, પણ પ્રાણાન્તે પથારીવશ થતાં કોઈ રામનામ સંભળાવે છતાં કાન બહેર મારે ત્યાં શું સાંભળવું ? એટલે ખરું જ્ઞાન તો નિરાલંબ જ્ઞાન છે. કોઈ પણ જાતના બાહ્ય સાધનનું વ્યસન છેવટે છૂટી જવું જોઇએ. આટલી સાવધાનતા હોય તો પછી કશી ચિંતા નહીં.

પારબ્ધપર્યંત વ્યવહાર રહેશે, એનાથી કંટાળવું નહીં, જ્ઞાન-સંકલ્પ બળવાન બનાવવો; બીજાની વૃત્તિની આપણા ઉપર અસર ન થવા દેવી. આત્મભાવે શાંતિ તથા આનંદ રાખવો—એ જ મુખ્ય સાધન છે.

માર્ગે ચડયા છો તો કોઇ દહાડો અંત પણ આવશે. ચિંતા કરવા કરતાં શ્રધ્ધા રાખવી એ વિશેષ હિતકર છે.

(૯) તા. ૨૩ ૧૧ '૩૫

તમે કુશળ હશો; કથાનો લાભ અમદાવાદમાં હવે નિત્યને માટે થયો છે એટલી નીરાંત છે પણ કરવાનું તો આપણે પોતાને જ છે. મનથી એક ક્ષણ પણ બધી જંજાળથી છૂટા થઇ જવાય તો મનનું એવી રીતે હેઠા પડવું કે બેસવું એ જ શાંતિ છે. કોઇ કામ પૂરૂં થઇ ગયા પછી, પરિશ્રમને અંતે "હાશ" કહીને આપણે આનંદપૂર્વક વિશ્રાંતિ લઈએ છીએ, એવી મનની સ્થિતિ થઈ જાય એનું નામ સ્વરૂપનો આનંદ. મનથી આવી રીતે સંસારનું—સાંસારિકતાનું—સાંસારિક અહં—મમતાનું ઊતરી જવું, એટલે જ એનું હલકું થવું. એવું થાય ત્યારે જ બધાં સાધનનું ફળ પણ મળી ચૂકયું કહેવાય. ધ્યાન દ્વારા મનની ચંચળતા દૂર થવાથી એ મન નિશ્ચળ બને છે અને ધારણાશક્તિ કે બળ વધે છે. જપ, તપ, કથા-સત્સંગ, પાઠપૂજા, ધ્યાન—ધારણા એ બધાં એને માટે છે. જે કાળે જેની જરૂર લાગે તે કરવાં: જેમ ખાવાના અનેક પદાર્થોમાંથી જે દિવસે જે ઠીક લાગે તે વાપરીને આરોગ્ય તથા વ્યવહાર નિભાવીએ છીએ, તેમ એ બધાં સાધનોમાંથી જે કાળે ચિત્તની જેવી સ્થિતિ હોય, તે કાળે તેનો ઉપયોગ કરી લેવો એવી સાધનની સમજણ આવી જવી જોઇએ. સાધન વચ્ચે વિરોધ નથી, પણ ક્રમભેદ જરૂર

છે; અધિકારભેદે ભેદ છે; ફલભેદ પણ અધિકારભેદને લીધે જ એમાં માનવો પડે છે.

(૧૦) તા. ૨૮-૧૨ '૩૫

* * * *

તિતિક્ષા માનસિક હોય તે ઉત્તમ છે. બાહ્ય સંયોગોમાં સંતોષ, શ્રધ્ધા અને શાંતિ રાખીને પરમાત્મા જે કાળે જેમ બાજી ગોઠવે એ જોયા કરવી. આનંદસ્વરૂપનું વિસ્મરણ ન થવા દેવું. બધું સ્વપ્નવત્ અનિત્ય સમજીને આત્મભાવના રાખવી એ જ ઇષ્ટ છે.

એ સર્વવ્યાપક સચ્ચિદાનન્દને પરમેશ્વર કહો, માયાપતિ કહો, પ્રારબ્ધ ફલદાતા કહો, જે કહો તે; એની લીલા અનિર્વચનીય છે. કોઇ એક રીતે આમ જ બધું ચાલે, ચાલે છે કે ચાલશે, એવું કહી શકાય એમ જ નથી. દ્વંદ્વોનો સમૂહ એટલે જ સંસાર: એની વ્યાવહારિક સત્તા એટલે જ દ્વંદ્વ, અને એ દ્વંદ્વ દ્વૈતમાં જ પારમાર્થિક સત્તાનું અંતઃકરણમાં જ્ઞાન-ભાન રહે એવી આત્મવિદ્યા પ્રાપ્ત કરવાની આ વિદ્યાપીઠ: જે પરમાત્માએ આટલે સુધી પહોંચાડ્યાં છે, એ જ એ જ્ઞાનને સંભાળી રાખશે.

અને કાયમના સ્થાયી ફંડનાં લાભહાનિ હાથમાં લઇને જ બધાં જન્મે છે. ગાંસડો બાંધીને કોઇ આવ્યું નથી ને કોઈ જવાનું નથી. જે કાળે જે થાય તેમાં આનન્દ આનન્દ.

(૧૧) તા. ૫-૨-'૩૬

* * * *

તમારા છેલ્લા પત્રમાં ઘણી ઘણી વાતો છે. પણ જ્ઞાનયોગમાં

એક મુખ્ય મુદ્દો એ શીખવાનો છે કે દશ્ય જગતના ત્રણે ગુણોની વિસ્મૃતિ અને આત્માની ધારાવાહિની સ્મૃતિ સુરક્ષિત રાખવાની છે. निर्दोषं हि समं ब्रह्म–એ આત્મા ( બ્રહ્મ ) ગુણાતીત, પરિપૂર્ણ અને સમભાવિત છે એવું ગીતામાં કહેતી વખતે ભાવાર્થ એવો છે કે નિર્દોષ ( નિર્ગુણ ) તો કેવળ બ્રહ્મ છે; બાકી જ્યાં જ્યાં પિંડ ત્યાં ત્યાં પ્રકૃતિ, જ્યાં જ્યાં પ્રકૃતિ ત્યાં ત્યાં ત્રિગુણ–એમાં કયા ગુણને વખાણવો વખોડવો ? છોકરાં સારાં હોય કે ખરાબ પણ બધી રીતે કોને સારાં અને ખરાબ કહેવાં કે ગણવાં? ત્યાં પણ બધાંને નિભાવીને એમને માટે નિર્દોષ ( નિઃસ્વાર્થ ) પ્રેમ જ ઉપયોગી ને આનન્દકારક નીવડે છે, તેવું આમાં છે. ત્રણે ગુણોમાંથી કયાને સારો કહેવો, અને એકની અપેક્ષાએ જ બીજાને વખોડવો એથી તો એકમાં રાગ અને બીજામાં દ્વેષ વધે છે.

વેદાન્તનાં પુસ્તકોમાં તત્ત્વચર્ચા સિવાય બીજું–અર્થ, કામ કે ધર્મનું–સમાજ સુધારણા આદિનું કશું લખાયેલું નથી. સ્મૃતિનું કામ ધર્મનો બોધ આપી ત્રિગુણાત્મક સંસારમાં સત્ત્વગુણનું અનુશીલન કરાવવાનું વિધાન છે. મોક્ષમાર્ગના અભ્યાસીને ત્રણેની વિસ્મૃતિ કરાવીને પરમ પ્રેમાસ્પદ સ્વરૂપની સ્મૃતિ જાગ્રત રાખવાનો જ મૂલભૂત હેતુ છે. કેવલ દેહાધ્યાસથી ભરેલી સ્વાર્થી વૃત્તિથી નહિ.

ગુણથી ગુણને ભૂલવો એ બધી સાંસારિક દૃષ્ટિ છે. એમાં કદી વિક્ષેપનો સમૂળનાશ ન થાય. વેદાન્તના ગ્રન્થોમાં બધે સ્વરૂપનિષ્ઠાની ચર્ચા અને સંસારની વિસ્મૃતિ જ ભરી પડી છે.

અને આ ઊંચો સિધ્ધાન્ત સમજવા માટે જ યોગવાસિષ્ઠના મહર્ષિ વસિષ્ઠનો અને માંડૂક્યકારિકાના લેખક પરમગુરુ ગૌડપાદાચાર્યનો અજાતિ ( જાતિ એટલે જીવઉત્પત્તિ )વાદ વિચારવો જોઈએ. હોય તેની ચર્ચા; જે છે જ નહિ તેની ચર્ચાયે શી ?

( ૧૨ ) તા. ૧–૩–'૩૬

......ને પુત્રહાનિ થઇ, એ સાંસારિક દૃષ્ટિએ, દુ:ખદ પ્રસંગ ખરો ! પણ ઈશ્વરની સૃષ્ટિનો ઉદ્દેશ્ય માનવબુદ્ધિનો વિષય નથી. કાં તો જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતથી શાંતિ મેળવાય, અથવા અજ્ઞાનથી સમય જતાં વિસ્મૃતિ થાય એ બે સહજ માર્ગ છે. પ્રથમની શાંતિ સ્થાયી રહે, બીજી શાંતિ મોહમમત્વ વાળું અજ્ઞાન વધારે. ત્યારે થાય શું ? જ્ઞાન અને અજ્ઞાન જેવાં દ્વંદ્વનું ક્ષેત્ર તો પરાપૂર્વથી ચાલ્યું જાય છે ને હજુ ચાલ્યું જશે.

સંસાર ચક્ર ઈશ્વરઇચ્છાથી જ ચાલે છે એ સાચું છતાં મંદ બુદ્ધિને એ સમજાતું નથી. પરમાત્મા જ બધું કરતો હોય તો એ આવો ક્રૂર કેવો કે આટલું દુ:ખ બધાંને આપે ! આવો પ્રેરક કેવો કે કોઇને પાપની પ્રેરણા તો કોઇને પુણ્યની થાય ? એને આવો પક્ષપાત કેમ ?

મોટાનાનાના બધા ભેદ મન:કલ્પિત છે. ભેદમાં જ બધાં દ્વંદ્વનો ભય છે. દ્વંદ્વથી ચિત્ત મુકત રાખવાનું શીખવામાં આત્મ-જ્ઞાનની સહાયતા જોઇએ. અંત:કરણના ધર્મોનો આરોપ આત્મામાં શા માટે કરવો ? ન જ કરવો; એ બધી ભ્રાન્તિ જાય–છે જ નહિ, એમ માનવું–જાણવું–અનુભવવું; એ વિના સાચી શાંતિ માટે બીજું શું કરવાનું છે ? વૃત્તિમાં પરિવર્તન કરવાનું છે; ક્રિયામાં નહિ. ૐ

( ૧૩ ) તા. ૧૬–૭–'૩૬

સૌ કુશળ હશો; સુખી તો સૌ પોતપોતાનાં મનની કલ્પના પ્રમાણે હોય જ. સુખી કે સુખની આશા રાખનારા જે ન હોય

તેમના પ્રાણ જ ટકે નહીં; આશામાં સુખી રહેવું એ પણ તરણું પકડી જીવવાનું છે. આશાને પેલે છેડે સુખનો અગ્નિ હોય, તેની ગરમી આ છેડે મનમાં રહે છે. એટલી સુખની ગરમી માનવ-માત્રમાં–સમસ્ત પ્રાણીજીવનમાં રહે છે જ. એ હિસાબે ઘરમાં નાનાંમોટાં બધાં સુખી જ હશે.

જગતમાં થતા શુભ પ્રસંગો રિવાજો, સિદ્ધાન્તો, સાધનોના દુરૂપયોગ પ્રતિ દૃષ્ટિ રાખીએ તો શુભ કર્મોપાસના કે શુભવ્યકિત માટે ધીરે ધીરે ચિત્રમાં ઉદાસીનતા આવે છે. લાંબે ગાળે એ તમોગુણના પ્રમાદરૂપે આપણે જ કલેશયુકત બનીએ છીએ; કયા કાળમાંથી તમોગુણ કે રજોગુણ સર્વાંશે નાબૂદ થયો ? ભૂતકાળ પણ કયાં નજરે જોયો છે ? વર્તમાન પરથી ભૂત-ભવિષ્યની કલ્પના કરી લઇ વર્તમાનને સુધારવા માટે આપણે સુધરવું. એ ભાવના પોષ્યા વિના આત્મોન્નતિ સાધી શકાતી નથી.

ધર્મ કે મોક્ષને બહાને દંભ હોય–અરે આર્થિક કે સમાજિક કાર્યક્ષેત્રમાં પણ દંભ–પ્રપંચ હોય, તો આપણી સાથે લડવા આવે ત્યારે તો એને હરાવવા બળ બતાવવું જોઈએ; પણ આપણે અધ્યાત્મવિદ્યાના સાધન ક્ષેત્રમાં પ્રવૃત્ત રહેતાં ધીરે કે ઉતાવળે સંયોગો મળ્યા હોય તેટલા પ્રમાણમાં આગળ વધ્યા કરતા હોઇએ ત્યાં બીજાં દંભકપટ કે મિથ્યા અજ્ઞાનમાં જીવનવ્યવહાર વીતાવતા હોય, એમને કયાં " ઊઠ પાણા પગ ઉપર " કરવા જઇએ ! ? !

માટે જ વારંવાર કહું છું કે બીજાને ભૂલો : આપણે આપણી દૃષ્ટિ, ચિત્ત, વિજ્ઞાન સુધારવાં છે; શુભ વ્યવહારમાં વિરોધ કરનારાં સાથે વ્યવહારની દૃષ્ટિએ ઉકેલ લાવવામાં આપણા મનમાં દ્વેષ ન પ્રવેશ કરે તેની કાળજી અવશ્ય રાખવી જોઇએ.

સંતોએ તમારી ઉન્નતિનાં નાકાં રોકયાં છે એ શાને માટે

હોય તે તો પરિણામે જણાય. વાસના અટકાવે તે બીજું પણ-અર્થ, કામ પણ કેમ ન અટકાવે? મને તો એવા બહુ મોટા ગણાતા સંતોનો પરિચય જ નથી એટલે અંગત શું કહું? પણ ભીંતોની ભીંતો ભુલાય છે એમ રામકૃષ્ણ, દયાનંદ, વિવેકાનંદ, રામતીર્થ, અરવિંદ તેમ જ બીજાનાં જીવન જોતાં લાગે છે. જગત ચામડે મઢાય તેમ નથી, જોડા પહેરીને ચાલીએ એટલે બસ. એટલું ચામડું તો મળી રહેશે.

* * * *

વાંચવાનું શું ચાલે છે? વાંચવા કરતાં વિચારવાની અને વિચારવા કરતાં પણ અનુભવવાની સો ગણી જરૂર છે; વાચન=શ્રવણ, વિચારવું=મનન, અનુભવ=નિદિધ્યાસન; ઉત્તરોત્તર પરિપક્વ અવસ્થા થાય તેમ તેમ સ્વતંત્ર અનુભવની ખૂબી સમજાય છે, અને અંદરથી પછી તો પાતાળ ફૂટે છે—એટલે અહોનિશ—અખંડ શાંતિ રહે છે. એ વિના અસ્થિરતા રહેવાની અને પ્રશ્નો પણ રહેવાના.

સાથે રહી તમને નિદિધ્યાસનમાં જોડું એવું ચિત્તમાં છે, પણ ત્યાં આવતી વખતે—તમે કહ્યું છે એમ પંદરેક દિવસ ત્યાં ગાળું ત્યારે બને. એક બીજી વાત એ છે કે મને પણ હવે અહીંથી બહાર જવું રુચતું નથી; અહીં હવે સગવડો સાધારણ રીતે ઠીક ગોઠવાઈ છે; અને પ્રારબ્ધ પ્રમાણે બીજું થવાનું હશે તે થશે.

લખવનું ઘણું મનમાં છે; પણ એનેય ભવિષ્ય જેવા સંયોગો અપાવે એ પર છોડ્યું છે. થોડું લખેલું પડ્યું છે એ પણ છપાવવા જેવું છે; સગવડ કરવી એ તો મહાલક્ષ્મીનું કામ છે; એની પાસે મૂકી રાખ્યું છે, થાય તે ખરું.

(૧૪) તા. ૨૨-૧૧-'૩૬

*　　*　　*　　*

જેઓએ વેદાન્તજ્ઞાનને તર્કમાં તથા શરીરને નિશ્ચેષ્ટ રાખવામાં જ સમાવી દીધું છે, તેઓને આત્મજ્ઞાન એટલે સતત -પ્રત્યે ક્ષણે વ્યાવહારિક દશામાં થતા આત્માના અનુભવનું સ્વપ્ન પણ આવતું નથી. વ્યવહાર ત્રિગુણાત્મક છે. પાણીમાં તરવા પડયા હોઈએ એટલે મોજાં તો આવે જ, એનો આઘાત ન લાગે ત્યારે જ તરી શકાય, એ પ્રમાણે ત્રિગુણાત્મક શરીર અને અંતઃકરણ પોતાના પ્રાકૃતિક ધર્મ પ્રમાણે ચંચળ રહેવાનાં જ. જાગ્રત અવસ્થામાં આત્મદીપક સતત પ્રોજ્વલ રહેવો જોઈએ. કારણ કે આત્મા નિત્ય સચ્ચિદાનંદ છે. એનું અસ્તિત્વ-જ્ઞાન ( ભાન ), આનંદ ( સ્ફૂર્તિ ) એ હંમેશાં અનુભવવાં જોઈએ. એ આત્મજ્ઞાન અશુભ વિચાર તથા કાર્યમાં અગ્રાહ્ય બને છે; પ્રત્યેક યજ્ઞકાર્ય-સેવા કાર્યમાં ઉપાદેય -અનુભવગમ્ય રહે છે, એ સમજણ બહુ વિરલાને હોય છે. વેદાન્તનાં પ્રાચીન પુસ્તકોમાં એ જ છે, છતાં લોકો તર્કમાં કાં તો અટવાઈ રહે છે અથવા નિવૃત્તિને બહાને તમોગુણનો પ્રમાદ સેવે છે; એમ થતાં વિજ્ઞાનમય કોષ સતેજ થવાને બદલે એમની સામાન્ય લૌકિક વ્યાવહારિક બુધ્ધિ પણ અન્ધ-મન્દ બને છે. આપણે સાવધાન રહેવું છે. વ્યવહાર કરતાં કરતાં જેમ કપડાંનું સતત ભાન અને ઠીક રાખવાની સાવધાનતા સ્વાભાવિક હોય છે, અનાયાસે એ ક્રિયા સહજસાધ્ય થઈ જાય છે, તેવી જ રીતે હું આત્મા છું, એનો મુખપાઠ કર્યા વિના પણ સતત વ્યવહાર એ દશામાં થયા કરે, નિત્ય શાંતિ લોપાય નહીં, એવું ભગવાન શંકરાચાર્યનું અનુભવજ્ઞાન અત્યારે મૃતઃપ્રાય છે. આપણે દોષ જોતા નથી,

પણ બીજાઓમાં ઉણપ જોઇને આપણી જ્ઞાનપૂર્તિ તો જરૂર કરવી જોઇએ; જેમ પાડોશી ભાવી જીવનના નિર્વાહ માટે પરિગ્રહ ન રાખે, જીવનમાં ધનની આય-વ્યયનો હિસાબ ન રાખે તો દુઃખી થાય, તો એમની ઉણપ જોઈને આપણે આપણી ધનસંપત્તિ વ્યવસ્થિત રાખીએ-કરીએ, તે વખતે આપણે બીજાના દોષ જોતા નથી. આપણી ગૃહસ્થિતિની વ્યવસ્થા રાખવી જ જોઈએ. એ ન હોય તો આપણે છતી આંખે આંધળા કહેવાઇએ.

ખૂબ સાવધાનતાથી રહેવું. નિરન્તર આત્મજાગૃતિ રાખવી, જેથી બંધ મોક્ષની કલ્પના ઉડી જશે; ધીરજ એટલી બધી કેળવવી કે પ્રારબ્ધપ્રાપ્ત શુભ વ્યવહાર ત્યાગવાની વાત પણ ન વિચારાય; શુભ વ્યવહાર દેહ ચલાવે, એમાં ઉછળતાં દ્વંદ્વ-સ્વાભાવિક રૂપે જ આવવાનાં છે. એની અસર અખંડ આત્મભાનથી ચિત્તમાં ન થવા દેવી, એ છે જીવનમુક્તિ; એવો પાઠ રોજ એક ઘડી પણ ભણાય તો શરૂઆતમાં ઘણું છે.

માટે શુભ વ્યવહારમાં પ્રમાદ સેવવો તે તમસ્ છે; એમાં લોભાસકિત, અમુક ફલાસકિતનો હઠ રાખવો એ રજસ્ છે. પણ જો તન-મન પ્રવૃત્ત રહે, એમા ધાર્યું ફલ ન આવે, આકાશ પાતાળ એકઠાં થઇને કલ્પાંતનો સમય આવે, તો પણ આત્મજ્ઞાન નિશ્ચલ રહે, એવી સમજણ અને સહનશકિત-(સહનશકિત એટલા માટે કે આત્મા કૂટસ્થ-એરણ જેવો છે, એ બધું સહન કરી શકે છે; એનો અનુભવ જ્ઞાનશક્તિથી થવો જોઈએ) રાખવી તે સત્વગુણ. અંતરમાં સત્વની નિત્યતા રહે, તો સ્વરૂપદીપ હમેશાં પ્રકાશ આપ્યા જ કરે છે. ૐ.

(૧૫) તા. ૧૧-૧૨-'૩૬

પત્ર મળ્યો, ચિ... એ પોતાના પત્રના જવાબની આશા નથી રાખી એમ એ લખે છે, છતાં જવાબ લખાયો છે. પત્રનું સરનામું પણ એના નામનું મેં કર્યું છે. એને અશાંતિ છે એ સ્વાભાવિક છે; ભવિષ્યમાં શાંતિ પ્રાપ્ત કરવાની એ નિશાની છે; દુઃખ જ સુખનું મૂળ છે-કારણ છે, અશાન્તિ જ શાંતિનું કારણ છે, એટલે ગભરાવાનું કશું નથી. સૌ આપોઆપ, ખેતી પાકવાની હોય ત્યારે જ પાકે તેમ, ઠીક જ થશે. ત્યાં આવી ધરાઇને વાતો કરવાનું (એની સાથે) મનમાં ઘણીવાર આવે છે, પણ સંયોગો ઘડાતા જ નથી.

......પ્રારબ્ધે મેળવી આપેલાં સ્વજનો પ્રતિ સ્વાભાવિક પ્રીતિ રહે-(એમાં અનાસક્તિ સચવાઈ રહે એટલી મર્યાદાવાળી) ત્યાં જવું પડે એવું જ જયાં સહજે બને ત્યાં જવાય છે.

આશ્રમ ચિન્તામુકત શ્રમવાળો હોય તો જ આશ્રમ-નહિ તો આશ્રમને બદલે પરિશ્રમ જ કહેવાય; કશાય ઉદ્દેશ વગરનો એ ઊભો થયો છે, છતાં ટૂંકા ટૂંકા ઉદ્દેશ તો સ્વભાવ પ્રમાણે રહેવાના; જેમ ચાલે છે તેમ ઠીક ચાલે છે, એવી જ્ઞાનનિષ્ઠા છે; એટલી ગુરુ-જનોની કૃપા વર્ષા કરે છે. માનસિક ઉપાધિ નથી પણ શાંતિ છે.

શાંતિ, જ્ઞાન, સમજણ, આત્મનિષ્ઠા, સંસાર, દશ્યને મનઃ-કલ્પિત અને સ્વપ્નવત્ સમજવાની, ઓળખવાની અને એ રીતે વ્યવ-હારકાર્ય કરવાની શકિત, કયાંય બીજેથી નથી આવવાની; અંતરમાંથી ફૂટવાની છે; શ્રધ્ધા અને ધૈર્ય, એ એનાં સાધન છે, તેમ (આત્મ)

ભકિત અને ઇશ્વર (હરિગુરુ–સન્ત) કૃપા એ પણ એટલાં જ જરૂરી છે.

(૧૬)

તા. ૧૮–૩–'૩૭

અત્યારની કેળવણી જ એવી છે કે એમાં સ્થિરબુદ્ધિ દેખાતી નથી; બુદ્ધિની ચંચળતા સાથે સ્વાર્થની માત્રા વિશેષ છે. ભાવાવેશની અધિકતા તેમ જ અહંમન્યતા પણ ખૂબ ભાગ ભજવે છે

* * * *

જેને એ લોકો કુદરત કહે છે એને આપણે ઇશ્વર, પૂર્વસંસ્કાર, પારબ્ધ, ઋણાનુબંધ, એવાં નામ આપીએ છીએ. એના પર જ બધું છોડવાનું રહ્યું. જન્મ્યા છીએ તે સંસારને સ્વપ્નવત્-મિથ્યા સમજવા માટે, સાચો સમજવા માટે નહીં; એમાં અનુકૂળતા શોધવા નહીં, પણ અનુકૂળતા અને પ્રતિકૂળતાથી પર આત્મસ્વરૂપમાં એકાકાર થવા. એવા સંયોગો ઇશ્વર જ આપણને આપીને નિરાસકિત શીખવે છે.

(૧૭)

તા. ૨–૭–'૩૭

હશે, એમ બોલીને જ મન વાળવાનું રહ્યું. અને સંસારમાં શીખવાનું જ એ છે કે–મન વાળવાનું–; વાળીને આત્મકેન્દ્રે સ્થિર કરવાનું અને બધું કલ્પનાગોચર છે, એમ નિશ્ચય કરી કેવળ કલ્પનાના અધિષ્ઠાનને જ વળગી રહેવાનું – અધિષ્ઠાનરૂપે જ રહેવાનું.

વ્યવહાર પ્રારબ્ધસંયોગે ચાલ્યા કરશે; શરીર પોતાની શકિત

અનુસાર કર્મ કર્યા કરશે, અંતઃકરણ પોતાના ધર્મપ્રમાણે દ્વંદ્વ ભોગવ્યા કરશે, પણ અંતઃકરણના વિજ્ઞાનમાં જે સાક્ષીવૃત્તિનો ઉદય તેમ જ ભાન થશે તો એ બધાંને દશ્ય પ્રપંચ તરીકે ઓળખાશે, અનુભવાશે, અને સ્વરૂપસ્થ રહી શાસ્ત્રોકત આનંદ પ્રાપ્ત થશે.

અમુક કક્ષાએ પહોંચ્યા પછી વાચનની ખાસ અવશ્યકતા નથી; શાસ્ત્રમાં જેને શ્રવણ કહે છે એ શ્રવણ એટલે કથાશ્રવણ નહીં, પણ જેના પ્રતિ, જે બ્રહ્મવિદ્પ્રતિ આપણને પ્રાણ કરતાં પણ અધિક ભકિત હોય, એવા વત્સલતા દાખવતા સંતની મહાવાક્યની, તાત્પર્ય જેવી વાણીનું શ્રવણ. કારણ એ કે એની વાણીની શકિતની, શબ્દશકિતની આપણા ચિત્ત પર ત્યારે જ અસર થાય છે કે જયારે બન્ને વચ્ચે ભકિત હોય; સાંસારિક શબ્દોમાં ને વ્યવહારમાં આપણે જેને મમતા આસકિત કહીએ છીએ એનું માત્ર એ વિશુદ્ધ, ત્યાગ વૈરાગ્યથી રંગાએલું (ભકિત) રૂપાન્તર માત્ર છે. એમાં બંધન નથી, કારણ કે જ્ઞાનદ્વારા એમાં સર્વ સંબંધોથી મુકત થવાનો ઉપદેશ હોય છે. એ શ્રવણ થયા પછી એકાન્તમાં, એ જ સિદ્ધાન્તને પોષણ મળે, એમાં રહેલી શંકાઓ અને તર્કોનું સમાધાન કરે એ રીતે સ્વાધ્યાય (વાચન, જપ, ધ્યાન) કરવો એ મનન છે. એ મન્તવ્યને ધ્યાનગોચર બનાવી, વ્યવહારની પ્રત્યેક વિશુદ્ધદશામાં આત્મજાગૃતિ રાખવી એ નિદિધ્યાસન છે.

કેવળ કથાશ્રવણથી આ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. કારણ કે એમાં કથાકારના શબ્દો કે વ્યક્તિત્વનું ઓજસ તટસ્થ હોય છે; ઉપનિષદ્કાળના શિષ્યને અન્તેવાસી, એટલે કે પાસે રહીને એકાન્તમાં ઉપદેશ સાંભળનાર કહેતા હતા. ઉપનિષદ્ના કેટલાએક ભાગ આરણ્યક પણ એટલા માટે કહેવાય છે કે અરણ્યના એકાન્તમાં એ બ્રહ્મવિદ્યાનાં બીજ રોપાતાં હતાં.

સમય વિપરીત છે એ વાત સાવ સાચી, પણ આપણે આ સમય, અને આ વ્યવહારમાંથી જ આપણો માર્ગ કાઢી લેવાનો છે. વિચારની કક્ષામાં ગયા પછી વાચન ન ગમે, પરંતુ પ્રત્યેક શુભ વ્યવહારમાં આનંદની માત્રા વધતી જાય તો સંતોષ રહે છે. વ્યવહારથી અસંતુષ્ટ વૃત્તિ તત્ત્વચિંતન પણ કરી શકતી નથી. એક વાર નિષ્ઠા જામી ગયા પછી બધું સરળ લાગે છે. પ્રારબ્ધભેદ પણ રહેશે. સોનાં પ્રારબ્ધ એક જ પ્રકારનાં નહિ રહે. એટલે એ વ્યવહારનો ઉકેલ તો જ્ઞાનીએ પોતપોતાની સ્વતંત્ર વિજ્ઞાનદષ્ટિથી જ ઉકેલી લેવાનો છે.

જ્ઞાનદશા કે જીવન્મુક્ત દશાનાં બાહ્ય ચિત્રો આપણે કલ્પી રાખ્યાં હોય છે, ત્યાં સુધી અસંતોષ જ રહેવાનો; કારણ કે જીવન્મુકત શરીરના અમુક જ વ્યવહાર હોય એ આપણી કલ્પના છે. જ્યાં સુધી આપણા વ્યવહારમાં પરિવર્તન ન કરી શકીએ ત્યાં સુધી અસંતોષ રહે. આપણે આપણો વ્યવહાર આપણા પારબ્ધ પ્રમાણે આવી મળતા સંયોગોમાં શોધવાનો છે. જેવું આવે તેવું ઉપેક્ષાવૃત્તિથી વેઠી લેવું. અને તત્ત્વસ્મૃતિથી જગતવિસ્મૃતિ કરવી. એ સૂત્ર ઓળખાય અને એ પ્રમાણે જીવાય એટલે બસ. ૐ.

( ૧૮ ) તા. ૬ ૯–'૩૭

*  *  *  *

શરીરના પંચકોશની પ્રક્રિયાનો વિચાર કરીએ. સુષુપ્તિ અવસ્થાનો આનંદમય કોશ, અને કારણશરીર; સ્વપ્ન અથવા ધ્યાનાવસ્થાના વિજ્ઞાનમય, મનોમય અને પ્રાણમય કોશ અને સૂક્ષ્મશરીર; તથા જાગ્રતનો અન્નમય કોશ, અને સ્થૂલશરીર છે. એ

પંચકોશ અને ત્રણ દેહ ઓતપ્રોત રહે છે તેથી એકની અસર બીજા ઉપર થાય છે.

જ્ઞાનબળની કસોટી વ્યવહારસમયે થાય છે; સાક્ષીભાવે રહી, દશ્યને મિથ્યા સમજી, આત્માને અકર્તા-ભોકતા માની, પ્રાણમય કોશની ક્રિયા થતી હોય તો એ વિશુદ્ધ આનંદ છે; એને બદલે દશ્યકર્મમાં તદાકાર થઈ જવાય, દેહબુધ્ધિથી કર્તાભોકતા બની એના ફળરૂપે આવી મળતા દ્વંદ્વથી મનોમયકોશમાં વિક્ષેપ થાય, તો એ આનંદ અવિદ્યાનો છે; આવી રીતે બધા કોશોના વિવેક દ્વારા જ્ઞાન મેળવવું અને કેળવવું જોઈએ.

જિજ્ઞાસુ અને વિષયીનો માર્ગ ઊલટો જ ચાલ્યા કરે છે. જગતભગતનાં વેર તો અનાદિ છે. જિજ્ઞાસુએ પોતાના ઈષ્ટ માર્ગ-માંથી પ્રાણાંતે પણ ચલાયમાન ન થવું જોઈએ.

વૃત્તિ તદાકાર રાખવી; સ્વરૂપનું સ્મરણ રાખવું; સ્વરૂપનું સ્મરણ દશ્યના મિથ્યાત્વ નિર્ણય વિના ટકતું નથી.

આત્મજ્ઞાન, આત્મસાક્ષાત્કાર, કે મોક્ષ વગેરેનાં સાધનોની ઝીણાવટભરી સાધનપધ્ધતિનો ઢંઢેરો ન પિટાય; ઢંઢેરો પિટાય તો પણ કોઇ ન સમજે; ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બ્રહ્મજ્ઞાન માટે એને અનઅધિકારી કહ્યો છે, ને છેવટના અઢારમાં શ્લોકમાં –अतपस्काय-अभक्ताय–એવાને માટે જ્ઞાન છે જ નહીં એમ કહ્યું છે.

પણ આ કલિકાલમાં બહિર્મુખતાના પંદર આના ને પોણા બાર પાઈનો વ્યવહાર થતો હોય, ત્યાં બધા જ જ્ઞાની અને બધા જ મુક્ત! આશ્ચર્ય તો એ છે કે ઝીણાવટથી સ્વરૂપનિશ્ચય ન કરતાં કોઇ પંડિતાઇની પાછળ, તો કોઇ વાદવિવાદ પાછળ પડે છે. અનેકમુખી દશ્યો જોવાય છે; આ છે કાળની લીલા;

યુગેયુગે આવું થાય; હર્ષશોક વ્યર્થ છે. આમાંથી આપણા જેવાને બમણું જોમ મળવું જોઇએ. દેહાધ્યાસ નિર્મૂળ થયા વિના આત્મજ્ઞાન થતું નથી ને આત્મજ્ઞાન વિના શાંતિ નથી. દેહાધ્યાસ ત્યારે જ જાય કે એના વંશવારસ જેવા અહંમમત્વ અને વ્યવહારનાં બંધનમાંથી મુક્ત થવાનાં સાધનોમાં રુચિ થાય.

વ્યવહારની તાણીને ખેંચી રાખેલી દોરીઓને ઢીલી જ મૂકીને જોવું કે જગત તો જ્યાં દોડવાનું હશે ત્યાં જ દોડશે. ત્રિગુણ વિના ચોથો ગુણ દેખાવાનો નથી; એટલે આપણને આશ્ચર્ય શાનું ? ત્રણે ગુણ આપણને તો ત્રણ દોરડાં છે, ઢીલાં-છૂટાં મૂકી દો. એ દોરડાંથી બીજાને બાંધવા જતાં આપણે જ બંધાઈએ છીએ એ ભૂલશો નહીં.

( ૧૯ )

તા. ૧૪ ૧૧-'૩૭

જ્ઞાનનિષ્ઠાભર્યો સંન્યાસ બીજા આશ્રમધર્મ કરતાં નિરાળો છે એ વસ્તુ મારે તમને સમજાવવી છે; ત્યાગ અને વૈરાગ્યનાં સ્વરૂપ જુદાં છે, એ તમારે ગળે ઉતારવું છે; આત્મદષ્ટિ અને જગતદૃષ્ટિ જુદાં છે. એ મુદ્દો તમે સમજો એમ ઇચ્છું છું; તમારા પ્રત્યેક લખાણમાં તો આથી ઊલટી જ વાત આવે છે. એનાં કારણો હું જોઈ શકું છું પણ યોગ્ય સમયની રાહ જોઉં છું. સમય આવ્યા પહેલાં કોઇને પોતાની નબળાઈનું ભાન થતું નથી. જ્યાં સુધી એ સંભવ ન હોય, ત્યાં સુધી અનેક થોથાંપોથાં વંચાય. ઉપદેશનાં નગારાં કે પડઘમ વાગે, તો પણ કોઇને પોતાની નબળાઇ સૂઝતી નથી. એ નબળાઇ એટલે અવિદ્યા- અજ્ઞાન-ભૂલ-ભ્રાન્તિ માયા.

*　　*　　*　　*

આવી જ સ્થિતિ આત્મજ્ઞાનનાં સાધનમાર્ગની છે. મારા અભ્યાસ પ્રમાણે તે જ્ઞાનની પ્રણાલિકાને અને સાધનને જેટલું વર્ણાશ્રમના વાડામાં પૂરી રાખ્યું, કેદ કર્યું, તેટલું એ વિશેષ વિકટ, અશક્ય અને અગોચર બન્યું છે. છેવટે એવા પંડિત લોકો પાસે એનો શાસ્ત્રભંડાર-( કેવળ વાર્તા પૂરતો ) જઇ પડયો છે જેથી સાધારણ લોકોને–સાધકોને–તો એની રહેણીકરણીમાં કશી સમજણ પડતી નથી.

પૂર્વકાળે એવી જ ભૂલો થઇ હતી. અવતારશિરોમણી શ્રીકૃષ્ણનાં વાકયામૃત દ્વારા ભગવાન વેદવ્યાસે શ્રી ભગવદ્‌ગીતા દ્વારા સુધારી; જૂની કર્મઠોની રહેણીકરણીની ભૂલો ઉપર ભગવાન્ ભાષ્યકાર શ્રી શંકરાચાર્યે ઉપનિષદોનાં ભાષ્ય લખી પ્રકાશ પાડયો; સ્વા. વિવેકાનંદ તથા રામતીર્થે પણ જ્ઞાનને સતેજ કર્યું; છતાં માનવસ્વભાવ–જગત્‌સ્વભાવ, કૂતરાની પૂંછડી જેવો છે. સો વર્ષ નળીમાં રાખો તો પણ કહાડો ત્યારે વાંકી ને વાંકી જ રહેવાની.

યોગવાસિષ્ઠનો પદ્ધતિસર, વિવેક પુરઃસર અભ્યાસ થાય તો એ ભૂલ કંઈક સુધરે; સ્વા. વિવેકાનંદ-રામતીર્થના ઉપદેશો વંચાય અને સમજાય તો એ ભૂલ કૈંક સુધરે; ગીતાના ઉપદેશને જીવનમાં ઉતારાય તો એ ભૂલ સંપૂર્ણ સુધરે; ઉપનિષદ્‌નાં વચનામૃત ગળે ઉતરે તો એ ભૂલ નીકળે; પણ સેંકડો વિઘ્નો માર્ગમાં ઉભાં છે; મનુષ્ય બાહ્ય જગત્‌ને એટલું બધું મહત્ત્વ આપે છે કે આન્તરપ્રદેશની ગૂંચ ઉકેલી શકતો નથી. અન્તર્મુખવૃત્તિ એટલે આત્મકાર વૃત્તિ વડે આન્તરજગત્‌નો નાશ; બાહ્યજગત્‌નો નાશ નહીં, બાહ્યજગત્‌નું તો વિજ્ઞાન વડે મિથ્યાત્વ માનવાનું છે.

પંચદશીકાર સાધકને સરળતાથી સમજાય એટલા માટે જીવકૃત અને ઈશ્વરકૃત સૃષ્ટિ જેવા બે ભેદ પાડીને સમજાવે છે કે

જીવકૃત સૃષ્ટિ એટલે મનોમય ( હું-મારા-તારાનાં મોહમમત્ત્વની ) સૃષ્ટિ છે. એનો નાશ થાય, પણ ઈશ્વરકૃત સૃષ્ટિ એટલે સમસ્ત બ્રહ્માંડનો નાશ ન થાય; વ્યવહારકાળે એમાં સમત્વ રાખતાં શિખાય, અને તે કેવળ આત્મદૃષ્ટિ દ્વારા, કારણ કે આત્મા સર્વત્ર સમાન છે.

આપણે યોગ અને જ્ઞાનની એકવાક્યતા કરીએ છીએ. જોઈએ છે આત્મજ્ઞાન અને સાધના કરીએ છીએ યોગના એક દેશી માર્ગની તેમ લક્ષ્ય પણ એવું જ બાંધીએ છીએ કે આ કશુંય ન હોય. એવું સુખ સુષુપ્તિમાં તો છે જ. જ્ઞાનવૃત્તિ-આત્માકારવૃત્તિ એટલે સુષુપ્તિ કે જડવત્ દેહદશા નહીં, પણ ચૈતન્યમય આત્મ-સ્ફૂર્તિ ૐ.

( ૨૦ )

તા. ૧૭-૬-'૩૮

* * * *

જીવનના વ્યવહારનો પ્રશ્ન જેને અઘરો લાગતો હશે, તેને જ અહીં પરમાર્થનો માર્ગ કદાચ અઘરો લાગશે. અશક્તિ અને અજ્ઞાન જુદાં નથી; જ્ઞાન અને શકિત પણ જુદાં નથી. અને જ્યાં સુધી પ્રારબ્ધ-પુરુષાર્થની ભાંજગડમાં ચિત્ત રહે ત્યાં સુધી દ્વૈતભાસ જતો નથી, કારણ કે એ માન્યતામાં કર્તૃત્વનું અભિમાન રહે છે, કર્તૃત્વ રહે એટલે ભોકતૃત્વ રહે, અને એ બધું તો અસ્મિતા વિના બને જ નહીં; અસ્મિતા અવિદ્યામાંથી ઉદ્ભવે છે. એટલે જઈને વાત તો અજાતિવાદ કે પ્રૌઢીવાદ ઉપર જ પડે છે. પંચદશીમાં આ સિદ્ધાંત બહુ સારી અને સરળ રીતે સમજાવ્યો છે.

ભ્રાંતિ મનની છે માટે અંતઃકરણમાંથી નિર્મૂળ કરવાની છે. આત્મવિચારથી એવી ભાવના કરવી કે મારી ભ્રાંતિ તથા મારી

કલ્પના મને ત્રાસ આપે એ જ મહાન્ આશ્ચર્ય છે. સ્વપ્નના વાઘથી જાગ્યા પછી બીન્યા કરીએ એ આશ્ચર્ય નથી લાગતું ? અને એવી તે કેવી અવિદ્યાની ઊંઘ હોય કે આટલી આટલી કથા, સત્સંગ, વાચન, વિચાર, ઉત્તમ કુલજન્મ, ચારિત્ર્ય, અનુકૂળ ગૃહસ્થાશ્રમ, ખાનપાનમાં નિશ્ચિતતા, છતાં આટલો શોકમોહ કે ખેદ, તો પછી શારીરિક નબળાઇનાં અને વ્યવહારના મમત્વનાં વિઘ્ન કેમ ન માનીએ ?

આટલું આટલું હોવા છતાં ભીરુતા નથી જતી એ આશ્ચર્ય છે ! અને મોટી વાત તો પોતાની માન્યતાની છે. એમ માન્યું છે કે આ વ્યવહાર ન જોઇએ એટલે ઊલટી મૂંઝવણ વધવાની. મનજી મહારાજને પૂછો કે વ્યવહાર સમૂળો, એટલે કે દ્વૈત જ ન જોઈએ કે આવો વ્યવહાર નહીં પણ અમુક જાતનો બીજી રીતનો સગવડ-વાળો જોઇએ ?

વ્યવહારના નિર્મૂળ અભાવની મનોવાંછના છે કે આને બદલે બીજો કોઈ પણ જાતનો વ્યવહાર જોઈએ છીએ એવું છે ? નિર્મૂળ અભાવ એટલે તો કેવળ અદ્વૈત અનુભવની શુધ્ધ જિજ્ઞાસા; એમાં જગત્–પ્રતિ–પછી તે તમોગુણી દશ્ય આવે તો પણ તિરસ્કાર નહીં પણ દયા જોઈએ. આત્મા જ હું–એક જ અદ્વૈત છું–એ વિના આ બધું દશ્યમાન મારી પોતાની કલ્પના છે એવી આત્મભાવનાનો અભ્યાસ. મનની કલ્પના તો શરીર છે ત્યાં સુધી આવશે જ એવી સમજણ રાખવી જોઇએ. સદેહ રહીએ ત્યાં સુધી જેમ પરાણે કોઈ સીનેમા જોવા લઇ જાય, તો લઇ જનારના આગ્રહ અને એના પ્રતિની મમતાથી ખેંચાઇ બંધાઇ સિનેમા જોવા જાઓ, તો એમાં કાંઇ બધું જ મનગમતું નથી થતું, છેવટ સુધી એમ દૃષ્ટા–સાક્ષી બનીને કર્યા કરો. બધો વ્યવહાર થાય તો શાંતિ રહેશે. મન મારીને સિનેમા જોવો પડે છે, એ રીતે આ જગતરૂપી સિનેમા કાંઇ નાનો

સૂનો નથી. બીજાની ખાતર, દ્વૈતની ખાતર, જોવા આવ્યાં છીએ. ૮૪ લાખ અંક ગયા; છેલ્લો અંક કે છેલ્લો પ્રવેશ જ છે એવો નિશ્ચય આપણે પોતે કરી લેવાનો છે. છેલ્લો અંક પણ પૂરો થશે એવી આશામાં ઉલ્લાસ વધવો જોઈએ. આમ પ્રથમ ઉત્તર તો બહુ સરસ છે.

બીજાનો જાતે વિચાર કરી જુઓ. આમ નહીં પણ આમ, એવી પરિવર્તનની મનોવૃત્તિથી શાંતિ નથી મળતી. કારણ કે એમાં તો વર્તમાનમાં અસંતોષ, અતૃપ્તિ, નિરાનંદ અને ભવિષ્યની કોઈક એવી વિચિત્ર માંડણી ગોઠવી રાખી હોય છે કે, ભવિષ્ય જયારે વર્તમાન બને છે ત્યારે એમાં પણ અસંતોષ જ રહે છે. ખરી રીતે જોતાં ભૂત-ભવિષ્યને ભૂલ્યા વિના વર્તમાનમાં આનંદ કેળવી શકાતો નથી; ભૂત-ભવિષ્યના વિચાર જાય એટલે વર્તમાન જેવું પણ કશું રહેતું નથી. ભૂતકાળનાં સ્મરણ અને ભવિષ્યની વાસના વિના વર્તમાનમાં અસંતોષ આવતો નથી. આમ ત્રિકાળનું અદર્શન થાય, ત્યારે ચિત્ત શાંત થાય.

વાંચવું ન ગમે તો સ્વતંત્ર વિચારની શક્તિ વધારવાથી વાચનની આવશ્યકતા જ નથી. વાંચવાની, પાઠપૂજા કરવાની એવી બીજી કર્મકાંડની જૂની ટેવો પણ જ્ઞાનનિષ્ઠાની ઉચ્ચ ભૂમિકામાં અશાંતિ ઊભી કરે છે. આત્મવિચારનું નામ જ વેદાન્તનું નિદિધ્યાસન છે. યોગનું ધ્યાન કે ઉપાસના, કર્મકાંડના પૂજા ઇત્યાદિ તો દેશકાળના વિભાગમાં જ થઈ શકે. કારણ કે કર્મકાંડમાં મન-ઇંદ્રિયોને સક્રિય રાખવાનાં છે, ત્યારે ઉપાસના કે ધ્યાનમાં ઇંદ્રિયોને નિષ્ક્રિય તથા મનને સક્રિય રાખવાનું છે, આત્મવિચારના જ્ઞાનયોગમાં તો મન તથા ઇંદ્રિયો વ્યવહારનાં શુધ્ધ કાર્ય કર્યા કરે છતાં બુદ્ધિનો વિજ્ઞાનમય કોષ સુષુપ્તિ અવસ્થાના આનંદમય

કોષના અનુભવ વડે વ્યવહાર કરે; મન તથા ઈંદ્રિયો સક્રિય રહેવાથી વ્યવહાર વ્યવસ્થિત ચાલ્યા કરે; સૌથી વિશેષ સમય પર્યન્ત જો કોઈ સાધના ચાલુ રહેતી હોય તો તે જ્ઞાનયોગ છે.

તમે આ બધું સમજો એવી તમારી બુદ્ધિ સતેજ છે. પુસ્તકો તથા ઉપદેશ તો સરાણિયાનું કામ કરે. આપણી સ્મરણશક્તિને જાગ્રત અને સતેજ કરે, બાકી જેને હથિયારની ધાર ચડાવવાની છે, તે બુદ્ધિ તો તમારી પોતાની જ કામ આવવાની છે. બુદ્ધિ વગર કશું બની શકે નહીં.

હવે એક વાત; તમે જેને કીચડ કહો છો એ કીચડ જ ક્યાં છે? બધું આનંદમય છે એમ કેમ નહીં? નીરસ ઉદાસિનતાને બદલે રસિક સક્રિયતા કેળવવી જોઈએ. આત્માનો અનુભવ એટલે અંતઃકરણમાં સચ્ચિદાનંદનો આવિર્ભાવ—ઉદય : આનંદનો નિત્ય (સતત્) ઉદય અને એનું ભાન (ચિત્) એટલે જ સચ્ચિદાનંદ. એનો સર્વત્ર, સર્વથા, અને સર્વદા અનુભવ રહે, એની સતત્ જાગ્રતિ રહે, એવો પ્રયત્ન તે જ પુરુષાર્થ. બાકી બાહ્ય ઘટનાઓ તો અનિવર્ચનીય માયાના પ્રદેશમાં ઇષ્ટ કે અનિષ્ટ એમ દ્વિમુખી જ ચાલ્યા કરવાની. એકલું ઈષ્ટ (ધાર્યું) કે એકલું અનિષ્ટ (અધાર્યું) બને જ નહીં; એમ ઇચ્છવું એ જ અજ્ઞાન.

(૨૧) તા. ૨૦-૮-'૩૮

તમારો પત્ર હતો. એ પહેલાં પણ એક બીજો મળ્યો હતો. છેલ્લા વર્ષમાં વ્યાવહારિક વિટંબણાઓ ખૂબ રહી હતી. પણ એ દૃશ્યપ્રપંચ તો એમ જ રહે છે ને ત્રિકાળમાં એવો જ છે, એટલે એની સત્તા આત્મભાન ઉપર ન ચડી બેસે એટલું બળ પરમાત્મા

આપે એટલે શાંતિ. જે જોવાનું હશે તે જ જોવાશે. સંસાર ત્રિરંગી નાટક છે; ત્રિગુણાત્મક ખેલ ખેલે છે. એમાં એક જ રંગ શાનો હોય? એક જ રંગની, એક જ ગુણની આશા રાખવી એ જ અજ્ઞાન.

મનુષ્યસ્વભાવમાં એક વસ્તુ તો કાયમ રહેવાની જ : ત્રિગુણાત્મદશામાં પણ ગુણોના પરસ્પર રાગદ્વેષ રહે છે જ અને તેથી જ દૃશ્યપ્રપંચનું મિથ્યાત્વ સમજ્યા કે જાણ્યા પછી પણ સત્ત્વગુણી પ્રકૃતિનો તામસિક કે રાજસિક પ્રકૃતિ સાથે મેળ તો નહિ જ ખાય. આશ્રમવ્યવસ્થા એટલા માટે જ યોજાયેલી હશે; આશ્રમભેદ કરીને પ્રકૃતિને ગુણધર્મમાં વહેંચી નાંખીએ, એટલે પછી કોઇ કોઈના પર આક્ષેપ ન કરે અને રાજસિક, તામસિક સંબંધોનો ત્યાગ કરવાની અનુકૂળતા સાંપડે.

અત્યારે તો બધે સંકરતા વધી છે; બધે જ જાણે ભ્રષ્ટતા. નથી કંઇ વર્ણમાં ભલીવાર કે નથી આશ્રમવ્યવસ્થામાં ઠરી ઠામ બેસવાનું; કારણ કે ત્યાગી આશ્રમવાળા બિચારા વર્ણમાંથી જ ફૂટી નીકળે છે ને? આવા વિષમ કાળમાં શાસ્ત્રચર્ચા, વાણીવિલાસ કે યુક્તિપ્રયુક્તિથી નહીં, પણ કેવળ આત્મશ્રદ્ધાથી જ શાંતિ જાળવી શકાય છે. ઇંદ્રિયોનો અને મનનો સંયમ સુખ આપે છે તેથી આત્માભિમુખવૃત્તિ રાખીને આત્મનિષ્ઠા કેળવીએ, તો એ મહાન્ સંયમ અને તપશ્ચર્યા છે એમ મને લાગે છે.

એકાન્તસેવન અને આત્મભાવના, એ બે પ્રબલ સાધનો છે. બધી નિવૃત્તિ એટલા જ માટે છે. પછી એ એકાન્ત ઘરમાં હોય કે જંગલમાં હોય; હિમાલયની ગુફા પણ ત્યાં રહીએ એટલે ઘર જ કહેવાય ને!

દેહનિર્વાહ, પ્રારબ્ધભોગ, ઈશ્વરની માયા, સંસારચક્ર, એમ

વિવિધ નામો આપીને આપણે સંતોષ માનીએ, એવી મનોવૃત્તિને સંસારીઓ આળસ કે પ્રમાદ કહે તો ભલે કહે ! એ ઉપાલંભ તો સૌએ સાંભળ્યાં છે ને સૌ નિવૃત્તિવાદીઓને સાંભળવાં પડશે. બધાંનો સમાવેશ તો છેવટે દ્વંદ્વમાં જ છે ને! દ્વંદ્વથી જો ચિત્ત મુક્તિ ન અનુભવે તો સમજવું કે ઊંડી ઊંડી પણ કીર્તિની વાસના છે ખરી; એને જ શાસ્ત્રમાં લોકવાસના કહે છે. માટે "તું તો રામ સમર, જગ લડવા દે"–એ વાક્ય ખરું જ છે.

( ૨૨ ) તા. ૨૬–૧૧–'૩૮

* * * *

આપણી દૃષ્ટિથી સારું માઠું લાગે તે પરમાત્માની દૃષ્ટિએ તો સારું જ હોય છે. સૃષ્ટિ અને એની અંતર્ગત ક્રિયાઓ, તેનાં ફળો ( જીવાત્માઓ ) તેના પરિપાક, એ બધું ભગવાન મહાકાલ નિર્માણ કરીને જ બેઠા છે. આપણે શુભમાં નિમિત્ત થવાનું હોય, થયા વિના ન ચાલતું હોય તો ત્યાંથી ખસી જવું એ અધર્મ; અશક્તિ અને અજ્ઞાનમાં કશો ફેર નથી. દ્વંદ્વોના વિરોધી સ્વભાવ રહેવાના જ; સ્તુતિને ઇચ્છતાં નિંદાથી ડરાય, લાભને ઇચ્છતાં હાનિથી ડરાય, આવું સ્વાભાવિક હોય છે. એવું ન થાય એટલું મનોબળ કેળવવું જોઇએ.

( ૨૩ ) તા. ૨૯–૧–'૩૯

શાસ્ત્રો કહે છે કે શરીરની અવસ્થા નિષ્ક્રિય નહીં પણ નૈષ્કર્મ્ય હોવી જોઈએ. લોકો નૈષ્કર્મ્યને નિષ્ક્રિયતા માને છે એ જ ભૂલ છે. નૈષ્કર્મ્ય એટલે જેમાં કર્તાપણાનું અભિમાન નથી; મનમાં

કર્મની ભાવના નથી તેવી મનોદશા નૈષ્કર્મ્ય છે. કર્મમાં અકર્મ (આત્મા) જોવું જોઇએ–એ તત્ત્વસિદ્ધાંત ગીતા તથા ઉપનિષદ્‌નો છે. વેદાન્તમાં મોટી મૂંઝવણ આપણાં શાસ્ત્રોના ખોટા ઉકેલની છે. અહં બ્રહ્માસ્મિનો વિચાર બુદ્ધિવૃતિમાં સતત્ રહે એનું નામ આત્માકાર વૃત્તિ; એ વિચારને બુદ્ધિમાં પકડી રાખવાની પ્રબળ સંયમશકિત હોવી જોઇએ. નહિ તો ઘડી ઘડીમાં વિચાર બદલાય, એવી ચંચળ બુદ્ધિ આત્મજ્ઞાનના વિચારને સ્થિર રાખી શકે નહીં. એવી અસ્થિર બુદ્ધિની જ્ઞાનશક્તિ (પ્રજ્ઞા) અસ્થિર રહે; અને પ્રજ્ઞા તો સ્થિર જોઇએ. ત્યારે જ જ્ઞાની સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. પૂરતા મનોબળથી આત્મવૃત્તિ સતત્ જાગ્રત રાખવી જોઇએ.

પ્રજ્ઞાની સ્થિરતા માટે બુદ્ધિબળની આવશ્યકતા છે. બુદ્ધિબળને માટે ધ્યાનની આવશ્યકતા છે. ધ્યાન માટે ભકિતની આવશ્યકતા છે. ભકિત માટે વૈરાગ્યની આવશ્યકતા છે. વૈરાગ્ય માટે ઇન્દ્રિયસંયમની આવશ્યકતા છે. એ સંયમ માટે ચિત્તશુદ્ધિની આવશ્યકતા છે.

૧. ચિત્તશુધ્ધિ માટે કર્મકાંડ; જેનાથી ઈન્દ્રિયસંયમ, વિધિનિષેધ, પાપમાંથી નિવૃત્તિ અને પુણ્યપ્રવૃતિ થાય છે.

૨. બુધ્ધિબળ માટે ધ્યાન (ઉપાસના); એ માટે વૈરાગ્ય; વૈરાગ્ય દ્વારા ધ્યેય પ્રતિ અનન્ય અનુરાગ (પ્રેમ); અનુરાગ દ્વારા ચિત્તમાં ધ્યેયનું અહોનિશ સ્મરણ; ઇન્દ્રિયસંયમ દ્વારા ઇન્દ્રિયોની ચંચળતા દૂર થાય ત્યારે વૈરાગ્ય તથા ભકિત દ્વારા ચિત્તની ચંચળતા પણ દૂર થાય છે.

આ બન્ને સાધનમાં પ્રવૃત્ત થવા માટે વ્યવહારમાંથી ખૂબ નિવૃત્તિ મેળવવી જોઇએ. ખપપૂરતો જ વ્યવહાર રાખી, બાકી બીજો

વખત એમાં ને એમાં જ રચ્યાપચ્યા રહેવું જોઈએ એવી સામાન્ય માન્યતા છે; પણ એ તદ્દન સાચી નથી. પહેલાંના સમયમાં આટલું સાધન તો પ્રથમના ત્રણ આશ્રમમાં થઈ જતું. ઋષિમુનિઓ કર્મ-કાંડ કરતા, વ્યવહાર કરતા, બ્રહ્મર્ષિ રાજ્યમંત્રીઓ હતા, રાજ્યગુરુ હતા; રાજર્ષિઓ રાજ્ય કરતા. અને સૌ તત્ત્વજ્ઞાનના અધિકારી બનતા અને હતા. એ શિક્ષણ જ એવું હતું કે ત્રિકાળ સાધના નિયમિત થઈ શકતી.

મોટો સાધનભેદ ત્યારપછી આવે છે આત્મજ્ઞાનનો. કર્મ ઉપાસનામાં દ્વૈતબુદ્ધિથી જે શુદ્ધિ અને બળ મેળવ્યું, એના વડે અદ્વૈતનિષ્ઠા માટે વેદાન્તગ્રન્થોનું શ્રવણ મનન કરી અદ્વૈતધ્યાન (નિદિધ્યાસન)-અહંગ્રહ ઉપાસના-કરવાનું છે. એમાં અહં બ્રહ્માસ્મિ-ભાવનાની દૃઢતા દ્વારા તત્ત્વનિષ્ઠા જમાવવાની હોય છે. આને માટે થોડાં વર્ષ, મહિના કે દિવસનું પોતાના અધિકાર પરત્વે એકાન્ત જોઇએ. પણ હમેશાં એકાન્તસેવન કરીને એનું એ જ કરવાનું તો કોઇએ કહ્યું નથી. અષ્ટાવક્ર અને દત્તાત્રેય જેવા-એએ પણ પુષ્કળ વ્યવહાર કર્યો છે એવાં પુરાણોમાં કથાનકો છે. કોણ જાણે કેમ પણ કદાચ જૈન તથા બુદ્ધના બાહ્યત્યાગની વચલા ગાળાની અસર વેદોક્ત શાસ્ત્રો પર થઈ ગઈ કે કેમ પણ નિષ્ક્રિય અવસ્થાને જ નૈષ્કર્મ્ય અવસ્થા આપણે માની લીધી છે. શરીરથી, અરે કોઈ પણ પ્રાણધારી સદાસર્વથા શરીરથી નિષ્ક્રિય થઇ શકે જ નહીં. કોઈ ઈચ્છા કરે તો પણ એ ઈચ્છા તો જડવત્ પથ્થર બન-વાની કહેવાય. બ્રહ્મ નિશ્ચલ છે પણ જડ નહીં; એ ચૈતન્યઘન છે. એટલા માટે બધા અવતારો, આચાર્યો, જ્ઞાની સંતમહંતો, શરીરથી સક્રિય રહીને અંતરથી નૈષ્કર્મ્ય રહ્યા છે. એ જ જ્ઞાનની સિદ્ધિ છે.

આપણે પણ એ જ માર્ગે જવાનું છે. દિવસભરમાં સરળ-

તાથી વ્યવહાર રજા આપે એટલો વખત કર્મઉપાસનામાં ગાળી એ વડે ચિત્તશુદ્ધિ અને બુદ્ધિબળ વધારી, વિશુદ્ધ અને આવશ્યક વ્યવહારકાળે આત્મભાવના જાગ્રત રાખવાની છે. કર્મ તો કેવળ શરીરમાં છે; શરીર સક્રિય રહેવાનું જ છે. આત્મા કર્મ કે ક્રિયા-રહિત છે, એ ભાવનાનું સતત્ સાક્ષીવૃત્તિથી અનુસંધાન રાખવું જોઇએ.

આ સિવાય મને તો બીજો માર્ગ સૂઝતો નથી. દ્વંદ્વથી નાસી જવાથી દ્વંદ્વથી મુક્તિ નહીં થાય; અને દ્વંદ્વ તો જ્યાં જ્યાં પંચ-ભૂતનો પ્રદેશ છે—ચૌદલોક છે ત્યાં છે જ; આવી પડતાં દ્વંદ્વથી, જ્ઞાનનિષ્ઠા દ્વારા, ચિત્તને નિર્લેપ રાખવું; એ જ મુક્તિની ભાવના છે. બાકી મૂળસ્વરૂપમાં તો ક્યાંય બંધ કે મોક્ષ શોધ્યાંય જડે એમ નથી.

આટલા માટે જ જૂની ઘરેડવાળાં, અંધશ્રદ્ધાવાળાં, સમજ્યા વગર કર્મઉપાસના કરનારાં, જગતને મિથ્યા કહી બીજાઓની નિંદા કરનારાં, આત્મજ્ઞાનની વાતો કરતાં છતાં પ્રપંચના કીચડમાં આનંદ માનનારાં હમેશાં બીકણ ને બાયલા રહે છે. આવી દંભ પામરતાની પરાકાષ્ટા ન હોત તો ભારતવર્ષની આ દશા જ ન હોત.

અવતારો, આચાર્યો અને સંત મહાત્માઓએ આવા અજ્ઞાનીઓ ઉપર થોડા પ્રહાર નથી કર્યા ! પ્રાકૃત સંતો જ લ્યો; અખો, પ્રીતમ, ભોજો, ધીરો, ભાણ, રવિ, નરસિંહ મહેતા, મીરાં તેમ જ અન્ય દેશના સંતોમાં નાનકની પરંપરા, કબીર, સહજોભાઇ વગેરે અનુભવીઓએ એ જ ગીત ગાયાં છે કે ભાઈ, સત્ય સમજો અને પ્રપંચ ( આંતર ) કૂડકપટ છોડો.

અંતરમાં આનંદ, આનંદ રાખો; દેહધર્મોની વિસ્મૃતિ એટલે દેહકાર્યોની વિસ્મૃતિ નહીં આત્મસ્મૃતિ હોય તો પણ દેહવિસ્મૃતિ રહે, વ્યવહારનાં કર્મો સાવધાનતાથી થાય, છતાં અંતરમાં સદાસર્વથા

આત્મસુંજન રહેવું જોઇએ. ૐ એ આત્માનું નામ-પ્રતીક છે. બ્રહ્માંડ અને પિંડના પ્રાણુનો એ સર્વવ્યાપી ધ્વનિ છે. એના અવલંબનથી ઋષિમુનિઓ શાંતિ પામ્યા છે અને આપણુ પણુ પામશું એવી શ્રદ્ધા અને પ્રયત્ન ચાલુ રહે એની સતત્ ઇષ્ટ પ્રાર્થના કરો. ગુરુદેવે તમને એ માર્ગે મૂકયાં છે, તો લક્ષ્યે પણ પહોંચાડશે જ.

(૨૪) તા. ૨૬-૫-'૩૯

* * * *

અત્યારે તો જગત આવું જ છે કોની દયા ખાવી ને કોના પર કઠોર થવું એ પણ અનિર્વચનીય માયાના પ્રદેશમાં સૂઝે એવું નથી. પ્રકૃતિનો પ્રદેશ અળખામણો અને મિથ્યા સમજી સહજ સ્વભાવે જે બધી શુધ્ધ તથા અનિવાર્ય ક્રિયા થાય, તેમાં માનસિક વૃત્તિથી નિશ્ચલ શાંતિ રાખવી, એ જ આપણા સાધનનું પરમ ધ્યેય છે. સાધન માત્રમાં આત્મવિચાર અને માયાનાં દ્વંદ્વોના અભાવનો દૃઢ નિશ્ચય એ મુખ્ય છે.

મનઃકલ્પિત સંસાર માટે હૈયાહોળી શા માટે ? વાણી, મન કે ઇન્દ્રિયો છો ચંચળ રહ્યા કરે, અંતરમાં બુદ્ધિવૃત્તિ અખંડ નિશ્ચલતા રાખે, એ જ રાજયોગ કે જ્ઞાનયોગ. નિશ્ચલ શાંતિ એટલે જડવત્ પથ્થરના જેવી શાંતિ નહીં પણ રામ કહે છે તેમ અવિરત કર્મયોગમાં આંતરિક ભકિત દ્વારા આત્મવિચાર રાખવો, એ જ સાધન અને એ જ સાધ્ય છે.

(૨૫) તા. ૧૭-૯-'૩૯

* * * *

નવાજૂના આશ્રમો અને વર્ણોની વ્યવસ્થા જોઇ; પ્રાચીન ઋષિ-

મુનિઓનાં વચનામૃતોનું યથાશકિત-મતિ અવલોકન કર્યું. શરીરનો રજોગુણ પણ શાંત થવા બેઠો, અને પરિણામે એ એક જ સત્ય સમજાયું કે બધી મનોભ્રાંતિ જ છે. ત્રિગુણાત્મક જગત તો કદી વ્યકત કે કદી અવ્યકત ચાલ્યા કરે પણ અનાદિકાળથી આવું દૈવી -આસુરી, સંપદના વિગ્રહરૂપ જ છે. એમાં જેટલું માથું મારો એટલું દુઃખ; એમાંથી ચિત્ત વડે સાક્ષીભાવે કે આત્મભાવે મુક્ત રહો એટલું સુખ.

પ્રારબ્ધભોગ કહો, ઈશ્વરની લીલા કહો, માયાના ખેલ કહો, કર્મની ગતિ કહો,-જે કહો તે પણ આ બધા દશ્યપ્રપંચનો સાર ( સરવાળો-બાદબાકી - ગુણાકાર - ભાગાકાર ) બધું શૂન્યમાં જ સમાઈ જાય એવડું મોટું મીંડું છે; એ મીંડાના પરિઘમાંથી બહાર નીકળીએ એટલે જ મીંડું સમજાય છે. નહિ તો એ કુંડાળામાં જ ચક્કર માર્યા કરવું અને કોઇ વાર સત્ત્વ તો કોઇ વાર રજસ્ -તમસ્‌નાં પરિણામ ભોગવવાનાં.

શાંતિ જ્ઞાનમાં છે અને એ આત્મજ્ઞાન ઉપનિષદ્ પ્રતિપાદિત બ્રહ્મવિદ્યા છે. જ્યાં સુધી અનન્યભાવે બુદ્ધિ એનું શરણુ ન શોધે ત્યાં સુધી એ તત્ત્વ અનુભવગોચર નથી થતું. બાકી દશ્યપ્રપંચ તો એમનો એમ-એવો જ લાગવાનો ! કોની નિન્દા કરીએ ને કોને વખાણીએ ? પશ્ચિમના મોહે આપણી સંસ્કૃતિનું સત્યાનાશ વાળ્યું છે અને હજુ પણ ભારતવર્ષ એ જ દિશામાં ઘસડાતું જાય છે. એ જ માયાનો પ્રભાવ.

શાંતિ રાખો અને મનને ઊંચુંનીચું ન થવા દો, બસ એ જ એકરસ આત્માનો અનુભવ. મનથી માન્યો એટલો સંસાર, બાકી આનન્દ ! આનન્દ !

( ૨૬ ) તા. ૨-૧૧-'૩૯

જે જગત જેવું દેખાય છે તે જગત પરમતત્ત્વની દૃષ્ટિએ વાસ્તવિક જ ક્યાં છે? આત્માના વિલાસ તરીકે પણ એને જોવા માંડીએ તો શાંતિ આવે : ઇશાવાસ્ય ઉપનિષદ્‌નો પહેલો મંત્ર એ જ કહે છે.

જે કાંઇ જગતમાં ગતિમાન જગત્ જેવું દેખાય છે તે ઈશ્વર, આત્માથી ઢાંકી, છાવરી દેવાનું છે; એમ કરીને જ એટલે કે જગતદૃષ્ટિનો ત્યાગ કરીને પછી આનન્દપૂર્વક રહો.

મિથ્યા તર્કનો ઉપયોગ કર્યા વિના, શાસ્ત્રોની આવી બ્રહ્મવાકયોની આજ્ઞા શ્રદ્ધાપૂર્વક–શિરસાવંદ્ય ગણીને એ રીતે દૃષ્ટિ બદલી નાંખવાની છે. જગત્‌ને જગત્‌રૂપે જોઈએ; દશ્યને માયા જ ગણ્યા કરીએ, ત્રણ ગુણોની જ ભાંજગડ–સરવાળો, બાદબાકી –વત્તાઓછા કર્યા કરીએ તો એવા હિસાબનો પાર જ આવે તેમ નથી.

કયે કાળે દશ્યમાં અશાંતિ નહોતી? ઋષિઓના જમાનામાં, અવતારોના જમાનામાં, આચાર્યોના જમાનામાં અને અત્યારે પણ ત્રિગુણાત્મક જગત્ તો યુદ્ધ જ કરે; માત્ર આપણે યુદ્ધમાં શામિલ ન થવું, એ જ આપણો પુરુષાર્થ.

સ્વરૂપનો જ વિચાર, આ બધું ઇશ્વરની લીલા; સર્વત્ર સર્વવ્યાપક આનંદ, અને આનંદ એટલે ગંભીર, શાન્ત, સ્થિર, નિશ્ચળ સ્વરૂપ. ૐ

( ૨૭ ) તા. ૫-૩-'૪૦

શ્રી બદ્રીનારાયણની યાત્રામાં ડોળીમાં બેસવામાં જેને વિરોધ

હોય, તેણુ જો જવું જ હોય તો પગે ચાલવાની હિંમત કરવી જ જોઇએ. સંગાથ સારો અને બધો પાંચ-સાત માઇલ જ રોજ ચાલનારો હોય તો ફાવે. ૧૫-૨૦ માઇલની રોજની દોટ મૂકનારાની સાથે ન ફાવે. બાકી ચટ્ટી ( ઊતરવાની દુકાનો, જયાં સીધું, સામાન તથા વાસણો મળે ને રાત રહેવાય ) તો દર ત્રણ-ચાર માઇલે હોય છે. આવો નિરાંતનો સંઘ મળે તો ભલે બે મહિના થાય, પણ યાત્રા પગે ચાલીને તમારા બન્નેથી થઈ શકે એમ હું માનું છું. શરૂઆતમાં બે-પાંચ દિવસ થાક લાગે, પણ પછી તો પગને અને મનને એવી ટેવ પડી જાય છે કે ૧૦-૧૦ માઇલ રોજ સવારમાં ચાલવા છતાં પણ કશી મુશ્કેલી પડતી નથી. હું ત્રણ વાર જઇ આવ્યો છું, મારા નસીબે આવો ધીમો સંગાથ મળ્યો નહિ તેથી દોડધામથી મારું શરીર પણ બગડયું હતું; જેનાં ફળ હજુ પણ શરીર ભોગવે છે.

હિમાલય અને તેની અંદરની ગંગા વગેરે નદીઓનાં એકાંતવાળાં સ્થાન બહુ મનોહર અને રમણીય લાગે છે. એમ લાગવાનું મુખ્ય કારણ તો એ છે કે અહીંથી વિષયોમાં ભમીભમીને થાકી ગયેલાં, કદ્રૂપ ચિત્રોથી કંટાળી ગયેલાં અંતઃકરણોને એ એકાન્ત સ્થાનમાં વિશેષ આનંદ આવે છે; કારણ ત્યાં નિર્દોષતા હોય છે. બાકી એ જ હિમાલય તેમજ કૈલાસ વગેરે સ્થાનોમાં સ્થાયી રહેનારા મનુષ્યો શહેરોના સાંભળેલા વૈભવની વાસનામાં અતૃપ્ત જીવન વીતાવતા હોય છે; એમને એ પ્રદેશના કરતાં અન્ય પ્રદેશની ઝંખના વધારે હોય છે.

આવી રીતે દેશકાળના વર્તુળનો આનન્દ બધે સાપેક્ષ છે. નિરપેક્ષ વસ્તુ તો આપણે પોતે-સ્વરૂપે છીએ; આવો સાપેક્ષ આનન્દ પોતાની મનોદશા પ્રમાણે ભિન્નભિન્ન સ્થાને સૌને મળી આવે છે. શહેરમાં રહેનારને ગામડામાં ગમતું નથી, ગામડાવાળો શહેરમાં

ગભરાઇ જાય છે; તેનાથી ઊલટું શહેરમાં કંટાળેલો ગામડાના એકાન્તને ઝંખે છે, ત્યારે ગામડામાં જીવન ગાળેલું હોય તેવો શહેરના વૈભવની વાસના અને લાલસામાં ગામડાના જીવનને દુ:ખી માને છે.

આવી રીતે બધી વાતનો સાર તો સુખના કેન્દ્રસ્થાનની શોધનો છે; યત્કિંચિત્ પણ જો વૈરાગ્ય હોય, અંતર્મુખ વૃત્તિ થઇ હોય, બાહ્ય વિષયો પાસે છતાં પણ નિરાંતે સ્થિર બેસી શકાતું હોય, તેને જ એકાન્તમાં વાસ્તવિક લાભ થાય છે, અને એનું એકાંત જ સાર્થક છે.

તમારું એક વાક્ય મને ખૂબ ગમ્યું; "ચ... એ છીંડું પાડ્યું" –સાચી વાત છે : પણ એની સાથે જ એમાં અનુકૂળતા શોધવાની તમારી વૃત્તિ, "મોહની નગ્ન સત્યતા સમજાવી" એ સમજણ તદ્દન સાચી છે. પ્રત્યેક જીવ પોતપોતાના પૂર્વસંસ્કાર પ્રમાણે કર્મ કરવા પ્રેરાય છે; અનુકરણ કરવામાં, આજ્ઞાપાલન કરવામાં પણ પોતાના જ સંસ્કારભાગ ભજવે છે. આખું માયાનું ચક્કર એવું વિચિત્ર અને વ્યવસ્થિત ચાલે છે કે એમાં જીવનો અહંભાવ જ એને દુ:ખદાયી થાય છે. જન્મેલા સાથે સંબંધ બાંધવાના પ્રસંગ પડ્યા, મમતા કે પ્રીતિ બંધાઈ અથવા અવતારપ્રતિ ભક્તિ બંધાઇ, એ બધામાં જીવ પોતાની અનુકૂલતા શોધીને સાંસારિક કે પારમાર્થિક બંધનોથી છૂટવા જ માગે છે. આત્મભાવે હું સર્વવ્યાપક, સર્વશક્તિ-માન, સર્વજ્ઞ થાઉં; જીવભાવે હું કશુંયે ન રહેતાં આ દુ:ખભર્યા ભવચક્રમાંથી છૂટી જાઉં, એવી એ જિજ્ઞાસુની વૃત્તિ હોવી જોઈએ, એમ ભગવાન શંકરાચાર્ય વારંવાર કહે છે અને આપણને અનુભવે એ જ સાચું લાગે છે.

પત્ર વિસ્તારપૂર્વક લખેલો મળ્યો હતો.

*     *     *     *

"જીવન્મુક્તિવિવેક" નામના શ્રી વિદ્યારણ્ય સ્વામીના લખેલા ગ્રંથમાં-મૂળ શાસ્ત્રોને આધારે વાસનાક્ષય પ્રકરણમાં વાસનાના ત્રણ પ્રકાર બતાવેલા છે. ( ૧ ) લોકવાસના, ( ૨ ) દેહવાસના ( ૩ ) શાસ્ત્રવાસના.

(૧) લોકવાકસના=લોકલોકાન્તરમાં સર્વોપરિ થવાની વાસના જે કીર્તિ વગેરે બધાં ઐશ્વર્ય સાથેની હોય છે.

(૨) દેહવાસના=દેહસૌંદર્ય, દેહનિરોગિતા તેમ જ એ દેહને અંગે બીજા સમસ્ત ભોગની વાસના. ગુણવાસના એટલે સર્વોપરિ ગુણવાન હોવાની વાસના.

(૩) શાસ્ત્રવાસના=પંડિતાઇની વાસના, સભાજિત થવાની, તર્કની પરંપરા પહોંચાડીને છેક નાસ્તિકતા સુધી પહોંચવાની વાસના.

આમાં બધુંય આવી જાય છે. શુદ્ધ શાસ્ત્રવાસના એટલે પુસ્તક વાંચવાં, શીખવાં કે કથા કરવા પૂરતી જ હોય છે. એથી વિશેષ નહીં. બીજી વાસનાઓ જીવનમાં એક યા બીજી રીતે ઓતપ્રોત બનીને વણાયેલી હોય છે.

આપણે એમાંથી બચીએ એટલે નિરાંત; બીજાનું અસ્તિત્વ માનીને દ્વૈત ઊભું કરવું; હૈયામાં બળતરા રાખવી, વળી એનો વિરોધ કરી અજ્ઞાનનો નાશ કરવા, કે સુધારો કરવાની વાસના

બાંધવી, એવું બધું ચિત્તમાં લોકવાસના ઘુસાડવાનાં છિદ્ર પાડવા જેવું છે. માટે ૐ. સમજણપૂર્વક એની વિસ્મૃતિ જ ઇષ્ટ છે.

(૨૯) તા. ૨૧-૫-'૪૦

જેને આપણે નિવૃત્તિ કહીએ છીએ, એ નિવૃત્તિનો વૃત્તિ સાથે એટલે કે માનસિક વલણ સાથે જ સંબંધ છે. બાહ્યાંગો સામે જ્યાં એને જોડવા જઇએ છીએ, એટલે તો પછી ઢોંગી, તામસિક, દ્વેષી નામ માત્રની નિવૃત્તિ અને મનની સંકુચિત દશા જ નીકળી આવે છે, માટે જ પ્રવૃત્તિ-નિવૃત્તિના ભેદ પણ કર્મઉપાસના સુધી જ રહે છે, અને તત્ત્વજ્ઞાનના પ્રદેશ અને પ્રવાહમાં તો અખો, પ્રીતમ નાનક, કબીરની વાણી, ઉપનિષદો તથા ઘણે અંશે ગીતા આ સહુનો ઉપદેશ વૃત્તિમાં જ્ઞાન ભરવાનો જ છે; અલબત્ત રાજસિક-તામસિક પ્રવૃત્તિનો ત્યાગ બધે એક સરખો સ્વીકારાએલો છે.

જેમ કૉલેજમાંથી નીકળતા વકીલો, દાક્તરો, ગ્રેજ્યુએટો, મેટ્રિકોનો રાફડો ફાટ્યો છે, અને તેમાં વ્યવહારની દૃષ્ટિએ લગભગ ૯૯ ટકા પંતુજી જેવા હોય છે,-તેવું જ અત્યારે મહાત્માઓના સંબંધમાં બન્યું છે. સ્વતંત્ર વિચાર, વર્તન અને સિદ્ધાન્તવાળા (શું નવા કે શું જૂના) બધા પુસ્તકીઆ પંતુજી જ્ઞાનવાળા મારા જેવા મહાત્માઓ-અમે પણ ખૂબ નીકળી પડયા છીએ. અમને પોષણ મળ્યા કરે છે એ તો વર્ણાશ્રમધર્મની પદ્ધતિના જૂના સંસ્કારને લીધે છે. જ્યાં સુધી એવા સંસ્કાર પ્રજામાં છે, ત્યાં સુધી અમને યોગક્ષેમની શી ફિકર ? રાજસત્તા તો અમને પોષણ આપે છે-રાજાઓને આપે છે તેમ જ !

માટે ચેતીને રહેવું, આપણે નથી થવું મહાત્મા કે નથી થવું જ્ઞાની : શુદ્ધ આત્મા સચ્ચિદાનંદ છે અને એથી અંતરમાં જે અનુભવની ઊર્મિરૂપ છે, તેના ભોક્તા થવું. બહારથી જગતના લોક જેવા આપણને જોવા હોય તેમ જુએ, કહેવું હોય તેમ કહે, આપણને અંદર નિરાંત હોય એટલે બસ. ૐ.

( ૩૦ )

તા. ૧૭-૬-'૪૦

ચિ...માટે કે કોઇ માટે જે થાય છે તે ઠીક જ થાય છે. પ્રત્યેક જીવાત્માને એની જીવનપરંપરામાં જે અનુભવની પૂર્તિ થવાની આવશ્યકતા હોય, તેવા જ સંયોગો સહેજે ગોઠવાય છે; આપણે આપણી ઇચ્છાઓ, અનુભવો, પૂર્વસંસ્કારો અને અભિપ્રાયો પ્રમાણે બીજાના જીવનમાં સંબંધયોગે ભાગ ભજવવાનો યથાસાધ્ય અને સહજ સ્વભાવે પ્રયત્ન કરીએ, તો પણ ફલ તો જેને જેવાં ભોગવવાનાં હોય, તેવા જ સંયોગો એ પ્રમાણે ગોઠવાઈ જાય છે. એટલે પુરુષ-પ્રયત્નમાં પણ ફળની-અમુક જ ફળની આશા ન રાખવી એ સિદ્ધાન્ત શાસ્ત્રોકત જણાય છે. આપણી જ વાસનાઓ, અને એ વાસનાઓમાંથી ઉદ્ભવતાં સ્વાભાવિક કર્મમાં કેવળ સુખની જ આશા રખાય એ આપણને જો આત્મનિરીક્ષણ કરતાં ન આવડે તો પ્રચંડ બંધનો ઉત્પન્ન કરે છે. આત્મજ્ઞાનની ઝાંખી, અને જગતનું થોડું પણ મિથ્યાત્વ બુદ્ધિમાં ઊતર્યું હોય તો ડગલે ને પગલે એ ઓળખાય છે, અને આપણા જ પૂર્વસંસ્કાર તેમ જ મૂર્ખતા પર આપણને હસવું આવે છે. જેને આપણે આપણું-મારું શરીર કહીએ છીએ, એની જ જ્યાં આવી વિચિત્ર, ત્રિગુણાત્મક, મિશ્ર સ્વભાવની દશા જોઈએ છીએ, ત્યાં પછી બીજાં શરીરો પણ એવાં જ હોય એમાં શું આશ્ચર્ય !?

આપણને જો આત્મા જ આપણું સચ્ચિદાનંદસ્વરૂપ છે, અને દેહ–ત્રિદેહ આપણે નથી એવું જ્ઞાન થાય, તો પછી દેહ માટે મમતા છૂટી જતાં, એનાં કર્મો માટે કશું અભિમાન કે દુઃખ થતું નથી, અને કશો આગ્રહ પણ રહેતો નથી.

બાહ્યદૃષ્ટિ તો અનાદિકાળથી ત્રિગુણાત્મક એટલે સર્જન સ્થિતિ અને સંહારવાળી લીલાની ચાલુ છે. એમાં વિરોધ હોય અને વિરોધ હોય એટલે યુદ્ધ પણ હોય તેથી આશ્ચર્ય કશુંએ નથી. નવું કશું બનતું નથી. થોડા રૂપાન્તરને જ આપણે નવું અને જૂનું નામ આપ્યા કરીએ છીએ, અને જૂનું સારું કે નવું સારું, એવા મોહમાં સુધારો કે વધારો, વધારો કે ઘટાડો, એવા પરિવર્તનના મોહમાં સુખીદુઃખી થઈએ છીએ.

છેવટે સમજણ એટલે જ્ઞાન જ બધે શાંતિ આપનારું છે. કર્મ એટલે તો યુદ્ધભૂમિ; અનાદિકાળથી એમાં ભેદવ્યવહાર અને વિરોધ રહેવાનાં અને એ ભેદવ્યવહાર અને વિરોધ એટલે જગત્‌ના ભેદભાવ.

આ તો આપણે માનવસૃષ્ટિની વાત કરી; જળચળ પ્રાણીની, જંતુઓની, પક્ષીઓની, વાયવીય અદૃષ્ટ ભૂતપ્રેતોની, અન્ય ગ્રહનક્ષત્રોની, આમ અનંત બ્રહ્માંડોની જીવમાળા અને એમની ત્રિગુણાત્મક સર્જન, સ્થિતિ અને સંહારની લીલા તપાસીએ, તો પછી આપણે એમાં કોનો પક્ષ કરવો ? કોને સુધારવા ? અને અમુક બગડ્યું છે એમ પણ કોને કહેવાય ?

આમાંથી મન પાછું ખેંચતાં આવડે એ નિવૃત્તિ; એમાં આગળ અને આગળ મન તથા શરીર જાય એ પ્રવૃત્તિ; એમાંથી બચવું હોય તો એના સ્વરૂપનો વિચાર કરવો; અસંખ્ય દૃશ્ય પદા-

થીના સ્વરૂપનો વિચાર, સ્વરૂપના વિચાર કરનારના સ્વરૂપનો વિચાર કર્યા વિના બને નહીં; તત્ત્વજ્ઞાન પણ છેવટે દ્રષ્ટાના સ્વરૂપનો વિચાર કરતાં શાંતિમાં પર્યવસાન પામે છે. અને એવા પ્રયત્નને જ નિવૃત્તિ કહે છે.

સમજાય, શાંત બેસતાં આવડે, આત્મનિશ્ચય દૃઢ રહે, પારબ્ધ-પ્રાપ્ત વ્યવહાર સિવાય બીજું કશું ન કરવાનું મન થાય, ભોગ-બુદ્ધિમાં પણ યોગબુદ્ધિ રહે, ભોગૈશ્વર્ય નહીં; પણ યોગૈશ્વર્ય જ ભોગવાય, તો જ કૈંક ગાડું ચીલે ચડે, નહિ તો પછી જે દશા થાય, તે આપણાથી ક્યાં અજાણી છે? કારણ કે ભૂતકાળની અજ્ઞાન દશામાં ભોગવાઇ ચૂકી છે.

*　　　*　　　*　　　*

દુકાળ, યુધ્ધ, મતભેદ, એ બધું ન હોય તો જગત્ સ્થિર થાય. સ્થિરતા એનો સ્વભાવ નથી, એ તો જગત્‌ના સ્વરૂપનો એક ભાગ જ છે. આપણે જોઇ કહાડવું–દ્રષ્ટા બનીને. કર્તાભોક્તા થવાનું નથી.

( ૩૧ )　　　　　　　　　　　　　　　　તા. ૪–૮–’૪૦

સંતો પોતપોતાના પ્રારબ્ધ પ્રમાણે મળી આવેલાં જિજ્ઞાસુ-ઓને જ્ઞાનલાભ આપે, એટલે એક બાજુ વ્યવહારખર્ચ અને બીજી બાજુ સંતો અને જિજ્ઞાસુઓની સાથે મમતા બંધાય તો લોકલાજના ભયથી પણ પરસ્પરના સદ્‌ભાવથી ચારિત્ર્યગઠન થાય; આવી મારી માન્યતા દૃઢ થતી જાય છે.

એમ ન થાય તો સંતો માત્ર પોતાની સગવડ પૂરતા જ

ફર્યા કરે, ઉનાળામાં કાશ્મીર કે પર્વતીય પ્રદેશમાં અને શિયાળામાં ઉષ્ણુ હવામાનમાં જાય તો દેહાધ્યાસ વધે; જિજ્ઞાસુઓના હિત માટે જરાયે તકલીફ ન વેઠે; આમ એક પ્રકારની નિઃસ્પૃહતાને બહાને દેહાધ્યાસ અને ઉદર નિમિત્ત જ પરિભ્રમણ થવા માંડે ત્યાં આત્મદર્શન કે સંતોની દયા ક્યાં રહી? પણ આ બધી વાતો રૂખરૂ.

જગત્‌ની વિચિત્રતા કોઈ કાળે બંધ થાય જ નહીં; થાય તો જગત્ શાનું? ત્રણે ગુણોનું આ ચિત્રામણ છે; પંચદશીનું ચિત્રદીપ પ્રકરણ એ બાબતમાં બહુ સુંદર લખાયેલું છે.

અને આ કલિકાળમાં આપણે સતયુગની ભાવના જેવા ઇચ્છીએ, એ આપણું અજ્ઞાન નહીં તો બીજું શું? દશ્યનો આપણુને એટલો બધો મોહ હોય છે કે જ્યાં મમતા બંધાઇ કે "અમુક વ્યકિત આમ નહિ અને આમ કેમ કરતી હશે?" એવો આપણો અહંકાર તમોગુણ દ્વારા આગ્રહ રખાવે છે. આપણે નિર્મોહ અને તટસ્થતા કેળવવાનાં છે. ઇશ્વરનું સ્વરૂપ તટસ્થ કહેવાય છે; અને તેથી જ તે મુકત છે; એવું જ આપણે અજ્ઞાનની મમતા કરતાં પણ વિશેષ પ્રેમ (આત્મીયતા) કેળવી સંબંધ રાખવા-અને પ્રયત્ન કરવા છતાં પણ દશ્યો રજસ્-તમસ્ ન છોડે તે વખતે દુઃખી ન થવું. તે જ વખતે "બ્રહ્મ સત્યં જગન્મિથ્યા"નું જ્ઞાન વાપરવાનું છે; શુષ્ક વેદાન્તીઓ જગત સાથે સંબંધ ન બાંધતાં જ જ્ઞાન વાપરે છે, અને તેથી સ્વાર્થી બને છે; પણ જ્ઞાન તો કર્મને અંતે જયારે દ્વંદ્વ આવે, સતાવે, ત્યારે દર્દની દવાની પેઠે વાપરવાનું છે. બધા અવતારો, આચાર્યો અને સંતોએ, એ જ રીતે જગતને સુધારવાનો પ્રયત્ન કરીને, પોતાનો નિર્મોહી અને નિર્લેપ ભાવ સાચવી રાખ્યો છે; શુષ્ક વેદાન્તીઓએ એમને માયામાં ફસી ગયેલા માન્યા છે; વિવેકાનંદ રજોગુણી હતા માટે આશ્રમો સ્થાપ્યા, રામ-

તીર્થ કોઇ સ્ત્રીના વિરહમાં રડતા હતા, દયાનંદ પરધર્મના દ્વેષી હતા-આવા આવા છાના આક્ષેપો કરનારા વેદાન્તીઓ ઘણા છે. જેમને વિધવાની પેઠે ખૂણામાં જ બેસી રહેવું છે, સધવાઓને જોઈને પોતાનો આંતરદ્વેષ વધારવો છે અને છૂપાં પાપ કરવાં છે-તેવાઓની દયા ખાવી અને જગત્ દંભથી ભરેલ છે એવો નિશ્ચય રાખી એમની વિસ્મૃતિ કરવાની છે. માટે પ્રારબ્ધે સંબંધ બાંધ્યો હોય ત્યાં સદ્-ભાવ વધારવો; એમના આત્મહિતમાં તન-મન-ધનનો ઉપયોગ કરવો અને એમ કરતાં એમના પૂર્વસંસ્કાર ઉન્નતિમાં આડે આવતા હોય, તો મનથી ઉપેક્ષા કરીને જ્યાં જતાં હોય ત્યાં જવા દેવાં.

આમ ન કરીએ તો આપણામાં દેહબુદ્ધિ દૃઢ થાય છે; હૃદ-યમાં ભાવભક્તિમાં શુષ્કતા અને બુદ્ધિમાં ઘૃણા, તિરસ્કાર, દ્વેષ અને અભિમાન આવે છે. ૐ.

( ૩૨ )

તા. ૨૨-૧૦-'૪૦

સંસાર ચાલ્યા કરશે; આસપાસના સંયોગો જેવા આવવાના હશે તેવા આવ્યા કરશે. અને એક કામ ઉકેલતાં બીજું ઉખેળાઇને સામે આવી પડશે;...શરીર ધારણ થયું એટલે જ સંસાર માંડ્યો, પછી તે સ્વાર્થી હોય કે પરમાર્થી; લક્ષ્યમાં સંસાર હોય કે આત્મ-જ્ઞાન; પણ કર્મ તો રહેવાનાં જ; આવે એને આવવા દેવું, ના પાડીએ તોય કાંઈ રોકાવાનું થોડું જ છે!

*　　*　　*　　*

સ્વરૂપનું ભાન રહે અને દશ્ય આપણી જ મનોજાત સૃષ્ટિ છે, તેથી છેવટે આત્મસ્વરૂપ જ છે એટલે વિક્ષેપ શા માટે થાય

-થવા દેવો? અને ગુમાવવાનું શું છે? સ્વરૂપ તો અવિનાશી, અખંડ અને નિર્વિકાર છે; એમાં કોઈ લાભહાનિ કરી શકે એમ નથી; ભય છે જ નહિ એમ ઓળખીને રહેવા માંડીએ એટલે મોટી નિરાંત.

નગારાં સંસારનાં વાગે એની સામે બમણા જોરથી આત્મ-ભાવનાં રણશીંગાં વાગે એટલે એ મોટા શોરબકોરમાં નાનો અવાજ દબાઈ જાય; બાકી અવાજને શાંત કરવાનો કે બંધ કરવાનો માર્ગ શોધવો એ જ અજ્ઞાન છે.

માયા એટલે જ નિઃસાર અને તેથી જ એ એક મોટું મીંડું; મીંડું એટલે જ શૂન્ય; શૂન્ય એટલે બિન્દુનો વિસ્તાર, બિન્દુ શાન્ત થાય એટલે નિરાકાર.

મન મોટું મીંડું; અને બિન્દુ જેવડું—અણુ જેવડું મન ફેલાય—પાણી પર તેલ ફેલાય તેમ—ત્યારે બ્રહ્માંડ જેવડું બને; એ પોતે શાંત થાય ત્યારે નિરાકાર.

એક જ વાત; પોતાને નિર્વિકાર, નિરાકાર માનો અને બિન્દુને પરપોટો સમજી ફોડી નાંખો; એટલે શાન્તિ ૐ

(૩૩) તા. ૨૩-૧૧-'૪૦

આ માયાના ક્ષેત્રમાં પણ પેટ જ કારણ છે એમ નથી લાગતું? માયાનું પેટ એવું અગમ્ય, અગોચર, અવર્ણનીય, આશ્ચર્યકારક છે કે જાણે બ્રહ્મનું બીજું વર્ણન સાંભળી લ્યો; યોગ-વાસિષ્ઠમાં તો એક એવો શ્લો છેક કે

न जायते न म्रियते क्वचित् किंचित् कदाचन ।
जगद् विवर्तरूपेण केवलं ब्रह्म जृम्भते ॥

અર્થ-કોઈ પણ, કાંઈ પણ, કદી પણ જન્મતું કે મરતું નથી, કેવળ બ્રહ્મ જ વિતર્તરૂપે જગત્ જેવું સ્ફૂરે છે.

વિવર્ત પછી પરિવર્તન થતાં પંચતત્ત્વ, પચીસ તત્ત્વ, જડ, ચૈતન્ય, મનુષ્ય, પ્રાણી, પક્ષી, પશુ કે ખનિજવર્ગો, ગ્રહનક્ષત્ર વગેરે જ્યોતિમંડળ રૂપે ભાસમાન થતું બધું માત્ર એક જ બ્રહ્મતત્ત્વ છે; અને એ બ્રહ્મ-આપણે પોતે સચ્ચિદાનંદ સ્વભાવરૂપે છીએ છતાં એનાં વિસ્મરણ જેવું અજ્ઞાન થયું કે આપણા કરતાં બીજું બધું કાં તો લાગે સચ્ચિદાનંદ, અથવા અસત્ જડ અને દુઃખમય લાગે. કાયડો તો ટૂંકો ને ટચ છે, પણ અનેક જન્મના અવિદ્યા (અજ્ઞાન)ના સંસ્કાર એટલા બધા દૃઢ હોય છે કે આ નવા સંસ્કાર કેળવવામાં ખૂબ અઘરું લાગે એમ છે; જૂના ધોવા ને નવા ચડાવવામાં બન્ને વિરોધી બળ રહ્યાં; અને હમેશાં જૂના સંસ્કાર બહુ પ્રબળ હોય છે; એટલે પ્રખર પ્રયત્નની એમાં આવશ્યકતા રહે છે:

એક વાતની અખંડ અને અચળ શ્રદ્ધા રાખવાની છે, તે એ કે પંથે પડ્યાં છીએ, હવે વાટ કપાય છે ને કોઈ દહાડો પણ અંત આવશે.

(૩૪) તા. ૧૬-૧૨-'૪૦

* * * *

તમારા પહેલાંના એક કાગળમાં તમને તાવ આવે છે એવા સમાચાર હતા, એ મહેમાન તો હવે ગયા હશે એમ માનું છું.

વ્યાધિરૂપી મહેમાનોની સેવામાં તો ઘણીવાર આખા ઘરને એમની આગતાસ્વાગતા કરવામાં રોકાઈ રહેવું પડે છે. કેટલીયે વાર તો એવા હઠીલા અને મિજાજી મહેમાનો ( રોગો ) આવે છે કે જરા બેદરકારી થઈ તો ભયંકર કોપ કરે છે.

હશે; જે આવે તેને આવવા દેવા, કોઇનું રોક્યું ઢોર કે માણસ પણ નથી રોકાતું કે દોરાતું, તો આ અદૃષ્ટ મહેમાનો શાના રોકાય ? એમનેય જવું હોય ત્યારે જ જાય છે; મહેમાનને જેમ જાઓ ન કહેવાય, તેમ આમને પણ જાય એમ મનમાં તો હોય-પણ એવું માનવા-બોલવાથી પણ એ કાંઈ સ્વતંત્ર મિજાજના ઓછા જ ચાલ્યા જવાના છે ? જાણે મુદત બાંધીને જ આવ્યા હોય, તેમ એમને જવું હોય, ત્યારે કોઇ સાધારણ દવારૂપી સત્કાર પામીને જ ચાલ્યા જાય છે, ને નથી જવું હોતું ત્યારે ખજાનો ખાલી થાય, એવી કિંમતની દવાઓ લેતાં પણ જતા નથી.

આમ બધે સ્વતંત્રતા છે; જીવાત્મા પણ અજ્ઞાન પોતાની ઈચ્છાથી જ રાખી મૂકે છે, એટલે એ પણ સ્વતંત્ર જ છે; અજ્ઞાનની સ્વતંત્રતામાંથી થાકે ત્યારે જ્ઞાનની સ્વતંત્રતામાં આવે; આમ બંધ અને મોક્ષ બન્ને ચિત્તની સાપેક્ષ દશાઓ છે; બન્નેય હેઠી મૂકીને અખો કહે છે તેમ-

" હું હાર્યો હરિરાય, તું જીત્યો છે ત્રિકમા "-એટલે હુંપણું હાર્યું અને પરમાત્મામાં ભળ્યું; હું ગયો અને પરમાત્મા રહ્યો; એટલે પરમાત્મા જ જીત્યો; આવી સાચી સ્થિતિ એકમાત્ર અદ્વિતીય, અખંડ, સચ્ચિદાનંદની છે; આપણે આપણી સ્વતંત્રતા પ્રમાણે રહીએ છીએ. એમાં આનંદ આવે છે માટે રહીએ છીએ; ક્યાં કોઇનાં ધકેલ્ય ાં આવ્યાં છીએ ? એટલે આનંદ આવે તેમાં અને આનંદ આવે અને શરીર જીવે ત્યાં સુધી - જ્ઞાન કે અજ્ઞાન બન્નેથી પાર સ્વરૂપમાં રહેવું છે. ૐ

(૩૫)

તા. ૮-૩-'૪૧.

*  *  *  *

વેદાન્તના તાર્કિક સિદ્ધાન્તો બહુ ઊંચા છે; જો સાચી સમજણ મેળવીને મનને સાધી શકાય તો ખરેખર આનંદ છે;

સમસ્ત દ્વૈત પ્રપંચનું કે વિશ્વનું મૂળ કારણ માયા છે, થોડું એ વિષે લખું છું. જે બ્રહ્મની છાયા જેવી છે, જે બ્રહ્મનું સ્વરૂપ એ જ વિશ્વનું સ્વરૂપ ખરું પણ નામરૂપનો બાધ કર્યા પછી. આપણે પિંડમાં જેમ એના સ્વરૂપનું-એટલે કે આત્માનું જ ચિંતન-અનુભવ કરીએ, તેમ વિશ્વનું અધિષ્ઠાન બ્રહ્મ-એટલે એનું સ્વરૂપ પણ બ્રહ્મ છે. એ રીતે ઉભયપક્ષે સંસારનું સ્વરૂપ બ્રહ્મ-આપણું સ્વરૂપ બ્રહ્મ, આવી દૃષ્ટિ દૃઢ થાય, તો આ દેહ પ્રારબ્ધનાં દ્વંદ્વ ભોગવે એમાં આપણને અસંતોષ કે શોકમોહ ક્યાંથી રહે ? સમય બહુ વિપરીત છે એમ ફરિયાદ પણ ક્યાં સુધી કર્યા કરવી ? સંસારમાં ધારી અનુકૂળતા ક્યાં કોઇ સમયે, કોઈને, કોઇ પણ રીતે સાંપડી છે ખરી ? આપણા જ અનુભવોનો તાળો મેળવીને સંતોષ લેવો જોઈએ. આપણા જેવા જ જીવાત્માઓ ભૂતકાળમાં થયા છે કે નહિ, તે જોવા પુરાણો (જૂના ગ્રંથો) જોવાં જોઇએ; અવતારમાં ગણાતા રામ, કૃષ્ણને ઘેર પણ કલેશ, કંકાસ અને કુસંપ હતાં; તેમ જ સંપ, સલાહ અને શાંતિ પણ હતાં; અત્યારે આપણે ત્યાં પણ બન્ને છે; અને બન્ને ભવિષ્યમાં પણ રહેશે; ત્યારે હવે ઇચ્છા કઇ જાતની કરવી એ જ મોટો પ્રશ્ન છે. ઇશ્વરની ઈચ્છા જ જો દ્વંદ્વ રાખવાની-એ દ્વંદ્વને સર્વવ્યાપી અને સર્વકાળ રાખવાની છે, તો આપણે સ્વરૂપે ઈશ્વરથી અભિન્ન છીએ કે ઇશ્વરના જ અંશ છીએ

એ દૃષ્ટિએ પણ એમાં જ સંતોષ રાખી નિર્લેપ રહેતાં શીખવાનું છે. જન્મમરણનો કે એવો બીજો જૂનો આળસુ વૈરાગ્યનો વિચાર કરીએ, તો પણ અનુભવ આપણને એમ કહે છે કે એ તો એમ જ ચાલવાનું; અને ચાલ્યા જ કરવાના સ્વભાવવાળું એ દૃશ્ય એટલે સંસાર. આપણે સ્થિર- એવા ને એવા નિત્ય દ્રષ્ટા- તો પછી ઇશ્વરની પેઠે શા માટે દ્રષ્ટા ન રહેવું ? શા માટે કર્તા-ભોક્તાની માનસિક કલ્પના વડે ઉપાડી લેવાતો દ્વંદ્વનો ગાંસડો માથે ચડાવવો ? આમ વિચાર વિના શાંતિ નથી સંભવતી; વ્યવહાર તો દેહ છે એટલે રહેવાનો; માત્ર આપણે સમત્વનું બળ કેળવવાનું છે. આવું આત્મભાન રહે, નિર્લેપ રહેવાય, એવા વિચારનો જ અભ્યાસ કરવાનો છે.

વસિષ્ઠજી એ જ કહ્યા કરે છે કે આત્મવિચાર કેળવો એ વિના શાંતિ નથી. એક ઠેકાણે કહે કે હે રામ ! જ્ઞાનનું કારણ શિષ્યની પ્રજ્ઞાબુદ્ધિ જ છે. ગુરુ અને શાસ્ત્ર તો અકારણ કારણ છે; કહીને દૂર રહે.

એટલે આપણી પ્રજ્ઞા જ આપણને કામ લાગે. અને એ પ્રજ્ઞા આત્મવિચારથી કેળવાય, વધે અને દૃઢ થાય.

( ૩૬ ) તા. ૯-૪-'૪૧

સામાન્ય લોકસમૂહના કરતાં આપણું મંડળ જુદું, સ્વતંત્ર શાસ્ત્રવિચાર કરવાવાળું છે અને એ મંડળ તત્ત્વવિચાર કરતાં પહેલાં ચારિત્રશુદ્ધિ ઉપર ભાર મૂકે એવું છે. તત્ત્વજ્ઞાન વાણીનો, કથાનો કે નવરા બેસી વેદાન્તની યુક્તિઓ ગોખવાનો કે કહી સંભળાવવાનો

વિષય નથી; એ મુદ્દો આપણે તો લક્ષ્યમાં રાખવાનો છે. અને તેથી જ શ્રી રામતીર્થનું નામ આગળ ધર્યું.

ઉત્થાનના સંચાલનમાં પરિશ્રમ મને પડશે એ હું જાણું છું; પણ તમે ધારો છો એટલો નહીં પડે; વર્ષ છ મહિના મહેનત પડશે, પછી તો ગાડું પાટા પર ચડી જશે એમ આશા રાખી શકાય છે. હજુ સુધી તો ચિહ્નો સારાં જણાય છે અને ખોટ પણ નહીં જાય એવી ગણત્રી છે; પછી તો બધું ઈશ્વરના હાથમાં છે. આપણે તો શ્રધ્ધાથી થાય એટલું કામ કરવાનું છે.

( ૩૭ )

તા. ૨૫-૯-'૪૧

જેમ ચાલવાનું હશે તેમ જગતનું ચક્ર ચાલશે, આપણી ઈચ્છાએ બંધ પડવાનું કે બદલાવાનું નથી. બદલવાની તો આપણી આંતરિક સાંસારિક દૃષ્ટિ છે. એક તત્ત્વનો બધો વિલાસ છે. ગુણકલ્પના પણ મનોમન્થન છે; એવું સમજાય અને કારણ હોય તે જ કાર્ય હોય, એવો નિશ્ચય કેળવ્યા વિના ક્યાં છૂટકો છે?

સુખેથી રહેવું; કર્મની કુશી કિંમત નથી. એ તો પ્રાણ અને મનની ચંચળતા માત્ર છે; દ્વૈતદષ્ટિ, મિથ્યા ભોગબુદ્ધિ અને અહંબુદ્ધિ આ સત્ય મનાવે છે અને ત્રાસ આપે છે, બાકી એક અખંડ સત્તાના આ બધા તરંગ માત્ર છે. મનની ચંચળતાનો પ્રતિભાસ માત્ર છે.

( ૩૮ )

તા. ૨૪-૧૧-'૪૧

જ્યારે જ્યાં જવાય ત્યાં ખરું અને સંયોગો બદલાય

તેમાં મન બદલાય પણ સાથી ક્યાં બદલાય છે?

બ્રહ્માંડની અંતર્ગત અનેક પરિવર્તનો થયા કરે છે; જીવાત્માઓનાં આવાગમન ચાલુ રહે છે અને અણુઓ લડે-રમે છે; તેમાં આપણને શું? આવી ભાવના સાક્ષીભાવે દૃઢ કરવી જોઈએ. આપણે પોતે જ શાસ્ત્રમાં શ્રધ્ધા રાખીને કરવી પડશે અને તો જ નિત્ય શાંતિનું ભોક્તા અંતઃકરણ બનશે.

કશા હર્ષ-વિષાદની વરાળને મનમાં ન આવવા દેવી. ગીતાજયંતી થવા દો. એ ગીતાજયંતી થાય છે કે વ્યકિતજયંતી થાય છે કે કોઇ ઉજવનારના અહંકારની જયંતીઓ ઉજવાય છે એ કોણ જાણે?

પિતૃયાન, દેવયાન જેવા તો માર્ગ કે અમાર્ગની વાત જ ન કરવી. આવાગમનની શંકા હોય તે માર્ગ પૂછે; આપણે તો તત્ત્વમાં નિષ્ઠાવાન રહીએ પછી આવાગમન ક્યાં? એ નિષ્ઠા દૃઢ-પકવ થવી જ જોઇએ. બીજાને જ્યાં શાંતિ શોધવી હોય ત્યાં શોધે આપણે સ્વરૂપે રહેવાનું છે. જીવભાવમાંથી બ્રહ્મભાવમાં આવવાના સાધનાના સમયમાં વ્યવહારનું ભાન બાધક છે. એનું પણ વિસ્મરણ કરીને આત્માનું ભાન જ્ઞાન કેળવીને બ્રહ્મના સ્વભાવમાં, સાચા અધ્યાત્મવિદ્યાના સંસ્કારમાં અંતઃકરણને રાખવાનું છે. આપણો પુરુષાર્થ તો સૌથી અજ્ઞાત, બુદ્ધિના પ્રદેશનો અને સ્વસંવેદ્ય છે એટલે બાહ્ય પ્રમાણોની એને જરૂર જ નહીં. અજ્ઞાનીઓનાં પ્રમાણોની આપણે શા માટે વાસના રાખવી?

( ૩૯ ) તા. ૧-૨-'૪૨

........દીક્ષાનો વાસ્તવિક અર્થ તો બોધ થાય છે;

આંતરપ્રેરણાથી તેમ જ આંતરપ્રેરણાના પ્રતિધ્વનિ રૂપે કોઇ સંત પાસેથી જે તત્ત્વબોધના શબ્દ મળે તે દીક્ષા જ છે.

ગુરુભકિત, ગુરુઉપાસના કે ગુરુપૂજાને શાસ્ત્રોમાં ઇશ્વરભકિત જેટલું જ મહત્ત્વ આપ્યું છે એ સાચી વાત છે અને ઉપયોગિતા પણ છે, છતાં એમાં રહસ્ય એટલું જ છે કે જે જીવાત્મા દેહને પૃથક સમજીને આત્માને તત્ત્વ સ્વરૂપે ન સમજી શકે તેને કોઇ બાહ્ય વ્યકિતમાં બ્રહ્મભાવ કરવો પડે છે. આ સિદ્ધાંતનો અતિરેક થતો હશે; સાચી સાધનાના અભાવે ઇશ્વરદર્શનનું ફળ ન મળતું હોય તો મનુષ્ય દાસભાવ કેળવી, પામર બની, કોઇ એક જ મૂર્તિમાં ઇશ્વરદર્શન કરી એમાં જ મુગ્ધ થઇ, બીજે બધે દ્વેષનું પોષણ કરે છે.

વૈરાગ્યનો જે અર્થ અત્યારે કેવળ દોષદૃષ્ટિમાં જ સમાઇ જાય છે તેવો નથી. વૈરાગ્યમાંથી જો વિશુદ્ધ આત્મસ્મૃતિ કે ઇશ્વરસ્મૃતિ-રૂપી ભકિત ન કેળવાય તો એ વૈરાગ્ય શુષ્ક દ્વેષથી ભરેલો રહે છે. આગળ જતાં બ્રહ્મના વિવર્ત જેવા ઇશ્વરસ્વરૂપ વિશ્વનો તિરસ્કાર જ શીખવે છે. વસ્તુતઃ એવું ન થવું જોઇએ.

શાસ્ત્રનો સાચો ઉદ્દેશ સંસારને ભુલાવવાનો છે. સમસ્ત દ્વૈત મનઃકલ્પિત માયા છે. એ દ્વૈતને વિસારી કેવળ આત્મભાન ત્યારે જ થાય કે જયારે બધામાં એક જ અનુભવાય અને ત્રિગુણાત્મક દોષદૃષ્ટિ વિસારે પડે.

સાધનામાં જેટલી તિતિક્ષાની જરૂર છે તેટલી જ સમાધાનની છે. સમાધાનનો વાસ્તવિક અર્થ થાય છે ચિત્તની સમતા. સમાન તો કેવળ બ્રહ્મ જ છે. બ્રહ્મ જેમ પોતાનામાંથી વિવર્તરૂપે અનેક બ્રહ્માંડો ઉત્પન્ન કર્યા છતાં પણ પોતાને વિસરતું નથી, તેમ આપણે ચિત્તને એવી સમાધાનની વૃત્તિમાં રાખવું કે ગમે તેવો વ્યવહાર થાય તો પણ ચિત્તમાં એની અસર ન રહી જાય.

જ્ઞાનના ધોબીને ઠીક રાખવો. મનનાં કપડાં ધોયા જ કરે. એને સાબુ આપવો. સાધનની ખોટ ન પડવા દેવી, એમ કરતાં કરતાં મન એવું નિર્મળ થાય છે કે પછી કશી ચિન્તા રહેતી નથી. વ્યવહારમાં જયાં જયાંથી વિક્ષેપ આવતો હોય તેને ઈશ્વરની લીલા કે મનની માયા સમજીને ભૂલતાં શીખવું. એ ભૂલવામાં સૌથી બળવાન નામસ્મરણ-જપ છે.

( ૪૦ ) તા. ૨૮-૫-'૪૨

જયાં સુધી આપણે સહજ અવસ્થા સામાન્ય ભાવ-આત્મભાવથી રહેતાં ન શીખીએ, ત્યાં સુધી પુણ્યતિથિઓ, પર્વો વગેરે દ્વારા વિશેષ આત્મભાવમાં રહેવું જોઇએ. એ દૃષ્ટિએ આવા વિશેષ પ્રસંગો પણ કંઈ કંઇ નવાં રોકાણ માગે છે.

પત્ર ન લખવામાં આળસ કે પ્રમાદ નહીં પણ વખતનો અભાવ કારણ હતું.

આત્મજ્ઞાન કે આત્માનુભવ પુસ્તકમાંથી કે ઉપદેશમાંથીએ કેટલું અને કયાં સુધી મળ્યા કરે ? અગ્નિનો નાનો તણખો પણ આખું જંગલ બાળી મૂકે-જો એને અનુકૂળ હવા મળે તો; તેવી જ રીતે પ્રથમ-એકવાર એકાદ જ્ઞાનતણખો અંતરમાં ઊતરે અને એ તણખો-આત્માકારવૃત્તિ ઉપજાવે, તો બીજી અસંખ્ય અનાત્માકાર વૃત્તિને બાળી મૂકવા સમર્થ થાય.

ફગાવવું છે કર્તૃત્વ, કર્મ નહીં; દેહબુદ્ધિ બાળવી છે, આત્માનું સાત્વિક અહંભાન નહીં, કર્મ કેવી રીતે આપણા સ્વરૂપને બગાડે ? એનાથી વૃત્તિમાં વિકાર ન જ થવો જોઇએ.

આત્માકાર વૃત્તિથી બીજી અન્યથા-મિથ્યાવૃત્તિને શમાવો એટલે આનંદ.

(૪૧)

તા. ૨૭-૮-'૪૨

જગતમાં અશાંતિ તો કદાચ વધે; ભૂતકાળમાં ૧૫૦-૨૦૦ વર્ષ શાંતિ ભોગવી અને એ મૂર્ખતાની શાંતિ ભોગવી છે, એટલે હવે સજ્ઞાન અને સભાન શાંતિ મેળવવા માટે આળસ છોડ્યું છે, તેમાં અશાંતિ લાગે છે; ઇશ્વર ઇશ્વરનું કાર્ય કર્યે જાય છે, અને એ તો પોતાની રીતે જ કરશે. ઑપરેશન કરાવવું અને દર્દ ભોગવવું નથી એ કેમ ચાલે? ઇશ્વર પાસે કશું ક્લોરોફૉર્મ જેવું સાધન હોય એમ આપણે ઇચ્છીએ છીએ, પણ એ ઇશ્વર છે, માણસ નથી, એટલો જ એમાં ફેર છે: જ્ઞાનપૂર્વક જ એ બધી ક્રિયા કરે છે; આપણે ઇશ્વરની દૃષ્ટિ, એની સાથે અભેદ થઈને કેળવીએ તો કશી અશાંતિ નથી; યુદ્ધનો ભય તો નિરર્થક છે. દૈવી સંપદના ક્રમમાં ગીતામાં પહેલું સાધન અભય બતાવ્યું છે. એ તો હરકોઇ ભોગે કેળવવું જોઈએ. એ વિના એ માર્ગે ચ્હડાય જ નહીં.

(૪૨)

તા. ૨૭-૯-'૪૨

કાળભગવાન પણ ત્રિગુણાત્મક છે. હમણાં રુદ્રનો આરો હોય તો પણ આપણે ગભરાવાનું નથી. અને જે થાય છે તેમાં ઇશ્વરનો સંકેત તો શુભ જ હોય છે, તેથી ચિંતા કરવી વ્યર્થ છે; સૌએ પોતપોતાનો મનમાન્યો પ્રયત્ન કર્યા કરવાનો છે-અને જાણેઅજાણે પ્રકૃતિને પરવશ એવાં માનવપ્રાણી કર્મો કર્યે જ જાય છે. અનાદિકાળથી ચાલી આવેલી માનવપરંપરા હજુ પણ ઇતિહાસમાંથી

એટલું નથી શીખતી કે સત્તાની ભૂખ હંમેશાં અતૃપ્ત રહી છે, વ્યકિતગત તૃપ્તિ થાય, પણ સમષ્ટિગત તૃપ્તિ કોઇ કાળે ન થાય: કારણ કે બ્રહ્મ એક અને અદ્વિતીય છે, એટલે જીવ પણ એક જ છે; એ જીવ પોતાનું સ્વરૂપ ઓળખે એટલે તૃપ્તિ થાય અને સમાજ, સમષ્ટિ એવા ભેદ કે નાનાત્વનો નાશ થાય.

જ્ઞાનદષ્ટિ રાખવી અઘરી છે, પણ એ રાખ્યા કે કેળવ્યા વગર તૃપ્તિ કે શાંતિ કયાં? મન દ્વૈતભાવ ઊભા કરે કે તરત જ એને ડાંભી દેવા એ જ પરમ પુરુષાર્થ છે; ધ્યાન, પૂજા, પાઠ, શ્રવણ, મનન વગેરે એ વિના નકામાં છે. લક્ષ્ય ચૂકવું નહિ; વૈરાગ્યનો અર્થ કંટાળો ન કરવો; એમાંથી સાત્ત્વિક પ્રસન્નતા ચિત્તમાં ઊભરાય એવી વૃત્તિ કેળવવી.

(૪૩) તા. ૨૧-૧-'૪૩

વર્તમાન યુધ્ધ સમય મુમુક્ષુ-જિજ્ઞાસુને તો બહુ જ ઉપકારક છે. વિરોધી દ્વંદ્વો બહુ ઝડપથી, પ્રચંડ આકારમાં ચિત્તની દીવાલ પર અથડાય છે. એ ને એ ભીંત જો જ્ઞાનતત્ત્વથી પાકે પાયે ચણી હોય તો કશી ઇજા આવે એમ નથી. વૈરાગ્ય ( અનાસકિત )-અને વાસનાક્ષયનો પાયો છે તત્ત્વજ્ઞાનની દીવાલ. ભકિત, પછી તે દેવ-દેવતાની, ઈશ્વરની કે ગુરુની હોય-તે એનું બળ છે; એટલું સમજીને એનું ચણતર કરી રાખ્યું હોય તો આવા સંયોગોમાં તો આત્માનંદ લૂંટવાની ઊલટી મઝા આવે છે.

દ્વંદ્વોનો આઘાત વૈરાગ્યમાં બળ પૂરે; મમતાની ભસ્મ બનીને ઇંટચૂનાનું કામ થાય ને એના ઉપર ભકિતનું પાણી એટલું રેડાય કે સીમેન્ટ પાકો જ થતો જાય.

અને આથી વિશેષ શું ? કશુંયે નહીં; લક્ષ્ય ન ચૂકાય એટલે નિરાંત.

(૪૪) તા. ૨૧-૪-'૪૩

બન્ને જણના પત્રો મળ્યા. શ્રી......ને આનંદ આવે છે, એ માર્ગે સંતોષ મળતો જાય છે, રુચિ વધે છે એથી તમને તો ખૂબ જ આનંદ થતો હશે અને એમને થાય એથી–જાણે મને પણ કંઈક કંઈક સંતોષ થાય છે.

અત્યારનો સમય તો જાણે એવો છે કે જેમ ઉંટવૈદો ઘેરઘેર છે, તેમ ગુરુઓ–અમારા જેવા ગલીએ--બ્રહ્મજ્ઞાન વેચીએ છીએ, બ્રહ્મનાં વર્ણન કરીએ છીએ–બ્રહ્મને શાકવાળાની જેમ ટોપલામાં ભરીને વેચવાની ફેરી કરીએ છીએ. એવા જમાનામાં ખૂબ સાવચેત રહેવા જેવું છે.

યોગવાસિષ્ઠ તો અદ્દભુત ગ્રંથ છે. ભાવનગરવાળાનો પત્ર આવી ગયો. સંબંધ–પ્રસંગ યોગ્ય લાગે એટલો વધારવો. વિક્ષેપ થાય ત્યાંથી કાપવું. બાકી તમારા કરતાં એ ઉંમરે નાના; મારા તમે ઘણા લાંબા વખતથી પરિચિત–એ દૃષ્ટિએ તમારા તરફ પક્ષપાતવાળી ભક્તિ થાય તેમાં નવાઈ શી ? અને એવા કોઈને તમારા તરફથી લાભ થતો હોય તો ખોટું શું ?

શ્રી......ભાઇ તો તમારાં જ ગુણગાન ગાયા કરે છે. યોગવાસિષ્ઠમાં ચૂડાલાનું અને ત્રિપુરારહસ્યમાં હેમલેખાનું આખ્યાન વાંચશે ત્યારે એમના સ્વભાવ પ્રમાણે ખૂબ તમારી ગમ્મત કરશે. મૂળે આનંદી ! નીતિનો વ્યવહાર, ચોક્કસ કામકાજ, એ બધું વ્યવસ્થિત જીવન હવે આમાં બહુ સુંદર પરિણામ લાવશે.

* * * *

ખૂબ આનંદસ્વરૂપે રહેવું. ધ્યાન અને વ્યવહારને વિરોધ છે; કારણ કે એ બન્ને કર્મ છે. જ્ઞાન અને વ્યવહારને વિરોધ નથી. કારણ કે જ્ઞાન આંતરિક મનોભાવ છે ત્યારે વ્યવહાર બહારનાં કામકાજ છે. ભાવ સાચવીને કામ થઇ શકે છે. વાત ખૂબ લક્ષ્યમાં રાખવા જેવી છે. દિવસનો અમુક શાંત વખત તો ધ્યાનમાં ગાળવો.

( ૪૫ ) તા. ૨૧-૪-'૪૩

પત્ર મળ્યો; આશ્ચર્ય સાથે વાંચ્યો. મને શ્રી પરમતત્ત્વ સ્વરૂપ ગુરુદેવની શક્તિ ઉપર શ્રદ્ધા વધી. જે માર્ગે આમ તત્પરતાપૂર્વક વધવા માંડયા છો અને તે કેવલ દેખાદેખી, જડ શ્રદ્ધાથી નહિ, પણ સાચી કસેલી શ્રદ્ધાથી, તેથી તે માર્ગે એવો વેગ વધે, આત્મતૃપ્તિ અનુભવાય એ સ્વાભાવિક છે. લગભગ ઘણા મંદ સાધકોને થાય છે તેવી ચંચળતા અને વિક્ષેપ એમાં ન આવે એટલી સાવધાનતા રાખવી જોઇએ.

જીવનમાં શુભ પરિવર્તન ઘણીવાર અકસ્માત્ થાય છે. ક્યારે કોનામાં શુભ સંસ્કાર પ્રકટી આવે એ ઈશ્વર જ જાણે. એ બધું આપણી અંદર અવ્યક્ત છેઃ એ વ્યકત થાય એમાં કશું આશ્ચર્ય નથી; અર્થ-ધર્મ-કામ અને મોક્ષમાંથી જો ધર્મનો ( નીતિનો ) પાયો હોય તો અર્થ અને કામ મોક્ષના માર્ગમાં વિઘ્ન ન નાખતાં સહાયક બને છે. તમારા જીવનમાં એમ જ બને છે; એકલક્ષી, નીતિમય વ્યવહાર રાખ્યો, એનું આ સુંદર પરિણામ.

યોગવાસિષ્ઠ રામાયણ તો મહામૂલો ગ્રન્થ છે. જેણે લખ્યો હોય તેણે, પણ છે અદ્‌ભુત. એ વાણી પ્રાસાદિક-એટલે કે કોઇ અનુભવીના આત્માના પ્રસાદ (પ્રસાદ એટલે આત્માની પ્રસન્નતા)-માંથી ઝરી છે. અસ્તુ !

ધ્યાનમાં જે રાજયોગ ( એટલે આસન-પ્રાણાયામ જે હઠ-યોગનાં અંગો છે, તેને છોડીને શરૂઆત કરવી ) છે તેની શરૂઆત કરવી હોય તેમાં મનને પકડવાનું છે; મન દ્વારા ૐનો જપ– ૐ જ બ્રહ્મનું શબ્દસ્વરૂપ છે એ અર્થભાવના અને એનો જપ કરતાં મનને એકાગ્ર કરવું એ ધ્યાન, આવી રીતે એની હૃદયમાં પ્રતિષ્ઠા થઇ શકે છે.

ધ્યાન માટે સાત–આઠ ફૂટની પથારી પર બેસવું; મનમાં ખરી વૈરાગ્ય અને ભકિતભરી આર્દ્રતાથી ૐનો જપ શરૂ કરવો; ભક્તિના ભાવ આવવા માંડે ત્યારે શરીરને પડી જવાનું ઠીક લાગે તો પડવા દેવું. અક્કડ બેસાડી રાખવાથી પગને ખાલી ચડવાનો ભય રહે છે. પડયાં પડયાં જપ તથા આત્માનો વિશુધ્ધ આનંદ જે અંદરથી સ્ફુરી સ્ફુરીને અનુભવમાં આવવા માંડશે તેમાં મનને તદાકાર કરવું. આવી સ્થિતિ જેટલો વખત રહે તેટલી રહેવા દેવી. આત્મા સર્વવ્યાપક હોવા છતાં પણ આપણે એના આનંદસરોવર અને આપણા અંતઃકરણ વચ્ચે–આપણા જ ભેદજ્ઞાનથી લોખંડી દીવાલ ચણી લીધી છે. શાસ્ત્રમાં એને આવરણ કહે છે. એ તોડવાનો ઉપાય છે, બ્રહ્મસ્વરૂપ પ્રતિ અપ્રતિમ પ્રેમભક્તિ. એ બ્રહ્મ સર્વ વ્યાપક છે એવો અનુભવ કરવા માટે પ્રથમ કોઈ એક સંતમાં બ્રહ્મભાવના કરી, એના પ્રતિ નમ્ર-વિનમ્રભાવે અંતઃકરણના સમસ્ત સાંસારિક સ્નેહને એકઠો કરી વાળવો, એટલે એ ભકિતના પ્રવાહથી પહેલું આવરણ તૂટે અને એમાંથી જે 'નિજાનન્દ વહેવા માંડે તેનો અંતરમાં અનુભવ થાય, એ વિશુદ્ધ નિર્વિષયી આનંદ છે.

સવાર–રાત નિયમિતતા સચવાય છે એ બહુ ઉપયોગી થઇ પડશે. વ્યવહાર કરતાં કરતાં દોષદષ્ટિ આપણા લોકોની બહુ વધી જાય છે. અમે ભગવાવાળા પણ એમાંથી બચેલા નથી, માટે સાવ-ચેતીથી રહેવું. દંભ જો વેપારમાં, લોકસેવામાં હોય તો અમારા

ધર્મના ઉપદેશો આપનારામાં ન હોય એ કેમ સંભવે ? માટે એ બધાની વિસ્મૃતિ કરવી. સંસારની વિસ્મૃતિ થાય છે આત્માની સ્મૃતિથી; આત્માની ભાવના (અર્થ) ૐમાં ભરવા માટે એનું અખંડ આંતરિક રટણ રાખવું બહુ હિતકારી છે. રામતીર્થના જીવનનું-સાધનાનું રહસ્ય જે કાંઇ હોય તો તે જ છે. નવમા વર્ષથી ૩૨મા વર્ષ સુધી અખંડ ૐનું રટણ.

પ્રાણ તરફ બહુ લક્ષ્ય ન રાખવું; લક્ષ્ય રાખવું આનંદ તરફ. પણ એમાં બહુ ઊભરો આવે તેને અંદર જ દબાવી દેવો, કંગાલને ધન મળે ત્યારે જો બહાર વેડફી નાંખે તો પાછો કંગાલ જ થાય; તેમ જો સાધક શરૂઆતમાં આત્માનંદને બહાર પ્રદર્શિત કરે તો વેડફાઇ જાય છે. એના કરતાં એ આવેશને-ભકિતના ઉદ્રેકને અંદર શમાવી દે તો સ્થાયી આનંદ બને છે. આપણે "ભગત" નથી થવું. વેવલાપણું તો આવવું જ ન જોઇએ.

હવે તો રસ્તે છો ! વાચન, મનન અને ધ્યાન, જપ, એ બહુ ઉપકારી જલદી નીવડશે. શ્રદ્ધા મોટી વસ્તુ છે. આખું જગત ભાવનાનું બનેલું છે; જેવી જેની ભાવના તેવો તે બને ! તો શા માટે બ્રહ્મભાવના ન કરવી ?

(૪૬) તા. ૨૫-૮-'૪૩

* * * *

વ્યવહારમાં આપણને કર્તવ્યના નિશ્ચયમાંથી ચલિત કરનાર જેમ આંતરિક બુદ્ધિ કારણ હોય છે તેવું જ આત્મવિષયમાં છે. ચલિત થવાનાં કારણોમાં:

(૧) ધ્યેયમાં શંકા.

(૨) સાધનમાં શંકા.

(૧) આ બે વસ્તુનું જો નિરાકરણ થઇ જાય તો પછી વાંધો નથી આવતો; ધ્યેય માટે તો રામતીર્થ-વિવેકાનંદનાં પુસ્તકો, ઉપનિષદ્-ગીતા-પંચદશી, યોગવાસિષ્ઠ, વ. માંથી નિશ્ચય થાય કે ધ્યેય તો એક, અદ્વિતીય પરમ તત્ત્વ છે અને એ સર્વવ્યાપક, સર્વજ્ઞ છે તેથી આપણું સ્વરૂપ પણ એ જ હોવું જોઇએ.

(૨) એના સાધન માટે પણ ચોખ્ખું સમજાય એવું છે કે જેવું મન-તેવું સાધન, મન જગત્‌ને સાચું માને તો સાચું ને ખોટું માને તો ખોટું. ( ખોટું એટલે એક જ નામરૂપમાં ન રહેનારું અને તેથી અનિત્ય-મિથ્યા વ. )

(૩) તેથી મનને મૂકીને-શાંત પાડીને તપાસીએ તો પરમ તત્ત્વનો અનુભવ થાય.

(૪) એને માટે આલંબન જોઇએ. એ આલંબન ૐ. ( કઠોપનિષદ્‌માં વલ્લી ૨-શ્લોક ૧૭ ): ૐ જ સર્વશ્રેષ્ઠ આલંબન છે.

(૫) એનો આધાર લઇને ૐના નાદબ્રહ્મના મંદિરના મુખ્ય દ્વારમાંથી સંસારમાં પ્રવેશ કર્યો છે. હવે બાવનના વાણી-વિસ્તારમાંથી, ત્રણ ગુણ, પંચભૂતવાળા જગત્‌માં આપણી જાતે ઘડતર ઘડીને-ઘટ ( દેહ ) રૂપે આવી ચડયા છીએ.

(૬) એમાં જેટલો લાડવો ખાવાનો હતો તેટલો ખાઇ લીધો. સાર ? ધૂમાડો !

(૭) એટલે હવે એ જે બારણા ( ૐ-દ્વાર ) ભણી વળીને

–એક, અદ્વિતીય સચ્ચિદાનંદઘનમાં પ્રવેશ કરવો. સાર? નિત્યતૃપ્તિ.

–આમ ધ્યેય પરમતત્ત્વ, સાધન, ૐનું જપ, ચિંતન, રટણ, સ્મરણ, ધ્યાન–જે કહો તે, અને એ સિવાયનું બીજું જે કંઇ હોય તે આત્મા નહીં, એટલે અનાત્મ–અને તેથી મિથ્યા સમજવું, અનુભવવું. એ ત્યાગ અને એ વૈરાગ્ય.

આટલું હવે તમે ઓળખી ગયા છો. એટલે પરમ પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કરો એ જ કર્તવ્ય.

–ચોવીસે કલાક ધ્યાન ન થાય, માટે વ્યવહારકાળે શાંતિ રાખવી. એક જ તત્ત્વ બધે રમી રહ્યું છે, પણ પૃથક્પૃથક્ રૂપે જીવભાવે છે, અને અજ્ઞાનથી–પોતપોતાની માયાથી જ, ત્રણ ગુણમાં–પોતાની જાળમાં અટવાઇ પડીને બધાં સુખીદુ:ખી થાય છે.

આમ સમજીને જીવન વ્યવહાર જેટલો બાકી હશે એટલો શાંતિથી નિભાવી લેવાનો છે. આનંદ આપણું સ્વરૂપ છે, માટે એની વિસ્મૃતિ ન થવા દેવી.

(૪૭) તા. ૨૬–૮–'૪૩

ક્યાં–એ ઉપનિષદ્ કાળની પ્રાચીન પદ્ધતિ કે જ્યારે શિષ્ય-ભાવે, સેવા ભાવે, હાથમાં લાકડાંનો ભારો લઈને વિદ્યાર્થીઓ ઋષિઓની પાસે જતા, રહેતા, તપ કરતા અને પ્રશ્નો પૂછતા, સામસામાં શંકાસમાધાન થતાં, અને કેટલો અને કેવો અનુભવ થયો એની પરીક્ષા થતી. અભ્યાસની પ્રૌઢી અવસ્થાની પૂરેપૂરી ચિકિત્સા થતી. ઉપનિષદ્ના સ્વાધ્યાયથી આવી સ્થિતિ હતી એમ આપણને સમજાય છે.

વસ્તુ જેટલી મોંઘી તેટલી તેની કિંમત પણ મોંઘી હોવી જોઈએ. અત્યારે તો એની કશી કિંમત જ નથી. રૂપીઆ બે રૂપીઆના પુસ્તકના વાચનમાંથી પણ જીવનમુક્તિ મળે એવું થઈ ગયું છે. કશુંયે માનસિક તપ (વિચાર) કે શારીરિક તપ કરવાનું નહિ; રાગદ્વેષ કે પ્રપંચ છોડવાનું કોઇ કહે જ નહિ; કહે તો તપાસ કોણ કરે? કોણ કાને ખોટું લગાડે? અને એથી પણ વધારે આપણા દોષ વીણી વીણીને આચાર્ય કહે ત્યારે ઊલટો ચોર કોટવાળને દંડે તેમ એ સાધુસંતોને ભાંડવા માંડીએ, વગોવીએ! એમને આ બધી શી પંચાત એમ કહીએ! સાધુસંતો જાણે પુસ્તકોનાં, કેવળ ગ્રામોફોનનાં રેકર્ડ.

હશે, આપણે આપણું સંભાળવું.

જગત્‌ની વિસ્મૃતિ કરીને, આપણા પોતાના વ્યવહારમાં શાંતિ, સંતોષ અને નિશ્ચિતતા કેળવવા અધ્યાત્મવાચન, શ્રવણ, મનન ને નિદિધ્યાસન દ્વારા આત્મસ્મૃતિ વધારવી. સ્વરૂપનો આનંદ જેટલો જેટલો અંતઃકરણ અને ઇંદ્રિયોમાં ઊતરવા માંડે તેટલી આત્મતૃપ્તિ રહે છે, અને જગત્‌ની વિસ્મૃતિનો, વ્યવહાર કરતાં છતાં પણ એ ઉપર જ આધાર રહે છે.

જગત્ આવું અત્યારે જ છે એમ થોડું જ છે? રામાયણ, મહાભારત અને ઉપનિષદ્ કાળમાં પણ જુઓ ને! આંધળો આંધળાને દોરે–એવી વાત કઠોપનિષદ્‌માં પણ છે. પંડિતાઇ, વ્યાખ્યાન વગેરે આત્મજ્ઞાન વિના નકામાં છે, એવું વેણ ઉપનિષદોમાં છે. ત્યારે આપણે શા માટે વર્તમાનમાં એવું જ કહેતાં સંકોચ કરવો? નજરે પડે તે કહેવું, ઉત્થાનમાં એવું તો થોડું લખવું પડે છે. કારણ કે ઘણા જિજ્ઞાસુઓને સાચું શીખવાની વૃત્તિ હોય છે. ભટકવાની ટેવ છોડી દેવી જોઇએ, અને એક આત્મતત્ત્વને લક્ષ્યમાં રાખી, ૐ ના અહોનિશ અનુસંધાનમાં ચિત્તને રાખવું જોઇએ. ૐ.

( ૪૮ ) તા. ૨૨-૮-'૪૪

કારણશરીર—સુષુપ્તિ અવસ્થાના અંતઃકરણમાં જયાં ઇંદ્રિયો અને વિષયોના ભેદ હોતા કે જણાતા નથી, એમાં ઉપાધિ (માનસિક દોષ) અને વ્યાધિ ( શારીરિક દોષ ) પૂર્વકર્મના પરિપાકરૂપ કેટ-કેટલા ભરેલા હોય છે, અને એવાં કેવાં રૂપ હોય છે, એ તો જયારે સૂક્ષ્મ ( મનમાં ) અને સ્થૂલ ( શરીર )માં દર્શન આપે છે ત્યારે જ આશ્ચર્ય સાથે એનું ભાન થાય છે.

આંખનો રોગ જ ગળામાં ફૂટી નીકળ્યો એવું દાકતરોએ કહ્યું; ગમે તે એનું સ્વરૂપ કહ્યું, પણ મન ચંચલ થયું, શરીરે ગતિ કરી, મુંબઈ સુધી દોડયું, દાકતરોએ ક્રિયા કરી, શરીરે ઔષધિ લીધી અને દર્દ ગયું.

હું એમ પૂછું છું કે આ બધી ક્રિયાઓમાં મન શા માટે વિક્ષેપ અનુભવે ? આપણું જ્ઞાનનું અને ધ્યાનનું ફલ-બળ અહીંજ ઉપયોગમાં આવે છે; આત્મા અને અનાત્મા રૂપી શરીર એ બે પૃથક્ ધર્મવાળાં છે, એટલો વિવેક આપણે કેળવ્યો હોય તો આપણી મુખ્ય અહંકારવૃત્તિ શા માટે, આત્માની સાથે નહિ ને દેહની સાથે જ અનુસંધાન રાખે ?

......નામનું શરીર માંદગી ભોગવે, એમાં અંતરના રહેલા જ્ઞાનને શું ? શા માટે એ વિવેક દ્વારા તટસ્થ રહીને, જેમ બીજા કોઇ શરીર માટે ક્રિયા કરવાની હોય તેમ ન કરે ? પરોપકાર કે લોક-સેવાનું કાર્ય કરનારા આપણે શા માટે એક તૃતીય શરીરની જ સેવા કરીએ છીએ એમ માનીને ઈશ્વરનું સ્મરણ કરી નિર્લેપ ન રહી શકીએ ?

વ્યાધિ વખતે રક્તમાં શરદી કે ગરમી હોય, એટલે કે ઉષ્મા ઓછીવત્તી હોય, ત્યારે પ્રાણની સાથે સંબંધ રાખનારું મન ક્ષુબ્ધ થાય છે; પાણીમાં પથ્થર પડે ને પાણી ડોળાય તેમ એવે વખતે ધ્યાનમાં એકાગ્રતા ન થઇ શકે પણ વિચારદ્વારા આત્મભાવના અવશ્ય થઈ શકે.

આત્મા–સચ્ચિદાનંદ, સર્વવ્યાપક, અજર, અમર છે એ જ આપણું સ્વરૂપ છે એવું શ્રવણ કરાય, એના ઉપર સૂક્ષ્મ વિચાર (મનન) થાય, તો પછી એ પ્રમાણે નિદિધ્યાસન (અનુભવ –ભાવના–નિષ્ઠા) પ્રત્યેક ક્રિયા વખતે તટસ્થ રહીને કરવી જોઇએ; (ભગવદ્ગીતા કે ઉપનિષદ્‌ના આત્માનાં સ્વરૂપ લક્ષણવાળા શ્લોકો) એવા ભાવનાં ભજનો કે એવું કંઇ અવશ્ય સ્મરણમાં ભરી રાખવું જોઇએ.

આવું ક્યાં સુધી ? આનો અંત જ નથી–આ જંજાળ છે, એવી માન્યતા, દશ્યમાં જ્યાં સુધી સત્યત્વ બુદ્ધિ છે ત્યાં સુધી રહેવાની જ. તેથી દશ્યનું વિસ્મરણ કરવું જોઇએ. ચિત્તમાં એક કાલે એ વૃત્તિ રહે નહિ તેથી દ્રષ્ટાના સ્મરણથી દશ્યનું વિસ્મરણ કરવું એ સામાન્ય નીતિ છે. દ્રષ્ટામાં પણ જ્ઞાનમાત્ર દૃષ્ટિ જ નિત્ય છે અને એ જ નિર્વિકારી આત્માનું સ્મરણ છે માટે એ વાત ભૂલવી ન જોઇએ.

સમસ્ત જીવનનો પુરુષાર્થ આ આત્મભાવના કેળવવામાં આવી જવો જોઇએ: દેહની સાથે સંબંધ રાખનારાં બધાં ધર્મકર્મ શક્તિ છે ત્યાં સુધી કરવાં પડશે; કંટાળો એટલે તો અશકિત; અશકિત એટલે અજ્ઞાન; અને જ્ઞાન એટલે શકિત, અને એવી શકિત જ સાત્ત્વિક વૈરાગ્ય કહેવાય.

માટે આત્મભાવે ઉત્સાહ રાખો; શરીરના ધર્મોનું આત્મામાં

આરોપણ ન થવા દેવું, ૐ નો ભાવાર્થ જ પરમાત્મા-આત્મા-બ્રહ્મ -પરમેશ્વર વગેરે છે; રામ, કૃષ્ણાદિ અવતારો, શિવ, વિષ્ણુ વગેરે દેવદેવતાઓ કે સંતમહાત્માઓનું સ્મરણ પણ એમની જ્ઞાનશકિતનાં લક્ષણ માટે કરીએ છીએ. ૐ.

( ૪૯ ) તા. ૧૨-૧૨-'૪૪

* * * *

માયા અનિર્વચનીય એટલા માટે જ છે કે એમાં એક જ સર્વમાન્ય દૃષ્ટિથી સમાધાન થાય એવું નથી. છેવટે-ઠીક, ભાઈ તું સમજે તે સાચું, તું કરે તે સાચું-કહીને હાથ હેઠા જ મૂકવા પડે છે. જીવોની ગડમથલ, દોડધામ, ભાંજગડ-બધું પોતપોતાના અજ્ઞાનના પ્રમાણમાં ચાલ્યા જ કરવાનું, એ રમતમાંથી આપણે થાકયા હોઈએ, તો મનથી ખસી જવું એટલે નિરાંત.

આપણા વિના જગત્ ચાલવાનું છે એ નિર્ણય છે. જગત્ વિના આપણે એકલા, પોતાના સ્વરૂપમાં રહી શકીએ છીએ, એ પણ એટલું જ-અઘરું-પણ સત્ય છે; એમાંથી દ્વંદ્વમય જગત કરતાં દ્વંદ્વહીન સ્વરૂપમાં રહેવું એ શ્રેયસ્કર છે; એવો ઋષિનિર્ણય આપણને માન્ય હોય તો એ માર્ગે પુરુષાર્થ કરવો એ જ પરમધર્મ છે -એ જ સનાતન ધર્મ, બીજા બધા અનિત્ય-વિકારીધર્મ.

આવું લક્ષ્ય રાખીને બધો પુરુષાર્થ કે જે મનમાં પરિવર્તન કરવાનો છે, તે ગમે તે સાધન દ્વારા-વિચાર દ્વારા કે ધ્યાન દ્વારા -થાય તે કર્યા કરવો. એ જ માર્ગ.

* * * *

હું પોતે પ્રેમભૂખ્યો છું. પ્રેમ સિવાય આત્મદર્શન બીજું હોઇ

શકે નહિ, એ પ. પૂ. શ્રી ગુરુદેવ રામતીર્થના ઉપદેશ અને જીવનનો સાર છે. કથાવાર્તા નહિ પણ આત્મા સંબંધે વાર્તાલાપ, પ્રત્યેક સહવાસીના જીવનના આંતરિક પ્રશ્નોનો પ્રેમ દ્વારા ઉકેલ અને કશા આડંબર વિના એક સામાન્ય મનુષ્ય તરીકે ( કોઈપણ વર્ણ કે આશ્રમના અભિમાન વિના ) જીવી ફ્હાડવું એ જ મારી સાધના છે. સાચા સંતો નિરભિમાન મનુષ્ય તરીકે જીવી ગયા છે. વર્ણ કે આશ્રમના અભિમાની તરીકે નહિ. આપણે એ રીતે શાંતિથી શરીર પૂરું થાય ત્યાંસુધી જીવી ફ્હાડીએ એટલે બસ. કશો પણ ઉત્પાત સંતાપ કે ઉદ્વેગ–શોક, જે કેવલ આત્માના જ્ઞાનને અભાવે–અજ્ઞાનને લીધે જીવને થાય છે એ ફ્હાડીને જીવી લઇએ, એટલું ધ્યેય મને ગમે છે. લોકો અજ્ઞાની કહે, માયાધીન કહે, સંસારી કહે–ભલે કહે ! પણ દેહાસકિત કે દેહભોગ વિનાનો અશરીરી પ્રેમસંબંધ એ જ મને તો ખરું આત્મદર્શન લાગે છે. આમાં સહજ સ્વભાવે નિર્ગુણનું જ્ઞાનભાન રહે છે. તમે પણ આવી જ શાંતિ કેળવો –મેળવો અને સચ્ચિદાનંદ સ્વરૂપે જીવી ફ્હાડો એટલું હું ઇચ્છું છું. એ વિના, વધારે જોઈતું હોય તે ગમે ત્યાંથી મેળવો, એમાં મને વાંધો નથી.

તમે આખા કુટુંબે મારા હૃદયમાં સ્થાન લીધું છે. મને અનહદ મમતા આપી છે, પ્રભુ કે ગુરુદેવ એ મમતાને લીધે તમારા બધાનું હું આત્મકલ્યાણ આ જ દેહે–નેત્રે જોઇ શકું, એટલું કરી આપે એવી ગાંડીઘેલી ઈચ્છા પણ રહ્યા કરે છે.

( ૫૦ )

તા. ૨૩–૨–'૪૫

*　　*　　*　　*

આ વ્યવહાર જ એવો છે કે એનો અંત–ઠીક રીતે લાવવા

જતાં પણ વખત નીકળી જાય દૃષ્ટિમાં સમતા, અને તે પણ જો પરમ તત્ત્વની ન હોય તો જીવ ક્યાં ઘસડાઇ જાય, એ કહેવાય નહિ.

લોકસેવા, કર્મયોગ, પરોપકાર અને એનાં મૂળ કારણ જેવાં દયા, દાન વ. બધાયમાં અત્યારે સર્વત્ર, આસપાસ બધે કપટની જ જાળો પથરાયેલ દેખાય છે, અને એ અસત્ય અને ઘાતક બુદ્ધિથી જ વ્યવહાર ચલાવાય છે, ત્યાં આત્મદૃષ્ટિ નિભાવવી બહુ મુશ્કેલ થઇ પડે એવું છે.

( ૫૧ ) તા. ૨૪-૨-'૪૫

* * * *

જાગ્રત અવસ્થાના વ્યવહારભાવથી ચિત્તને પૃથક્ રાખવાનું છે. સાક્ષીભાવ, એ જીવાત્માની તુરીય દશા છે, કારણ કે એમાં દૃશ્યને વિકારી માની દૃષ્ટાના સ્વરૂપનો વિચાર થઇ શકે છે. યોગની સમાધિદશામાં થતો ચિત્તનો અનુભવ કેવળ સ્વરૂપનો છે, એ જ જ્ઞાનની, વ્યવહારની દશામાં સાક્ષીભાવે થતો સચ્ચિદાનંદનો નિર્લેપ અનુભવ છે. જાગ્રત અવસ્થા જ આપણને વિક્ષેપ કરાવે છે, માટે સૌથી વિશેષ ઉપયોગી તો આ જ્ઞાનયોગનો સાક્ષીભાવ-સચ્ચિદાનંદની ભાવનાનો ભાવ જ આપણને દ્વંદ્વથી મુકત રાખે છે. ત્રિદેહની નિષ્ક્રિય દશા નહીં. પણ નૈષ્કર્મ્ય દશા ( જેમાં સાક્ષીભાવ રહે અને ત્રિદેહ દૃશ્યરૂપે ત્રિગુણાત્મક, વિકારી અને મિથ્યા જણાય એ ) બહુ ઉપયોગી છે.

ત્રણ ગુણ દૃશ્યમાં રહેવાના, એવું પ્રથમ સાક્ષીભાવ લાવીને એકલાં બેસવાનો વખત આવે ત્યારે એ દૃશ્યને પણ બ્રહ્મસ્વરૂપ

જલનો તરંગ પણ જલ જ હોય એ ન્યાયે માનીને આનંદ, આનંદ, આનંદ અનુભવવો એ ધ્યેય ચૂકશો નહિ.

(૫૨)

તા. ૧૬-૮-'૪૮

અદૃષ્ટ હોય તે પ્રમાણે થયે જાય છે. છેવટે અહીં રહેવાનું નક્કી થયું. બધું અહીં ગોઠવાતું જાય છે. હવા પાણી ઠીક ઠીક છે. બાકી તો નીવડે સાચાં વખાણ. સંસાર ખરું પૂછો તો આપણા વિના છે જ ક્યાં? આપણે આ દૃશ્યને સંસાર માનીએ તો સંસાર, નહીં તો આપણા સ્વરૂપમાંથી, આપણી અવિદ્યા-મોહ-મમતા વાસના અહંભાવ વગેરેમાંથી ઊભો કરેલો આ દૃશ્યપ્રપંચ, એ આપણા સચ્ચિદાનંદઘન સ્વરૂપમાંથી નીકળ્યો તો આનંદ લૂંટવા; પણ છેવટે સમજાયું કે એ બધાંને પોતાનું સ્વરૂપ ન સમજતાં સંસારને આનંદધામ અને પોતાને અસંતોષ અને અતૃપ્તિનું ધામ માન્યું, એથી એ નીવડયો દુઃખરૂપ. એ અવિદ્યાનું આવરણ જ્યારે ખસે ત્યારે જ્ઞાનકિરણોએ ઓળખાય કે બધું એક જ આનન્દઘન સ્વરૂપ જ વિલસી રહ્યું છે. ખરું પૂછો તો જગત્ પોતે પોતાનામાં મસ્ત છે; દુઃખનો પોકાર કરવા છતાંયે સંસારીઓ એને નથી છોડતાં, તો અંતરમાં ઊંડે ઊંડે સુખ અથવા સુખની ભાવિ આશા હશે તે માટે જ ને? માટે કોઈની ચિંતા કરવાની જરૂર નથી. તમારી ક્યાં કોઇએ ચિંતા કરી હતી? પોતપોતાની મેળે, પોતાનું જ અજ્ઞાન કાપવાનું છે. આપણે જાગીએ ત્યારે જાગેલાંની સહાયતા મળે-સ્વપ્નમાં દુઃખી થઇએ ત્યાં પાસે જાગનારાં બેઠાં હોય તે પણ ક્યાં સહાય કરી શકે છે?-જાગેલાંને જાગેલાં સહાયતા કરે -માટે જાગેલાં છો, તો આગળથી જાગેલાં તમને સહાયતા કરે છે, એમાં કશો કોઇ ઉપકાર નથી કરતાં.

(૫૩) તા. ૨૧-૮-'૪૮

* * * *

ત્યાં તો કથા-સત્સંગની રેલો વહેતી હશે. એમાં તણાતાં તણાતાં પેલે પાર પહોંચાય તો જંગ જીત્યા ને ગંગા નહાયાં. બાકી ભવસાગરની રેલો તો છે જ, એ ક્યાં શોધવા જવી પડે એમ છે?

(અજ્ઞાન) અવિદ્યા તો અનંતકાળથી એવી ઘર કરી બેઠી છે કે એને સામાન્ય રીતે લોકો જ્ઞાન જ સમજે છે. વિષયજ્ઞાન અને આત્મજ્ઞાનમાં જ્યાં સુધી પૂરેપૂરો તફાવત ન સમજાય ત્યાં સુધી વિષયજ્ઞાન (દશ્યજ્ઞાન-વૃત્તિજ્ઞાન)ને જ લોકો જ્ઞાન અને અજ્ઞાનનાં ઉપનામો આપીને એમાં નિષ્ણાત થવાની પરીક્ષાઓ આપ્યા કરે છે.

બચવું અઘરું છે એમ કહેવાનું નથી, કારણ કે "તરણા ઓથે ડુંગર છે" એ વાત સાવ સાચી છે. જે પરમતત્ત્વ સત્ રૂપે બધે છે, એ જ ચિત્રૂપે બધે ઓળખાય છે-સમજાય છે એ સત્ છે એવું જાણીએ છીએ, તે જ ચિત્ અને આનંદ પણ. એ સત્-ચિત્-ની સાથે એવો અભેદભાવે રહેલો છે કે કોઇ પોતાનો નાશ નથી ઇચ્છતું, કારણ કે એ સત્‌ને જેમના તેમ રહેવામાં આનન્દ આવે છે, તેથી પોતાનો નાશ ઇચ્છતું નથી.

આપણે એ ભાવમાં નિમગ્ન રહેવા સિવાય બીજું કાંઇ કરવાનું નથી અને એ ભાવની દૃઢતા માટે બધી ગડમથલ-સાધનો છે.

(૫૪) તા. ૮-૩-'૪૮

× × × આનું નામ જ અદૃષ્ટના ચમત્કાર. જે કાલે જે

જે થાય તેમાં સંતોષ જ નહિ પણ આનન્દ માનવો એ જ ઇશ્વર અને ઈશ્વરનાં કાર્યોમાં શ્રદ્ધા. જગત્ અનિર્વચનીય રીતે અને અનિવાર્ય રીતે ચાલ્યા કરે છે. આપણે જે કાળે અને જે સ્થળે જે કાંઈ બને છે એમાં મનથી સંતોષ લેતાં ન શીખીએ તો દુ:ખનો પાર નથી. સંસારીને નિત્યનો અસંતોષ એટલા માટે જ રહે છે કે-અજ્ઞાનના હઠમાં એમ જ માન્યા કરે છે કે આમ જ થવું જોઇએ. ધાર્યું થતું નથી ને પરિણામે દુ:ખ, અસંતોષ કલેશ અને વાસનાની વૃદ્ધિ તથા બંધનો વધ્યે જ જાય છે.

# ૫

(૧)

તા. ૩-૭-'૪૪

પત્ર મળ્યા છે. છોટાઉદેપુરનું બધું પતાવી, તા. ૧લીની રાત્રે વડોદરા આવી ગયો છું. પચ્ચીશ વર્ષનો, નવજુવાન, સુંદર, કમાતો, સર્વાંગસુંદર એવો કોઈનો એકનો એક પુત્ર મરી જાય ત્યારે પત્રો આવે, એવા કેટલાએક ખરખરાના કાગળો આવે છે! હું તો મારી હસવાની ભાષામાં કહું છું કે-બાર વરસ ભેગો થયેલો ઊકરડો કહાડી નાંખ્યો એમાં થયું શું ? કશી મન ઉપર અસર નથી થવા દેવી. સ્વપ્ન ઉપર વિચાર શા કરવા ?

સકામ શ્રદ્ધા રાખવી જ નહિ. પુરુષાર્થ કરવો; સંતસાધુ કે ઈશ્વરની ઉપર અધ્યાત્મજ્ઞાન માટે જ શ્રદ્ધા રાખવી જોઈએ.

( ૨ )

તા. ૧૦ ૭-'૪૪

પૂજનના જેવાં કર્મકાંડ આંતરિક ભાવને પ્રદીપ્ત કરવા માટે હોય છે. સાંસારિક ભાવમાંથી ભગવદ્ભાવમાં હૃદયને લાવ્યા પછી ભાવાતીત સ્વરૂપમાં પ્રવેશ કરતાં શીખવું જોઇએ.

ધ્યાન વખતે અન્તરના એકાન્તમાં અને જ્ઞાન વખતે બાહ્ય વ્યવહારમાં સર્વત્ર સ્વરૂપસુખનો અનુભવ કરતાં, તમે બધાં ગમે તે શાસ્ત્રમાંથી અને ગમે તે અનુભવી સંત પાસેથી શીખો એ જ હું ઇચ્છું છું. શરીર અનિત્ય અને નાશવાન છે. મારા કહેવાતા શરીર મારફત જ તમને આત્મલાભ મળે એ કાંઇ કહેવાય નહિ. સાચા ગુરુદેવ તો આપણા અંતર્યામી છે; એની પ્રેરણા વડે જ આપણે આગળ ધપ્યે જઇએ છીએ.

લક્ષ્ય ભૂલશો નહિ; યોગવાસિષ્ઠ રામાયણનું વારંવાર વાચન રાખશો અને આસપાસ બધાંને એ જ લક્ષ્યમાં રહે એટલા માટે સૂચના આપશો.

( ૩ )

તા. ૧૦-૭-'૪૪

'લખવાનું ઘણું બધું છે' એમ તમે લખો છો, પણ હવે તો કાગળ ઉપર કંટ્રોલ આવવાનો છે. આવો કંટ્રોલ આપણે આપણા મન ઉપર મૂકી, સાંસારિક વિષયોને તિલાંજલિ આપીએ, તો તુર્ત એ ભગવદ્દ્સન્મુખ થવા માંડે.

ગમે તેવાં દર્શન ધ્યાનમાં થવા માંડે ત્યાં તેની સામે ૐના જપનું જોર ( માનસિક જપ ) વધારવું ને આનંદ અનુભવવો. પરમાત્મા પરબ્રહ્મ-કોઇ પણ જાતની ત્રિપુટી-દ્રષ્ટા-દ્રશ્ય-દર્શન; જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય-એ વગરનો-દ્વૈત ભાન વિનાનો-કેવળ સત્-ચિત્ આનન્દ સ્વરૂપ છે; એ જ આપણું પોતાનું, કોઇ પણ જાતની જાતિ ( જન્મ ) નામ, રૂપ વિનાનું છે. એ લક્ષ્ય રાખીને જ પાઠપૂજા કરવાનાં છે. જે સત્સંગ કે પાઠપૂજાથી સંસાર, ( આ બ્રહ્માંડ ) ન ભૂલાય તે ધ્યાન શા કામનું ?

પણ યાદ રાખજો ? જ્યાં સુધી સંસારમાં રસ હોય છે, ત્યાં સુધી પરમરસ–પરમાનંદરૂપ પરમાત્મામાં રસ પડતો નથી. આંતરિક વૈરાગ્ય કેળવવો ને આપણે દેહ નથી એવા તટસ્થ ભાવે વ્યવહાર કરી લેવો, વ્યવહારમાં સાવધાનતા અને પરમાર્થમાં કુશળતા, એવી બેવડી આવડત હોવી જોઇએ; એ તમારા બધામાં છેઃ વિકાસ પામે એટલે બસ. વળી પાછો કાગળ-કંટ્રોલ યાદ આવ્યો એટલે આટલું લખીને હમણાં બંધ રહું છું.

( ૪ ) તા. ૧૦–૭–'૪૪

સૌ પાસ થયા જાણી સંતોષ થયો. જીવનમાં ડગલે ને પગલે પરીક્ષાઓ આપવાની છે. એનું તમને સૌને ભાન રહે, એમાં ઉત્તીર્ણ થવા માટે પ્રયત્ન કર્યા કરો, અને છેવટની પરીક્ષા આ જીવનના સમસ્ત અભ્યાસની સફળતા ( એટલે ઈશ્વરપ્રાપ્તિ )ની આપવાની છે, એમાં સફળ થાઓ એમ હું ઇચ્છું. એ લક્ષ્ય ન ભૂલો અને નિર્દોષ ભાવે આગળ ધપ્યે જાઓ એવી મારી શુભેચ્છાઓ અને આશીર્વાદ છે.

પણ આશીર્વાદ ત્યારે સફળ થાય કે જ્યારે એમાં આપણો યથેષ્ટ પરિશ્રમ–સાચી દિશાનો પરિશ્રમ હોય !

( ૫ ) તા. ૧૦–૭–'૪૪

આખા જીવનનો ઉદ્દેશ તપાસીએ તો એની પ્રત્યેક ઇચ્છા અને ક્રિયા કેવળ આનંદ મેળવવા માટે જ હોય છે. પણ જો આનંદનું કેન્દ્ર-મૂળ ન મળ્યું હોય તો એનો સાર-નિઃસાર જ હોય છે.

ઇશ્વરે જ હવે નિરાંતે બેસીને એ નિત્ય આનંદ શોધવાનું બની શકે એટલા માટે નિવૃત્તિ આપી છે. ચિ...... અને ... માર્ગે ચડી ગયા છે; તેથી જેટલો વખત વધારે મળે તેટલો-શ્રવણ-મનન (વાચન-વિચાર)માં ગાળો તો બહુ સારું. કંઇ નહિ તો યોગ-વાસિષ્ઠ મહારાયણ એક વાર જરૂર જરૂર વાંચી જાઓ. સાથે સાથે પૂજામાં ॐનો જપ તથા ધ્યાન ચાલુ રાખવાં. આપ પોતે એ કરશો એટલે કુટુંબમાં પણ એ સંસ્કાર રૂઢ થશે. આપની જવાબ-દારી જેવી રીતે સ્થૂલ ભરણપોષણની છે, તેથી વિશેષ અધ્યાત્મ-શાંતિ મેળવીને સૌને આપવાની છે.

જગત બહુ જોયું ભોગવ્યું એમ નથી લાગતું ? હવે ઇતિશ્રી થવું જોઈએ. આનંદ વિશુદ્ધ હોવો જોઇએ, કેવળ નિર્વિષયી જ, એટલું ન ભૂલાય એટલે બસ.

# ૬

(૧)

તા. ૧૦-૭-'૪૪

નિજાનંદમાં રહેવું; આનંદ આપણું પોતાનું સ્વરૂપ છે; એ જેમ બાહ્ય વિષયોમાં નથી, તેમ ઇંદ્રિયો કે શરીરમાં પણ નથી. એના દ્વારા મળે છે એમ લાગે છે, પણ એ નિર્ભેળ નથી. કશી ભૂત-ભાવીની ચિંતા ન કરવી; વર્તમાનમાં આનંદ રહે તો ભવિષ્યમાં પણ રહે જ, કારણ કે ભવિષ્યકાળ ભોગવતી વખતે તો વર્તમાન જ હોય છે. માટે ભાવીનો વિચાર ન કરતાં વર્તમાનમાં આનન્દથી વર્તવું એટલે નિરાંત.

મનની સમતા એટલે સ્વરૂપનો આનંદ. મન સમત્વમાં આવે, દ્વૈતમાંથી શમીને સ્વરૂપમાં ઊતરે; સ્વરૂપ સચ્ચિદાનંદ છે, સચ્ચિદાનંદમાં નિમગ્ન–ગામઠી ભાષામાં મસ્ત રહે એનું નામ જ સમતા; બાકી બાહ્ય સમતા એટલે રાજપ્રપંચી પુરુષોના જેવી, ગંભીર મુખમુદ્રાવાળી, અંદર ભેદવાળી અને બહારની આડંબરી રાજદરબારી ઠાઠવાળી નહિ; એ તો દંભ બની જાય.

કોઇ પણ જાતના પ્રશ્નો ઊઠે, તો એવી શ્રદ્ધા રાખવી કે અંતર્યામી, પરમાત્મા, અંતરથી જ એનું યોગ્ય સમાધાન કરાવી

હશે. અને તું તથા......બહેન, બન્ને તો શ્રદ્ધાનાં પૂતળાં છે, પણ એ શ્રદ્ધા વિશુદ્ધ, નિષ્કામ અને ભગવદ્‌ભક્તિનાં સાધનોમાં હોવી જોઈએ.

કોઈથી ડરવું નહિ, એ તો શરીરની નબળાઇને લીધે, પોતાનુ મંતવ્ય વ્યકત કરવાની ઉગ્રતા માત્ર છે. લહેરમાં રહેને તું તારે ! શી ચિંતાં છે ! ૐ-આનંદ-બધાં છોકરાંને ૐ આનંદ-!

( ૨ )

તા. ૧૨-૭-'૪૪

મહાભારતના શાંતિપર્વનો મોક્ષધર્મનો પ્રકરણવિભાગ બહુ ઉપયોગી છે. અનેક દૃષ્ટાન્તો અને કથાનકો દ્વારા એમાં જ્ઞાનોપદેશ આપ્યો છે. જેને શાંતિ જોઇતી હોય તે મોક્ષધર્મ વાંચે. એવો જ ઉદ્દેશ એ આખા શાંતિપર્વનો પણ કેમ ન હોય ?

તમને આટલે અભ્યાસે હવે એમ સમજાયું હોય કે સિદ્ધાંત સમજી લીધા પછી તો પ્રાપ્તવ્યવહાર પ્રવાહપ્રતિત ન્યાયે ( નદીમાં લાકડું ઘડીમાં આ કાંઠે તો ઘડીમાં પેલે કાંઠે કે વચમાં, તણાતું જતું હોય તેમ ) કર્યા કરવો અને અંતરમાં આત્મલક્ષ્ય ભરી રાખવું. એ લક્ષ્ય ભુલાય નહિ, વિપથે જવાય નહિ અને અનુભવ વધતો જાય, એટલા માટે જે કોઇ આવશ્યક સારાં સાધન હોય, જેનો સમાવેશ શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં થતો હોય તે કર્યા કરવાં-એટલું જ શીખવાનું છે.

વ્યવહારમાં જે રઘવાટ ને ધમાલ હોય છે, તેવી જ ધમાલ ને રઘવાટ કેટલાંકને આ માર્ગે કરવાની ટેવ હોય છે; ને તેથી એમને એ માર્ગે પણ અશાંતિ મળ્યા કરે છે; દોષ બહાર જુએ છે, જગત્

ખરાબ છે, સારા સાધુસંતો નથી, પુસ્તકમાં ગડબડ છે, શું કરવું એની ખબર પડતી નથી, ફુરસદ નથી મળતી, આવી આવી પોતાની ભાંજગડમાં જ રમ્યા કરનારો જીવ આયુષ્ય વ્યર્થ પૂરું કરે છે ! માયાનું ક્ષેત્ર જ એવું છે.

બધાં આનંદમાં હોય એટલે બસ; જો કે આનંદ આનંદમાં પણ ફેર હોય છે. ( પંચદશીનાં છેલ્લાં પાંચ પ્રકરણ જુઓ ) રોતાંકકળતાં કે નમાલાં મોં રાખીને માણસો ફરે તેના કરતાં આનંદી હજારગણાં ઉત્તમ.

( ૩ ) તા. ૨૯–૧૧–'૪૪

...શી માયાની વિચિત્રતા છે ? બધા જીવ સ્વતંત્ર છે; જેટલું જેનું જલદી ધાર્યું થાય, એટલી એને ક્ષણિક શાંતિ મળે છે; જે શાંતિ સૌ પોતપોતાના માનસિક સ્વપ્નભોગમાં જ ભોગવે છે; ત્યાં આપણે જાગ્રત રહેવું–એ ભૂલવું નહિ. ભૂલ્યાં તો ગોથું ખાધું જ સમજવું; જ્યાં ભૂલ ( માયા ) થઇ ત્યાં જ ફળરૂપે ક્લેશરૂપી દૈત્ય સામે આવીને ઊભો જ રહ્યો છે એમ સમજી રાખવું.

' હવે સારી રીતે ઠીક છે, ચિંતા કરવાની નથી; જપ ચાલુ છે, શાંતિ રહે છે, જરાય ચિંતા કરશો નહિ. ' આવાં વિવેકવાક્યોથી હું ઠગાઉં એમ નથી. મારે તો સાચી–નિત્ય અને જ્ઞાનપૂર્વકની –શાંતિ જોઇએ. કશી પામરતા હું વેઠી શકું એમ નથી. આટલી ઉંમરે, આટલા સાંસારિક અનુભવ પછી પણ ઈશ્વર તરફ કાયમને માટે મન ન વળે અને સાચી વસ્તુ ન સમજાય, એ કેટલી વિચિ-ત્રતા ! ઉત્તમ કુળ, ઉત્તમ વર્ણ, વિદ્યાના સંસ્કાર, વિશુદ્ધ ચારિત્ર્ય હોવા છતાં પણ સંસારસ્વપ્નનાં દ્વંદ્વ સતાવે એ કેટલી પામરતા ! આવી વિચિત્રતાઓ જલદી દૂર કરો !

(૪)

તા. ૧૩-૧૧-'૪૪

સંસાર તો અજબ રીતે ચાલે છે. જીવ માત્ર સ્વતંત્ર છે. સૌ પોતપોતાની મતિ ગતિ પ્રમાણે આગળ વધ્યે જાય છે; જેટલું બીજાના કામમાં માથું ઓછું મારીએ એટલી વિશેષ શાંતિ એમ જ લાગે છે. પોતાની અનુકૂલતા શોધવા -સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો પોતાનો સ્વાર્થ શોધવા જ જગત્ આપણી સાથે સંબંધ રાખે છે, અને એમાં વિઘ્ન આવ્યું કે સંબંધ તૂટયો જ છે. આવો સંબંધ તૂટે, ત્યારે આપણે તો હર્ષ માનવો જોઇએ. માટે જગત્‌ને જોયાં કરવું. અંતરથી અસંગ-અસંબધ્ધ રહેવું, અને સ્વરૂપમાં જ સ્વાર્થ હોય તેટલો જ હર્ષ ઠાલવવો કે જેથી શાંતિ રહે-વિક્ષેપ ન થાય.

(૫)

તા. ૨૨-૧૨-'૪૪

સામાન્ય વ્યવહારની આવી વાતો તમારે જાતે ઉકેલી લેવી જોઇએ. બીજું "હું કહું તે જ બ્રહ્મવાકય" એવું વ્યવહારમાં ન માનવું જોઇએ. વ્યવહારથી હું સાવ અજાણ્યો; માત્ર મનુષ્યસ્વભાવની થોડીઘણી ઓળખાણ પડે એ દૃષ્ટિથી જ હું કૈં પણ કહી શકું, બાકી એ કામ કેમ ઉકેલવું ને સરેડે પાડવું એ તો તમારે સમજીને કરતાં આવ્યાં છો તેમ કરી લઇને આવી વાતોથી મને મુક્ત રાખવો જોઇએ. મારા વિના ન જ ચાલે એમ હોય ત્યાં જ મને પૂછવું. આ ઠીક નથી લાગતું ?

વેદાન્તજ્ઞાનને વ્યવહારથી પૃથક્ પાડી શકાતું નથી. ધ્યાન કે ઉપાસના માટે નિવૃત્તિ તથા એકાન્ત જોઇએ પણ તે વખતે અંતરમાં

વ્યવહાર ઊભો થાય ત્યારે જ્ઞાન અને વૈરાગ્યની જરૂર પડે છે ને વૃત્તિઓનો પ્રત્યાહાર કરવો પડે છે. જાગ્રત અવસ્થા પણ શરીરને રહે છે, અને તેમાં જો આત્મદષ્ટિની સમતાથી વ્યવહાર ન થાય તો ચિત્ત સંસારલિપ્ત થઇ પરિણામે રાગદ્વેષાદિ દ્વંદ્વો ઊભાં કરી એમાં ફસાઈ પડે છે. આત્મા સર્વમાં સમ છે; એવું વૃત્તિમાં જ્ઞાન રહે એટલે સમત્વ સચવાય, અને સમત્વસિદ્ધિ એટલે જ યોગસિદ્ધિ છે.

જાગ્રતના વ્યવહારમાં જેટલી સમતા વધે, તેટલી ધ્યાનમાં એકાગ્રતા પ્રાપ્ત કરવાની શકિત વધે છે. ધ્યાન વખતે ચિત્ત અનેક દિશામાં ભટકચા કરે છે. તેમાંથી કોઇ એક જ ધ્યેયને સાક્ષાત્ બ્રહ્મ કે ઇશ્વરમૂર્તિ માનીને એના પ્રતિ ચિત્તની સમસ્ત મમતાને વાળી ( આનું નામ જ પ્રેમ કે ભક્તિ ) સવિકલ્પ સમાધિ સુધી પહોંચવાનું લક્ષ્ય હોવું જોઈએ. એ ધ્યેય અને ધ્યાતાનો સંબંધ કરાવનાર અને રખાવનાર તો ધ્યાનમાં રહેલું જ્ઞાન-ચૈતન્ય છે, એના પ્રતિ જયારે ગુરુ-ઉપદિષ્ટ સાધન વડે વૃત્તિને વાળીએ ત્યારે ત્રિપુટિનો લય થઇને કેવળ ચૈતન્ય-તત્ત્વ-આત્મા-કે બ્રહ્મ પરિપૂર્ણ-પણે અવશેષ રહે છે કે જે આપણે પોતે છીએ.

આવી રીતે વ્યવહાર જ્ઞાન પ્રાપ્તિની શાળા છે. એમાં રાજસિક કે તામસિક વ્યવહારમાં વિઘ્નકારક છે અને સાત્ત્વિક વ્યવહાર ઉન્નતિમાં સાધક છે. ગમે તેવો વ્યવહાર ગમે તે સમયે થયા કરે, અને આત્મજ્ઞાનની સાવધાનતા કે સાક્ષીભાવ ન રહે તો એવા વ્યવહાર-માંથી અવશ્ય દુઃખ તથા કલેશ જ આવી મળે છે. સ્વાર્થનો અંશ ઓછામાં ઓછો હોય તેવો સાત્ત્વિક, શુદ્ધ વ્યવહાર થાય એની સાવધાનતા રાખવી જોઇએ. નહિ તો આ અજ્ઞાન-માયા એવી અટપટી છે કે ભલભલાને ગોથાં ખવરાવી દે.

હરતાં ફરતાં પણ આત્મસ્મરણ રહે એટલા માટે આત્માનો

ભાવ ૐમાં ભરીને માનસિક રટણ ચાલુ રાખ્યા કરવું. દિવસે દિવસે કેટલી આત્મજાગ્રતિ તથા જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સંતોષ, શાંતિ અને સુખ વધતાં જાય છે એ તપાસતા રહેવું જોઇએ. ઉત્તરોત્તર આત્મસુખ અંતઃકરણમાં વધ્યા કરે તો જ આપણે ઉન્નતિ કરીએ છીએ એમ માનવું. એ વિના તો કેવળ જ્ઞાન કે ધ્યાનની આપણે મિથ્યા વાતો કરી જ્ઞાની કે ધ્યાનીમાં ખપવાનો દંભ કે ડોળ કરીએ છીએ એમ જ સમજવું. ૐ !

* * * *

# ૭

(૧)

તા. ૧૩-૫-'૪૫

......ધ્યાનમાં બેસવાની અનુકૂળતા હોય તો ન બેસવું એમ નહિ. પોતે પોતાનું ધ્યાન કરવામાં તો ઊલટી ઓર મઝા આવે ! આત્માનો આત્મામાં જે પ્રેમ હોય, તે જ સાચો પ્રેમ અને આનંદ છે. એટલે વખત મળે ત્યારે ધ્યાનમાં બેસવાનો પ્રમાદ રાખવો નહિ.

વેદાંતમાં નિદિધ્યાસનને ખૂબ જ મહત્ત્વનું અંગ માન્યું છે. અદ્વૈતનો સિદ્ધાંત વિજ્ઞાનમય કોષથી પૂરેપૂરો સમજી લીધા પછી નિદિધ્યાસન થાય તેથી અપરોક્ષ ( પ્રત્યક્ષ ) જ્ઞાનની દૃઢતા થાય છે. અને જેટલી દૃઢતા થાય તેટલો નિરંકુશ આનંદ અખંડ આત્મતૃપ્તિ આપ્યા કરે છે. હું તો એમ પણ કહું કે છોકરાંઓ પણ નિયમિત કંઈ નહિ તો રોજની પાંચ માળા ૐ નમઃ શિવાયની ફેરવ્યા વિના જમે નહિ, કુટુંબમાં એવું કંઈક થાય તો મને બહુ ગમે. પણ છોકરાંઓનું સ્વતંત્ર માનસ મારા જેવાંની વાત માને ત્યારે મારાં કે તેમનાં ધનભાગ્ય કે સદ્‌ભાગ્ય ! બાકી ૐ અને મૌન !

ચિત્તમાં નિજાનંદની પ્રસન્નતા રાખવી ને સૌને રખાવવી. શરીર તો પૂર્વકર્મ પ્રમાણે પ્રારબ્ધફળને અધીન છે; એમાંથી અધ્યાસ કાઢી નાંખવો એટલે મૂળ જ નથી ત્યાં પછી-હું જ નથી -તો પછી મારાં કે મને એવું કશું રહે જ નહિ. આંતરજ્ઞાન દૃઢ રાખવું એટલે બીજું બધું ઠીક થઇ જશે. દૃશ્યમાં આસક્તિ જ બંધન છે; અહંકારથી માંડી સમસ્ત વિશ્વ દૃશ્ય છે એ દૃષ્ટિથી જીવવું.

(૨)

તા. ૧૨-૬-'૪૫

...લઘુ વાસુદેવમનન ખીચોખીચ વેદાન્તની પ્રક્રિયાઓથી ભરેલું છે. ગણિતના જેવું કંટાળા ભરેલું લાગે એવું છે, પણ જો અભ્યાસ થઇ જાય તો વેદાન્તની વાતોમાં રસ પડે. અનુભવમાં તો ખાસ કામનું નથી. એમાં તો બુદ્ધિના તર્ક ગાળી નાંખવાના છે. સ્વરૂપવિસ્મૃતિ ન થવા દેવી. સત્સંગ, સ્વાધ્યાય ચાલુ રાખવાં ને સર્વત્ર આનંદ તથા શાંતિ પ્રસારતા રહેવું.

(3)

તા. ૬-૭-'૪૫

તારો પત્ર મળ્યો. ખૂબ જ વિવેકથી તું લખે છે. તેમ જ તેમાં સંયમ પણ છે એમ જણાય છે, એ ખોટો દંભ ન હોય એટલું જ મારે કહેવાનું છે.

જીવનમાં હમેશાં એક વસ્તુની ખાસ કાળજી રાખવી; આવેશ, પછી તે ગમે તે પ્રકારનો હોય તો પણ, મનમાં ઊઠે ત્યાર પછી એ પ્રમાણે કામ કરતાં પહેલાં બુદ્ધિ-વિવેકને સ્થિર કરીને એની સારા-

સારતાનો વિચાર કરવો. તારું આ પગલું ઠીક છે કે અઠીક, એનો વિચાર કરવાનો તેં મુરબ્બીઓને અવકાશ નથી આપ્યો. તેં નક્કી કર્યું છે, એમાં હવે સૌ ભાવે-અભાવે સંમતિ આપો અને અનુકૂળતા કરી આપો, એવું જ તું કૈંક ઇચ્છતી હોય એમ તને નથી લાગતું ? આ રીતે વડીલો કેવલ તારાં આજ્ઞાકારી દાસ નથી બની જતાં ?

ત્યારે તું કહીશ કે શું થાય ? હવે તો કૈં જ નહિ એમ તું કહીશ, અને મારે પણ મને-કમને એ જ કહેવાનું કે તારી ઇચ્છા ફલીભૂત થાય, તું સુખી થાય અને સૌને સુખી કરે.

આવા ઘણાએ પ્રસંગો તમે નવજુવાનિયા –નવલોહિયાઓ ઉપસ્થિત કરો છો એટલે અમારે માત્ર આશીર્વાદ આપવાના રહે છે. અમારે વિરોધ કરવાનો કે વિચાર પ્રદર્શિત કરવાનો અવસર જ રહ્યો કે રહેતો નથી. સુખદુઃખ તો સંસારજીવનનાં બે પાસાં છે; એમાં જે સમતા કેળવીને પ્રેમ આપી શકે; પ્રેમી બની શકે-બીજાના પ્રેમની આશા વિના-એ જ અખંડ પ્રેમસુખ માણી શકે છે.

તારી કસોટી થાય છે, તારા પ્રેમની-સત્યતાની :

પ્રેમજીવનમાં જો અર્પણ હોય, તો સુખદુઃખ નથી. સાચા પ્રેમીને નિરાશા નથી; એમાંથી પ્રેમનો વિસ્તાર થતાં થતાં અમારા જેવા જે નિષ્કારણ, પાત્રભેદ વિનાનો પ્રેમ આપે છે, એ જ છે જ્ઞાનીનું આત્મદર્શન અને આત્માનુભવ.

તું શ્રદ્ધા દાખવતી થઇ છે એ સ્વાર્થી નહિ હોય એમ હું તો તારામાં શ્રદ્ધા રાખું છું. ચિત્તમાં શાંતિ રાખ; પ્રેમમાં-સાચા પ્રેમમાં નિરાશા હોતી નથી અને ત્યારે જ એ પ્રેમ દેહથી પર આત્મામાં ઊતરી શકે છે.

બધું ઠીક થશે. ધીરજ રાખજે.

# ૮

(૧)

તા. ૮-૮-'૪૫

... આપે તો શ્રી ભગવાન શંકરાચાર્યનાં અષ્ટાદશ રત્નોમાંથી ગુરુસ્તુતિના કંઠાભરણમાં ભરેલા શ્લોકો ઉતારીને આત્મસ્તુતિ કરી લીધી ! ખરેખર ! ભક્તિ કે જ્ઞાન—એનો મહિમા તો જેટલો અનુભવમાં ઊતરે તેટલો વિશેષ સમજાતો જાય છે. આપણી કશી પણ કોડીની પણ યોગ્યતા ન હોવા છતાં પરમકૃપાળુ સંતો એમનાં કૃપાકિરણથી આપણા અંતરમાં અજવાળાં કરીને અનાદિ અંધકારને દૂર કરે છે એ સમજાય છે. પ્રકાશને લાવવો અને અંધકારને કાઢવો એ બોલાય છે જુદું, પણ એ કાંઈ બે ક્રિયા નથી; દીવો કર્યા પછી આપણે અંધારું કાઢવા માટે સાવરણી-ટોપલો લઈને વાળવા બેસતા નથી, દોરીમાં દેખાતા સર્પની ભ્રાન્તિ દૂર કરવા દોરીનું જ્ઞાન થાય, દોરી મળે, પછી એ દોરીથી એ સર્પ બંધાતો નથી; બંધાવવાનો છે જ નહિ. તેવી જ રીતે આત્મભાવ, બ્રહ્મભાવ આવ્યા પછી જીવભાવને કાઢવાની કશી ખટપટ ઊભી જ રહેતી નથી; અને એવો ભાવ કોઈ બ્રહ્મદર્શી—આપણામાં બ્રહ્મદર્શન કરે ત્યારે જ થાય છે- એનું જ નામ મહાવાકચશ્રવણ કે ગુરુકૃપા.

ગુરુશરણવિધાનમાં એ જ ખૂબી છે. સાચા આત્મદર્શીના સત્સંગમાં આવતાં જ, જો આપણું અંતઃકરણ વૈરાગ્યથી શુદ્ધ થયેલું હોય, તો એ બ્રહ્મદર્શી, પોતાના સ્વભાવગત જ્ઞાન પ્રમાણે આપણને, આપણે ગમે તેટલી ના પાડીએ, અમે તે કાંઇ બ્રહ્મ હોઇએ–એવું કહીએ, હઠ કરીએ, તો પણ આપણને બ્રહ્મભાવે જુએ. સમદર્શીપણે આપણી સાથે વ્યવહાર કરે, બ્રહ્માનંદ ભોગવે ને ભોગવાવે ત્યારે આપણામાં એ ભાવ આવે છે.–પ્રથમ ક્ષણિકભાવ જાગ્રત થાય છે; વેદાન્તીઓ એને મહાવાકચના ઉપદેશ દ્વારા થતું આવરણભંગ કહે છે; શાકતો શકિતપાત; યોગીઓ કુંડલિની જાગ્રતિ, વૈષ્ણવો ભગવાનનો અનુગ્રહ, કૃપા કે પુષ્ટિ–એમ કહે છે. ગમે તે નામ આપો પણ મહત્ પુરુષની કૃપા વિના અંત નથી અને એ કૃપા અહૈતુકી નિષ્કામ ભક્તિ વિના મળતી નથી. એ ભકિતમાં–ઈષ્ટમાં એવો અપ્રતિમ પ્રેમ ( દેહબુદ્ધિ વગરનો) જોઇએ, દોષ (અપૂર્ણતા) દેખાય જ નહિ; એમનાં પ્રત્યેક કર્મ કે વિચારમાં અલૌકિકતા જ જણાય, કારણ કે વસ્તુ પોતે ગુણાતીત છે અને દોષ ( ખામી ) તો ગુણમાં છે.

સત્સંગ ( સહવાસ ), સેવા અને આત્મશરણ સાથેની બ્રહ્મવિદ્‌ની ભકિત પ્રત્યેક ધર્મમાં, મતમાં, સંપ્રદાયમાં એક જ સ્વરૂપે વર્ણવી છે. અને એ જ આપણે પણ બુધ્ધિ અને યુકિતથી, અનુભવથી અને તર્કથી તપાસી જોઇએ તો સાચી લાગે છે.

આવી ભકિતનો દુરુપયોગ થતો હશે પણ સંસારનાં દ્વંદ્વના ચક્રમાં તો સદ્‌ઉપયોગ અને દુરુપયોગ બન્ને છે; દષ્ટાંત તરીકે ધન મેળવવું એ ખોટું નથી કારણ કે મેળવવામાં લોભ નથી, પણ મેળવીને ન ખર્ચવામાં લોભ છે; એમાં પણ સન્માર્ગે વપરાય તો પુણ્ય સંસ્કાર વધે છે ને કુમાર્ગે વપરાય તો પાપનાં જાળામાં અટવાઇ જવું પડે છે. વાપરવાની વસ્તુ તો એકની એક જ છે.

તેવું જ આ ભક્તિના વિષયમાં છે. એનો કેવળ વિશુદ્ધભાવે ઉપયોગ થાય-સાધન તરીકે વપરાય તો બેડો પાર છે, પણ જો એમાં જરા પણ અહંમન્યતાની, પંચેન્દ્રિયના વિષયપંચકની કે દેહ-વાસનાની જરા પણ દુર્ગંધી રહી જાય, તો બધું નકામું જાય છે. કીર્તિની વાસના સૌથી વધારે ભયંકર છે. જગત્ મને જ્ઞાની તરીકે, ભક્ત તરીકે, પુણ્યાત્મા તરીકે ઓળખે એ વાસના બહુ ભયંકર છે; પૂજાવાની ઇચ્છા એમાંથી જ ઉદ્ભવે છે, અને તેથી જ ઘણાખરા સંતો બહારથી વિચિત્ર વર્તન રાખે છે કે જેથી સામાન્ય કોટિના અજ્ઞાનીઓ દોષ જુએ ને દૂર જ રહે.

હશે, બહુ પીંજણ થયું. આપણે આપણું સાચવીએ એટલે બસ! જગત્ છે જ ક્યાં કે એની ચિંતા કરવી? શા માટે દ્વૈત ઊભું કરવું? ૐ અને આનંદ!

(૧)

તા. ૮-૮-'૪૫

...તું લખે છે તે બધું હું સમજું છું; તું સમજે એ વિષયમાં જે સમજે છે તે ઠીક છે, પણ એટલો તફાવત કે સાક્ષીપણું રહીને, આત્મભાવે અકર્તા રહીને પણ હું ઝેર ખાઉં, તો શરીરનો નાશ તો થાય જ. એટલે સંયમ વિના શરીર બગડે અને ઉત્તરાવસ્થામાં એની દુર્બળતા મન ઉપર પણ ( કદાચ !-જો આત્મબળ દૃઢ ન હોય તો ) અસર કરે ! માટે વિચાર કરતાં શીખવો. પરમાત્મા પાસે સાધન માટેની અનુકૂળતા માટે પ્રાર્થના-શાંત, મૂક પ્રાર્થના કરવી ! વખત આવ્યે બધું ઠીક થઇ જશે એવી શ્રધ્ધા ન ગુમાવીશ. ૐ

નિર્દોષતા ન ગુમાવતી, ચિત્તમાં યત્કિંચિત્ પણ રાગદ્વેષ ન આવવાં જોઇએ. જગત્ તો દયાને પાત્ર છે; પામર છે; દયા દ્વારા આપણી ક્ષમા ( તિતિક્ષા-શારીરિક અને માનસિક ) કેળવાય છે. અને એ જ તિતિક્ષાના તપોબળને લીધે આત્મભાવના સાચવીને દૃઢ કરવાનું મનોબળ મળે છે.

વાંચવાની ફુરસદ તો તને ક્યાંથી મળે ? પણ જો આંતરચક્ષુ

ઊઘડયાં હોય, આત્મદેવે આંતરચક્ષુને માટે ઓપરેશન કરી આપ્યું હોય તો જીવનવ્યવહારની ક્ષણેક્ષણે વાંચવા-સમજવાનું મળે છે, આપણા દેહથી માંડીને સંસર્ગમાં આવતાં બધાં માનવપૂતળાં ત્રિગુણાત્મક માયાના મદમાં ચકચૂર બનીને રાસ રમે છે; એમાં સ્પર્ધા, ઇર્ષા, દ્વેષ, ભય, પ્રેમ, ક્રોધ, યુધ્ધ, વ. દર્શન આપે છે; એને મિથ્યા, સ્વપ્નવત્ માનીને, ભગવાનની લીલા સમજીને સ્વરૂપના આનંદમાં રહેવું ને સાબુથી મેલા હાથ ધોઇ નાખીએ તેમ-મનને સદ્‌ગુરુજ્ઞાનરૂપી સાબુથી ધોઈ નાંખવું. એક ભકતે સદ્‌ગુરુને ધોબી કહ્યા છે એ કાંઈ ખોટું નથી. ક્ષણે ક્ષણે અંતઃકરણની બ્રહ્માકાર વૃત્તિમાં વ્યવહારને લીધે ગુણરૂપી મેલ ચડે છે, એ સદ્‌ગુરુસ્મરણથી ધોવાય છે. પરમાત્મા દયાળુ છે. ક્ષમાના ભંડાર છે, સંસારી વાસનાઓવાળાને વિષયોના ભંડાર આપે તો, આપણે તો કેવળ એમનું શુધ્ધ સ્વરૂપ જ માંગીએ, એ આપતાં એમને શા ઘા લાગી જવાના હતા ! ? આનંદ છે ! ૐ !

તારા " પોતે " પણ ગીતાનું વાચન કરે છે એ જાણીને તને સંતોષ થાય છે, તેથી મને પણ આનંદ થાય છે. ઘરમાં દેવસેવા તો હશે જ. એ પણ જો શ્રધ્ધા અને સમજણપૂર્વક થાય તો ખોટું નથી. અને મુખ્ય વસ્તુ પ્રત્યેક ક્ષણે પરમાત્માનું સ્મરણ રાખવું એ છે. પરમાત્મા જે ક્ષણે જે કરાવે છે, ઠીક જ થાય છે એમ સમજી ભૂતકાળ ભૂલવો, ભવિષ્યકાળની ચિંતા ન કરવી અને વર્તમાનમાં આનંદ સ્વરૂપે રહેવું એટલે સહેજે સંતોષ સચવાય.

પૂર્વકર્મ પ્રમાણે શરીર ( સ્થૂલ ), અંતઃકરણના સંસ્કાર, લોકસમૂહનો સહવાસ-બધું મળી આવે છે. વિશ્વમાં બધા જન્મોનું દેવું ચૂકવવા આવ્યાં છીએ એવું માનીએ એટલે દેવાદારને તો લેવાનું કશું હોય જ નહિ, તેથી કશી નવી વાસના જાગતી નથી. દેવું ચૂકવીએ એટલે મુકત.

આપણે આપણા અંતઃકરણ ઉપર કાબૂ મેળવવાનાં અધિકારી છીએ; એ મન ઉપર કાબૂ આવે એટલે મનમાં શાંતિ રહે અને એથી ધીરેધીરે આસપાસ પણ શાંતિ આવવી જ જોઇએ. માત્ર એમાં મનમાં ધીરજ અને શ્રધ્ધા રહેવાં જોઇએ.

પરમાત્મા કદી કોઈનું અકલ્યાણ કરતો જ નથી. દુઃખ કે સુખ, બન્ને દ્વારા આપણું જીવન ઘડાય છે. સાચું ઘડતર એ જ કે એ દ્વારા અંતઃકરણ પરમાત્માના સ્વરૂપનો આનંદ ભોગવવાનું અધિકારી થાય. બાકી તો વ્યવહાર સ્વપ્નવત્ છે; સ્વપ્નમાં પાંચ-પચીસ એકઠાં થાય, કોઈ આપણી સાથે સદ્વર્તન કરે, કોઈ લડે, કોઇને આપણે મારીએ, કોઇ આપણને મારે, આપણે લેવડદેવડ કરીએ—એ બધું જાગીએ એટલે વિચારતાં એમ જણાય કે અસત્—અનિત્ય હતું. સ્વપ્નમાં જે બધાં હતાં, તે કયા પ્રારબ્ધને લીધે ભેગાં થયાં હતાં ? એમાં પૂર્વકર્મ કયાં હતાં ? કોનો સંબંધ સાચો અને કોનો ખોટો ? કયા કર્મના ભોગ એમાં ભોગવ્યા ?—વગેરે જેમ જાગ્યા પછી મિથ્યા છે, તેમ જ આ જાગ્રત અવસ્થામાં સંસાર સત્ય લાગે છે, કર્મ પ્રમાણે ભોગ, શરીર, દ્વંદ્વ, જન્મમરણ વગેરે સાચાં લાગે છે, પણ જરા આત્મદૃષ્ટિથી જ્ઞાન—મેળવીને જાગો જોઇએ ?—બધું મિથ્યા ! ૐ આનંદ અને આપણે એક, કેવળ, અદ્વિતીય ૐ ! तदेको वसिष्ठः शिवः केवलोऽहम्

બોલ; તારી સાક્ષરી ભાષાના કાગળનો સાક્ષરી ભાષમાં જવાબ આપ્યો કે નહિ ! મહેનત તો કરી છે, તને ગમે કે નહિ એ તું જાણે !

# ૧૦

(૧)

તા. ૯–૪–'૪૬

તમે બધાં યોગ્ય માર્ગે આગળ વધો એમ હું ઇચ્છું છું. એક વાતનું ધ્યાન ખેંચું છું. -તારે પોતાને, અ. સૌ......એ, ગં સ્વ... એ કે ચિં.....એ પોતાના વાતચીતના કે કામકાજના વ્યવહારમાં એવી ચોકી રાખવી કે કશુંએ નકામું ન થવા પામે. નકામાં કામ-કાજ કરતાં નકામી વાતો ઘણી આપણે કરીએ છીએ. અને તદ્દન વિરક્ત દશામાં રહેનારાઓ એટલા જ માટે ઘણીવાર મૌનના નિયમ પાળે છે.

મન બહુ જ હરામખોર છે. ઠગારું છે. એ પોતાના પૂર્વ-સંસ્કાર પ્રમાણે દેહાધ્યાસ તરફ જ વળશે. અને જ્યાં 'હું શરીર છું' એ અધ્યાસ જાગ્રત થયો કે પછી હું-મારું, મને–છએ વિભ-ક્તિના વળગાડ આવી જ પડ્યા સમજવાના.

મિથ્યા પ્રવૃત્તિને રોકીએ નહિ તો ઘણીવાર એ ઉપયોગી પ્રવૃત્તિ છે એવી ભ્રાંતિ મન ઊભી કરીને આપણને વિવેકભ્રષ્ટ કરે છે. એકાન્તમાં જઈને પોતાના સ્વભાવને–મનના વલણને કલાક અર્ધો

કલાક તપાસતાં શીખજે. અથવા કાગળ–પેન્સિલ સાથે રાખીને એનો હિસાબ કરશો તો એની વિષયો ઉપરની કૂદાકૂદ પકડાઇ જશે. જન્મના સ્મરણમાં એ સંસ્કાર સારા હશે તો તરત જ વળગી જશે. ૐ

(૨) તા. ૨૩–૭–'૪૩

સંસારનો વ્યવહાર દિવસે દિવસે વિષમ થતો જાય છે. ક્યાં જઈને અટકશે એ અદષ્ટના હાથમાં છે. જેવો વખત આવે તે પ્રમાણે રહેતાં શીખવું. વ્યવહારમાં સન્તોષ અને પરમાર્થમાં આત્મતૃપ્તિ રાખવી એ જ આત્મજ્ઞાનનું ફલ છે.

ચિ...તો મહાસાગરમાં ભરદરિયે પડી છે. એને પણ એની મઝા આવતી હશે એ ઠીક ઘડાય છે. મને એની ચિંતા એટલા માટે નથી કે એ બહાદુર વીરાંગના છે; મારે માટે તો વીરપુરુષ –વીરાત્મા છે. પરમાત્મા એનામાં જ્ઞાનશકિતનો અખંડ પ્રવાહ ચાલુ રાખે ! આશીર્વાદ.

(૩) તા. ૩૧–૮–'૪૬

ચિ ..ના જીવનની વિકટતા વધતી જાય છે પણ શું થાય ? સંયોગો અકસ્માત્ ઊભા થતાં પ્રારબ્ધની જ વિચિત્રતા સમજવી. જે કાળે જેવી પરમાત્મા બુદ્ધિ સુઝાડે તે રીતે રસ્તો કાઢી લેવો જોઈએ; એ રસ્તો પણ પ્રારબ્ધ પ્રમાણે જ નીકળવાનો. મનમાં શાંતિ રાખીને જેવું આવે તેવું વેઠીને ભોગવી લેવાની તૈયારી (મનની) રાખવી જોઇએ. પ્રારબ્ધ વેચાતું કે ભાડે અપાતું લેવાતું નથી,

એટલે હર્ષ શોક નકામાં છે. તાત્પર્ય કે દશ્યવ્યવહારની કીમત જ એટલી તુચ્છ છે કે એમાંથી મનોમુકત થવા માટે સાક્ષીભાવથી રહેતાં શીખવું.

(૪) તા. ૨૧-૪-'૪૩

યાત્રામાં અત્યારે તો બધે જ એવું છે. પ્રાકૃતિક રમણીયતાનાં સુન્દર સ્થાનોમાં સંત મહન્તોએ ભૂતકાળનાં એકાન્ત સેવન કરીને તત્વચિંતવન કરેલું. એ પુણ્ય ભૂમિને તીર્થ સંજ્ઞા અપાઈ; તીર્થનો એક અર્થ સંસ્કૃતમાં જલ પણ થાય છે, એટલે તીર્થો મુખ્યત્વે જલાશયો જ હોય છે.

પણ સમય પોતાનું કામ કરે જ જાય છે. એ જીવન્ત મૂર્તિઓ ત્યાં હોય, ત્યારે એમના દેહમાંથી જાણે ચૈતન્ય ફોરતું હોય એમ લાગે. હૃષીકેશમાં એક સુપ્રસિદ્ધ સંત હતા. મારા પર તો શું પણ પ. પૂ. શ્રી નારાયણસ્વામી પર પણ એમની કૃપા હતી, એમ કહું તો ચાલે. એકવાર મેં એમને સહજ પ્રશ્ન કર્યો કે "મહારાજ, પ્રાચીન સંન્યસ્ત કેવું હશે?" હસીને ઉત્તર આપ્યો કે "આ અત્યારે નકલ ચાલે છે, એ ઉપરથી કલ્પના કરવી હોય તો કરી લે." એમની ઉંમર હતી ૭૫-૮૦ ની, અને આ વાત છે આજથી દસ-બાર વર્ષ પહેલાંની. ઇ. સ. ૧૯૧૨-૧૪ ની વાતો મેં જોયેલી -જાણેલી એ પણ એવી જ છે. એ વખતે હૃષીકેશ ખૂબ જ એકાન્ત હતું. હું ૧૯૧૪માં કાગળ, પેનસીલ લેવા માટે પગે ચાલીને હરદ્વાર ગયેલો; હૃષીકેશમાં સડકો ન હતી; આટલી મ્હોલાતો ન હતી. હરદ્વારથી ત્યાં સુધીની સડક નહોતી. વચમાં નદીના પુલ ન હતા. રેલ્વે કે મોટર તો શાનાં જ હોય! ચોરી અને હિંસક પશુના ભયના લીધે સાંજે પાંચ વાગ્યા પછી પોલીસ પગપાળા મુસાફરી કરવા દેતી નહિ.

એ સમયે ત્યાં સુન્દર, શાંત, તત્ત્વજ્ઞ વિરકત સંતો રહેતા. એમના ચરણુમાંથી ખસવાનું જ મન ન થાય. અન્નક્ષેત્રમાંથી દાળ-રોટલા જેવા મળે તેવા ખાવા, ઘાસની કુટીઓમાં રહેવું દિવસે શ્રવણુ મનન અને રાત્રે નિદિધ્યાસન, એ અમારો ક્રમ રહેતો.

અત્યારે ત્યાં શહેર છે, વિલાસ છે, અને એથીયે વધારે તો શુભ ચારિત્ર જેવું બહુ થોડું રહ્યું છે. ઘણા સારા સંતો બહાર નીકળી ગયા છે. થોડા હજુ પણ હશે, પણ એમનાં દર્શન સત્સંગનો લાભ કાંઇ ઊડતાં-ઊડતાં યાત્રા કરવાથી મળે ખરો?

હશે. આટલું જઇ આવ્યા તેય ઠીક કર્યું. કંઇક તો જાણવાનું મળ્યું? વ્રજભૂમિમાં પણ સારા સંતો છે. એ બધાં લોકસમૂહથી દૂર રહે એટલે દર્શન પણ દુર્લભ.

ધ્યાન તથા જ્ઞાન માટે જે પ્રયત્ન ચાલે છે તે યથાયોગ્ય છે. હવે એટલું સમજાતું હશે કે જ્ઞાન વિના ધ્યાન લગભગ નિરુપયોગી જેવું જ છે. યોગવાસિષ્ઠ વાંચ્યા પછી ચિત્તની સ્થિતિ રહે છે, તે જયારે સ્થાયીરૂપ પકડે, અને વ્યવહાર કરતાં કે કર્યા પછી શરીરથી વસ્ત્ર જેમ જુદાં લાગે છે, તેમ સ્વરૂપથી શરીર ભિન્ન લાગે, ત્યારે સાચી નિષ્ઠા થઇ કહેવાય.

ભગવદ્‌ગીતા ઉપરની જ્ઞાનેશ્વરની ટીકા બહુ આનંદ આપશે. વિચારસાગર ગ્રન્થ ઉત્તમ છે, પણ એ જાતે વાંચ્યા કરતાં, કોઇ પાસે ભણવા જેવો છે. એમાં કેટલોએક યુક્તિનો ભાગ છે, તે જરા કઠિન અને શુષ્ક પણ છે. યોગ વાસિષ્ઠના વાચનથી અનુભવની ભૂમિકામાં જાણે ઉપર ચડતાં હોઈએ એવો ક્ષણુ ક્ષણુ ભાસ થાય છે.

એક બીજું 'આત્મપુરાણુ' કરીને પુસ્તક છે. એમાં જો કે

કેટલીએક તર્કની વાતો છે, છતાં એ ઉપનિષદના વિસ્તાર રૂપે છે એટલે આનંદ આપે એવો છે; શ્રી. રામતીર્થ, વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ વગેરેના ગ્રન્થો પણ વખત મળ્યે વંચાય તો ઠીક પડશે. મુખ્ય વસ્તુ છે સાધન-સંપત્તિની; વેદાન્તના સાધનમાં પ્રથમ સાધન વિવેક અને બીજું વૈરાગ્ય; વિવેક એટલે વેદાન્ત પ્રમાણે આત્મા અને અનાત્માનો બુદ્ધિથી નિર્ણય, વૈરાગ્ય એટલે આત્મા પ્રતિ રુચિ, એટલે ભકિત; અને અનાત્માનું વિસ્મરણ એટલે વૈરાગ્ય. આમ એ બે સાધન સિદ્ધ થયા પછી આગળ ગાડું બરાબર ચાલે છે; બધાં મળીને મુખ્ય સાત સાધન છે: (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન એ છ. (૪) મુમુક્ષુતા (૫) શ્રવણ (૬) મનન અને (૭) નિદિધ્યાસન.

વૈરાગ્ય અંતરમાં સહજ સ્વભાવે વિવેક દ્વારા રહે એટલે ચિત્ત આત્મામાં રમે અને શાંતિ રહે, તે શમ; ચિત્તમાં શાંતિ અને સ્વરૂપનો આનંદ હોય એટલે ઇદ્રિયોને અયોગ્ય વિષયોમાં જતી રોકવાની, દાબવાની શકિત આવે એ દમ; એ ચિત્ત અને ઇન્દ્રિયો પર કાબુ આવવા માંડે એટલે પહેલાં જે વિષયોમાં રતિ એટલે પ્રીતિ હતી, તે પાછી વળીને સ્વરૂપમાં આવે. સકામ કર્મોમાંથી મન પાછું પડે એનું નામ ઉપરતિ; એવી રીતે શમ, દમ અને ઉપરતિ હોય, એટલે દ્વંદ્વ સહન કરવાની શકિત આવે, એ માનસિક તપ છે એનું નામ તિતિક્ષા. આવી તિતિક્ષા હોય એટલે શાસ્ત્રવાક્યમાં પ્રીતિ થાય, ગુરુવાકય આપણા હિતાર્થે છે, એવી નિષ્ઠા જામે. એ છે શ્રધ્ધા, અને એવી શ્રધ્ધામાંથી પછી કોઈ પણ કાળે લક્ષ્યમાંથી મન પાછું ન પડતાં સવિકલ્પ સમાધિ સુધીની સ્થિરતા આવે એ છે સમાધાન.

સવિકલ્પ સમાધિના અભ્યાસ પછી ઉપનિષદોનાં મહાવાકયના શ્રવણનો અધિકાર આવે, જીવ-બ્રહ્મનો દ્વૈત ભેદ છે કે

અભેદ એ સમજાય; શ્રવણ થાય, બુદ્ધિમાં ઊતરે; એના ઉપર સ્વતંત્ર રીતે બુદ્ધિ વિચાર કરે, એકાન્તમાં એના એ જ વિચાર આવે, જીજ્ઞાસુ એકાન્તથી થાકે નહિ, ઊલટો આનંદ આવે. ગુરુશાસ્ત્ર ઉપદેશમાં એવી સ્થિતિ તે મનન; મનનના નિશ્ચયરૂપે અહોનિશ આત્મચિંતન, આત્મભાન અને આત્મજાગ્રતિ રહે એવું નિર્વિકલ્પ સમાધિનું અનુષ્ઠાન તે નિદિધ્યાસન.

આ બધાં સાધન તે વૃક્ષ, અને સમાધિ તે એનું સ્વાભાવિક રીતે વિના પ્રયત્ને આવી મળતું પરમાનંદની પ્રાપ્તિસ્વરૂપ ફલ છે.

પુસ્તકોમાં આ બધું છે; અને એ સમજવા જેટલી બુદ્ધિ પણ તમારામાં છે. ધીરે ધીરે સુંદર વિકાસ થશે. શ્રદ્ધા રાખવી, અને પ્રયત્નથી થાકવું કે કંટાળવું નહિ. સાચો જીજ્ઞાસુ તો કદી થાકતો નથી; કારણ કે એને સ્વરૂપની ભક્તિ હોય છે. એના પ્રયત્નમાં એને સ્વરૂપનો આનંદ મળતો જાય છે. અને તેથી ક્ષણ ક્ષણ એને પ્રતીતિ થાય છે કે માનવહૃદયનું એ જ ધ્યેય છે. થાકે છે વિષયી અને દંભી કારણ કે એ અંતર્મુખ (આત્માભિમુખ) થઇ જ શકતો નથી; એવા બહિર્મુખો માટે તો ચૌદ-બ્રહ્માંડ ભટકવાનાં પડચાં છે.

એકાન્તસેવનને વિષયી આળસ કહે છે. તથા વિરક્તને બીકણ અને તત્ત્વજ્ઞને નિરુપયોગી માને કે કહે છે; એ સંસારક્રમમાં પરિવર્તન થઈ શકે એમ નથી.

એમાં આધુનિક વાતાવરણનો પણ પ્રભાવ છે. આપણે એ જ વાતાવરણમાં દેહબુદ્ધબુદ્ધરૂપે ઊભાં થયાં છીએ, એટલે એમાંથી જ જીવનનું પરમ લક્ષ્ય મેળવીને કેળવી લેવાનું છે.

જુના સંબંધો છોડવા પડે, નવા બંધાય, જુનાને આપણે

નકામા લાગીએ, તેઓની વચમાં આપણી મશ્કરી પણ થાય, કારણ કે એ બધાને ઇન્દ્રિયોના વિષયોમાં જ મનને ભટકવા દેવાની ટેવ પડી છે. એ બધું ઉપેક્ષાથી સહન કરવું એનું નામ માનસિક તિતિક્ષા છે. શીત-ઉષ્ણની તિતિક્ષા એ શારીરિક તપશ્ચર્યા છે. દ્વંદ્વ તો આવવાનાં જ; એ બધાંને મિથ્યા, નકામાં, કે મનની કલ્પના સમજીને જ્ઞાનદૃષ્ટિથી અંતરમાં ન ચોંટવા-વળગવા દેવાં; એ પંચભૂતોના વળગાડને ન આવવા દેવો, એ જ આપણા શાસ્ત્ર અને સંતો રૂપી ભૂવાનું કામ છે.

સ્વરૂપચિંતન એ જ મહામંત્ર; સ્વરૂપ જ પરમ સત્ય છે, એ જ મહાવાક્ય અને સ્વરૂપ જ સચ્ચિદાનંદ અદ્વૈત છે, એ જ મહાબોધ; એ બધું તમે અનુભવો એટલે મને સંતોષ.

# ૧૧

(૧)

તા. ૩૦-૯-'૪૨

× × × ચિ...બહેનનાં પહેલાંનાં શ્રદ્ધાભક્તિ તથા પાઠપૂજન જડ હતાં; એમાં કશું જ્ઞાન કે વાસ્તવિક વૈરાગ્ય ન હતાં. જો ખરાં ભકિત, જ્ઞાન કે વૈરાગ્ય હોત તો આવી કશી જ ભાંજગડ ન ઊભી થાત. હવે જરા ભાન આવવા માંડે, બુદ્ધિ સ્થિર થાય એટલે એને આ તરફ–સમજણપૂર્વકના સાધન તરફ વાળવા પ્રયત્ન કરજો. જે થાય તે પૂરા વૈરાગ્યપૂર્વક, જ્ઞાનપૂર્વક અને ભકિતપૂર્વક થવું જોઇએ. સાધનામાં પણ આપણા ઉપર રક્ષક અને દિગ્દર્શક હોવા જોઈએ અને એ કાર્ય સન્તો મારફત બની શકે છે. સ્વાભાવિક દૃષ્ટિએ તો દ્વૈત સમસ્ત દૃષ્ટા તથા દૃશ્યની રમત છે; દૃષ્ટાસ્વરૂપ મનની એ કલ્પના છે; આ સંસાર મનની કલ્પના હોવા છતાં પણ ઇશ્વર, ગુરુ તથા શાસ્ત્રમાં રાખેલી સતૃસ્વરૂપની શ્રદ્ધાથી અસત્ કલ્પનાનો નાશ કરી શકાય છે. એટલા પૂરતો એનો ઉપાસનામાં ઉપયોગ છે.

(૨)

તા. ૭ ૧૦ '૪૨

*　　　*　　　*　　　*

સંસાર આપણો ધાર્યો ચાલતો નથી. ચાલવાનો પણ નથી કારણ કે પ્રત્યેક જીવના પોતાના અજ્ઞાનમાંથી એ બનેલો છે. જીવ જો સત્ય સમજી જાય તો પોતાના સંસારને સુધારી લે. સમજવાનું એ છે કે આપણે જીવભાવમાંથી નીકળી જવું, અને શાસ્ત્રસિદ્ધાન્ત પ્રમાણે જગત તો સૌના મનની પોતાની કલ્પના સમજીને એક અખંડ અસંસારી આત્મભાવે રહેતાં-જીવતાં શીખવું.

*　　　*　　　*　　　*

આનંદ જ આપણું સ્વરૂપ છે-અરે! બધાનું છે. બીજા તમોગુણી અજ્ઞાનમાં પડેલા હોય તે સમજે નહિ તો એમાં આપણે શું કરીએ?

અજ્ઞાનીઓ દુઃખ પામે ત્યારે એમના પ્રતિ મમતા અને મોહ રાખી દુઃખી થવું એ પણ આપણો જીવભાવ જ છે. આપણાં સાચાં સંબંધી અને હિતસ્વી તો જે આપણને જીવભાવમાંથી છોડાવે અને આત્મભાવમાં લાવીને એ દુઃખમય, કલેશમય, જગતની જાળના બંધનમાંથી છોડાવે તે છે. એમના પ્રતિ ભકિત રાખીએ એ પણ એક જાતની મમતા છે, તો પણ એ બધાં આપણને મોહમાંથી છોડાવે એવાં હોય છે તેથી એનાથી બંધન થતું નથી.

(૩)

તા. ૧૨-૧૦-'૪૨

નિષ્કામ ભાવે, કેવળ આત્મકલ્યાણ માટે સાધન કરવાનું છે;

પ્રારબ્ધયોગને તો બ્રહ્મા પણ ફેરવી શકે તેમ નથી. રોગીને દાક્તર દવા આપે એમાં રોગીનું પ્રારબ્ધ અને દાક્તરનો પ્રયત્ન બન્ને હોય તો જ કામ સુધરે છે. ગુરુ શિષ્યનું પણ એમ જ છે. શિષ્યના પુણ્ય સંસ્કારનું પ્રારબ્ધ હોય તો સુયોગ્ય ગુરુ એને તત્વ-સાક્ષાત્કાર કરાવી શકે છે. આવી રીતે બીજાનો પ્રયત્ન કેવલ નિમિત્ત માત્ર છે, અને રોગી તથા જિજ્ઞાસુનું પ્રારબ્ધ મુખ્ય છે. આપણે પરમેશ્વર પ્રીત્યર્થ પુરુષાર્થ કર્યે જવાનો છે.

* * * *

સંસારની બધી માયા આવી વિચિત્ર જ છે. ક્યાંય પણ બાહ્ય પ્રદેશની અનાત્મ દૃષ્ટિમાં સુખ કે શાન્તિ નથી. સચ્ચું સુખ તો અંતરના આત્મભાવમાં અને સાચી સમજણમાં છે. જેવું આપણું મન તેવી આપણી આસપાસના સંસારની અસર આપણા ઉપર થાય છે કારણ કે એ મન ન હોય, તો એકલા, અખંડ સ્વરૂપમાં સંસાર કે દ્વૈત છે જ નહિ.

વ્યવહારનાં કામકાજ કરતાં કરતાં પણ આત્માની સત્યતા અને વ્યવહારનું મિથ્યાત્વ, એ બન્નેનો દૃઢ નિશ્ચય રાખીને જ જીવન ગાળતાં શીખવું.

# ૧૨

(૧)

તા. ૨-૩-'૪૭

આપણે હવે કમર કસવાની છે ખપ પૂરતો જ વ્યવહાર અત્યારે જો કે છે છતાં તે ઉપરાંત પરવાર્તામાંથી જેટલું બને તેટલું નિવૃત્ત થવું. એકડો જ શરૂ કરવો પોતાનાથી અને તે એવી રીતે કે બીજા કોઇને ઉપદેશ આપ્યા વિના.

જે કામ કહેવાથી નથી થતું તે મૌનથી વધારે થશે; નહિ તો થોડીઘણી છૂટનો અંત જ આવતો નથી. જેટલો સમય મળે તેટલો શ્રવણ–મનન ને નિદિધ્યાસનમાં ગાળવાની ખાસ કાળજી રાખવી. વ્યવહાર એવો ઊભો થાય છે કે જ્યાં ક્ષણે ક્ષણે રજોગુણી વાર્તાલાપ, પરનિંદા, પરચર્ચા વગેરેના પ્રસંગો ઊભા થઇ જાય છે. એમાંથી આપણી જાતને ઉગારી કે બચાવી લીધા વિના સાચી શાંતિ મળવી અસંભવિત લાગે છે. ચિ... એ પણ એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે; એણે પણ નિયમિત જપ, ધ્યાન અને વાચન કરવું જોઇએ. વ્યવહાર તો વ્યવહારની રીતે ચાલ્યા જ કરશે, પણ તત્ત્વનો ખરો અનુભવ અને સાચી શાંતિ મેળવવી હોય તો

ગંભીરતાનો પણ દિવસના થોડા સમયમાં અનુભવ કરવો જોઇએ. યોગવાસિષ્ઠ મહારામાયણ એ સર્વોત્તમ ગ્રંથ છે. જગતનાં સ્તુતિ-નિંદાની આપણે પરવા નથી–આવશ્યકતા નથી. એ જેટલી સાચી વાત છે, તેટલી જ સાચી વાત એ છે કે જગતને પણ આપણાં કરેલાં સ્તુતિનિંદાની કશી આવશ્યકતા નથી. આપણાથી જાણ્યે અજાણ્યે જગતને મહત્ત્વ અપાઇ જાય છે, અને જેટલું મહત્ત્વ જગતને અપાય છે, એટલું મહત્ત્વ આત્મતત્ત્વ માટે અપાતું નથી. સહજ સ્વભાવે ઓછું અપાય છે. હવે ખાસ ધ્યાન રાખીને સ્વરૂપચિન્તનમાં લાગી જાઓ.

( ૨ ) તા. ૨–૪–'૪૭

મારી સલાહ એવી છે કે હવે અ.સૌ..., ગં.સ્વ..., તથા તમે એમ ત્રણેયને અંતર્મુખ થવાની ખૂબ જ જરૂર છે. આપણી મનોવૃત્ત ઉપર આપણને ત્યારે જ કાબૂ ( સંયમ ) આવે છે કે જયારે પ્રત્યેક વૃત્તિને ઊઠતાં વેંત તપાસીને નક્કી કરી શકીએ કે એ શુભ છે કે અશુભ; રાગદ્વેષથી મુક્ત છે કે નહિ; એમાં આપણું મિથ્યા-ભિમાન કેટલું છે વગેરે તપાસતાં આવડવું જોઇએ. કેટલ.એક સંતો તેમ જ ભકતો મૌન સેવે છે, એકાંત સેવે છે. એ એટલા માટે જ હોય છે. પહેલાં અનેક જન્મના જીવભાવના સંસ્કારવાળા મનને બાળી ઝૂડીને ચોકખું કરવું જોઈએ. નહિ તો જૂની ટેવ પ્રમાણે જ આચરણ કર્યા કરે .

વ્યકિતજ્ઞાનને ભૂલ્યા વિના આત્મસ્મરણ રહેવું અસંભવિત છે. હું શરીર ( ત્રણેય ) છું એ ભૂલ્યા વિના હું આત્મ છું એ સ્મરણમાં રહેતું નથી અને કદાચિત્ વાચન સત્સંગથી ક્ષણિક

સ્મરણ થાય તો એ દૃઢ થતું નથી, કારણ કે હું શરીર છું એમ માનીને જ આપણે વ્યવહાર ઊથલાવ્યા કરીએ છીએ. શરીરના વ્યવહારમાં એવો ક્રમ રાખવો જોઇએ કે એમાં જેમ બને તેમ દેહાધ્યાસ ઓછો થાય, થાય તેટલો આત્મભાન સાથે થાય, અને આત્મનિષ્ઠા કેળવવા માટે પૂરતો સમય મળે.

જેવું પોતાના મનાતા એક દેહનું વિસ્મરણ જરૂરી છે, તેવી જ રીતે સંબંધમાં આવતાં બધાં દેહધારીઓને ભૂલીને બ્રહ્મભાવ કેળવવાનો છે. अहं ब्रह्मास्मिनीની સામે सर्वंखल्विदंब्रह्म–પણ અનુભવવાનું છે; સંબંધમાં આવતા જનસમૂહના ત્રિગુણાત્મક સ્વભાવને ભૂલીને બ્રહ્મભાવ સ્થાયી કરવાનો છે.

નિદિધ્યાસન એકાન્તભાવ વિના આવે નહિ. ઘડી ઘડી પૂર્વ દેહાધ્યાસ નડે છે. સાંસારિક દૃષ્ટિથી પ્રત્યેક શરીર તથા પ્રત્યેક અણુ પરમાણુ ત્રિગુણાત્મક છે. સમસ્ત દૃશ્યદ્વૈતમાં દૃષ્ટા–દૃશ્ય –દર્શનનો ભેદ તો દૃષ્ટાએ જ પોતાની અવિદ્યા વડે ઊભો કર્યો છે, એટલે અમુક દૃશ્ય આવું કેમ ને આવું કેમ નહિ–એનો બધો દોષ દૃષ્ટામાં જ આવે છે; દૃષ્ટાએ જ દૃષ્ટિ બદલવાની છે; દૃશ્યને સુધારવાથી દૃષ્ટા સુધરતો નથી. ઊલટું એમાં તો દૃષ્ટાના અહંકારને વધવાના સંભવ ઊભા થતા જાય છે; દ્વૈતલીલાનો અંત આવતો નથી અને હમેશાં વિક્ષેપ ચાલુ રહે છે.

ખૂબ સાવધાનતા રાખતાં શીખો; વ્યવહાર તો એક રીતે જોતાં એની મેળે ચાલ્યા જ કરે છે ને ચાલશે. જેમાં અધર્મ–અનીતિ કે આત્મજ્ઞાન ખંડિત થાય એવા વ્યવહારને રોકવાનું સામર્થ્ય લાવવું ને રાખવું જોઇએ, પણ નિરર્થક વ્યવહારને તો તિલાંજલિ જ આપી દેવી જોઈએ.

આપણે બીજાની ચર્ચા કરવામાં ઘણીવાર બહુ આગળ વધી

જઇએ છીએ. બીજાં અજ્ઞાની છે, સંગ કરવા જેવાં નથી, એટલું સમજાય એટલે બહારથી જેમ એમની સાથે બહુ ન ભળીએ, તેવી જ રીતે મનમાંથી એમને વિસારી મૂકવાં જોઇએ. મનમાં એનું સ્મરણ ચાલ્યા કરે એ તો બહુ જ અનિષ્ટ કહેવાય. એવો મનોભાવ આપણને આત્મસ્મરણ કરવા દેતો નથી.

એકાંતના કલાકો વધારવા માંડો. યોગવાસિષ્ઠના વાચન ઉપર ખૂબ લક્ષ્ય રાખો ને ગંભીર શાંતિ તથા આત્માનંદમાં જ નિમગ્ન રહેવાની ટેવ પાડો.

(૩) તા. ૧૦-૮-'૪૮

ત્યાં કથાવાર્તાનું શ્રવણ ચાલે છે તેથી વૃત્તિઓ આત્માભિમુખ રહેતી હશે. સાચા જ્ઞાનના સાધનમાં અંતર્મુખ-બહિર્મુખ એવો પ્રશ્ન નહિ પણ આંતર-બાહ્યનો ભેદ ત્યાગી આત્માભિમુખ વૃત્તિ રાખવાનો છે. યોગ અને ધ્યાનમાં ઇંદ્રિયોનો નિરોધ છે તેથી અંતર્મુખતાની મહત્તા છે, પણ જ્ઞાન અને નિદિધ્યાસનમાં ઇંદ્રિયોનો નિરોધ નહિ, વૃત્તિઓનો લય નહિ, પણ વૃત્તિઓનું પરિવર્તન -વિચાર દ્વારા કરવાનું હોય છે. અનાત્મ વૃત્તિને બદલે આત્મવૃત્તિ કેળવવાની અને એનું સતત્ જાગરણ રહે એવી રીતે વિજ્ઞાનમય કોષને સચેત રાખવાનો છે, જેથી પ્રમાદ, આળસ, વિષાદ, માયાવાદ, દોષદૃષ્ટિ વ. ને સ્થાન ન મળે. આત્મવૃત્તિમાં તો નિરંતર આનંદ, જાગ્રતિ, ચૈતન્ય, સ્ફૂર્તિ, અને જીવનમાં ઉલ્હાસ રાખવાનાં છે. માટે આ બાબતમાં ચેતતાં રહેવાનું છે. ધ્યાનમાં વૃત્તિઓનો નિરોધ એટલે કે ઇંદ્રિયોને બંધ કરી પ્રત્યાહાર કરી, વૃત્તિઓને ધ્યેયાકાર કરવાની છે, તેથી એકાન્ત જોઇએ, પણ જ્ઞાનની સાધનામાં ઇંદ્રિયોને

છેડયા વગર ઇંદ્રિયોના મૂળરૂપ અંતઃકરણમાં આત્મવૃત્તિ ઉપજાવી એનું સતત્ રટણ રાખી ઇંદ્રયો વિશુદ્ધ વ્યવહાર કર્યા કરે એવો અભ્યાસ થાય તે નિદિધ્યાસન કહેવાય છે. ધ્યાન અને નિદિધ્યાસનમાં આટલો મહત્ત્વનો તફાવત છે–ધ્યાન બેસીને થાય, નિદિધ્યાસન હરતાં ફરતાં પણ થાય. ગીતામાં અધ્યાય પાંચમામાં શ્લોક ૭-૮-૯ ૧૦-૧૧-૧૨ એમ ૧૬ સુધીના શ્લોક નિદિધ્યાસનના છે, જયારે અધ્યાય છઠ્ઠો આખો ધ્યાન માટે છે. પાંચમા અધ્યાયનો મુખ્ય આશ્રય લેવાનો છે. એથી શાંતિ વધે છે. ભૂત–ભવિષ્યનો વિચાર કર્યા વિના વર્તમાનમાં આનંદમગ્ન રહેવું ને વિષાદ ચિત્તમાં ન આવવા દેવો.

*    *    *    *

(૪) તા. ૨૮-૭-'૪૯

બહારનો વળગાડ (વ્યવહાર) છોડવો બહુ અઘરો નથી; અંદરનો નિર્મૂળ થાય ત્યારે ખરો. અંદરનો વળગાડ તો વિચાર વડે ફહાડવાનો છે; બહારનો ક્રિયા વડે ફહાડવાનો છે; બહારનો ક્રિયા વડે ફહડાય છે. શુદ્ધ શાસ્ત્રીય રીતે આત્મવિચાર કરવાનું કામ અઘરું છે. દંભ એ જીવનું બહુ કપટી સ્વભાવનું અંગ છે. અજ્ઞાન છાવરીને રાખવાનો શોખ એ એનું મુખ્ય લક્ષણ. કોઇ ફૂવડ ઘરમાં ધૂળ ઉપર લીંપણ કરે તો બધાં હસે; એમ આ બધાં અંદરની ધૂળ ઉપર બહારથી લીંપણ કરે એ કોણ જુએ ? એ તો તરત જ પોપડાં વળીને ઊખડી પડે. પાછી ધૂળની ધૂળ ને ખાડાના ખાડા.

બને તેટલું એકાન્તસેવન અને આત્મવિચાર કરજો. ખબરદાર ! વ્યવહાર સત્ય ન લાગવા માંડે; સ્વપ્નમાં જ છીએ, અને

જાગી ગયાં છીએ. જાગ્રત જેવું જ સ્વપ્ન ચાલુ છે, એમ સમજીને રહેવાનું છે. ભૂલાય નહિ !

* * * *

( ૫ ) તા. ૭–૮–'૪૯

તમે ત્યાંની શી શી લોકપ્રવૃત્તિ ઉપાડી છે ?–એ બધી લોભ-પ્રવૃત્તિ તો નથી ને ! કીર્તિનો યે લોભ જ કહેવાયને ! ના નથી પાડી શકાતી એ બહાનું પણ નિર્બળતાનું છે.

વાંચવાનું તો અનેક કારણોને લીધે નહિ બનતું હોય; પણ એને લીધે મનન-નિદિધ્યાસન બંધ ન થવું જોઇએ. અત્યાર સુધીના શ્રવણના સંસ્કારો ચિત્તમાં ઊભરાવા જોઇએ અને એને લીધે નિદિધ્યાસન સહજ બની જવું જોઇએ. નહિ તો વેદાન્તાભ્યાસના કરતાં વેદાન્તાભાસ પેસી જવાનો ભય નાનો સૂનો નથી. માટે સંભાળ રાખવી–સાવધાન રહેવું. બ્રહ્મ જ સત્ય છે, સંસાર સ્વપ્નવત્ છે, જગત્ મિથ્યા છે, એટલું બોલવાથી, પરોક્ષ જ્ઞાનથી કે વાણીવિલાસથી કશું સાર્થક થતું નથી. વ્યવહારમાં દ્વંદ્વ આવે તે વખતે આત્મસત્તાના જ્ઞાન–ભાન અને આનંદના અનુભવથી એને નામશેષ કરી શકાય છે કે નહિ, એના ઉપર જ અનુભવનો બધો આધાર છે. એ વિના તો બધું વૃથા પરિશ્રમ જેવું છે.

ઇશ્વરે જો આટલી અનુકૂળતા કરી આપી, શુભ સંસ્કાર મેળવી આપ્યા, તો પછી અનુભવ લેવામાં ખામી રાખવી એ આપણા પ્રયત્નની જ ઊણપ છે, બીજું કાંઈ નહિ.

જીવન ( દેહ ) એક જ છે એમ માનવું, ધ્યેય પણ એક જ

છે એવો નિશ્ચય રાખવો; માનવ દેહ અને આત્મસાક્ષાત્કારનું ધ્યેય, એ બંને વારંવાર અને એક સાથે મળતાં નથી. પૂર્વજન્મ અજ્ઞાનમાં ગયો. ભાવી જન્મ માટે શંકા પડતું; માત્ર વર્તમાન જ આપણા હાથમાં છે. બીજાની ચિન્તા ન કરતાં સ્વચિત્તમાં આત્માકારવૃત્તિ જ રહે એવી ક્ષણેક્ષણ જાગ્રતિ રાખવી.

સુજ્ઞ છો, બુદ્ધિશાળી છો, એટલે વિશેષ લખવું વ્યર્થ; છતાંયે મમતા છે એટલે લખાય છે કે, સાવધાન ! ભૂલ ન પડે !

* * * *

( ૬ )

તા. ૩૧–૮–'૪૯

થાય તેટલું થવા દેવું ને આનંદસ્વરૂપે રહેવું. જગતમાં ક્યાં, કોઇ કોઇનું થઇને નિત્યને માટે રહ્યું છે કે રહેવાનું છે ? એક વિના બીજું શૂન્યમ્ છે !

વરસાદ પહેલાં ૨૦–૨૫ દિવસ લાગલાગટ પડીને વાવણી કરાવી ગયો. હવે ૨૦–૨૫ દિવસથી સૂકવી એને મારી નાંખે છે. એને મન તો ઉગાડવું કે સુકાવવું બંને સરખાં છે. જીવાત્માને મરવું –જીવવું છે. વરસાદ ( જલતત્ત્વ ) તાપ ( અગ્નિતત્ત્વ ) કે પૃથ્વી એ તત્ત્વોના મનમાં તો જીવનમૃત્યુ છે જ નહિ. કારણ કે એ બધાં પોતાના સામાન્ય જ્ઞાનમાં જીવે છે; એક જ સત્ પંચતત્ત્વરૂપે, પછી પચીસરૂપે, ઇશ્વરરૂપે–વિશેષ ભાવે જીવે છે–એ જ માયા ! વિશેષ ભાવ સ્વરૂપ अहम् જાય એટલે સામાન્ય સચ્ચિદાનંદ શેષ-સ્વરૂપ બ્રહ્મને કશી લેવાદેવા નથી. બધાં દ્વંદ્વ વિશેષ ભાવમાં; अहम् આવ્યું કે मम–આવ્યું, અરે अहम्–ની સાતે વિભક્તિ આવી.

વિભક્તિ જ ખરાબ છે; વિભક્તિ વિભાજન-વિભાગ-વિભાજ્ય એ જ માયા: વિભકિત વિયોગ, ભેદ કે જુદાઇ હોય ત્યાં સુધી ભકિત પણ જોઈએ ! વિભકિત ન હોય ત્યાં કોણ કોની ભકિત કરે ? પોતે પોતાનું સ્મરણ રાખ્યા કરવું એટલે તો પોતે પોતાને જ ભૂલી જવાનું છે. કોઇ પોતાને ભૂલી જતો નથી. ફેર માત્ર એટલો જ કે એ વિભકિતવાળું અહમ્-દેહને યાદ રાખે છે; અવિભકિતને ભૂલી જાય છે.

હિંદુસંસારમાં પહેલાં અવિભકત કુટુંબનો રિવાજ હતો. બધું મઝિયારું ચાલે; હું-મારું બહુ ન થાય. પશ્ચિમે આવીને વિભકત કુટુંબની વાત શીખવી; પરણ્યાં એટલે વિભકત; અને નાનપણથી જ છોકરાં આ મારું અને આ તારું કરતાં શીખે. પશ્ચિમે કુટુંબના વ્યવહારમાં વિભકિત શીખવી. અને આપણે જ્યારથી સ્વીકારી ત્યારથી આત્માનો અવિભકતભાવ, એટલે કે વિશુદ્ધ ભકિતભાવ ગયો; માતાપિતાની ભકિત પહેલાં હતી, વડીલોની હતી, મુરબ્બીઓની હતી, પૂજ્યોની હતી, દેવદેવીઓની હતી, ઇશ્વરની હતી, એ બધી ગઇ અને માત્ર રહી વિભકિત સૌ વિભક્ત થઇને પોતપોતાનાં અહમ્ મમને ભજ્યા કરે છે એમાં કોણ કોનું માને ?

આવું શાથી બન્યું એ પ્રશ્ન નિરર્થક છે, બન્યું છે એ પ્રત્યક્ષ છે. કોઇ પણ કુટુંબ લ્યો; બધે આ જ દશા; કોઇપણ રાજ્ય કે દેશ લ્યો, બધે જ વિભકિત, એકતા કરવા મથનારા પણ વિભાગ જ પાડયે જાય છે: હિંદુ મુસલમાનની એકતાને બહાને પણ પ્રાંતપ્રાંતના, ભાષા ભાષાના, ભેદ પડયા. ઘર ઘરના અને કુટુંબ કુટુંબના ભેદ-ભાગલા પડયા; બધાયને અહમ્-દેહ ગમે છે; એમાં જ બધાયને ભકિત કરવી છે અહં ની ભકિત એટલે સમસ્તની વિભકિત. ૐ

વિભકિતમાંથી બહાર જવાય એટલે શાંતિ, બાકી તો આમાં કશો સાર નથી.

( ૭ )

તા. ૭-૧૦-'૪૯

તમે પ્રજાપક્ષ લીધો અને ચૂંટણીમાં ન જીત્યાં એ ખબર છાપામાંથી જાણ્યા: હવે પ્રવૃત્તિમાંથી રસ થોડા વખત માટે પણ સુકાઇ ગયો હશે. ભવિષ્યમાં વળી ભરાય ત્યારે ખરો; એ બધાં કર્મ, વાસનાનાં ભરનીંગળ ગૂમડાં જેવાં છે. ભરાય ને ફૂટે, ફૂટે ને પાછાં ભરાય.

અ. સૌ. બહેન નિત્ય નિયમ પ્રમાણે રહેતાં હશે. સાંસારિક કર્મો ભલે થયાં કરે, પણ સાંસારિક ભાવ અંતરમાંથી ઓછો થાય એટલે બસ. કર્મનાં ફલસ્વરૂપ દ્વંદ્વની અસર ત્યારે જ ન થાય કે જયારે સાંસારિક ભાવ વિના એ કાર્યો થયાં કરે. તો જ નિર્મોહીપણે રહી શકાય અને ચિત્તમાં શાંતિ આવે.

સાચી વાત અનુભવની છે; આત્માકાર વૃત્તિ રાખવી અઘરી છે. શરૂઆતમાં જે ધ્યાન વ. માટે વેગ હતો તે જ વેગ સતત્ જાગ્રત રહેવો જોઈએ. હાડમાંસના રસમાંથી વિકારરૂપે ઉપજેલાં બાલબચ્ચાં બંધન વધારીને દુ:ખ આપે ત્યારે જ એ વૈરાગ્ય આપે છે એ દુ:ખને વૈરાવ્યના કારણ રૂપ બનાવીને નિર્મોહી થતાં શીખીએ તો એનો સદુપયોગ કર્યો કહેવાય. નહિ તો બધું વ્યર્થ છે.

*   *   *   *

( ૮ )

તા. ૨૭-૧૨-'૪૯

આ સરકાર મજુરવર્ગ અને મૂડીવાદીની જેટલી કાળજી રાખે

છે તેટલી મધ્યમ વર્ગની દરકાર કરતી નથી. પરિણામ ભયંકર આવવાનું છે એ ચોક્કસ છે. અહિંસાનો પરાણે પ્રચાર કરવાના ફલ રૂપે હિંસા પણ પરાણે માથે આવી પડે, એ સિદ્ધાંત પ્રમાણે હિંસા ફાટી નીકળશે. એવું ન થાય તો ક્ષત્રિયત્વ ન આવે. ક્ષત્રિયત્વ ન વિકસે ત્યાં સુધી ધર્મરાજ્ય સ્થપાય નહિ. શાંતિવાદીઓની વાતો ડાહી છે, જગતને ગમે એવી છે, પણ એ વ્યવહારું નથી. કોઈ સમર્થ રાજા નહિ થાય ત્યાં સુધી રાજ્યમાં અવ્યવસ્થા વધશે- વ્યવસ્થા આવશે જ નહિ.

જગત બગત કાંઈ છે જ નહિ; એક, સત્ ચિત્ આનંદ વિલસી રહ્યું છે અને 'તે તું છે' એ ભૂલીશ નહિ.

*    *    *    *

( ૯ )    તા. ૨૮-૨-'૫૦

ઘેર ઘેર માટીના-( હવે તો સીમેન્ટના ) ચૂલા-( કે સગડી લોખંડની ) છે; ક્યાંય પણ સોના ચાંદીના નથી: હોય તો કામમાં પણ ન આવે.

તેમ જગત આવું જ છે; સુખરૂપ જ હોય તો એ જગત, જગત નહીં, પણ બ્રહ્મરૂપ કહેવાય.

જેમ વિક્ષેપ, અશાંતિ, અસંતોષ, દુઃખ કલેશ, દ્વેષ મનોમય જ છે, તેમ તેના નિવારણ માટેનાં શાંતિ, સુખ, સંતોષ વ. બધાં મનોમય છે: માટે મનથી જ એ મેળવી લેવાં; સ્થૂલ પ્રત્યક્ષમાં એનાં દર્શન ન હોય.

*    *    *    *

( ૧૦ )

તા. ૧૯–૫–'૫૦

શી માયાની લીલા છે ! ! અલ્પ વેદાન્ત બહુ ખરાબ પરિણામ લાવે છે.

વેદાન્તજ્ઞાનમાં જે આંતરિક ગંભીરતા જોઇએ એ હજુ આવી નથી. આવી જ મનોદશા રહેશે તો પૂર્વસ્વભાવ પ્રમાણે જ જીવન વીતશે. એમનો સ્વભાવ છે, કે હરવખતે પોતાનો બચાવ કર્યા જ કરે, એટલે દલીલ કરવી નકામી નીવડે છે. હરદ્વારથી આવ્યા પછી મનોદશા વધારે બદલાઇ છે.

આવું થયું એટલે આ બધું વ્યવહારનું કામકાજ એક શરીરને માથે પડ્યું. વેઠી લેવું એમાં જ જ્ઞાનની કસોટી છે. ફરિયાદ કોની સામે કરવી ? પ્રારબ્ધ સામે ? આ તો વસ્તુસ્થિતિ તને સહજ સ્વભાવે લખી.

હશે, જે થાય તે સારા માટે જ છે એ શ્રદ્ધા જ આપણને તો શાંતિ આપે છે ને આપ્યા કરશે. કોઈ સંબંધ સાચો નથી. અને સંબંધ સાચો નથી તો સંબંધી માટેના હર્ષશોક પણ મિથ્યા છે. ૐ

*　　*　　*　　*

( ૧૧ )

તા. ૨૩–૬–'૫૦

પુરુષોત્તમ માસ હિંદુઓ પૂરતો આવ્યો છે બીજા ધર્મવાળાઓને એના સાથે લેવા દેવા નથી. હિંદુઓની જ્યોતિષની ગણતરીમાં આટલા દિવસો વધારીને જ વર્ષના પૂરા દિવસોની ગણતરી પૂરી

કરી છે. એમાં જ ધર્મ તથા મોક્ષની ભાવના ભરી છે એ બહાનેય એ જીવો કૈંક કરતા થાય તો ! ફાંફાં તો બધાય મારે છે.

સંસાર સંસારની રીતે જ ચાલે છે, એમાં કશુંયે નવું બનતું નથી; સંસાર નવો નથી, પણ દૃષ્ટા જીવાત્મા અસંખ્ય જન્મોમાં એને જોઇ ચૂક્યો છે, અને અજ્ઞાન નિદ્રામાં ઊંઘીને વારંવાર ભૂલીને જાય છે, તેથી એને નવો લાગે છે. બાળક જુના રમકડાને ભૂલી નવું માની લે તેમ. એમાં આશ્ચર્ય પામવાનું જ નથી.

રેલ્વેમાં ટીકિટ લઇને મુસાફરી કરીએ, ત્યારે સ્ટેશનો, રસ્તાના દેખાવો, ડબ્બાનાં લાકડાં, બારી, બારણાંઓ વ. ની ગન્તવ્ય સ્થાને પહોંચવા પૂરતી જ કાળજી રાખીને એટલું જ જાણવા મહેનત કરીએ છીએ. ઠેકાણે પહોંચ્યા પછી કશું યાદ રાખતાં નથી. તેવું આ શરીર-વર્તમાન શરીરનું છે. ઠેકાણું તો જયાં જવું હતું તે આપણે પોતે છીએ.

સંસાર માટે લાંબા પહોળા વિચાર કરવાના નથી. આપણું પોતાનું બ્રહ્મનામ યાદ રાખીએ, જપ્યા જ કરીએ, તો ય બસ છે.

( ૧૨ ) તા. ૨૩-૪-'૫૧

સંસાર તો જે રીતે ચાલતો આવ્યો છે એમ બધેય ચાલે છે એટલે એના ખબર ન મળે તો ચિંતા નહીં પણ મન કેમ રહે છે એટલું તો મને જાણવાનું મન થાય; મનને જેની વચમાં કે સાથે રહેવાનું હોય છે, એવાં એક માર્ગના પ્રવાસીઓનાં મનની તપાસ કરવામાં સંજોગો જાણવાનું મન થાય. તેથી એમ થાય કે તમારા કાગળો આવે તો સારું.

( ૧૩ )

તા. ૨૦-૧૦ '૫૧

સંસાર તો વિચિત્ર જ અને અત્યારે તો એમાં ન જાણ્યા-જોયા હોય એવા કઢંગા રંગ પૂરાતા જાય છે. એની વિસ્મૃતિ જ ઈષ્ટ છે.

તમે તો ત્યાં ભાતભાતની પ્રવૃત્તિઓમાં આનંદ લ્યો છો એવા ઊડતા સમાચાર મળ્યા છે. જે કરો તેમાં વાંધો નથી-મુદ્દાની વાત ન ભુલાય એટલે બસ.

* * * *

જગતને સુધારવાનો અહંકાર કરનારા જ બગડે-બગાડે છે, કારણ કે જગત ખરાબ છે એમ પહેલાં એ બધા સિદ્ધ કરે છે અને પછી જ્યાં જ્યાં એમનાં પગલાં પડે છે ત્યાં રાગદ્વેષ:-થઇ ચૂક્યું.

આનો અંત આવે એમ નથી; જ્યાં સુધી દ્રષ્ટાના અંતઃકરણ-માંથી જગદ્ભાવરૂપ અજ્ઞાન ન જાય ત્યાં સુધી.